૬. રાજ્ય સરકારને વિનંતી કરવામાં આવે છે કે રાજ્યના તમામ સંબંધિત સત્તાધિકારીઓનું આ પત્રની વિગતો તરફ ધ્યાન દોરે જેથી તેમાં દર્શાવેલી સૂચનાઓનું પાલન થઈ શકે. આ સૂચનાઓની નકલ, માહિતી અને રેકર્ડ માટે આ મંત્રાલયને પણ મોકલશો.

આપનો વિશ્વાસુ,

(પી. એસ. કિશ્નન)
ભારત સરકારના સંયુક્ત સચિવ
ટે. નં. ૩૮૧૬૫૨

નં. બી. સી. ૧૨૦૧૬/૩૭/૭૬-એસ.સી.ટી-૫

નવી દિલ્હી. તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૭૯

જાણ સારુ નકલ રવાના :-

૧. ભારતના મહા-નોંધણી અધિકારી, સમાજવિદ્યા એકમ.
પશ્ચિમ ઘટક-૧. આર. કે. પુરમ. નવી દિલ્હી - ૨૩.

૨. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેના આયુક્ત,
પશ્ચિમ ઘટક-૧. આર. કે. પુરમ. નવી દિલ્હી - ૨૩.

૩. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેનો આયોગ,
લોકનાયક ભવન, નવી દિલ્હી.

૪. ભારક સરકારના તમામ મંત્રાલયો

(પી. એસ. કિશ્નન)
ભારત સરકારના સંયુક્ત સચિવ
ટે. નં. ૩૮૧૬૫૨

તાત્કાલિક

ક્રમ. નં. બી. સી. ૧૨૦૧૬/૩૭/૭૬-એસ.સી.ટી-૫

ભારત સરકાર

ગૃહ મંત્રાલય

નવી દિલ્હી, તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૭૯

પ્રતિ

સચિવશ્રી,
કર્ણાટક સરકાર,
સમાજકલ્યાણ અને શ્રમ વિભાગ,
વિધાન સૌધ, બેંગલોર.

વિષય :- કર્ણાટક રાજ્યમાંની વર્તમાન અનુસૂચિત જાતિઓનાં અને અનુસૂચિત આદિજાતિઓનાં સમાનાર્થી નામો તથા પર્યાયવાચી નામો તેમ જ પેટા જાતિઓ/આદિજાતિઓ નિર્દિષ્ટ કરવા બાબત.

શ્રીમાન,

ઉક્ત વિષય અંગેના આપના તા. ૨૨-૧૨-૭૮ ના પત્ર નં. એસ.સી.ડબલ્યુ. એલ. ૨૮૫ એસ. એ. ડી. ૭૮ સંબંધમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે સર્વોચ્ચ અદાલતે ભૈયારામ મુન્ડા વિરૂધ્ધ અનિરૂધ્ધ પટાર (એ.આઈ. આર. /૧૯૭૧/ સુપ્રીમકોર્ટ ૨૫૩૩)ના કેસમાં આપેલા ચુકાદાના સંદર્ભે ભારત સરકારે, ભારતના મહાનોંધણી અધિકારી સાથે પરામર્શ કર્યા બાદ લીધેલા નિર્ણય મુજબ, નીચે દર્શાવેલા કોઠાના ખાના(૩)માં દર્શાવાયેલી પ્રવેશનોંધોને કર્ણાટક રાજ્ય માટેની ખાના (૨) માં દર્શાવાયેલી અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓમાં સમાનાર્થી નામો અથવા પર્યાયવાચી નામો તથા પેટા-જાતિઓ, પેટા આદિજાતિઓનાં નામો ગણવાનાં રહેશે.

| અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની સૂચિમાં ક્રમ ૧ | અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની સૂચિમાં દર્શાવ્યા મુજબ સમુદાયનું નામ ૨ | તેમાં સમાનાર્થી નામો અથવા પર્યાયવાચી નામો તથા પેટાજાતિઓ/પેટાઆદિજાતિઓ ૩ |
|---|---|---|
| | અનુસૂચિત જાતિઓની યાદી | |
| ૧૭. | બંજારા, લક્ષમ્બાની | લમ્બાડા, લમ્બાડી લામાની, સુગાલી, સુકાલી. |
| ૨૩. | ભોવી | ઓડ, ઓડે, વદાર,વાદાર, વોઢાર, વોડાર |
| ૫૩. | કોરાચા | કોરાચાર |
| ૫૪. | કોરામા | કોરાવા, કોરાવાર |

૨. સમાનાર્થી નામો અને પર્યાયવાચી અથવા પેટા-જાતિઓ/આદિજાતિઓનાં નામોની ઉક્ત સૂચિ, ઉપર જણાવેલા સમુદાય સંબંધી નૃવંશ આલેખ અને અન્ય તથ્યોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે અને તેનો ઉપયોગ, ઉપરના કોઠાના ખાના (૨) માં દર્શાવાયેલા સંબંધિત સમુદાયની, એ કોઠાના ખાના (૩) માં દર્શાવેલા નામે ઓળખાતી જાતિ અથવા આદિજાતિના સભ્ય હોવાનો હકદાવો કરી વ્યક્તિના દાવાની ખરાઈ કરવાના હેતુસર જ કરી શકાશે.

૩. ઉક્ત સૂચિ, રાષ્ટ્રપતિએ હુકમો બહાર પાડીને કર્ણાટક રાજ્ય પૂરતી નિર્દિષ્ટ કરેલી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની અનુસૂચિમાં ફેરફાર કે સુધારા કરવાના આશયથી બહાર પાડવામાં આવી નથી અને ઉક્ત સૂચિ આવા કોઈ ફેરફાર કે સુધારાનું સ્થાન લઈ શકે નહીં કારણ કે રાષ્ટ્રપતિ હુકમોમાં સમાવિષ્ટ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓમાં માત્ર સંસદીય કાયદા દ્વારા જ કોઈપણ ફેરફાર કે સુધારો કરી શકાય.

૪. અનુસૂચિતજાતિ આદિજાતિની પાત્ર વ્યક્તિઓને કાઢી આપવામાં આવેલાં પ્રમાણપત્રો, રાષ્ટ્રપતિ- હુકમમાં સમાવિષ્ટ સંબંધિત સમુદાયના નામે એટલે કે ઉક્ત કોઠાના ખાના (૨) માં દર્શાવાયેલા સમુદાયના નામે- નહીં કે ખાના (૩)માં દર્શાવાયેલા સમુદાયના નામે કાઢી આપવામાં આવ્યા હોય તો જ માન્ય ગણાશે. સંબંધિત વ્યક્તિને આવું પ્રમાણપત્ર કાઢી આપતાં પહેલાં, રાષ્ટ્રપતિ હુકમોમાં યોગ્યતા સંબંધી દર્શાવવામાં આવેલી અન્ય તમામ શરતો તે પૂરી કરે છે કે કેમ, એટલે કે રાષ્ટ્રપતિ હુકમ બહાર પાડવામાં આવ્યો હોય એ તારીખે સંબંધિત અનુસૂચિત જાતિ/આદિજાતિની એ વ્યક્તિ, નિર્દિષ્ટ વિસ્તારની રહેવાસી છે કે કેમ વગેરેની પણ ખરાઈ કરવાની રહેશે.

૫. વધુમાં, સ્પષ્ટતા કરવામાં આવે છે કે સૂચિમાં દર્શાવાયેલા સમાનાર્થી નામો/પેટા-જાતિઓ/પેટા-આદિજાતિઓ, રાષ્ટ્રપતિ હુકમના ભાગ રૂપ ન હોવાથી, અસરગ્રસ્ત વ્યક્તિ એવું માનવા મુક્ત રહેશે કે ચોક્સ સમાનાર્થી નામ/પેટાજાતિ વાસ્તવમાં સંબંધિત અનુસૂચિત જાતિના ભાગરૂપ કે તેને સમાન નથી.

૬. રાજ્ય સરકારને વિનંતી કરવામાં આવે છે કે રાજ્યના તમામ સંબંધિત સત્તાધિકારીઓનું આ પત્રની વિગતો તરફ ધ્યાન દોરે જેથી તેમાં દર્શાવેલી સૂચનાઓનું પાલન થઈ શકે. આ સૂચનાઓની નકલ, માહિતી અને રેકર્ડ સારૂં આ મંત્રાલયને પણ મોકલશો.

આપનો વિશ્વાસુ,
(પી. એસ. કિશ્નન)
ભારત સરકારના સંયુક્ત સચિવ
ટે. નં. ૩૮૧૬૫૨

નં. બી. સી. ૧૨૦૧૬/૩૭/૭૬-એસસીટી-૫

તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૭૯

જાણ સારુ નકલ રવાના :-

૧. ભારતના મહા-નોંધણી અધિકારી, સમાજવિદ્યા એકમ, પશ્ચિમ ઘટક આર. કે. પુરમ, નવી દિલ્લી.
૨. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેના આયુક્ત, આર. કે. પુરમ, પશ્ચિમ ઘટક-૧, નવી દિલ્લી.
૩. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓનો આયોગ, લોકનાયક ભવન, નવી દિલ્લી.
૪. ભારત સરકારના તમામ મંત્રાલયો

(પી. એસ. કિશ્નન)
ભારત સરકારના સંયુક્ત સચિવ
ટે. નં. ૩૮૧૬૫૨

<u>તાત્કાલિક</u>

ક્રમ બી. સી. ૧૨૦૧૬/૨૨/૮૦/એસ.સી. અને બી.સી.ડી.૪

ભારત સરકાર

ગૃહ મંત્રાલય

નવી, દિલ્હી, તા. ૨૩મી મે, ૧૯૮૧

પ્રતિ,
સચિવશ્રી, ઓરિસ્સા સરકાર,
હરિજન અને આદિજાતિ કલ્યાણ વિભાગ,
ભુવનેશ્વર.

વિષય : ઓરિસ્સાની ઉચ્ચ અદાલતે નારાયણ બહેરા વિરૂધ્ધ ઓરિસ્સા રાજ્ય, ૧૯૭૮ના ઓ. જે. સી. નં. ૨૪૭ના કેસમાં આપેલા ચુકાદા અન્વયે ઓરિસ્સા રાજ્ય માટેની અનુસૂચિત જાતિઓની સૂચિમાં ઢીબારા, કેઉટા, કેબાટા સમુદાયોનો સમાવેશ કરવા બાબત.

શ્રીમાન,

આપના તા. ૬ ઠી ડિસેમ્બર ૧૯૮૦ના પત્ર નં. પીએલ(૧) ૨૬(૮૦)(૩૮૭૩૧) એચ. ટી. ડબ્લ્યુ સંદર્ભે કરવામાં આવેલા પત્ર વ્યવહાર અને ઓરિસ્સા ઉચ્ચ અદાલતે ઉપર જણાવેલા કેસમાં આપેલ ચૂકાદા પરત્વે, આજ્ઞાનુસાર આપનું ધ્યાન દોરું છું. સર્વોચ્ચ અદાલતે, ૧૯૮૦ના કેસ નં. સ્પે. લીવ પીટીશન(સિવિલ) નં. ૧૯૦૦ અન્વયે ઉચ્ચ અદાલતનો ચુકાદો માન્ય રાખ્યો હતો.

ઉચ્ચ અદાલતનો ચુકાદો આ પ્રમાણે છે.

''દેવાર જાતિ હોય કે દહેવાર જાતિ હોય પરંતુ આપણી સમક્ષ સામાન્ય મુદ્દો એ છે કે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ મૂળ સમુદાય'' ધીબારા '' છે જે પરંપરાગત રીતે માછીમારી, હોડી ચલાવવી વિગેરે વ્યવસાયમાં રોકાયેલો છે.

ઉચ્ચ અદાલતે વધુમાં એવો મત વ્યક્ત કર્યો છે કે ''ધીબારા'' નામે ઓળખાતો કોઈ સમુદાય જ ન હોય અને ''ધીબારા'' નો આવશ્યકપણે વ્યવસાયના સંદર્ભમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યારે પરંપરાગત રીતે ''ધીબારા'' વ્યવસાયમાં રોકાયેલા ''કેબટા'' અને ''કેઉટા'' નો પણ ''ધીબારા'' શબ્દમાં સમાવેશ થતો હોવાનું માનવાનું રહેશે.''

સુધારેલા સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમ, ૧૯૫૦ મુજબ સમગ્ર ઓરિસ્સા રાજ્યમાં માત્ર ''દેવાર'' સમુદાયે જ અનુસૂચિત જાતિ તરીકે નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે. પરંતુ ઓરિસ્સાની ઉચ્ચ અદાલતે ઉક્ત કેસમાં આપેલા ચુકાદાને ધ્યાનમાં લેતાં ઓરિસ્સા રાજ્યમાં અનુસૂચિત જાતિ તરીકે નિર્દિષ્ટ થયેલા ''દેવાર'' સમુદાયનાં ''ધીબારા'' ''કેઉટા'' ''કેબર્ટાન'' સમાનાર્થી નામ તરીકે ગણવાના રહેશે. સંસદ, અનુસૂચિત જાતિઓની સૂચિમાં આ નામોનો સમાવેશ કરતો કાયદો ઘડે ત્યારે જ તે સૂચિમાં વિધિસર સમાવિષ્ટ ગણાશે.

અનુસૂચિત જાતિની પાત્ર વ્યક્તિઓને કાઢી આપવામાં આવેલાં પ્રમાણપત્રો રાષ્ટ્રપતિ હુકમમાં સમાવિષ્ટ સંબંધિત સમુદાય એટલે કે, ''દેવાર'' ના નામે કાઢી ,આપવામાં આવ્યાં હશે તો જ માન્ય ગણાશે આવાં પ્રમાણપત્ર કાઢી આપતાં પહેલાં આ સમુદાયોના સભ્યોને રાષ્ટ્રપતિ-હુકમોમાં યોગ્યતા સંબંધી દર્શાવેલી અન્ય તમામ શરતો તે પૂરી કરે છે કે કેમ એટલે કે રાષ્ટ્રપતિ-હુકમ બહાર પાડવામાં આવ્યો હોય એ તારીખે સંબંધિત અનુસૂચિત જાતિઓની આવી વ્યક્તિ નિર્દિષ્ટ વિસ્તારની રહેવાસી છે કે કેમ વગેરેની પણ ખરાઈ કરવાની રહેશે.

રાજ્ય સરકારને, વિનંતી કરવામાં આવે છે કે રાજ્યના તમામ સંબંધિત સત્તાધિકારીઓનું આ પત્રની વિગતો તરફ ધ્યાન દોરે જેથી તેમાં દર્શાવેલી સૂચનાઓનું પાલન થઇ શકે. આ સૂચનાઓની એક નકલ માહિતી અને રેકર્ડ સારુ આ મંત્રાલયને પણ મોકલશો.

આપનો વિશ્વાસુ,

(બી. એન. શ્રીવાસ્તવ)
નિયામક
ટે. નં. ૩૮૧૮૪૩
નં. બી. સી. ૧૨૦૧૬/૨૨/૮૦-એસ.સી અને બી. સી. ડી-૪

તારીખ ૨૩મી મે, ૧૯૮૧

જાણ સારુ નકલ રવાના :-
વાય-૧૦૯-૭

૧. ભારતના મહા-નોંધણી અધિકારી, સમાજવિદ્યા એકમ.
પશ્ચિમ ઘટક-૧. આર. કે. પુરમ. નવી દિલ્હી - ૨૩.

૨. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેના આયુક્ત,
પશ્ચિમ ઘટક-૧. આર. કે. પુરમ. નવી દિલ્હી - ૨૩.

૩. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેનું આયોગ,
લોકનાયક ભવન, નવી દિલ્હી.

૪. ભારત સરકારના તમામ મંત્રાલયો/વિભાગો.

બી. એન. શ્રીવાસ્તવ,
નિયામકશ્રી.

# દાવાની ખરાઈ કરવા માટેની
# માર્ગદર્શક સૂચનાઓ

ક્રમાંક : ૩૫/૧/૭૨ આર. યુ. એસસીટી (૫)
ભારત સરકાર
ગૃહ મંત્રાલય

પ્રતિ,
તમામ રાજ્ય સરકારો અને
સંઘ પ્રદેશોના વહીવટી તંત્રના
મુખ્ય સચિવશ્રીઓ
નવી દિલ્હી--૧૧૦૦૦૧.

તા. ૨૭ મે, ૧૯૭૫,
૧૨ વૈશાખ, ૧૮૯૭

વિષય : અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પ્રમાણપત્રો કાઢી આપવા બાબત.

શ્રીમાન,

આજ્ઞાનુસાર જણાવવાનું કે વાસ્તવમાં કોઈપણ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય એવી વ્યકિતઓને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્રો કાઢી આપવામાં આવે છે એવી ફરિયાદો ઘણીવાર મળે છે.

તેથી, આવાં પ્રમાણપત્ર કાઢી આપતા સત્તાધિકારીઓએ પ્રમાપત્રો કાઢી આપતા પહેલાં યોગ્ય ખરાઈ કરવી જરૂરી છે.

૨. આ સંદર્ભમાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્રો કાઢી આપવાની સત્તા ધરાવતા સત્તાધિકારીઓના માર્ગદર્શન માટે કેટલાક મુદ્દા આ સાથે સામેલ કર્યા છે.આ સૂચનાઓની તેઓને જાણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ઓ. કે. મૂર્તિ)
મહા નિયામક, બીસી ડબલ્યુ.

ક્રમાંક : ૩૫/૧/૭૨/આર.યુ./એસસી.ટી.(૫) નવી દિલ્હી-૧૧૦૦૦૧. તારીખ : ૨૭ મે, ૧૯૭૫/૧૨ વૈશાખ, ૧૮૯૭.

જરૂરી કાર્યવાહી અર્થે નકલ રવાના :-

(૧) ભારત સરકારનાં તમામ મંત્રાલયો/વિભાગો.

(૨) ગૃહ મંત્રાલયની તમામ સંલગ્ન અને તાબાની કચેરીઓ.

(૩) કેન્દ્રીય જાહેર સેવા આયોગ, ધોલપુર હાઉસ, નવી દિલ્હી-૧૧૦૦૧૧.

(૪) કર્મચારીગણ અને વહીવટી સુધારણા મંત્રાલય, મહેકમ (એસ.સી.ટી) વિભાગ, નવી દિલ્હી.

(૫) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટેના આયુકત, રામકૃષ્ણપુરમ્, નવી દિલ્હી.

(ઓ. કે. મૂર્તિ)
મહા નિયામક, બી. સી. ડબલ્યુ
ભારત સરકાર
ગૃહ મંત્રાલય

બિડાણ : પરિપત્ર ક્રમાંક : ૩૫/૧/૭૨/આર.યુ (એસસી.ટી.૫) તારીખ : એપ્રિલ,૧૯૭૫ વૈશાખ, ૧૮૯૭. સ.ં.નું જોડાણ.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્ર કાઢી આપતી વખતે ધ્યાનમાં લેવા યોગ્ય મુદ્દાઓ.

૧. સામાન્ય : (તમામ બાબતોમાં લાગુ પડે છે)

કોઈપણ વ્યકિત જન્મથી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની હોવાનો દાવો કરે ત્યારે નીચેની બાબતોની ખરાઈ કરવી :-

(૧) સંબંધિત વ્યકિત અને તેના માતા-પિતા, વ્યકિત જે સમુદાયની હોવાનો દાવો કરતી હોય તે સમુદાયનાં હોવાં જોઈએ.

(૨) રાષ્ટ્રપતિ-હુકમો દ્વારા આ રાજ્યમાં નિર્દિષ્ટ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીમાં આ સમુદાયનો સમાવેશ થયો હોવો જોઈએ.

(૩) સંબંધિત વ્યકિત, જે રાજ્ય અને રાજ્યના જે વિસ્તાર માટે આ સમુદાયને અનુસૂચિત કરવામાં આવ્યો હોય તે રાજ્ય/રાજ્યના વિસ્તારની હોવી જોઈએ.

(૪) અનુસૂચિત જાતિઓના સભ્ય હોવાનો દાવો કરતી વ્યકિત હિન્દુ કે શીખ ધર્મ પાળતી હોવી જોઈએ.

(૫) અનુસૂચિત આદિજાતિનો સભ્ય હોવાનો દાવો કરતી વ્યકિત, કોઈપણ ધર્મની હોઈ શકે.

૨. <u>સ્થળાંતરના કિસ્સાઓ :</u>

(૧) કોઈપણ વ્યકિત, રાજ્યના જે વિસ્તારમાં તેના સમુદાયને અનુસૂચિત કરવામાં આવ્યો હોય ત્યાંથી એ જ રાજ્યના બીજા કોઈ એવા વિસ્તારમાં સ્થળાંતર કરે, જ્યાં તેના સમુદાયને અનુસૂચિત કરવામાં આવ્યો ન હોય ત્યારે આવી વ્યકિત, આ રાજ્યના સંદર્ભમાં યથાપ્રસંગ, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની હોવાનું ગણાશે.

(૨) કોઈપણ વ્યકિત એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરે ત્યારે તે તેના મૂળ રાજ્યના પૂરતી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની સભ્ય ગણાશે,પરંતુ જે રાજ્યમાં તેણે સ્થળાંતર કર્યું હોય એ રાજ્યમાં તે આવો દાવો કરી શકશે નહીં.

૩. <u>લગ્ન મારફત દાવાઓ :</u>

કોઈપણ વ્યકિત માર્ગદર્શક સિધ્ધાંત મુજબ જન્મથી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિ ન હોય તો તેણે અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની કોઈ વ્યકિત સાથે લગ્ન કર્યાં હોવાના કારણસર જ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની સભ્ય ગણાશે નહીં.

એજ રીતે અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની કોઈપણ વ્યકિત અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય એવી કોઈપણ વ્યકિત સાથે લગ્ન કર્યાં પછી પણ યથાપ્રસંગ અનુસૂચિતજાતિ/આદિજાતિની સભ્ય ગણાશે.

૪. <u>ધર્મ પરિવર્તન અને પુનઃધર્મપરિવર્તનના કિસ્સાઓ :</u>

(૧) અનુસૂચિત જાતિની કોઈપણ વ્યકિત ધર્મપરિવર્તન દ્વારા હિન્દુ કે શિખ સિવાયનો અન્ય કોઈ ધર્મ અપનાવે અને ત્યાર બાદ પુનઃ ધર્મપરિવર્તન દ્વારા હિંદુ કે શીખ ધર્મમાં પ્રવેશ કરે તેવા પ્રસંગે તેની મૂળ જાતિના સભ્યો તેના જાતિબંધુ તરીકે સ્વીકાર કરે તો તેવી વ્યકિત તેની મૂળ અનુસૂચિત જાતિની સભ્ય ગણાશે.

(૨) અનુસૂચિત જાતિની ધર્મપરિવર્તિત વ્યકિતનો કોઈપણ વંશજ, હિંદુ અથવા શીખ ધર્મ અપનાવ્યો હોવાની હકીકતમાત્રના આધારે જ તેના વડવાઓની અનુસૂચિત જાતિનો સભ્ય ગણાશે નહીં, સિવાય કે આવી ધર્મપરિવર્તિત વ્યકિતનો, તેની જાતિના સભ્યોએ જાતિબંધુ તરીકે સ્વીકાર કર્યો હોવાનું અને તે વ્યકિત તે જાતિની સભ્ય હોવાનું પ્રતિપાદિત થાય.

૫. <u>દત્તક ગ્રહણના કિસ્સાઓ :</u>

કોઈપણ વ્યકિત, અનુસૂચિત જાતિની વ્યકિત દ્વારા દત્તક લેવામાં આવી હોવાના કારણસર અનુસૂચિત જાતિની હોવાનો દાવો કરતી હોય તેવા કિસ્સામાં આવો દાવો સ્વિકારવામાં ખૂબ કાળજી રાખવી જોઈએ. કોઈપણ જાતિ-પ્રમાણપત્ર આપતાં પહેલાં આવી વ્યકિતનું દત્તક-ગ્રહણ કાયદેસર હોવાનું સ્પષ્ટપણે પ્રતિપાદિત થવું જોઈશે. સંબંધિત વ્યકિતએ સચોટ અને વિશ્વસનીય પુરાવા દ્વારા તેનો દાવો સાબિત કરવાનો રહેશે.

(૧) હિંદુ દત્તક ગ્રહણ અને ભરણપોષણ અધિનિયમ, ૧૯૫૬ની કલમો ૬ થી ૧૨ (જેના સંબંધિત ઊતારા આ સાથે સામેલ છે.) અન્વયે કાયદેસરના દત્તક ગ્રહણની આવશ્યકતાઓ દર્શાવવામાં આવી છે. દત્તક ગ્રહણની વિધિમાં બાળકને ખરેખર આપવાની અને લેવાની વિધિ કરવી ફરજીયાત છે. અને ત્યારબાદ જ દત્તક લીધેલું બાળક, તમામ હેતુસર, દત્તક પિતા અથવા માતાના દરજ્જાનું ગણાશે અને આવું બાળક, ત્યાર બાદ જન્મ આપનારા માતાપિતાના કુટુંબ સાથેના તમામ સંબંધો સમાપ્ત કરશે. સામાન્ય રીતે ૧૫ વર્ષની ઉપરના કોઈપણ બાળકને અથવા પરણિત બાળકને દત્તક

આપી શકાતું નથી. સિવાય કે દત્તક આપનાર અને લેનાર પક્ષકારો, તેમનામાં પ્રચલિત કોઈ રિવાજ અથવા પરંપરા અનુસાર તેમ કરતાં હોય.

(૨) કોઈપણ દત્તક ગ્રહણ કાયદેસરનું છે કે નહિ, તે નક્કી કરતી વખતે, પ્રમાણપત્ર આપતા સત્તાધિકારીએ કાયદાની તમામ આવશ્યકતાઓનું પાલન થયું હોવાની સંતોષપૂર્વક ખાતરી કરવી જોઈએ. તેમણે બાળકનું દત્તક-ગ્રહણ બાદનું વર્તન પણ ધ્યાનમાં લેવું જોઈએ તથા દત્તક ગ્રહણ બાદ બાળક વાસ્તવમાં તેનાં તે દત્તક માતા-પિતા સાથે રહેતું હોય, દત્તક માતાપિતા દ્વારા તેનું પાલન થતું હોય તેમ જ તેના મૂળ માતાપિતા તરફથી તેને કોઈ નાણાકીય સહાય મળતી ન હોય તે બાબતની પણ ખાતરી કરવી જોઈએ. આ શરતોનું પાલન થતું ન હોય તેવા કેસમાં પ્રમાણપત્ર આપવું જોઈએ નહીં.

(૩) કોઈપણ પરિણીત વ્યકિત અથવા પંદર કે તેથી વધુ વર્ષની ઉંમરની વ્યકિતના દત્તક ગ્રહણના કેસમાં તે અંગેનું પ્રમાણપત્ર જિલ્લા મેજિસ્ટ્રેટ આપશે જેઓ, આવા દત્તક-ગ્રહણની કાયદેસરતા અંગે યોગ્ય તપાસ કરીને તેમ જ સંબંધિત પક્ષકારોને લાગુ પડતા કોઈ રિવાજ કે પ્રથા અનુસાર તે સ્વીકાર્ય છે કે કેમ તેની ખાતરી કરીને તે મતલબનો શેરો કર્યા બાદ આવું પ્રમાણપત્ર આપશે. આ મુજબનાં રિવાજ અથવા પ્રથા લાંબા સમયથી સતત અને સમાનરીતે પાળવામાં આવતાં હોવાં જોઈએ અને તે ચોક્કસ વિસ્તારના હિન્દુઓમાં અથવા તે જાતિ, જૂથ કે કુટુંબમાં આવા રિવાજ કે પ્રથાને કાયદાનું સમર્થન પ્રાપ્ત થયેલું હોવું જોઈએ, પરંતુ આવા રિવાજ અથવા પ્રથા નિર્વિવાદ હોવા જોઈએ, અતાર્કિક કે રાજ્યનીતિની વિરૂદ્ધ ન હોવાં જોઈએ અને કોઈ ખાસ કુટુંબની બાબતમાં આવા રિવાજ કે પ્રથા સતત પાળવામાં આવતા હોવા જોઈએ વધુમાં, કાયદેસરના દત્તક-ગ્રહણ માટે જરૂરી તમામ શરતો જેવી કે દત્તક લેવાયેલા બાળકને ખરેખર દત્તક માતાપિતાને સોંપવામાં આવ્યું છે કે કેમ અને આવા બાળકે તેના મૂળ માતાપિતા સાથેના તમામ સંબંધો સમાપ્ત કર્યા છે કે કેમ તેની પણ ખાતરી કરવી જોઈએ.

## હિન્દુ દત્તવિધાન અને ભરપોષણ અધિનિયમ, ૧૯૫૬-માંથી ઉતારા

## (૧૯૫૬નો ૭૮ મો)

### પ્રકરણ-૨ - દત્તવિધાન

કાયદેસરના દત્તવિધાનની આવશ્યકતાઓ

૬. નીચે મુજબ ન હોય તો કોઈપણ દત્તવિધાન કાયદેસરનું ગણાશે નહિ.—

(૧) દત્તક લેનાર વ્યકિત દત્તક લેવા સમર્થ હોય તેમ જ તેને તેમ કરવાનો હક હોય,

(૨) દત્તક આપનાર વ્યકિત દત્તક આપવા સમર્થ હોય,

(૩) દત્તક લીધેલી વ્યકિત, દત્તક લઈ શકાય તેવી હોય, અને

(૪) આ પ્રકરણમાં જણાવેલી બીજી શરતો અનુસાર દત્તવિધાન થયું હોય.

હિંદુ પુરુષની દત્તક લેવાની સમર્થતા

૭. પોતે સ્થિર મગજનો હોય અને સગીર ન હોય તેવો કોઈ પણ હિંદુ પુરુષ, પુત્રને અથવા પુત્રીને દત્તક લેવા સમર્થ છે :

પરંતુ પોતાની પત્નિ હયાત હોય તો તેની સંમતિ વિના તેનાથી દત્તક લઈ શકાશે નહિ, સિવાય કે પત્નિએ સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા તે હિંદુ રહી ન હોય અથવા સત્તા ધરાવતી કોર્ટે તેને અસ્થિર મગજની જાહેર કરી હોય.

સ્પષ્ટીકરણ :-દત્તક લેતી વખતે કોઈ વ્યકિતને એકથી વધુ પત્નિઓ હયાત હોય તો બધી પત્નિઓની સંમતિ જરુરી છે. સિવાય કે અગાઉના પરંતુકમાં નિર્દિષ્ટ કરેલાં કારણો પૈકી કોઈ કારણે તેમાંની કોઈ પત્નિની સંમતિ લેવી જરુરી ન હોય.

હિંદુ સ્ત્રીની દત્તક લેવાની સમર્થતા.

૮. કોઈપણ હિંદુ સ્ત્રી જો પોતે—

(ક) સ્થિર મગજની હોય,

(ખ) સગીર ન હોય, અને

(ગ) અપરિણિત હોય, અથવા જો પરિણિત હોય તો જેના લગ્નનો વિચ્છેદ થયો હોય અથવા જેનો પતિ મૃત્યું પામ્યો હોય અથવા પતિએ સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય.અથવા તે હિંદુ રહ્યો ન હોય અથવા સત્તા ધરાવતી કોર્ટે તેને અસ્થિર મગજનો જાહેર કર્યો હોય, તો તે સ્ત્રી પુત્રને અથવા પુત્રીને દત્તક લેવા સમર્થ છે.

દત્તક આપવા સમર્થ વ્યકિતઓ.

૯. (૧) કોઈ બાળકના પિતા અથવા માતા અથવા વાલી સિવાયની કોઈપણ વ્યકિત તેને દત્તક આપવા સમર્થ ગણાશે નહિ.

(૨) પેટા કલમ (૩) અને પેટા--કલમ (૪)ની જોગવાઈઓને આધિન રહીને, પિતા હયાત હોય તો ફકત તેને દત્તક આપવાનો હકક રહેશે, પણ માતાની સંમતિ વિના એવા હકકનો અમલ કરી શકાશે નહિ.સિવાય કે માતાએ સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા તે હિંદુ રહી ન હોય અથવા સત્તા ધરાવતી કોર્ટે તેને અસ્થિર મગજની જાહેર કરી હોય.

(૩) પિતા મૃત્યુ પામ્યો હોય અથવા તેણે સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા તે હિંદુ રહ્યો ન હોય અથવા સત્તા ધરાવતી કોર્ટે તેને અસ્થિર મગજનો જાહેર કર્યો હોય તો, માતા બાળકને દત્તક આપી શકશે.

(૪) માતા-પિતા બંન્ને મરણ પામ્યાં હોય અથવા તેમણે સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા તેમણે બાળકને ત્યજી દીધું હોય અથવા સત્તા ધરાવતી કોર્ટ તેમને અસ્થિર મગજના જાહેર કર્યા હોય અથવા બાળકના માતાપિતા કોણ છે તેની ખબર ન હોય ત્યારે તે બાળકનો વાલી કોર્ટની અગાઉથી પરવાનગી લઇને પોતાના સહિત કોઈપણ વ્યક્તિને તે બાળક દત્તક આપી શકશે.

(૫) પેટા કલમ-(૪) હેઠળ વાલીને પરવાનગી આપતાં પહેલાં કોર્ટે બાળકની ઉંમર અને સમજશક્તિને લક્ષમાં લઈ દત્તવિધાનના સંબંધમાં તેની ઇચ્છા અંગે યોગ્ય વિચાર કરતાં સદરહુ દત્તવિધાનમાં તેનું કલ્યાણ છે એવી અને પરવાનગી માટેના અરજદારે દત્તવિધાનના અવેજમાં, કોર્ટ મંજૂર કરે તે સિવાયની કોઈ રકમ અથવા બદલો લીધો નથી અથવા લેવાની કબૂલાત કરી નથી અને કોઈપણ વ્યક્તિએ અરજદારને તે ચૂકવી નથી કે આપેલ નથી અથવા ચૂકવવાની કે આપવાની કબૂલાત કરી નથી એવી ખાતરી કરવી જોઇશે.

**સ્પષ્ટીકરણ :–** આ કલમના હેતુઓ માટે –

(૧) "પિતા" અને "માતા" એ શબ્દપ્રયોગોમાં દત્તક લેનાર પિતા અને દત્તક લેનાર માતાનો સમાવેશ થતો નથી, અને

(૧-ક) "વાલી" એટલે બાળકની જાતની અથવા તેની જાત અને મિલકત બંનેની સંભાળ રાખનાર વ્યકિત અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે :–

(ક) બાળકના પિતાએ અથવા માતાએ કરેલા વિલથી નિમાયેલો વાલી, અને

કોને દત્તક લઈ શકાય.

(ખ) કોર્ટે નિમેલો અથવા જાહેર કરેલો વાલી, અને

(૨) "કોર્ટ" એટલે દત્તક લેવાનું હોય તે બાળક જેની હકૂમતની સ્થાનિક હદમાં સામાન્ય રીતે રહેતું હોય તે સિટી સિવિલ કોર્ટ અથવા જિલ્લા કોર્ટ.

૧૦. નીચેની શરતોનું પાલન થયું ન હોય તો, નીચે જણાવેલી કોઈપણ વ્યકિત દત્તક લેવાવા માટે યોગ્ય ગણાશે નહિ :–

(૧) તે હિંદુ હોવી જોઈએ,

(૨) તે દત્તક લેવાઈ ચૂકેલી ન હોવી જોઈએ,

(૩) તે પરિણીત ન હોવી જોઈએ, સિવાય કે પરિણીત વ્યકિતઓને દત્તક લઈ શકાય એવી કોઈ રૂઢિ અથવા પ્રથા પક્ષકારોને લાગુ પડતી હોય,

કાયદેસરના દત્તવિધાન માટે અન્ય શરતો

(૪) તેણે પંદર વર્ષની વય પૂરી કરી ન હોવી જોઈએ, સિવાય કે જેણે પંદર વર્ષની વય પૂરી કરી હોય તેવી વ્યકિતઓને દત્તક લઈ શકાય તેવી કોઈ રૂઢિ અથવા પ્રથા પક્ષકારોને લાગુ પડતી હોય.

૧૧. પ્રત્યેક દત્તવિધાનમાં નીચેની શરતોનું પાલન કરવું પડશે :–

(૧) પુત્ર દત્તક લેવાનો હોય, તો દત્તક લેનાર પિતાને અથવા માતાને (ઔરસ લોહીનું સગપણ ધરાવતો અથવા દત્તક લીધેલો) હિંદુ પુત્ર, પૌત્ર અથવા પ્રપૌત્ર દત્તવિધાન વખતે હયાત ન હોવો જોઈએ.

(૨) પુત્રી દત્તક લેવાની હોય તો, દત્તક લેનાર પિતાને અથવા માતાને (ઔરસ લોહીનું સગપણ ધરાવતી અથવા દત્તક લીધેલી) હિંદુ પુત્રી અથવા પૌત્રી દત્તવિધાન વખતે હયાત ન હોવી જોઈએ.

(૩) કોઈ પુરુષે દત્તવિધાન કરવાનું હોય, અને દત્તક લેવાની હોય તે વ્યકિત સ્ત્રી હોય તો, દત્તક લેનાર પિતા, દત્તક લેવાની હોય તે વ્યકિતથી ઓછામાં ઓછો એકવીસ વર્ષ મોટો હોવો જોઈએ.

(૪) કોઇ સ્ત્રીએ દત્તવિધાન કરવાનું હોય અને દત્તક લેવાની હોય તે વ્યક્તિ પુરુષ હોય તો દત્તક લેનાર માતા, દત્તક લેવાની હોય તે વ્યક્તિથી ઓછામાં ઓછી એકવીસ વર્ષ મોટી હોવી જોઇએ.

(૫) એકજ બાળકને બે અથવા વધુ વ્યક્તિઓથી એક સાથે દત્તક લઇ શકાશે નહિ.

(૬) દત્તક લેવાનું હોય તે બાળકને તેના જન્મ કુટુંબમાંથી અથવા કોઇ ત્યજી દેવાયેલા બાળકના અથવા જેના માતાપિતા કોણ છે તેની ખબર ન હોય એવા બાળકના દાખલા માં તે બાળકને જે જગ્યાએ અથવા જે કુટુંબમાં તે ઉછર્યું હોય તે જગ્યા અથવા કુટુંબમાંથી દત્તક લેનાર કુટુંબને આપવાના ઇરાદાથી સંબંધિત માતાપિતાએ અથવા વાલીએ અથવા તેમના અધિકાર હેઠળ કોઇ વ્યક્તિએ ખરેખર દત્તક લેવું અને દત્તક દેવું જોઇશે :

પરંતુ દત્તકવિધાનની કાયદેસરતા માટે દત્તહોમ કરવો આવશ્યક નથી.

---

ક્રમાંક : બીસી/૧૨૦૨૫/૨/૭૬/એસસીટી/૧

ભારત સરકાર

ગૃહ મંત્રાલય

નવી દિલ્હી-૧૧૦૦૦૧, ૨૨મી માર્ચ, ૧૯૭૭, ચૈત્ર, ૧૮૯૮.

પ્રતિ,
મુખ્ય સચિવશ્રીઓ,
તમામ રાજ્ય સરકારો/સંઘપ્રદેશના વહીવટીતંત્રો.

વિષય :– અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્રો કાઢી આપવા અંગે સ્પષ્ટીકરણ.

શ્રીમાન,

આજ્ઞાનુસાર જણાવવાનું કે અનુસૂચિત જાતિ / આદિજાતિના સભ્યને પ્રમાણપત્ર કાઢી આપવા બાબતે અનુસરવાના નિયમોનું, આવા પ્રમાણપત્રો કાઢી આપતી વેળા પાલન થયું ન હોય એવા ઘણા કિસ્સા આ મંત્રાલયના ધ્યાન પર આવ્યા છે. આવાં પ્રમાણપત્રો કાઢી આપવાની સત્તા ધરાવતા અધિકારીઓને, કાનૂની સંદર્ભમાં ''વસવાટ''શબ્દનો અર્થ પૂરેપૂરો ન સમજાયો હોવાને કારણે આવું બન્યું હોવાની ધારણા છે.

૨. રાષ્ટ્રપતિએ, સંવિધાનની કલમ-૩૪૧ અને ૩૪૨ અન્વયે જરૂરી દરેક રાજ્ય અને સંઘ પ્રદેશની બાબતમાં અને રાજ્યના કિસ્સામાં સંબંધિત રાજ્યના રાજ્યપાળ સાથે વિચારવિમર્શ કર્યા બાદ એ રાજ્ય અથવા સંઘ પ્રદેશ પુરતી વિવિધ જાતિઓ અને આદિજાતિઓને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ તરીકે નિર્દિષ્ટ કરતા હુકમો વખતોવખત બહાર પાડ્યા છે. રાજ્ય-રાજ્ય વચ્ચે વિસ્તારની આ મર્યાદા ઇરાદાપૂર્વક રાખવામાં આવી છે. જેથી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિનો દરજ્જો મેળવવા પાત્ર કોઈ ચોક્કસ વિસ્તારના ચોક્કસ સમુદાયના લોકોને જ તેનો લાભ મળે. એક જ જાતિના પરંતુ જુદા જુદા રાજ્યો/સંઘ પ્રદેશોમાં રહેતાં લોકો એક જ પ્રકારની અશક્તતા ન ભોગવતાં હોય તેવું પણ બને,તેથી એકજ જાતિની પરંતુ અલગ અલગ રાજ્યો/સંઘપ્રદેશોમાં રહેતી બંને વ્યક્તિઓને અનુસૂચિત જાતિ/આદિજાતિની સભ્ય પણ ગણી શકાય અથવા ન પણ ગણી શકાય. આમ વ્યક્તિને/અમુક વિસ્તારમાં વસવાટ ખાસ મહત્વ ધરાવે છે.આ ''વસવાટ'' શબ્દને શાબ્દિક કે સામાન્ય અર્થમાં સમજવાનો નથી.એથી વિરુધ્ધ સંબંધિત વ્યક્તિની જાતિ/આદિજાતિને ચોક્કસ વિસ્તારના સંદર્ભમાં અનુસૂચિત કરતો રાષ્ટ્રપતિ હુકમ બહાર પાડે તે તારીખે આવી વ્યક્તિના કાયમી વસવાટનો તે નિર્દેશ કરે છે.આમ કોઇ વ્યક્તિની જાતિ/આદિજાતિને અનુસૂચિત કરતો રાષ્ટ્રપતિ હુકમ બહાર પાડે તે તારીખે તે

વ્યક્તિ આજીવિકા કે શિક્ષણ મેળવવા જેવા હેતુસર તેના કાયમી વસવાટના સ્થળેથી હંગામી ધોરણે બહાર ગઈ હોય તો પણ આવી વ્યક્તિની જાતિ/આદિજાતિને તેના રાજ્ય/સંઘ પૂરતી જાતિ કે આદિજાતિ તરીકે નિર્દિષ્ટ કરવામાં આવી હોય તો તે યથા પ્રસંગ, જાતિ કે આદિજાતિની ગણાશે : પરંતુ તેની જાતિ/આદિજાતિને તેના હંગામી વસવાટના સ્થળ પૂરતી અનુસૂચિત કરવામાં આવી હોય તો પણ તે સ્થળ પૂરતી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની ગણાશે નહીં.

૩. કોઈપણ વ્યક્તિના આવા કાયમી વસવાટના સ્થળની તેમજ તે જે જાતિ /આદિજાતિની હોવાનો દાવો કરતી હોય તેની ખાતરી કરવા માટે ભારત સરકારે આવા પ્રમાણપત્રો કાઢી આપવા માટે નિયત કરેલા નમૂનામાં ખાસ જોગવાઈ કરી છે. યોગ્ય વ્યક્તિને જ પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે એ બાબત સુનિશ્ચિત કરવા માટે આવું પ્રમાણપત્ર કાઢી આપતા પહેલાં મુખ્યત્વે મહેસૂલી રેકર્ડના આધારે અને જરુર જણાય તો આધારભૂત તપાસ દ્વારા દાવાની યોગ્ય ખરાઈ કરવી જરુરી છે. માત્ર મહેસૂલ અધિકારીઓ જ સંબંધિત મહેસૂલ રેકર્ડનો કબજો ધરાવવા ઉપરાંત આધારભૂત તપાસ કરી શકવાની સ્થિતિમાં હોવાથી ભારત સરકાર,માત્ર આવા અધિકારીઓએ આપેલાં પ્રમાણપત્રો જ રજૂ કરવા પર ભાર મૂકે છે. તેથી, ભારત સરકાર (કર્મચારી વર્ગ તથા વહીવટી સુધારણા વિભાગ) ના તા. ૫ મી ઓગસ્ટ,૧૯૭૫ ના પત્ર નંબર : ૧૩-૨-૭૪ મહેકમ (એમસીટી) (નકલ સામેલ છે.)માં દર્શાવેલા સત્તાધિકારીઓ જ આવા પ્રમાણપત્રો કાઢી આપી શકે છે અને આવું પ્રમાણપત્ર મેળવવા માટે વ્યક્તિ જે વિસ્તારમાં અરજી કરે તે વિસ્તારના તેમજ સંબંધિત રાષ્ટ્રપતિ-હુકમ બહાર પાડવામાં આવ્યો હોય ત્યારે આવી વ્યક્તિના કાયમી વસવાટના સ્થળના, ઉપર જણાવલ પૈકીના અધિકારીઓએ સાવધાન રહેવું જોઈએ. આમ કોઈપણ જિલ્લાના મહેસૂલ અધિકારી, અન્ય જિલ્લાની કોઈ વ્યક્તિને આવું પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ ગણાશે નહીં. વધુમાં કોઈ રાજ્ય/સંઘ પ્રદેશના આવા કોઈ સત્તાધિકારી, રાષ્ટ્રપતિનો કોઈ ખાસ હુકમ બહાર પડે તે તારીખે કાયમી વસવાટનું સ્થળ અન્ય કોઈ રાજ્ય/સંઘ પ્રદેશમાં આવેલું હોય તેવી વ્યક્તિની બાબતમાં આવું પ્રમાણપત્ર આપી શકશે નહીં. રાષ્ટ્રપતિના સંબંધિત હુકમના જાહેરનામાની તારીખ બાદ જન્મેલી વ્યક્તિઓની બાબતમાં, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિનો દરજ્જો મેળવવાના હેતુસર વસવાટનું સ્થળ, આવી જાતિ/આદિજાતિના સભ્ય હોવા અંગેનો દાવો જે રાષ્ટ્રપતિ-હુકમ હેઠળ કરવામાં આવ્યો હોય તેના જાહેરનામાના સમયે, સંબંધિત વ્યક્તિના માતા-પિતાના કાયમી વસવાટનું સ્થળ રહેશે.

૪. જાણવા મળ્યું છે કે કેટલીક રાજ્ય સરકારો / સંઘ પ્રદેશ વહીવટ તંત્રોએ તેમના તમામ રાજપત્રિત અધિકારીઓને આવાં પ્રમાણપત્રો-કાઢી આપવાની સત્તા આપી છે, અને આવા રાજપત્રિત અધિકારીઓ, સંસદસભ્યો અને ધારાસભ્યો વગેરેએ આપેલાં પ્રમાણપત્રોના આધારે મુલકી સત્તાધિકારીઓ પણ આવાં પ્રમાણપત્રો કાઢી આપે છે. આવી પધ્ધતિને અનુસરવામાં આવે તો, ખોટાં પ્રમાણપત્રો આપાવાનું સ્પષ્ટ જોખમ રહેલું છે. કારણ કે આવા સત્તા અધિકારીઓ યોગ્ય ખરાઈ કરવા માટેના ઉચિત આધારના અભાવે આવાં પ્રમાણપત્રોમાં દર્શાવેલી હકીકતોની મુળગત સચ્ચાઇ અંગે ભાગ્યે જ ખાતરી કરી શકે. ખોટાં પ્રમાણપત્રો કાઢી આપવા પર નિયંત્રણ લાદવાના હેતુસર ખરાઈની બાબત વધુ મહત્વની બને છે.

૫. તેથી, તમામ રાજ્ય સરકારો/સંઘ પ્રદેશ વહીવટી તંત્રોને આવાં પ્રમાણપત્રો કાઢી આપવા અંગેની તેમની સંબંધિત કાર્યપધ્ધતિ ઉપર જણાવવામાં આવેલી તેમ જ વખતો વખત બહાર પાડવામાં આવતી સૂચનાઓને અનુરૂપ હોય તે મુજબની બનાવવા વિનંતી કરવામાં આવે છે.કોઈપણ સંસદસભ્ય, ધારાસભ્ય, રાજપત્રિત અધિકારી વગેરેએ કાઢી આપેલાં પ્રમાણપત્રના આધારે મુલકી સત્તાધિકારીઓ આવાં પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા ધરાવતા હોય ત્યાં તેઓ યોગ્ય ખરાઈ કર્યા બાદ તેમજ આવાં પ્રમાણપત્રોની સચ્ચાઈ અંગે સંતોષ થયા બાદજ આવાં પ્રમાણપત્રો આપશે.

આપનો વિશ્વાસુ,<br>
ઓ. આર. શ્રી નિવાસન,<br>
ભારત સરકારના ઉપસચિવ.<br>
ફોન નં. ૩૮૧૮૪૩<br>
ક્રમાંક: બીસી/૧૨૦૨૫/૨/૭૬ એસસીટી-૧.<br>
માર્ચ-૧૯૭૭. ફાગણ-૧૮૯૮

નકલ રવાના :--

૧. ભારત સરકારના કર્મચારીગણ અને વહીવટી સુધારણા વિભાગના તા. ૮મી જુલાઈ, ૧૯૭૬ના અવિધિસરના પત્ર ક્રમાંક : ડી-૨૦૧૪/૭૬-મહેકમ (એસસીટી/ના સંદર્ભમાં અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત આદિજાતિઓ માટેની અનામત અંગેની પુસ્તિકાઓમાં જરૂર જણાય ત્યાં અને અગાઉના ફકરાઓમાં જણાવવામાં આવેલી વિગતો સામેલ કરી જરૂરી સુધારા કરવા તેઓને વિનંતી કરવામાં આવે છે
૨. નિયામક, સચિવાલય તાલીમ અને વ્યવસ્થા ભવન, વેસ્ટ બ્લોક નં. ૧ વિંગ નં. ૬ રામકૃષ્ણપુરમ, નવી દિલ્હી-૧૧૦૦૨૨ના તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૭૬ના પત્ર ક્રમાંક : ૧૨-૪-૭૬-એઆરઆરએનજીના સંદર્ભમાં.
૩. સચિવ, સંઘ જાહેર સેવા આયોગ, નવી દિલ્હી.
૪. ભારત સરકારનાં તમામ મંત્રાલયો/વિભાગો
૫. તમામ વિભાગીય નિયામક/નાયબ નિયામકો.
૬. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેના આયુક્ત, રામકૃષ્ણ પુરમ, નવી દિલ્હી.

ઓ. આર. શ્રી નિવાસન,<br>
ભારત સરકારના ઉપસચિવ.<br>
ફોન નં. ૩૮૧૮૪૩

પત્ર નં. ૧૩/૨/૭૪/મહેકમ (એસસીટી)
ભારત સરકાર
મંત્રી મંડળ, સચિવાલય,
કર્મચારીગણ અને વહીવટી સુધારણા વિભાગ
નવી દિલ્હી-૧૧૦૦૦૧.
તા. ૫મી ઓગસ્ટ - ૧૯૭૫

પ્રતિ
મુખ્ય સચિવો,
તમામ રાજ્ય સરકારો અને
સંઘ પ્રદેશ વહીવટ તંત્રો.

**વિષય :** અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્ય હોવા અંગેની ખરાઈ કરવા બાબત - જાતિ પ્રમાણપત્રના નમૂનામાં સુધારા.

શ્રીમાન,

આજ્ઞાનુસાર જણાવવાનું કે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોએ કેન્દ્ર સરકાર હેઠળની જગ્યાઓ / સેવાઓ પર નોકરી મેળવતી વેળા તેમના હકદાવાના સમર્થનમાં, નિર્દિષ્ટ અધિકારીઓ પૈકીના કોઈ એક અધિકારીએ નિયત નમૂનામાં કાઢી આપેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. આ અંગે નિર્દિષ્ટ કરાયેલા સત્તાધિકારીઓની યાદી, માહિતી માટે આ સાથે સામેલ છે. જાતિ અંગેના પ્રમાણપત્રના નમૂનામાં હવે થોડો સુધારો કરવામાં આવ્યો છે. જાતિના પ્રમાણપત્રનો સુધારેલો નમૂનો આ સાથે સામેલ છે. રાજ્ય સરકાર હેઠળ જાતિ અંગેના પ્રમાણપત્રો આપવાની સત્તા ધરાવતા સત્તાધિકારીઓનું આ સુધારેલા નમૂના તરફ ધ્યાન ખેંચવા વિનંતી છે.

સહી : - (જે. એસ. અહલુવાલિયા)
(ભારત સરકારના ઉપસચિવ)
ક્રમાંક : નં. ૧૩/૨/૭૪/મહેકમ (એસસીટી)
નવી દિલ્હી-૧૧૦૦૦૧.
તા. ૫મી ઓગસ્ટ - ૧૯૭૫

સંઘ જાહેર સેવા આયોગના તા. ૨૮-૧-૧૯૭૫ના પત્ર ક્રમાંક : ૨૬-૪-૭૪ ઈઆઈઈ (બી) ના સંદર્ભમાં જાણ અર્થે નકલ રવાના.

ખરાઈ અંગેના પ્રમાણપત્રો આપવાની સત્તા ધરાવતા અધિકારીઓની યાદી.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/કલેકટર/નાયબ આયુકત/અધિક નાયબ આયુકત/નાયબ કલેકટર/પ્રથમ વર્ગના વૃત્તિકાગ્રાહી મેજિસ્ટ્રેટ/* સીટી મેજિસ્ટ્રેટ/ પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટ/તાલુકા મેજિસ્ટ્રેટ/કાર્યપાલક મેજિસ્ટ્રેટ/અધિક મદદનીશ આયુકત.

૨. ચીફ પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ/ એડીશનલ ચીફ પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ/ પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ.

૩. તહેસીલદારથી નીચેના ન હોય તેવા મુલકી અધિકારીઓ.

૪. ઉમેદવાર અને /અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા-વિભાગીય અધિકારી.

૫. વહીવટદારો/વહીવટદારોના સચિવો/વિકાસ અધિકારીઓ (લક્ષદ્વીપ ટાપુઓ)

---

* પ્રથમ વર્ગના વૃત્તિકાગ્રાહી મેજિસ્ટ્રેટથી નીચેના દરજ્જાના ન હોય તેવા

અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના ઉમેદવારે તેની જાતિ/આદિજાતિ અંગેના દાવાના સમર્થનમાં રજૂ કરવાના પ્રમાણપત્રનો નમૂનો.

જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી* .................................................. શ્રી .................................... ના પુત્ર/પુત્રી*, રહેવાસી .................................... ગામ/નગર .................................... જિલ્લા/વિભાગ, .................................... રાજ્ય/સંઘ પ્રદેશ, એ .................................... જાતિ/આદિજાતિ છે જેને અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ તરીકે જાહેર કરવામાં આવી છે.

સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમ, ૧૯૫૦:
સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ, ૧૯૫૦:
સંવિધાન (અનુસૂચિત જાતિઓ) (સંઘપ્રદેશો) હુકમ, ૧૯૫૧:

---

* લાગુ ન પડતા શબ્દો છેકી નાખો.

[અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓ (સુધારા) હુકમ, ૧૯૫૬, મુંબઈ પુર્નગઠન અધિનિયમ ૧૯૬૦, પંજાબ પુર્નગઠન અધિનિયમ ૧૯૬૬, હિમાચલ પ્રદેશ રાજ્ય અધિનિયમ ૧૯૭૦, અને ઉત્તર-પૂર્વ વિસ્તારો (પુર્નગઠન) અધિનિયમ ૧૯૭૧, અન્વયે સુધાર્યા મુજબ]

-સંવિધાન (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ* હુકમ, ૧૯૫૬;

-સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત આદિજાતિઓ* હુકમ, ૧૯૫૯;

-સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ* હુકમ, ૧૯૬૨;

-સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિઓ* હુકમ, ૧૯૬૨;

-સંવિધાન (પોંડિચેરી) અનુસૂચિત જાતિઓ* હુકમ, ૧૯૬૪;

-સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) ઉત્તર પ્રદેશ હુકમ, ૧૯૬૭;

-સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ* હુકમ, ૧૯૬૮;

-સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિઓ* હુકમ, ૧૯૬૮;

-સંવિધાન (નાગાલેન્ડ) અનુસૂચિત આદિજાતિઓ* હુકમ, ૧૯૭૦;

૨. શ્રી/શ્રીમતી/કુમારી* ..............................
અને તેમનું કુટુંબ સામાન્ય રીતે ..............................
રાજ્ય/સંઘ પ્રદેશના * ..............................
જિલ્લા/પ્રભાગના * .............................. ગામ/
નગરમાં વસવાટ કરે છે.

સહી ....................
હોદ્દો ....................

(કચેરીની મહોર સાથે)

સ્થળ : ....................રાજ્ય/સંઘ/પ્રદેશ
તારીખ : ....................

* લાગુ ન પડતા શબ્દો છેકી નાખો.

નોંધ :— અહીં "સામાન્ય રીતે વસવાટ કરે છે " એટલે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૨૦ મુજબનો અર્થ સમજવો.

ક્રમાંક : ૩૯/૩૭/૭૩/ એસસીટી-૧

ભારત સરકાર
ગૃહ મંત્રાલય
નવી દિલ્હી-૧૧૦૦૦૧.
તા. ૨૧મી મે, ૧૯૭૭/૩૧ વૈશાખ, ૧૮૯૯.

પ્રતિ
મુખ્ય સચિવશ્રીઓ,
તમામ રાજ્ય સરકારો અને
સંઘ પ્રદેશ વહીવટી તંત્રો.

**વિષય : આંતરજ્ઞાતિય લગ્ન કરેલાં યુગલોનાં બાળકોને જાતિનો દરજ્જો**

શ્રીમાન,

આજ્ઞાનુસાર જણાવવાનું કે, આંતરજ્ઞાતિય લગ્ન કરેલાં યુગલોનાં બાળકોને જાતિનો દરજ્જો આપવા અંગે જુદી જુદી રાજ્ય સરકારો/સંઘ પ્રદેશોનાં વહીવટીતંત્રો વખતોવખત આ મંત્રાલયને પુછાણ કરાવે છે. તદનુસાર, આ મંત્રાલય છેલ્લા કેટલાક સમયથી આ સમસ્યા અંગે વિચારણા કરે છે. આવાં બાળકોની જાતિના દરજ્જા અંગેના કાનૂની અભિપ્રાયો આ મંત્રાલયના તારીખ ૪થી માર્ચ, ૧૯૭૫ના સમાન ક્રમાકઃ ધરાવતા પત્રથી પ્રગટ કરવામાં આવ્યા છે. આમ છતાં, આ બાબતે વધુ વિચારણા કરવામાં આવી છે અને યુગલ પૈકી પતિ કે પત્ની અથવા બંને અનુસૂચિત જાતિ અને અથવા અનુસૂચિત આદિજાતિના સભ્ય હોય તેવા યુગલોનાં બાળકોની જાતિના દરજ્જા અંગેની સર્વગ્રાહી કાનૂની સ્થિતિ, આ સાથેના જોડાણ (ક થી ઘ)માં આપવામાં આવી છે.

૨. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ અંગેના પ્રમાણપત્રો આપવાની સત્તા ધરાવતા તમામ અધિકારીઓને આ સૂચનાઓથી વાકેફ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(ઓ. આર. શ્રીનિવાસન)
ભારત સરકારના ઉપસચિવ
ક્રમાંક : ૩૯/૩૭/૭૩/ એસસીટી-૧
તા. ૨૧મી મે, ૧૯૭૭/૩૧ વૈશાખ, ૧૮૯૯.

નકલ રવાના :—

૧. ભારત સરકારના તમામ મંત્રાલયો/વિભાગો,
૨. ગૃહ મંત્રાલય સાથે જોડાયેલી અને તેના તાબાની તમામ કચેરીઓ,
૩. સંઘ જાહેર સેવા આયોગ ધોલપુર હાઉસ, નવી દિલ્હી-૧૧૦ ૦૧૧,
૪. ગૌણ સેવા આયોગ, એ. આર. કે. પૂરમ, નવી દિલ્હી - ૧૧૦ ૦૨૨

(ઓ. આર. શ્રીનિવાસન)

ભારત સરકારના ઉપસચિવ

જોડાણ-ક

**કોઈપણ યુગલ પૈકી પતિ કે પત્ની કોઈપણ અનુસૂચિત જાતિના સભ્ય હોય તેવાં યુગલોનાં બાળકોના જાતિ દરજ્જા અંગે કાનૂની અભિપ્રાયો.**

લગ્નથી જોડાનાર બન્ને હિન્દુ વ્યકિતઓ પૈકીની એક વ્યકિત અનુસૂચિત જાતિની હોય તેવા કિસ્સામાં સામાન્ય કાનૂની પરિસ્થિતિ એવી છે કે જૂના હિન્દુ કાયદા મુજબ આવાં આંતર-જ્ઞાતિય લગ્નોને સમાજના આગેવાનો અને ટીકાકારો તિરસ્કારની દૃષ્ટિએ જોતા હતાં. આમ છતાં, કેટલાંક આગેવાનોએ કચવાતા મને સવર્ણ હિન્દુ પુરુષ અને શુદ્ર સ્ત્રી વચ્ચેના લગ્નને પરવાનગી આપી હતી અને અનુલોમ લગ્નોની યાદીમાં આવા લગ્નોનો સમાવેશ કર્યો હતો. અલબત્ત શુદ્ર પત્ની સાથેના લગ્નનાં વિધિમાં મંત્રોચ્ચાર કરવાનો નિષેધ ફરમાવ્યો હતો. કોઈપણ સવર્ણ હિન્દુ પુરુષને ઉતરતા વર્ણની સ્ત્રી સાથેના લગ્નથી થયેલા બાળકોને, તેમના પિતાની જાતિ કે "સવર્ણ ઔરસ" એટલે કે સવર્ણ હિન્દુ પત્નીથી જન્મેલાં બાળકોનો દરજ્જો મળતો ન હતો. આવાં બાળકો "અનુલોમજ" તરીકે ઓળખાતા અને તેઓ મધ્યવર્તી જાતિનાં એટલે કે પિતાની જાતિથી નીચી જાતિનાં અને માતાની ઊંચી જાતિનાં ગણાતાં. યજ્ઞવલ્કે કોઈપણ બ્રાહ્મણને શુધ્ધ પત્નીથી થયેલા પુત્રને, મનુએ દર્શાવેલા પુત્રોની યાદીમાંથી બાકાત રાખ્યો છે. પ્રતિલોમ લગ્નો એટલે કે ઊંચી વર્ણની સ્ત્રી સાથે ઉતરતા વર્ણના પુરુષને લગ્ન કરવાની સદંતર મનાઈ ફરમાવવામાં આવી હતી અને ગૃહ સૂત્રમાં આવાં લગ્નો માટે કોઈ વિધિ નિયત કરવામાં આવ્યો નહોતો, તેમજ આવાં લગ્ન કરનારી વ્યકિતઓને જ્ઞાતિ બહાર મૂકવામાં આવતી હતી.

૨. હિન્દુ કાયદાને લગતા જુદા જુદા વૈધાનિક કાયદા જેવા કે હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ અને હિન્દુ સગીરવય અને વાલીપણા અધિનિયમ, ૧૯૫૬ અમલમાં આવતાં બન્ને પ્રકારના આંતરજ્ઞાતિય લગ્નો પરનો રૂઢિગત પ્રતિબંધ, આ વૈધાનિક કાયદાઓથી ઊઠાવી લેવામાં આવ્યો છે. હિન્દુ લગ્ન અધિનિયમ અન્વયે, હિન્દુ ધર્મ પાળતી કોઈપણ બે વિજાતિય વ્યકિતઓ, જ્ઞાતિના બાધ સિવાય, પરસ્પર લગ્નગ્રંથિથી જોડાઈ શકે છે. સિવાય કે આવું લગ્ન કાયદાથી જ પ્રતિબંધિત હોય, ઉપરોકત ત્રણેય અધિનિયમો અન્વયે માતા કે પિતા પૈકીનું કોઈપણ હિન્દુ, બૌધ, જૈન કે શીખ ધર્મ પાળતું હોય તો એમના ઔરસ અને અનૌરસ, એવાં તમામ બાળકો હિન્દુ ગણાશે પરંતુ આવાં બાળકોનો ઉછેર, તેમનાં માતાપિતા જે આદિજાતિ, સમુદાય જૂથ કે કુટુંબના સભ્ય રહ્યાં હોય કે હાલમાં હોય તેના સભ્ય તરીકે કરવામાં આવ્યો હોવો જોઈશે. ઉકત બાબતને લક્ષમાં લેતાં કોઈપણ સવર્ણ હિન્દુ વ્યકિત સાથે અનુસૂચિત જાતિની વ્યકિતના લગ્નને પરિણામે જન્મેલાં બાળકો હિન્દુ જ છે અને તેઓ પણ, એક જ જ્ઞાતિમાં થયેલા લગ્નને પરિણામે જન્મેલાં બાળકોની જેમ તેમનાં માતા-પિતાની મિલકતના ઉત્તરાધિકારી બનવા માટે હકદાર છે.

પરંતુ માતા અથવા પિતા ઊંચી જાતિના હોય તેવા બાળકોનો જાતિ-દરજ્જો તથા આવું બાળક તેના માતા કે પિતા પૈકી જે અનુસૂચિત જાતિની સભ્ય હોય તેની મિલકત મેળવવાને હકદાર રહેશે કે કેમ તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ મુદ્દા અંગેનો કોઈ પ્રત્યક્ષ કાનુની કેસ અમારી જાણમાં નથી. પરંતુ અમને લાગે છે કે, "ઓલ ઇન્ડિયા રીપોર્ટર" ૧૯૫૮ આસામ ૧૨૮માં નોંધાયેલા વિલ્સન રીડ વિ. સી.એલ. બુથના ચુકાદામાં લાગુ પાડવામાં આવેલો તર્ક આવા કિસ્સાઓમાં લાગુ પડશે. પૃ.નં. ૧૮૨ પર જણાવાયું છે કે "કોઈપણ વ્યકિતનું સભ્યપદ તેના લોહીની શુધ્ધતાને આધારે નહિં પરંતુ આવી વ્યકિત તેના સમુદાયના વિચારોને અને રહેણીકરણીને કેટલા પ્રમાણમાં અનુસરે છે અને તેનો સમુદાય તેની સાથે કેવો વ્યવહાર કરે છે અને આદિજાતિના લોકોમાં જેમની સાથે વ્યવહારની પ્રચલિત પ્રથાને આધારે નક્કી કરવામાં આવશે."

એવી જ રીતે ઇન્ડિયન લો રીપોર્ટર ૩૩, મદ્રાસ, ૩૪૨માં નોંધાયેલા, મુથુસ્વામી મુદલિયાર વિ. મસીલામેન મુદલિયારના કેસમાં અદાલતે ચુકાદો આપ્યો હતો કે, " કોઈપણ વર્ગ કે સમુદાય તેના વાડા બહાર નીકળે એ સાહજિક પ્રક્રિયા છે અને અન્ય સમુદાય તેને સ્વીકારે ત્યારે તેમાં ભળી જાય છે. જાતિ મારફત હિન્દુ અધિશ્રેણીમાં સ્વીકૃતિ એ ઉત્તર અને દક્ષિણ ભારત-બંનેમાં સામાન્ય છે. અમે અગાઉ જણાવી ચુકયા છીએ એ પ્રમાણે, ભૂતકાળમાં એવા કિસ્સા બન્યા છે જેમાં લોહીની શુધ્ધતાના આધારે જેમને ખાસી માનવામાં આવ્યા ન હોય એવા લોકો પણ એ જાતિમાં ભળી ગયા હતા અને કોઈ "રૂઢિચુસ્તતા, ખાસી સમુદાયમાં તેમના સમન્વય આડે આવી શકી નહોતી."

૩. "ઓલ ઇન્ડિયા રીપોર્ટર" ૧૯૫૯ સુપ્રિમ કોર્ટ ૧૩૧૮ (૧૩૨૭)માં નોંધાયેલા, વી. વી. ગીરી વિરુધ્ધ ડી.એચ. ડોરાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે :-

" કોઈપણ વ્યકિતનો જાતિ-દરજ્જો તે જે જાતિમાં પ્રવેશવા માગતી હોય તેના સભ્યો દ્વારા તેના સ્વીકારના સંદર્ભમાં નક્કી થવો જોઈએ."

" આ અંગે કોઈ જ પુરાવો ઉપલબ્ધ નથી, આ ઉપરાંત અપીલ કરનાર દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા પ્રતિવાદી-૧ દ્વારા કરવામાં આવેલા કેટલાંક કૃત્યોજ દર્શાવે છે, જે બેશક તેનો દરજ્જો ઊંચો હોવાનું પ્રતિપાદિત કરવાના ઇરાદાથી જ કરવામાં

આવ્યાં હતાં, પરંતુ આ પ્રકારના એક તરફી કૃત્યોથી એવું સરળતાથી સાબિત ન કરી શકાય કેતેનાથી ઊંચા દરજ્જા માટેનો હકદાવો પ્રતિપાદિત થાય છે, જે ઉકત કૃત્યો સાબિત કરવા માંગે છે.

ઉચ્ચ અદાલતે આવો અભિપ્રાય બાંધ્યો છે અને આ અમારા મતે ઊચ્ચ અદાલતનો ચુકાદો તદ્દન સાચો છે.

ઉચ્ચ અદાલતોએ આપેલા ઉપર મુજબના અભિપ્રાયોને લક્ષમાં લેતાં એવું તારણ સરળતાથી કાઢી શકાય કે આવા લગ્નોને પરિણામે જન્મેલા બાળકને, સંબંધિત અનુસૂચિત જાતિના સમુદાયે સભ્ય તરીકે સ્વીકાર્યું છે કે કેમ તેમજ બાળકને આ સમુદાયના વાતાવરણમાં અને સમુદાયની વચ્ચે ઉછર્યું છે કે કેમ એ બાબતો જ તેનો જાતિ દરજ્જો નકકી કરવા માટેની નિર્ણાયક કસોટી છે. બાળકને અપનાવનાર વર્ગ, જાતિ કે સમુદાય કોઈ અનુસૂચિત જાતિનો છે કે સવર્ણ હિન્દુ સમુદાય એ બાબતને લક્ષમાં લીધા વિના, બાળકનું એ વર્ગ, જાતિ કે સમુદાય સાથેનું બંધન જ વાસ્તવિક કસોટી છે. બાળકની માતા, અનુસૂચિત જાતિના સમુદાયનો સભ્ય હોય પરંતુ બાળકના પિતાનો સમુદાય આવા બાળકને અપનાવી લે અને પિતાના સંબંધીઓ વચ્ચે જ તેનો ઉછેર થાય તેવું બની શકે. આવા કિસ્સામાં બાળક, અનુસૂચિત જાતિનું સભ્ય માની શકાય નહીં અને તે મુજબના કોઈ લાભને પાત્ર રહે નહીં. એજ રીતે માતા ઊંચી જાતિની અને પિતા અનુસૂચિત જાતિનો હોય તેમજ પિતા અનુસૂચિત જાતિના સમુદાયથી દૂર રહેતો હોય અને બાળકનો ઉછેર, તેની માતાના સંબંધીઓ અને સમુદાયના સભ્યો વચ્ચેના વાતાવરણમાં થયો હોય એવું પણ બને. આવા કિસ્સામાં પણ બાળકને અનુસૂચિત જાતિનું સભ્ય માની શકાય નહીં. આથી ઊંલટુ; બાળકના માતા કે પિતા અનુસૂચિત જાતિના સમુદાયના સભ્ય છે કે નહીં એ બાબતને લક્ષમાં લીધા વિના તેનો ઉછેર, અનુસૂચિત જાતિના એક સભ્ય તરીકે જ એ સમુદાયની વચ્ચે થયો હોય તેવા કિસ્સામાં તે બાળક, અનુસૂચિત જાતિના સમુદાયનું જ સભ્ય ગણાશે અને એ મુજબના તમામ લાભો મેળવવાને હકદાર રહેશે.

૪. વણ-નોંધાયેલાં અને બિન-કાયદેસરના લગ્નો બાબતે જાણી લેવું જોઈએ કે હિન્દુ કાયદા હેઠળ લગ્નની નોંધણી કરાવવી આવશ્યક નથી. હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ની કલમ-૮ હેઠળ પણ લગ્નની નોંધણી કરાવવી ઐચ્છિક છે અને પેટા-કલમ (૫)ની જોગવાઈ હેઠળ જાળવવામાં આવતા લગ્ન નોંધણી પત્રકમાં લગ્નની નોંધણી કરાવવામાં ન આવે તેટલા કારણસર જ, આ પેટા-કલમની જોગવાઈ મુજબ, કોઈપણ હિન્દુ લગ્નની કાયદેસરતાને બાધ આવતો નથી. કલમ-૭ અન્વયે કરેલી જોગવાઈ મુજબ હિન્દુ લગ્ન, કોઈ એક પક્ષકારના પરંપરાગત લગ્ન સંસ્કારનો વિધિ પૂરા થયા બાદ પુરૂ થયેલું ગણાય અને આવા વિધિમાં ''સપ્તપદી''નો સમાવેશ થતો હોય તો સાતમો ફેરો પુરો થયેથી લગ્ન સંપૂર્ણ અને બંધનકર્તા બને છે. આ હકીકતને ધ્યાને લેતાં પરંતુ આ કલમમાં દર્શાવેલા લગ્નસંસ્કાર મુજબ કરવામાં આવેલાં તમામ લગ્નો, વણનોંધાયેલા હોય તો પણ કાયદેસરનાં ગણાશે તેમજ આવાં વણનોંધાયેલાં પરંતુ કાયદેસરનાં લગ્નોથી થયેલાં બાળકોને, અમે આગળ ફકરા-૩માં દર્શાવેલો અભિપ્રાય લાગુ પડશે.

૫. કાયદાની દૃષ્ટિએ માન્ય ન હોય તેવાં લગ્નોથી થયેલાં બાળકો અનૌરસ ગણાશે, સિવાય કે અદાલતે લગ્ન રદબાતલ કરવાના આપેલા હુકમનામાને કારણે આવું કોઈ લગ્ન ગેરકાયદેસર કર્યું હોય અને આવા કિસ્સામાં હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ની કલમ-૧૬ની જોગવાઈઓ લાગુ પડશે. હિન્દુ સગીરવય અને વાલીપણા અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૬ (ખ) અન્વયે હિન્દુ સગીરના કુદરતી ''વાલી અનૌરસ પુત્રીની બાબતમાં માતા અને ત્યારબાદ પિતા'' હોવાનું જણાવાયું છે.

૬. આ ઉપરથી એવું તારણ કાઢી શકાય કે અનૌરસ બાળકોનો ઉછેર સામાન્યરીતે માતા દ્વારા, માતાની આસપાસના વાતાવરણમાં થાય છે. તેથી, માતા અનુસૂચિત જાતિની હોય અને તે બાળકનો ઉછેર, અનુસૂચિત જાતિના સમુદાયમાં કરે તેવું બાળક અનુસૂચિત જાતિનું સભ્ય ગણાશે. પરંતુ આ કિસ્સામાં પણ વિચારવાની મહત્ત્વની બાબત એ છે કે અનુસૂચિત જાતિના સમુદાયે બાળકનો સભ્ય તરીકે અપનાવીને તે મુજબ તેનો ઉછેર કર્યો છે કે કેમ.

૭. આમછતાં, ઉપરોક્ત અવલોકનો સામાન્ય પ્રકારનાં હોઈ પ્રત્યેક કેસને પ્રવર્તમાન સંજોગના સંદર્ભમાં તપાસ્યા પછી જ, તે અંગે આખરી નિર્ણય કરી શકાય.

## જોડાણ-ખ

**પતિ અથવા પત્ની પૈકીનું કોઈ એક, અનુસૂચિત આદિજાતનું સભ્ય હોય તેવા યુગલના બાળકના જાતિ-દરજ્જા અંગે કાનૂની અભિપ્રાયો.**

પતિ અને પત્ની પૈકી એક વ્યક્તિ અનુસૂચિત આદિજાતિની સભ્ય હોય અને બીજી ન હોય એવા યુગલના બાળકોને અનુસૂચિત આદિજાતિનું ગણવું કે કેમ એ પ્રશ્ન ઊભો થયો છે.

૨. પ્રારંભમાં જ જણાવીએ કે અનુસૂચિત જાતિઓના કિસ્સામાં બને છે એથી ઊલટું, અનુસૂચિત આદિજાતિના સભ્યો ધર્મપરિવર્તન કર્યા પછી અનુસૂચિત આદિજાતિના સભ્યો ગણાય છે. આનું કારણ એ છે કે સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ, ૧૯૫૦ના ખંડ-૩ માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ માત્ર હિન્દુ કે શીખ ધર્મ પાળતી વ્યક્તિ જ અનુસૂચિત જાતિનો સભ્ય ગણાય છે. પરંતુ સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ, ૧૯૫૦માં આવી કોઈ શરત રાખવામાં આવી નથી. ''ઓલ ઈન્ડિયા રીપોર્ટર" ૧૯૬૪ (સુપ્રિમ કોર્ટ) ના પૃ. ૨૦૧ પર નોંધાયેલા કેસમાં સર્વોચ્ચ અદાલતે આવા મતને સમર્થન આપ્યું છે.

૩. અત્રે એ જણાવીએ કે અનુસૂચિત જાતિઓના સભ્યોથી ઊલટું અનુસૂચિત આદિજાતિઓના સભ્યો સમરૂપ જૂથોમાં રહે છે, અને અનુસૂચિત આદિજાતિઓનું જૂથ અન્ય જૂથથી તદન ભિન્ન પ્રકારની ઓળખ ધરાવતું હોય છે. પ્રત્યેક આદિજાતિ જૂથ, વડીલોની સંભાળ અને દેખરેખ હેઠળ એક સુગઠિત જૂથમાં રહે છે જેથી તમામ સામાજિક બાબતોમાં વડીલોની આજ્ઞા શિરોમાન્ય ગણાય છે. નિયત રિવાજોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ સભ્યને સમુદાયમાંથી બહિષ્કૃત કરવામાં આવે છે. તેઓના રોજબરોજના જીવનમાં સામાજિક રિવાજ એક મહત્ત્વનું બંધનકારક પરિબળ બની રહે છે.

૪. કોઈપણ આદિજાતિ વ્યક્તિ , બિન-આદિજાતિ વ્યક્તિ સાથે લગ્ન કરે તેવા કેસમાં વિચારણા હેઠળ લેવાની બાબત એ છે કે આદિજાતિ સભ્યના આદિજાતિ સમુદાયે આવા યુગલને સ્વીકારી લીધું છે કે કેમ. આદિજાતિ સમુદાયે યથા પ્રસંગ, પતિ અથવા પત્નીનો સ્વીકાર કરી લીધો હોય તો તેઓનાં બાળકો અનુસૂચિત આદિજાતિના ગણાશે. પરંતુ સામાન્ય રીતે પતિ અનુસૂચિત આદિજાતિનો હોય તેવી પરિસ્થિતિમાં આવું બનવું હોય છે. પરંતુ અનુસૂચિત આદિજાતિની કોઈપણ મહિલાને બિન-અનુસૂચિત આદિજાતિના પુરૂષ સાથેના લગ્નથી બાળકો થયાં હોય એવી સ્થિતિ પણ હોઈ શકે. આવા સંજોગોમાં અનુસૂચિત આદિજાતિનો સમુદાય આવાં બાળકોને અપનાવી તેમની સાથે સમુદાયના સભ્યો જેવો જ વ્યવહાર કરે તો તે બાળકો અનુસૂચિત આદિજાતિના સભ્યો ગણાશે. "ઓલ ઈન્ડિયા રીપોર્ટર," ૧૯૫૮ આસામના પૃ. નં. ૧૨૮ પર નોંધાયેલા વિલ્સન રીડ વિ. સી. એમ. બુથના કેસમાં આસામ ઉચ્ચ અદાલતે આ મુજબનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે, જેમાં જણાવાયું છે કે–

"કોઈપણ વ્યક્તિનું સભ્યપદ તેના લોહીની શુધ્ધતાના આધારે નહીં પરંતુ આવી વ્યક્તિ તેના સમુદાયના રિવાજોને અને જીવનશૈલીને કેટલા પ્રમાણમાં અનુસરે છે અને તેનો સમુદાય તેની સાથે કેવો વ્યવહાર કરે છે અને આદિજાતિના લોકોમાં જેમની માતા ખાસી અને પિતા યુરોપિયન હોય એવી વ્યક્તિઓ સાથે, વ્યવહારની પ્રચલિત પ્રથાને આધારે નક્કી કરવામાં આવશે.''

એવી જ રીતે, "ઈન્ડિયન લો રીપોર્ટર"-૩૩-મદ્રાસ ૩૪૨માં નોંધાયેલા મથુસામી મુદલિયાર વિ. મસીલમેન મુદલિયારના કેસમાં અદાલતે ચુકાદો આપ્યો હતો કે

''કોઈપણ વર્ગ કે સમુદાય તેના વાડા બહાર નીકળે એ સાહજિક પ્રક્રિયા છે અને અન્ય સમુદાય સ્વીકારે ત્યારે તેમાં તે ભળી જાય છે.''

એવી જ રીતે, ''ઓલ ઈન્ડિયા રીપોર્ટર'' ૧૯૫૯ સુપ્રિમકોર્ટ ૧૩૧૮ (૧૩૨૭) માં નોંધાયેલા વી. વી. ગીરી વિ. ડી.એસ. ડોરાના કેસમાં અદાલતે ચુકાદો આપ્યો હતો કે, ''કોઈપણ વ્યક્તિનો જાતિ-દરજ્જો, તે જે જાતિમાં પ્રવેશવા માગતી હોય તેના સભ્યો તેના સ્વીકારના સંદર્ભમાં નક્કી થવો જોઈએ.''

૫. ઉપર દર્શાવ્યા મુજબ, અનુસૂચિત આદિજાતિની કોઈપણ વ્યક્તિ સાથે કરેલા લગ્નને પરિણામે જન્મેલાં બાળકોના કિસ્સામાં, સંબંધિત આદિજાતિ સમુદાય માતૃપ્રધાન છે કે પિતૃપ્રધાન એ બાબતને લક્ષમાં લીધા વિના, આદિજાતિ સમુદાયે આવાં બાળકોને માન્ય અને સ્વીકૃત ગણ્યાં છે કે નહીં એ બાબત મુખ્ય નિર્ણાયક પરિબળ ગણાશે. અંતિમ પરિણામ તો, એ અનુસૂચિત આદિજાતિના આ સમુદાયે આવા બાળકનો સભ્ય તરીકે સ્વીકાર કર્યો છે કે નહીં એ બાબત પર જ નિર્ભર રહેશે.

૬. કાયદાની સામાન્ય સ્થિતિ ઉપર જણાવવામાં આવી છે. આમ છતાં, પ્રત્યેક કેસને પ્રવર્તમાન તથ્યો અને સંજોગોના સંદર્ભમાં જ તપાસવો પડશે.

## જોડાણ-ગ

**પતિ અથવા પત્ની બંને અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતના સભ્યો હોય પરંતુ તેમની પેટા જાતિ પેટા-આદિજાતિ જુદી જુદી હોય એવા યુગલના બાળકોના જાતિ-દરજ્જા અંગે કાનૂની અભિપ્રાયો.**

૧. સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમ, ૧૯૫૦ અને સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ, ૧૯૫૦ અન્વયે જાતિ, વર્ણ અથવા આદિજાતિના સભ્યનું સંબંધિત અનુસૂચિમાં નિર્દિષ્ટ કરાયેલા વિસ્તારોમાં રહેઠાણ જ મહત્ત્વની બાબત છે. સગીર બાળકની બાબતમાં, તેના પિતાનું રહેઠાણ એ જ બાળકનું રહેઠાણ ગણાય કે કેમ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય કાયદાના સિધ્ધાંતો અન્વયે સગીર બાળકના પિતાનું અને કેટલાક કેસમાં માતાનું સ્થાયી રહેઠાણ જ બાળકનું સ્થાયી રહેઠાણ ગણાય છે અને સગીર બાળક આપમેળે પોતાનું સ્થાયી રહેઠાણ બદલી શકતું નથી.

આ નિયમ નિરપવાદ નથી. દા.ત. કોઈ પિતા તેના બાળકને ત્યજી દે અથવા પત્નીથી છુટાછેડા લીધા આપ્યા હોય અને તેનાં બાળકોનો કબજો તેની પત્નીને સોંપવામાં આવ્યો હોય તો માતાનું રહેઠાણ જ સગીર બાળકનું રહેઠાણ ગણાશે એવો નિર્ણય અદાલત આપી શકે.

૨. હિન્દુ સગીરપણા અને વાલીપણા અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૩ અન્વયે, સગીર પુત્ર અથવા અપરિણીત પુત્રીના કિસ્સામાં પ્રથમ કુદરતી વાલી પિતા અને ત્યારબાદ માતા રહેશે. અનૌરસ પુત્ર અથવા અનૌરસ અપરિણીત પુત્રીના કિસ્સામાં, પ્રથમ કુદરતી વાલી માતા અને ત્યારબાદ પિતા રહેશે.

૩. માતા પિતા, **અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત** આદિજાતિની બે ભિન્ન જાતિ આદિજાતિના હોય ત્યારે તેમનાં બાળકો કઈ પેટા-જાતિ કે પેટા-આદિજાતિના ગણાશે એ બાબત, ઉક્ત પૃષ્ઠભૂમિના સંદર્ભમાં જોવી પડશે. આવા કિસ્સામાં પ્રથમ દૃષ્ટિએ એવું જણાશે કે આવાં માતાપિતાનાં બાળકો યથાપ્રસંગ, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિના ગણાય. પ્રથમ દૃષ્ટિએ રહેઠાણ અંગે ઉપર જણાવેલી વિભાવનાના સંદર્ભમાં, મોટા ભાગના કિસ્સાઓમાં બાળક તેના પિતાની પેટા-જાતિ કે પેટા-આદિજાતિ ધારણ કરશે. આ ઉપરાંત, એ સમુદાયની સંબંધિત પેટા-જાતિ કે પેટા-આદિજાતિએ આવા બાળકનો સ્વાકીર કર્યો છે કે કેમ અને તેને સમુદાયમાં સમાવી લીધું છે કે કેમ એ પણ જોવું પડે પ્રત્યેક કેસ, પ્રવર્તમાન સંજોગોના સંદર્ભમાં જ તપાસવો પડે.

## જોડાણ-ઘ

**પતિ અને પત્ની પૈકી કોઈ એક વ્યક્તિ અનુસૂચિત જાતિની અને બીજી અનુસૂચિત આદિજાતની સભ્ય હોય તેવા યુગલના બાળકોના જાતિ-દરજ્જા અંગે કાનૂની અભિપ્રાયો.**

પિતા અનુસૂચિત જાતિનો સભ્ય હોય અને માતા અનુસૂચિત આદિજાતિની સભ્ય હોય તેવા બાળકનો જાતિ-દરજ્જો નક્કી કરવા બાબતે પ્રથમ દૃષ્ટિએ, જોડાણ-ગ ના ફકરા -૧માં સમજૂતી આપ્યા મુજબ રહેઠાણ અંગેની વિભાવનાને વિચારણામાં લેતાં, મોટા ભાગના કિસ્સાઓમાં બાળક તેના પિતાની જાતિ ધારણ કરશે. આ ઉપરાંત, પિતા જે અનુસૂચિત આદિજાતિના સભ્ય હોય તે સમુદાયે બાળકનો સ્વીકાર કરીને તેને સમુદાયમાં સમાવી લીધું છે કે કેમ એ બાબત પણ એક ઉચિત માપદંડ બની શકે.

૨. માતા અનુસૂચિત જાતિની હોય અને પિતા અનુસૂચિત આદિજાતિનો હોય તેવા બાળકના કિસ્સામાં પણ ઉપરોક્ત સિધ્ધાંત લાગુ પડશે.

૩. કાયદાની આ સામાન્ય પરિસ્થિતિ છે, આમછતાં પ્રત્યેક કેસ, પ્રવર્તમાન તથ્યોના સંદર્ભમાં તપાસવાનો રહેશે.

ક્રમાંક : બી.સી. ૧૨૦૨૫-૧-૮૨ એસસી અને બી.સી.ડી-૪

ભારત સરકાર
ગૃહ મંત્રાલય

નવી દિલ્હી, ૨૯મી જૂન, ૧૯૮૨.

પ્રતિ,
મુખ્ય સચિવ,
તમામ રાજ્ય સરકારો/સંઘ પ્રદેશનાં વહીવટીતંત્રો

વિષય: અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્રો કાઢી આપવા બાબત-યોગ્ય ખરાઈ કર્યા વિના આવાં પ્રમાણપત્રો કાઢી આપતા અધિકારીઓને સજા કરવાની જોગવાઈ કરવા બાબત.

શ્રીમાન,

આજ્ઞાનુસાર જણાવવાનું કે ગૃહ મંત્રાલય માટેની પરામર્શ સમિતિની, ફેબ્રુઆરી, ૧૯૮૨ના રોજ યોજાયેલી બેઠકમાં એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્રો કાઢી આપવાની સત્તા ધરાવતા અધિકારીઓ, યોગ્ય ખરાઈ કર્યા વિના બેજવાબદારીપૂર્વક અથવા ઈરાદાપૂર્વક, ગેરલાયક વ્યક્તિઓને આવાં પ્રમાણપત્રો કાઢી આપે છે. પરિણામે, કેટલીક વ્યક્તિઓ છલકપટપૂર્વક અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓને મળવાપાત્ર લાભો મેળવે છે. પરામર્શ સમિતિએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે આવાં ખોટાં પ્રમાણપત્રો અપાતાં બંધ કરવા માટે યોગ્ય પગલાં લેવાં જોઈએ.

૨. આ મંત્રાલયના, તમામ રાજ્ય સરકારો/સંઘ પ્રદેશોમાં વહીવટીતંત્રોના મુખ્ય સચિવશ્રીઓને ઉદ્દેશીને લખાયેલા તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૬ના પત્ર ક્રમાંક : બીસી-૧૨૦૨૫-૩-૭૮-એસસીટી-૧ તરફ ધ્યાન દોરવામાં આવે છે જેમાં તેમને, યોગ્ય ખરાઈ કર્યા વિના બેજવાબદારીપૂર્વક અથવા ઈરાદાપૂર્વક આવાં પ્રમાણપત્રો કાઢી આપતા અધિકારીઓ સામે કડક પગલાં ભરવા વિનંતી કરવામાં આવી હતી. રાજ્ય સરકારો, સંઘ પ્રદેશોના વહીવટીતંત્રોને વિનંતી કરવામાં આવી હતી કે તેમના નિયંત્રણ હેઠળના આવાં પ્રમાણપત્રો કાઢી આપવાની સત્તા ધરાવતા તમામ અધિકારીઓને જરૂરી સૂચના આપે કે આવાં પ્રમાણપત્રો કાઢી આપતાં પહેલાં જરૂરી કાળજી રાખે. આવા અધિકારીઓને વધુમાં એવી સૂચના પણ આપવાની હતી કે કોઈ પણ અધિકારીએ યોગ્ય ખરાઈ કર્યા વિના નિષ્કાળજીપૂર્વક આવું પ્રમાણપત્ર કાઢી આપ્યાનું માલુમ પડશે. તો તેની સામે, તેને લાગુ પડતા શિસ્ત-વિષયક નિયમો અન્વયે લેવાપાત્ર પગલાં ઉપરાંત, નિયમો અન્વયે ભારતીય દંડ સંહિતા સંબંધિત કલમો (કલમ : ૪૨૦)ની જોગવાઈ હેઠળ પણ પગલાં ભરવામાં આવશે.

૩. રાજ્ય સરકારો/સંઘ પ્રદેશોનાં વહીવટીતંત્રોને વિનંતી કરવામાં આવે છે કે તેમાં નીચેની બાબતો અંગે કરેલી કાર્યવાહીની અત્રે જાણ કરે :—

(૧) છેલ્લાં બે વર્ષ (૧૯૮૦ અને ૧૯૮૧) દરમિયાન શોધી કાઢવામાં આવેલાં "ખોટાં પ્રમાણપત્રોની" સંખ્યા

(૨) કસૂરદાર અધિકારીઓ સામે —

(ક) ભારતીય દંડ સંહિતાની સંબંધિત જોગવાઈ હેઠળ, અને
(ખ) તેમને લાગુ પડતા શિસ્ત વિષયક નિયમો અન્વયે કરવામાં આવેલી કાર્યવાહી

(૩) આવાં ખોટાં પ્રમાણપત્રો મેળવનારી વ્યક્તિઓ સામે, ભારતીય દંડ સંહિતા અન્વયે કરવામાં આવેલી કાર્યવાહી.

(૪) ભવિષ્યમાં આવી ગેરરીતિઓ અટકાવવા માટે લેવામાં આવેલાં પગલાં અંગેની વિગતો.

૪. રાજ્ય સરકારો અને સંઘ પ્રદેશોનાં વહીવટીતંત્રોને આથી, વધુમાં વિનંતી કરવામાં આવે છે કે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિનાં ખોટાં પ્રમાણપત્રો ધરાવતી બિન અનુસૂચિતજાતિ બિનઆદિજાતિ વ્યક્તિઓનો પત્તો લગાવવા માટે કડક પગલાં ભરે, તેઓ હકદાર નથી એવા લાભોથી તેમને વંચિત કરવામાં આવે તથા તેમને તેમ જ આવાં ખોટાં પ્રમાણપત્રો કાઢી આપનાર અધિકારીઓને યોગ્ય શિક્ષા કરી તેમના વિરુધ્ધ કાનૂની રાહે કડક અને તત્કાલીક પગલાં ભરે આ

ઉપરાંત, પરામર્શ સમિતિની બેઠકમાં એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે રાજ્ય સરકારો/ સંઘ પ્રદેશોનાં વહીવટી તંત્રો, ખોટાં પ્રમાણપત્રો આપવાને લગતા કેસોની ઝડપી નિકાલ લાવવા માટે ખાસ અદાલતો ઊભી કરે અને આવા ગુના માટે અદાલત ગુનેગાર ઠેરવે એવી વ્યકિતઓનાં નામ, વ્યાપક ધોરણે પ્રસિધ્ધ કરે.

આપનો વિશ્વાસુ

(બી. એન. શ્રીવાસ્તવ)
નિયામક

જાણ અર્થે નકલ રવાના :—

૧. કર્મચારીગણ વિભાગ અને વહીવટી સુધારણા મહેકમ (એસ.સી.ટી) અનુભાગ
૨. સચિવ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેનું આયોગ, લોકનાયક ભવન, નવી દિલ્હી.
૩. અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત આદિજાતિઓ માટેના આયુકત, આર. કે. પુરમ, નવી દિલ્હી
૪. સચિવ, સંઘ જાહેર સેવા આયોગ/સચિવ, કર્મચારીવર્ગ પસંદગી આયોગ
૫. તમામ મંત્રાલયો/વિભાગો
૬. ગૃહ મંત્રાલયના તમામ પ્રભાગો
૭. એસ. સી. એન્ડ બીસીડી ૧-૨-૩-૬ અનુભાગો/પીસીઆર એકમ /પીસીઆર ડેસ્ક/ટી. ડી. પ્રભાગ

આપનો વિશ્વાસુ

(બી. એન. શ્રીવાસ્તવ)
નિયામક

# અત્યંત તાકીદનું

ક્રમાંક : બી.સી. ૧૬૦૧૪-૧-૮૨ એસસી અને બી.સી.ડી-૧

ભારત સરકાર
ગૃહ મંત્રાલય

નવી દિલ્હી, ૧૮મી નવેમ્બર- ૧૯૮૨, ૨૭, કાર્તિક, ૧૯૦૪.

પ્રતિ,
તમામ રાજ્ય સરકારો/સંઘ પ્રદેશ વહીવટીતંત્રોના
મુખ્ય સચિવો.

વિષયઃ અન્ય રાજ્ય/સંઘ પ્રદેશોમાંથી સ્થળાંતર કરીને આવેલી વ્યક્તિઓને અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્રો કાઢી આપવા બાબત.

શ્રીમાન,

આજ્ઞાનુસાર જણાવવાનું કે આ મંત્રાલય સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી છે કે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની એવી વ્યક્તિઓ જેમણે રોજગાર, શિક્ષણ વગેરે હેતુસર એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કર્યું હોય તેમને, તેમણે જે રાજ્યમાંથી સ્થળાંતર કર્યું હોય ત્યાંથી જાતિ/આદિજાતિનાં પ્રમાણપત્ર મેળવવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. આ મુશ્કેલી દૂર કરવા માટે તારીખ ૨૨-૩-૧૯૭૭ના પત્રક્રમાંક : બીસી ૧૨૦૨૫-૨-૭૬ એસસીટી-૧ અને તારીખ ૨૯-૩-૧૯૮૨ના પત્ર ક્રમાંક : બીસી ૧૨૦૨૫-૧૧-૭૯ એસસી અને બીસીડી-૧ (૪) અન્વયે આપવામાં આવેલી સૂચનાઓમાં એવો સુધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું છે કે, અનુસૂચિત જાતિ/આદિજાતિની કોઈપણ વ્યક્તિ અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરીને આવી હોય અને આવી વ્યક્તિ, તેના પિતાના મૂળ રાજ્યના નિયત સત્તાધિકારીએ તેના પિતાને કાઢી આપેલું અસલ પ્રમાણપત્ર રજૂ કરે તો તેવી વ્યક્તિને રાજ્ય સરકાર/સંઘ પ્રદેશના વહીવટી-તંત્રના નિર્દિષ્ટ સત્તાધિકારી, અનુસૂચિત જાતિ/ આદિજાતિનું પ્રમાણપત્ર કાઢી આપશે, સિવાય કે નિર્દિષ્ટ સત્તાધિકારીને આવું પ્રમાણપત્ર આપતાં પહેલાં, મૂળ રાજ્યમાં વધુ ઊંડી તપાસ કરાવવી જરૂરી જણાય. વ્યક્તિ સ્થળાંતર કરીને જે રાજ્ય/સંઘ પ્રદેશમાં ગઈ હોય એ રાજ્ય /સંઘ પ્રદેશના સંદર્ભમાં સંબંધિત જાતિ/આદિજાતિને અનુસૂચિત કરવામાં આવી છે કે નહીં એ બાબતને લક્ષમાં લીધા વિના આવું પ્રમાણપત્ર કાઢી આપવાનું રહેશે. આ સુવિધાનાં કારણે કોઈપણ રાજ્યમાં વ્યક્તિના અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ - દરજ્જામાં કોઈ ફેરફાર થશે નહીં. અનુસૂચિત જાતિ/ આદિજાતિના પ્રમાણપત્રનો સુધારેલો નમૂનો આ સાથે સામેલ છે.

આપનો વિશ્વાસુ

(બી. એન. શ્રીવાસ્તવ)
સંયુક્ત સચિવ, ભારત સરકાર.

તારીખ ૧૮મી, નવેમ્બર- ૧૯૮૨નો પત્ર ક્રમાંક : બીસી ૧૬૦૧૪-૧-૮૨ એસસી અને બી.સી.ડી-૧ નવી દિલ્હી.

નકલ રવાના :—

૧. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે નોકરીમાં અનામત અંગેની પુસ્તિકામાં, આગળના ફકરાઓમાં દર્શાવ્યા પ્રમાણે જરૂરી સુધારા આમેજ કરવાની વિનંતિ સાથે, કર્મચારીગણ અને વહીવટી સુધારણા (મહેકમ) (એસસીટી) અનુભાગ વિભાગ

૨. સચિવ, સંઘ જાહેર સેવા આયોગ, ધોલપુર હાઉસ, નવી દિલ્હી.

૩. સચિવ, કર્મચારીવર્ગ પસંદગી આયોગ, સીજીઓ કોમ્પ્લેક્સ, બ્લોક નં. ૧૨ લોદી રોડ, નવી દિલ્હી.

૪. ભારત સરકારનાં તમામ મંત્રાલયો/વિભાગો

૫. સચિવ, અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિઓ માટેનું આયોગ, લોક નાયકભવન, નવી દિલ્હી.

૬. આયુક્ત, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓ માટેનું આયોગ, આર. કે. પૂરમ, નવી દિલ્હી.

૭. મૂળ મંત્રાલયમાં એસ.સી એન્ડ બીસીડી પ્રભાગ/અનુભાગો ટી.ડી. પ્રભાગના તમામ અનુભાગો

આપનો વિશ્વાસુ

(બી. કે. સરકાર)
ભારત સરકારનાસંયુક્ત સચિવ,

અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિનાં ઉમેદવારે
તેના દાવાના સમર્થનમાં રજૂ કરવાના પ્રમાણપત્રનો નમૂનો.

## જાતિ- પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/ કુમારી .............................................. ......... ના પુત્ર/પુત્રી, ગામ/નગર .................. જિલ્લા ભાગ .................., રાજ્ય/સંઘ પ્રદેશ .................. ના રહેવાસી છે. જેઓ .................. જાતિ/આદિજાતિના છે. જે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ તરીકે માન્ય છે.

—સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમ ૧૯૫૦,

—સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ ૧૯૫૦,

—સંવિધાન (અનુસૂચિત જાતિઓ) (સંઘ પ્રદેશો) હુકમ ૧૯૫૧,

—સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) (સંઘ પ્રદેશો) હુકમ ૧૯૫૧,

[અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓ (સુધારા) હુકમ, ૧૯૫૬; મુંબઈ પુનર્ગઠન અધિનિયમ, ૧૯૬૦; પંજાબ પુનર્ગઠન અધિનિયમ, ૧૯૬૬; હિમાચલ પ્રદેશ રાજ્ય અધિનિયમ, ૧૯૭૦; અને ઉત્તર-પૂર્વીય વિસ્તારો (પુનર્ગઠન) અધિનિયમ, ૧૯૭૧; તથા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ હુકમ (સુધારો), અધિનિયમ, ૧૯૭૬, અન્વયે સુધાર્યા મુજબ]

---

* સંબંધિત રાષ્ટ્રપતિ હુકમ જણાવવો.

—સંવિધાન (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૫૬*

—સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૫૯*

—સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૨*

—સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૨*

—સંવિધાન (પોંડિચેરી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૪*

—સંવિધાન ( અનુસૂચિત આદિજાતિઓ ) ઉત્તર પ્રદેશ હુકમ, ૧૯૬૭*

—સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૮*

—સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૮*

—સંવિધાન (નાગાલેન્ડ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૭૦*

—સંવિધાન (સિક્કિમ) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૭૮*

—સંવિધાન (સિક્કિમ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૭૮*

૨. શ્રી/શ્રીમતી/કુમારી .............................................. ના માતા/પિતા શ્રી/શ્રીમતી .............................................. રહેવાસી ગામ/નગર .......................... જિલ્લા/પ્રભાગ .......................... રાજ્ય/સંઘ પ્રદેશ ..........................

---

* સંબંધિત રાષ્ટ્રપતિ હુકમ જણાવવો.

......................જાતિ/આદિજાતિના છે જેને અનુસૂચિત જાતિ /અનુસૂચિત આદિજાતિ તરીકે માન્ય કરેલી છે. એવા, અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિના કાઢી આપેલા પ્રમાણપત્રને આધારે આ પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે છે.

......................રાજ્ય/સંઘ પ્રદેશના

......................(નિર્દિષ્ટ સત્તાધિકારીનું

નામ) દ્વારા, તેમના તા. ......................ના પત્ર

નં.......................અન્વયે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી ......................

હોદ્દો ......................

(કચેરીની મહોર સાથે)

સ્થળ : ......................રાજ્ય/સંઘ પ્રદેશ

તારીખ : ......................

ક્રમાંક : બી.સી. ૧૬૦૧૪-૧-૮૨ એસસી અને બીસીડી-૧

ભારત સરકાર
ગૃહ મંત્રાલય

નવી દિલ્હી, ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૮૪.

પ્રતિ,
તમામ રાજ્ય સરકારો/સંઘ પ્રદેશનાં વહીવટીતંત્રોના
મુખ્ય સચિવો,

વિષય: અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો તથા અન્ય રાજ્યો/સંઘ પ્રદેશમાંથી સ્થળાંતર કરીને આવનારી વ્યકિતઓના દાવાની ખરાઈ-પ્રમાણપત્ર નમૂનામાં સુધારો કરવા બાબત.

શ્રીમાન,

ઉકત વિષય અંગેના આ મંત્રાલયના તા. ૧૮-૧૧-૧૯૮૨ના સમાન ક્રમાંકનાઃ પત્ર તેમજ કર્મચારીગણ અને વહીવટી સુધારણા વિભાગના તા. ૨૯-૧૦-૧૯૭૭ના પત્ર નં. ૩૬૦૧૨/૬/૭૬/મહેકમ (એસસીટી) સંદર્ભે આજ્ઞાનુસાર જણાવવાનું કે, અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓને કાઢી આપવામાં આવતા પ્રમાણપત્રનો નમૂનો, ઉકત પત્રો સાથે મોકલવામાં આવ્યો હતો. હવે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ હુકમો (સુધારા) અધિનિયમ, ૧૯૭૬ અમલમાં આવતાં તેમજ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓ, રોજગાર, શિક્ષણ વગેરે હેતુસર, તેમના મૂળ રાજ્યમાંથી અન્ય રાજ્યમાં સ્થળાંતર કરીને જાય ત્યારે જાતિનું પ્રમાણપત્ર મેળવવામાં તેમને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લેતાં, પ્રમાણપત્રના ઉકત નમૂનામાં હવે વધુ સુધારો કરવામાં આવ્યો છે. જાતિ/આદિજાતિના પ્રમાણપત્રનો સુધારેલો નમૂનો આ સાથે સામેલ છે. આવા પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા ધરાવતા તમામ સત્તાધિકારીઓનું ધ્યાન પ્રમાણપત્રના આ સુધારેલા નમૂના તરફ દોરવા વિનંતી છે. કર્મચારીગણ અને વહીવટી સુધારણા વિભાગના તા. ૫-૮-૧૯૭૫ના પત્ર ક્રમાંક : ૧૩/૨/૭૪ મહેકમ (એસસીટી) અન્વયે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓનાં પ્રમાણપત્રો કાઢી આપવાની સત્તા ધરાવતા સક્ષમ અધિકારીઓની યાદી પણ આ સુધારેલા નમૂના સાથે બીડવામાં આવી છે.

૨. આ મંત્રાલયના, તા. ૧૮-૧૧-૧૯૮૨ના સરખા ક્રમાંકના પત્રમાં આપવામાં આવેલી સૂચનાઓનો અમલ ચાલુ રહેશે. આમ છતાં, સ્પષ્ટતા કરવામાં આવે છે કે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની કોઈપણ વ્યકિત, તેના મૂળ રાજ્યમાંથી અન્ય કોઈ રાજ્યમાં સ્થળાંતર કરે છે ત્યારે તેનો જાતિ/આદિજાતિ દરજ્જો ગુમાવશે નહીં. જો કે આવી વ્યકિત સ્થળાંતરના રાજ્યમાં નહી પરંતુ તેના મૂળ રાજ્યમાંથી અનુસૂચિત/આદિજાતિની વ્યકિત તરીકે મળવાપાત્ર છૂટછાટો/લાભો મેળવશે. તમામ સક્ષમ અધિકારીઓ, મહેસૂલ રેકર્ડ આધારભૂત તપાસના આધારે યોગ્ય ખરાઈ કર્યા બાદ પ્રમાણપત્ર સાચું હોવાની સંતોષકારક ખાતરી કરીને માત્ર સુધારેલા નમૂનામાં જ અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિનું પ્રમાણપત્ર કાઢી આપે તેવી તેમને સલાહ આપવી અને તે અંગેની જાણ આ મંત્રાલયને કરવી. આ માટે સત્તા ધરાવતા સક્ષમ અધિકારીઓની જે યાદી પ્રમાણપત્રના નમૂનામાં આમેજ કરવામાં આવી છે તેનો ચુસ્તપણે અમલ કરવા વિનંતી. અન્ય કોઈપણ અધિકારીને અનુસૂચિત જાતી/અનુસૂચિત આદિજાતિનાં પ્રમાણપત્રો કાઢી આપવા માટેની સત્તા આપવી નહીં.

આપનો વિશ્વાસુ,

(બી. કે. સરકાર)
ભારત સરકારના સંયુકત સચિવ.

તા.:૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૮૪નો ક્રમાંક : બીસી-૧૬૦૧૪-૧-૮૨-એસસી અને બીસીડી-૧.

નકલ રવાના :—

૧. સચિવ, સંઘ જાહેર સેવા આયોગ, ધોલપુર હાઉસ, નવી દિલ્હી (વધારાની ૧૫ નકલો સાથે)

૨. સચિવ કર્મચારીવર્ગ પસંદગી આયોગ, સીજીઓ કોમ્પ્લેક્સ, બ્લોક નં. ૧૨, લોદી રોડ, નવી દિલ્હી (વધારાની ૧૫ નકલો સાથે)

૩. ભારત સરકારનાં તમામ મંત્રાલયો, વિભાગો.

૪. સચિવ, અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિઓ માટેનું આયોગ, લોક નાયક ભવન, નવી દિલ્હી.

૫. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓ માટેના આયુકત, આર. કે પુરમ, નવી દિલ્હી.

૬. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિઓ માટેના તમામ નિયામકો/નાયબ નિયામકો.

૭. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ.

૮. ભારતનું ચૂંટણી પંચ.

૯. લોકસભા સચિવાલય (અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ શાખા) (વધારાની નકલો સાથે).

૧૦. લોકસભા સચિવાલય (વહીવટી શાખા).

૧૧. સંરક્ષણ મંત્રાલય (ડી-એકએસ).

૧૨. જાહેર ઉપક્રમોનું કાર્યાલય (વ્યવસ્થા પ્રભાગ).

૧૩. ગૃહ મંત્રાલય (આયોજન એકમ) સંઘ પ્રદેશોની બાબતમાં જરૂરી પગલાં ભરવા માટે.

૧૪. કર્મચારીગણ અને વહીવટી સુધારણા વિભાગ, મહેકમ, એસસીટી, વહીવટીતંત્ર ૧, ૨ એઆઈએસ (૧), (૩), (૪), સીએસ (૧), (૨), (૩), મહેકમ (બી), (સી), (ડી), આઈઈ એસ, આઈએસએસ, એવીડી (૨), સીડી (૪) ઈઓ (એમ. એમ.) અને કલ્યાણ અનુભાગો.

૧૫. કર્મચારીગણ અને વહીવટી સુધારણા વિભાગની તમામ સંલગ્ન અને તાબાની કચેરીઓ.

૧૬. ગૃહ મંત્રાલયમાં અનુસૂચિત જાતિઓ અને પછાતવર્ગ વકાસ પ્રભાગ/ટીડી પ્રભાગના તમામ અનુભાગો, વહીવટી તંત્ર. (૧)(એ), (બી), ૨ અનુભાગો

૧૭. ફાઈલ નં. બીસી-૧૨૦૨૫-૨-૭૬-એસ.સીટી-૧માં એક નકલ રાખવી.

(બી. કે. સરકાર)
ભારત સરકારના સંયુકત સચિવ.

અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના ઉમેદવારે, તેના દાવાના સમર્થનમાં રજૂ કરવના પ્રમાણપત્રનો નમૂનો.

## જાતિ-પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી .................................. ..................ના. પુત્ર/પુત્રી, * ગામ/નગર, .............................. જિલ્લા/પ્રભાગ- .............................. રાજ્ય/સંઘ પ્રદેશ .............................. ના રહેવાસી છે જેઓ .............................. જાતિ/આદિજાતિના છે જે નીચેના અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ તરીકે માન્ય છે.

* લાગુ ન પડતા હોય એવા શબ્દો છેકી નાખો.

—સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમ ૧૯૫૦,

—સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ ૧૯૫૦,

—સંવિધાન (અનુસૂચિત જાતિઓ) (સંઘ પ્રદેશો) હુકમ ૧૯૫૧,

—સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) (સંઘ પ્રદેશો) હુકમ ૧૯૫૧,

[અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિની યાદીઓ (સુધારા) હુકમ, ૧૯૫૬; મુંબઈ પુનર્ગઠન અધિનિયમ, ૧૯૬૦; પંજાબ પુનર્ગઠન અધિનિયમ, ૧૯૬૬; હિમાચલ પ્રદેશ રાજ્ય અધિનિયમ, ૧૯૭૦ ; અને ઉત્તર-પૂર્વીય વિસ્તારો (પુનર્ગઠન) અધિનિયમ, ૧૯૭૧; તથા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ હુકમ (સુધારો), અધિનિયમ, ૧૯૭૬, દ્વારા સુધાર્યા મુજબ]

—સંવિધાન (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૫૬

—સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૫૯

—સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૨

—સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૨

—સંવિધાન (પોંડિચેરી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૪

—સંવિધાન ( અનુસૂચિત આદિજાતિઓ ) ઉત્તર પ્રદેશ હુકમ, ૧૯૬૭

—સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૮

—સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૮

—સંવિધાન (નાગાલેન્ડ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૭૦

—સંવિધાન (સિક્કિમ) અનુસૂચિત હુકમ, ૧૯૭૮

—સંવિધાન (સિક્કિમ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૭૮

૨. અનુસૂચિત જાતિ /અનુસૂચિત આદિજાતિની કોઈ પણ વ્યકિત, એક રાજ્ય/સંઘ પ્રદેશમાંથી સ્થળાંતર કરીને અન્ય રાજ્ય/સંઘપ્રદેશમાં જાય ત્યારે કાઢી આપવાના પ્રમાણપત્રનો નમૂનો.

જિલ્લા/પ્રભાગના . . . . . . . . . . . . . . . . . . . . . . . ગામ/નગરના શ્રી/શ્રીમતી/કુમારી . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ના માતા/પિતા શ્રી/શ્રીમતી . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . રહેવાસી ગામ/નગર . . . . . . . . . . . . . . . . . . . . . જિલ્લા/પ્રભાગ . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . રાજ્ય/સંઘ પ્રદેશ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . જાતિ / આદિજાતિના છે. જેને, અનુસૂચિત જાતિ /અનુસૂચિત આદિજાતિ* તરીકે માન્ય કરેલી છે.

---

* સંબંધિત રાષ્ટ્રપતિ હુકમ દર્શાવો.

* લાગુ ન પડતા હોય એવા શબ્દો છેકી નાખો.

એવા, કાઢી આપેલા પ્રમાણપત્રના આધારે આ પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . રાજ્ય/સંઘ પ્રદેશમાં . . . . . . . . . . . . . . . . . . . . . . . . (નિર્દિષ્ટ અધિકારીનું

નામ) દ્વારા તેમના તા. . . . . . . . . . . . . . . . . . . . . . . . . નાં ક્રમાંક . . . . . . . . . . . . . . . . . . . . . . . . અન્વયે

કાઢી આપ્યું.

૩. શ્રી*/શ્રીમતી*/કુમારી* . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . અને/અથવા

તેનું / તેણીનું* કુટુંબ સામાન્ય રીતે અને રાજ્ય/સંઘ પ્રદેશના . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . જિલ્લા/પ્રભાગના . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ગામ/ નગરમાં*

વસવાટ કરે છે.

સહી . . . . . . . . . . . . . . . . . . . .

** હોદ્દો . . . . . . . . . . . . . . . . . . . . . .

(કચેરીની મહોર સાથે)

સ્થળ : . . . . . . . . . . . . . . . . . . . . . . . રાજ્ય/સંઘ પ્રદેશ

તારીખ : . . . . . . . . . . . . . . . . . . . . . .

---

* લાગુ ન પડતા હોય એવા શબ્દો છેકી નાખો.

** લાગુ ન પડતા હોય એવા શબ્દો છેકી નાખો.

નોંધ :— અહી, "સામાન્ય રીતે વસવાટ કરે છે." એટલે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૨૦ અન્વયે કરવામાં અવેલું અર્થઘટન એમ સમજવું.

** અનુસૂચિત જાતિ /અનુસૂચિત આદિજાતિનું પ્રમાણપત્ર કાઢી આપવા માટેની સત્તા ધરાવતા અધિકારીઓની યાદી.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/ કલેકટર /નાયબ આયુક્ત/ અધિક નાયબ આયુક્ત /નાયબ કલેકટર / પ્રથમ વર્ગના વૃત્તિકાગ્રહી મેજિસ્ટ્રેટ/ સીટી મેજિસ્ટ્રેટ/ પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ/ તાલુકા મેજિસ્ટ્રેટ/ કાર્યપાલક મેજિસ્ટ્રેટ/ અધિક મદદનીશ આયુક્ત.

(વૃત્તિકાગ્રાહી, પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટથી નીચેનો દરજ્જો ન ધરાવતા હોય એવા અધિકારી)

૨. મુખ્ય પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ/ અધિક મુખ્ય પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ/ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ.

૩. તહેસીલદારથી નીચેના દરજ્જાના ન હોય એવા મુલકી અધિકારીઓ.

૪. ઉમેદવાર અને / અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય એ વિસ્તારના પેટા-પ્રભાગીય અધિકારી.

૫. વહીવટદાર/ વહીવટદારના સચિવ/ વિકાસ અધિકારી. (લક્ષદ્વીપ ટાપુઓ).

C. B. TRIPATHI

D. O. No. 4/1/86-RU III
DEPUTY COMMISSIONER FOR
SCHEDULE CASTE & SCHEDULE TRIBES
NEW DELHI, 16th January, 1996.

Dear Shri Singh

Kindly refer to the Government of Gujarat, Education and Labour Department, Resolution No. BCE-3471-J(Cell)-5023 (c) dated 24-12-71 regarding reservation of posts for the Scheduled Caste and Scheduled Tribes and verification of claims of members of the Scheduled Caste and Scheduled Tribes. We do not know if this Resolution has been subsequently modified by the State Government. However, we would like to point out that the list or authorities empowered to issue Sch. Caste/Sch. Tribe certificate under the above Resolution includes the Director of Social Welfare and the District Social Welfare Officers. In this connection I may invite your attention to the Ministry of Home Affairs circular letter No. BC-16014/1/82-SC&BCD-I dated 6-8-84 addressed to the Chief Secretaries of all the State Governments/U.T. Administrations. The list of the competent authorities empowered to issue Sch. Caste/Sch. Tribe certificates enclosed with the said letter dated 6-8-84 is as follows :

(1) District Magistrate/Additional District Magistrate/Collector/Deputy Commissioner/Additional Deputy Commissioner/Deputy Collector/1st class Stipendiary Magistrate/City Magistrate/Sub-Divisional Magistrate/Taluka Magistrate/Executive Magistrate/Extra Assistant Commissioner.

(2) Chief Presidency Magistrate/Addition Chief Predidency Magistrate/Presidency Magistrate.

(3) Revenue Officers not below the rank of Tehsildar.

(4) Sub-Divisional Officer of the area where the candidate and/or his family normally resides.

(5) Administrator/Secretary to Administrator/Development Officer (Lakshadweep Islands).

2. In view of the advice of the Ministry of Home Affairs contained in the above mentioned circular letter "no other authority may be authoriesed to issue the Scheduled Caste/Scheduled Tribe certificates" it is requested that State Government's Resolution may kindly be amended, deleting the entry relating to the Director of Social Welfare and District Social Welfare Officer.

A copy of the latest perform of SC/ST certificates as prescribed by the Ministry of Home Affairs in their above mentioned circular letter dated 6-8-84 is enclosed for your information and record.

Your Sincerely

( C. B. TRIPATHI )

Shri Niranjan Singh
Secretary to the Govt. of Gujarat,
Social Welfare Department,
Gandhinagar. ( Gujarat )

---

No. 16014/13/98-SCD (R. Cell)

Government of India

Ministry of Social Justice and Empowerment

New Delhi, dated 21/5/1999.

To
The Secretary,
Social Justice and Empowerments,
Gandhinagar.

Subject : The problem of Scheduled Castes and Scheduled Tribes migrated from their State of origin to other States.

Sir,

I am directed to refer to this Ministry's letter of even number dated 24.2.1999 and Telegram dated 5.3.1999 on the subject mentioned above to request that the comments of State Government are may kindly be furnished immediately.

Yours faithfully

Sd/—
( T. C.. JOSHI )
ASSTT. DIRECTOR

---

**BACKGROUND NOTE REGARDING THE PROBLEMS OF SCHEDULE CASTES AND SCHEDULED TRIBES MIGRATING FROM THEIR STATE OF ORIGIN TO OTHER STATES.**

The Constitution, of India contains special provisions for the advancement of Scheduled Castes and Scheduled Tribes and for protecting them from social injustice and exploitation. Article 366 (24) and (25) of the Constitution defined "Scheduled Castes" and "Scheduled Tribes" as those communities or groups specified as such in accordance with the procedure prescribed in Articles 341 and 342.

According to the provisions of Articles 341 and 342 of the Constitution, the Scheduled Castes and Scheduled Tribes can be specified only in relation to a particular State/Union Territory, as may be seen from extracts below.

341 (1) The President may with respect to any State or Union Territory and where it is a State after consultation with the Governor thereof, by public notification, specify the castes, races or tribes or parts of or groups within castes, races or tribes which shall for the purposes of thi· Constitution be deemed to be Scheduled Castes in relation to that State or Union Territory, as the case may be.

(2) Parliament may by law include in or exclude from the list of Scheduled Castes specified in a notification issued under clause (*1*) any caste, race or tribe or part of or group within any casts, race of tribe, but save as aforesaid a notification issued under the said clause shall not be varied by any subsequent notification.

342 (1) The President may with respect to any State or Union Territory and where it is a State after consultation with the Governor thereof, by public notification, specify the tribes or tribal communities or parts of or groups within tribes or tribal communities which shall for the purposes of this Constitution be deemed to be Scheduled Tribes in relation to that State or Union Territory, as the case may be.

(2) Parliament may by law include in or exclude from the list of Scheduled Triubes specified in a notification issued under clause (*1*) any tribe or tribal communities or part of or group within any tribes or tribal communities, but save as aforesaid a notification issued under the said clause shall not be varied by any subsequent notification.

One of the conditions in acquiring Scheduled Caste/Scheduled Tribe status is that a person should be a permanent resident on the date of notification of the Presidential Order applicable in his case in relation to the State/Union Territory, where his community has been notified as Scheduled Caste or Scheduled Tribe.

This Ministry has issued instructions to the State Governments/Union Territory Administrations to the effect that Scheduled Caste and Scheduled Tribe persons, who have migrated from the State of origin to some other State for the purpose of seeking employment, education etc. will be deemed to be the members of Scheduled Caste and Scheduled Tribe of the State of origin and will be entitled to derive benefits from the State of origin and not from the State to which they have migrated. Under the existing instructions inter State/Union Territory Scheduled Castes/Scheduled Tribes/Other Backward Classes migrants are entitled to get social status certificates irrespective of whether the community to which they belong is Scheduled in relation to migrated State/Union Territories or not.

The question of giving Scheduled Caste/Scheduled Tribe bennefits to the Scheduled Caste/Schehuled Tribe migrants who have migrated from State of origin to some other State, by the State where they have settled for the purpose of employment, etc. was several times examined in consultation with the Ministry of Law and Justice. The Ministry are of the view that since, Scheduled Castes and Scheduled tribes have been notified only in relation to a particular State/Union Territory under Articles 341 and 342 of the Constitution, Scheduled Caste/ Scheduled Tribe migrants can not get benefits admissible to Scheduled Caste/Scheduled Tribes from the State where they have migrated. The Ministry has further opined that if the Scheduled Caste/Scheduled Tribe migrants are to allowed to avail of Scheduled Caste/Scheduled Tribe benefits from the State where they have migrated, the Articles 341 and 342 of the Constitution will have to be suitably amended which can be done only through an Act of Parliament.

The issue of status of Scheduled Caste/Scheduled Tribes migrants have been considered by the Supreme Court twice, firstly in the case of Marri Chander Shekhar Rao v/s Dean, Seth G. S. Medical College and Others

in the year 1990 (3) SCC-130 and Secondly in the matter of Action Committee on the issue of caste certificate to Scheduled Caste and Scheduled Tribes in the State of Maharashtra v/s Union of India in 1994 and the Apex Court has held that the benefit of status of Scheduled Caste/Scheduled Tribes would be available only in the State in respect of which the caste or tribe is so specified. But when a Scheduled Caste or Scheduied Tribe migrates, there is no inhibition in migrating, but when he migrates, he does not and can not carry any special rights or privileges attributed to him or granted to him in the original State specified for that State or area or part thereof.

The Ministry of Social Justice & Empowerment have received representation to the effect that Scheduled Caste/Scheduled Tribe migrants may also be made eligible for benefits and consessions in the State of migration also. The Joint Select Committee which examined the case of Koch-Rajbongshi for inclusion in the Scheduled Tribes list recommended that any person who belongs to any caste included in any part of the Schedule and who ceases to reside in the State to which he belongs and migrated to any other State shall continue to be a member of the Scheduled Caste or Scheduled Tribe in their State where he voluntarily resides, notwithstanding the fact that the caste to which he belongs is not a Scheduled Caste or Scheduled Tribe in the other State. This matter is being examined in the context of comprehensive revision of Scheduled Caste/Scheduled Tribe list.

In order to firm up the views on the subject, State Government is requested to give their views with regards to mitigating the problems of Scheduied Castes and scheduled Tribes migrating from State of origin to other States.

# ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓને જાતિ અંગેના પ્રમાણપત્ર આપવા પ્રસિધ્ધ થયેલ ઠરાવો અને પરિપત્રો

*Certificate of Age, Nationality, Caste, etc., Character Certificate and Degree Certificate, etc. ------- Production of-------*

GOVERNMENT OF GUJARAT

**GENERAL ADMINISTRATION DEPARTMENT,**

Resolution No. ABC 1062-F,

Sachivalaya, Ahmedabad-15, Dated the 3rd May, 1962.

*READ* : GR, P&SD, No. 1586/34-III, dt. the 1-11-40.

—do— No. 1586/34-IV, dt. the 15-2-43.

G.C. —do— No. 7095/46, dt. the 11-9-50.

GR. —do— No. 1586/34, dt. the 27th Sect, 1950.

—do— No. 1586/34, dt 17-5-51.

G.C., —do— No. 1586/34, dt 11-1-52.

G.R. —do— No. RTR-1158/J, dt 1-3-58.

*RESOLUTION* : According to the existing practice every candidate for recruitment to Govt. service is required to produce certificate re : Age and Nationality in the prescribed form from the District Magistrate or a Magistrate authorised by him in this behalf. It has come to notice of the Govt. that in almost all cases such certificates are ordinarily issued on the basis of the Matriculturation and S. S. C. E. Certificates, without making any further enquiry. It would be quite reasonable to presume that candidates for recruitment to Govt. service are citizens of India, if such mention is made by the respective candidate in his application for Govt. service in view of the fact that the Govt. before making the appointment is verifying the antecedants of the candidate and any defect in nationality is bound to come to light during such investigation. The birth date as given in the Matriculation or the S. S. C. E. Certificate may also be taken as correct if the candidate does not question its veracity.

2. In view of the hardships caused to the candidates, Govt. is pleased to direct, in partial modification of the previous orders issued in this behalf, that production of such certificates from candidates for recruitment to Govt. Service should be discontinued and that birth date as given in the Matriculation and S. S. C. E. Certificates should be accepted for the purposes of recruitment to Govt. service.

**3.** The caste certificates which the canidates belonging to Scheduled Castes, Scheduled tribes and other Backward Class for obtaining concessions in regard to recruitment to Govt. services are required to produce are combined with the old certificates of age, nationality and domicils,in view of disponsing with the production of certificate of age and Nationallity,it is necessary to make suitable alternative arrangement for such certificate, Govt.is, therefore, pleased to direct that all executive Magistrates, **Director of Social Welfare and Social Welfare Officers are hereby authorised to issue caste certificate to candidate belonging to Scheduled Castes,Scheduled Tribes and other Backward class in** the accompanying revised from for the purposes of recruitment to Govt.services, However,there should not be any obejection to accept the certifice of caste combined with Certificate of Age,Nationality and domicile from the candidates belonging to Sheduled Castes, Scheduled Tribes and other Backward Class in the old form for the purpose of recruitment to Govt service.

**4.** According to the existing practice,the Graduate candidates are required to forward the original certificate to Public Service Commission along-with the application for recruitment to Govt. service.Govt. is now pleased to direct that the practice of calling original Degree Certificates from Graduate candidates by the .P.S.C. for verifying their educational qualification should be discontinued and that a True Copy of the original degree certificate certified /attested by any of the following authorities should be sent by the candidates to the Public Service Commission along with the application for admission to competitive examinations for recruitment to posts and services for establishing the fact of having passed the degree examination or having got the degree conferred and that original degree certificates should be produced by them in person on or before the 1st day of the examination for verification.

(i) Gazetted Officers,

(ii) The Sarpanch or President or Chairman of the Local or Statutory Bodies.

(iii) The Principal of colleges or school when the applicant has studied.

(iv) Any Member of the state Legislatyres or Parlament.

**5.** It is fond that no purpose is served by making a reference regarding the character, etc.of the candidate to the persons who are mentaioned by him in his applicattion for Govt. is, Service as referces, Govet. therefore, pleased to direct that the requi rement of making a reference to referees should be done away with and the candidate also should not be aked to furnish the names of the referees in his application for Govt.service.

6. According to the orders contained in GR, P&SD, No.RTR-1158/J, dt. 1-3-58, a candidate for appointment to any State or Subordinate service and post must be—

(*a*) a citizen of India, or

(*b*) a subject of Sikkim, or

(*c*) a subject of Nepal or of a Portuguese or Former French possession in India, /or

(*d*) a person of Indian origin who has Migrated from Pakistan with intention of permanently setling in India.

In case a candidate belong to category (c) or (d), he whould be required to produce eligibility certificate issued by the G. A.D.either before the Commission or before the Appointing Authorities.

**7.** In partial modification of orders contained in G.C. P&SD, No. 1586/34 dt 11-1-52, Govt. is further pleased to direct that the practice of asking the candidates who are appointed to Govt.service either through P. S. C.or Appointing Authorities to produce the Certificates of Good Character from the respectable persons should be discontinued.

**8.** In view of the dispensing with the production of certificate of Age and Nationality, the appointing authorities should invariably verify the character and anteced ents of the candidates (Including those who are selected by the GPSC) through proper authorities before they are actually appointed.they should satisfy themselves that the candidate possesses good character and that he belongs to one of the categories specified in para 6 above and that there is nothing adverse against him before he is given a posting.

**9.** The Director of Government Printing and Stationery should arrange to print copies of Caste Certificate in the revised form prescribed under para 3 above for supply to the Executive Magistrates, Director of Social Welfare and Social Welfare Officers on indent.

By order and in the name of the Governor of Gujarat,

A.V. JADAV,
Under Secretary to Government,
General Administration Department.

To

The Secretary to the Governor,
The Comptroller of House-hold to the Governor,
The Private Secretary to the C. M.,
Personal Secretary to all Ministers,
Personal Assistants to all Dy. Ministers and Parliamentary Secretary,
*The Registrar, Gujarat High Court,
*The Secretary, G.P.S.C.,
*The Secretary, G.L.S.,
All Departments of Secretariat,
All Director of Information,
The I.G. of Police,
The Director of Languages,
The Commandant General Home Guards,
The Commissioner of Police, Ahmedabad,
The Commissioner, Baroda Division, Baroda,
The Commissioner, Rajkot Division, Rajkot,
All Deputy Ministers, with a request to inform the Executive Magistrates concerned in the matter (with 50 spare copies),
All D. & S. Judges,
The Director of Social Welfare, with a request to inform all Social Welfare Officers in the matter (with 30 copies),
All Social Welfare Officers in the Districts,
The Director of Printing and Stationery,
All other Heads of Departments and Heads of Offices under the several Departments of Secretariat.
Copy to All Branches in G.A.D.

## FORM OF CERTIFICATE REGARDING CASTE

It is hereby certified that Shri/Shrimati/Kumari_______________________
_____________________________________________belongs to
_____________________________________________(caste, Tribe
or Community) which is one of the Castes, Tribes or communities recognised by the Government of Gujarat as

Scheduled Caste
Scheduled Tribes
Othe Backward Class Community.

Place_____________________ (Signature)_____________________

Date _____________________ (Designastion)_____________________

SEAL OF
ISSUING.
OFFICER.

---

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે નોકરીઓમાં જગ્યાઓ અનામત રાખવી.

# ગુજરાત સરકાર

## શિક્ષણ અને મજુર વિભાગ

## ઠરાવ નં. બીસીઈ-૩૪૭૧-જે-(સેલ-૫૦૨૩-(સી)

## સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૧

## ઠરાવ

સરકારે, સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૦ મી સપ્ટેમ્બર, ૧૯૬૯ ના સરકારી ઠરાવ નં. બીએસી-૧૦૬૪/૩૩૭૩-ય થી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે રાજ્ય સેવામાં જગ્યાઓ અનામત રાખવાની ટકાવારી નક્કી કરી છે. તે ઠરાવમાં જણાવેલ હુકમોના અમલ સારૂ, જે અંગે જગ્યાઓ અનામત રાખવાની ટકાવારી અનુસૂચિત જાતિઓ માટે ૫ ટકા અને અનુસૂચિત આદિજાતિઓ માટે ૧૦ ટકા છે. તે રાજ્ય કક્ષા વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓની બાબતમાં નીચેની સૂચનાઓ અમલમાં પાડવાનું ઠરાવવામાં આવે છે.

૧. <u>જગ્યાઓ અનામત રાખવાની વ્યાપ્તિ.</u>

૨. બધા કેસોમાં, જગ્યાઓ ભરવા માટે લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ નિયત કરવામાં આવશે અને જગ્યાઓ અનામત રાખવાની બાબત નિયત કરવામાં આવેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવતા અને નિમણૂક માટે બધી રીતે યોગ્ય ઉમેદવારો પૂરતી સંખ્યામાં જોઈએ ત્યારે ઉપલબ્ધ થાય થાય તે શરતને આધીન રહેશે.

૩. જગ્યાઓ અનામત રાખવાની બાબત વર્ગ-૧ અને વર્ગ-૨ ની બધી જગ્યાઓને અને છ મહિનાથી ઓછી મુદતની હંગામી નિમણૂક સહિત કાયમી નિમણૂંક સહિત કાયમી અને હંગામી નિમણૂકને અલગ રીતે લાગુ પડશે.

૪. આમ છતાં, જગ્યાઓ અનામત રાખવાની બાબત બદલીથી અથવા બઢતીથી ભરવામાં આવતી ખાલી જગ્યાઓને લાગુ પડશે નહિ.

૨. <u>મુક્તિ આપવા અને બાકાત રાખવા અંગે.</u>

૪-ક. સરકાર, એક નિયમ તરીકે, આ હુકમના ક્ષેત્રાધિકારીમાંથી મુક્તિ આપવા ઈચ્છતી નથી, આમ છતા, અપવાદરૂપ કેસો શિક્ષણ અને મજુર વિભાગને પુછાવવા.

૫ ગુજરાત રાજ્ય---સેવા કમિશનની ક્ષેત્રમર્યાદા બહાર હોવાનું જાહેર કરવામાં આવી હોય તેવી બધી જગ્યાઓને આ હુકમોના ક્ષેત્રાધિકારમાંથી બાકાત રાખવામાં આવે છે.

૩. <u>યાદીઓ.</u>

૬. નિયત જગ્યાઓ અનામત રાખવાની બાબતમાં યોગ્ય અમલ કરવા નિમણૂક કરતા બધા અધિકારીઓએ ખાલી જગ્યાઓને, ખુલ્લી સપર્ધા ધ્વારા (એટલે કે ગુજરાત રાજ્ય-સેવા કમિશન મારફત અથવા અન્ય કોઈ સત્તા ધ્વારા) અથવા ખુલ્લી સ્પર્ધા ધ્વાર હોય તે સિવાય બીજી રીતે રાજ્ય કક્ષાના ધોરણે કરવામાં આવતી ભરતીની બાબતમાં પરિશિષ્ટ—૧માં આપવામાં આવ્યા પ્રમાણે ૪૦ ક્રમ (Points) ધરાવતી નમૂનારૂપ યાદી અનુસાર "અનામત" અથવા "બિન—અનામત" તરીકે ગણવી.

૭. યાદી પરિશિષ્ટ-૨ માં આપેલા ફોર્મમાં રજિસ્ટરમાં રાખવામાં આવશે. યાદીઓ રાખવા અંગેની વિગતવાર સૂચનાઓ પરિશિષ્ટ-૩ માં આપવામાં આવી છે.

૪. <u>વાર્ષિક પત્રકો.</u>

૮. દરેક ખાતાના વડાએ દર વર્ષે જાન્યુઆરીની પહેલી તારીખ પછી બને એટલું વહેલું અને મોડામાં મોડું માર્ચની પહેલી તારીખ સુધીમાં, તે વર્ષના જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે હોય તે પ્રમાણે દરેક વર્ગ એટલે કે વર્ગ-૧ અને વર્ગ-૨ માં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ દ્વારા ધારણ કરવામાં આવેલી જગ્યાઓની કુલ સંખ્યા દર્શાવતાં, પરિશિષ્ટ-૪ અને ૫ માં આપવામાં આવેલ ફોર્મમાં પત્રકો તેમના સંબંધિત વહીવટી વિભાગને મોકલી આપવાં.

૯. વહીવટી વિભાગે તેના નિયંત્રણમાં અથવા હેઠળ હોય તેવાં બધાં મહેકમ અને સેવાઓ અંગે વાર્ષિક પત્રકોની ચકાસણી કરવી. શિક્ષણ અને મજુર વિભાગે પણ વાર્ષિક પત્રકોની પ્રતિક—ચકાસણી કરવી.

૫. <u>જગ્યાઓની જૂથ રચના.</u>

૧૦. છૂટી-છવાઈ વ્યક્તિગત જગ્યાઓ અને જેમાં જગ્યાઓ પૂરતી રીતે વારંવાર ખાલી પડતી ન હોય તેવાં નાના (કાડરો) ની બાબતેમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત બનાવવા, એક જ વર્ગની અને સમાન દરજ્જો, વેતન તથા લાયકાતવાળી જગ્યાઓનાં આ હુકમો લાગુ પાડવાનું સરળ બને તે સારૂં જૂથ બનાવવાં. ૧૦ કરતાં ઓછી જગ્યાઓ ધરાવતી સેવાના કાડર અથવા કક્ષા અથવા વિભાગને આ હેતુ માટે નાનું કાડર ગણી શકાશે. આ રીતે રચવામાં આવેલ જૂથમાં સામાન્ય રીતે ૧૫ થી ઓછી જગ્યાઓ રાખવી નહિ.

૧૧. જગ્યાઓનાં જૂથ બનાવવા માટેની દરખાસ્તો, જૂથ બનાવવ માટે વિચારેલ જગ્યાઓ અંગે નીચેની બાબતે પૂરી વિગતો સાથે પૂર્વ-મંજૂરી અર્થે શિક્ષણ અને મજુર વિભાગને પૂછી શકાશે.

(૧) દરેક જગ્યાનો હોદ્દો અને તેની સંખ્યા,

(૨) જગ્યા વર્ગ-૧ ની છે કે વર્ગ-૨ની,

(૩) દરેક જગ્યાનું પગાર-ધોરણ,

(૪) દરેક જગ્યા પર સીધી ભરતી માટે નિયત કરવામાં આવેલ ઓછામાં ઓછી લાયકાત.

## ૬. <u>ખાલી જગ્યાઓ આગળ ખેંચવી અને રદ કરવી.</u>

૧૨. વખતોવખત સુધાર્યા પ્રમાણેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૯ મી જૂન, ૧૯૬૪ ના સરકારી પરિપત્ર નં. બીએસી-૧૦૬૪/૩૧૭-ચ માં આપેલ સુચનાઓનું ચીવટપૂર્વક પાલન કરવું.

૧૩. કાયમી જગ્યાઓમાં ખાલી જગ્યાઓ ''અનામતમાંથી બિન અનામત'' કરવી નહિ. એટલે કે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિની ન હોય તેવી વ્યકિતને આવી જગ્યાઓમાં કાયમ કરવી નહિ.

જગ્યા અનામતમાંથી બિન-અનામત કરવી જરૂરી બને તેવા કેસમાં સંબંધિત ખાતાના વડાએ પરિસ્થિતિની જાતે ખરાઈ કરવી, જગ્યા અનામતમાંથી બિન-અનામત કરવા અંગેના કારણોની લેખિત નોંધ કર્યા બાદ જગ્યા અનામતમાંથી બિન-અનામત કર્યા અંગેના જરૂરી હુકમો બહાર પાડવા અને શિક્ષણ અને મજૂર વિભાગના અમલ બજવણી એકમને જગ્યા અનામતમાંથી બિન-અનામત કર્યા અંગે જાણ કરવી.

## ૭. <u>અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે છૂટછાટ અને રાહત.</u>

૧૪. વયમર્યાદા : સેવામાં કે જગ્યા પર નિમણૂક માટે નિયત કરવામાં આવેલ વધુમાં વધુ વયમર્યાદા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોની બાબતમાં સામાન્ય રીતે ૫ વર્ષ સુધી વધારી આપવી. આમ છતાં આ બાબત, સામાન્ય અને ખાસ ભરતી નિયમો હેઠળ આ કોમોના સભ્યોને આપવામાં આવતી વય-મર્યાદામાં રાહત અંગેની ખાસ સુચનાઓને અધીન રાખવી.

૧૫. યોગ્યતાનાં ધોરણ-(ક) પરીક્ષા દ્વારા સીધી ભરતી :- અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો સ્પર્ધા અથવા પસંદગીમાં તેમની સામાન્ય સ્થિતિ અનુસાર તેમના માટે અનામત રાખવામાં આવેલી સંખ્યા કરતાં ઓછી ખાલી જગ્યાઓ મેળવે તો જેમણે નીચલી સ્થિતિ મેળવી હોય પરંતુ આવી પરિક્ષામાં જેઓ લાયક ઠર્યા હોય તેવા આવી જાતિઓ કે આદિજાતિઓના ઉમેદવારોને નિમણૂક કરતાંઅધિકારી દ્વારા ઊણપ પૂરી કરવા માટે પસંદ કરી શકાશે.

યાદીમાંની અનામત ખાલી જગ્યા માટે અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત આદિજાતિના એક કરતા વધારે ઉમેદવારો માત્ર ગુણવત્તાના ધોરણે પસંદગી માટે લાયક ઠરે અને યાદીમાંની અનામત ખાલી જગ્યા તાત્કાલિક પ્રાપ્ય ન હોય તે ગુણવત્તાના ધોરણે આ રીતે પસંદ કરાયેલ ઉમેદવારને બિન-અનામત જગ્યા માટે ગણતરીમાં લેવો અને ત્યાર પછીની અનામત જગ્યાને બિન-અનામત જગ્યાને બિન-અનામત જગ્યા તરીકે ગણવી અને તેનો તે પ્રમાણે ઉપયોગ કરવો.

આમ છતાં,અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત આદિજાતિના ઉમેદવારો માટેની ખાલી જગ્યાઓ અનામત રાખવા અંગેની હાલની ટકાવારી યથાવત રાખવી.

(ખ) પરીક્ષા દ્વારા હોય તે સિવાય બીજી રીતે સીધી ભરતી.

નિમણૂક કરતા અધિકારી, બીજાઓનું હોય તે ધોરણ કરતાં નીચલા ધોરણના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોની પસંદગી કરી શકશે પરંતુ એ શરતે કે તેઓ નિયત કરવામાં આવેલ ઓછામાં ઓછી શૈક્ષણિક અને ટેકનિકલ લાયકાત ધરાવતા હોય.

૧૬. બિન-પસંદગી જગ્યાઓ પર બઢતી-યોગ્યતાને અધીન રહીને સિનિયોરીટીના ધોરણે બઢતી આપવામાં આવતી હોય ત્યાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓના કેસો અંગે, યોગ્યતાનું ધોરણ વધુ સખત રીતે લાગુ પાડયા વગર સહાનુભૂતિ પૂર્વક નિર્ણય લેવો. આવા ઉમેદવારોને કોરે મૂકવા અંગેના કોઈ કેસ હોય તો તેવા કેસોનો નિર્ણય ઉચ્ચ કક્ષાએ કરવો. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓની બાબતમાં સરકારના હુકમો અગાઉથી મેળવવા.

૧૭. પસંદગી જગ્યાઓ પર બઢતી : પસંદગી જગ્યા પર બઢતી માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોની ગુણવત્તાનું મૂલ્યાંકન અને પસંદગી-યાદીમાં તેના સ્થાન અંગે નિર્ણય છૂટછાટ મૂકવામાં આવેલા ધોરણને આધારે સહાનુભૂતિ પૂર્વક કરવાં. આવા ઉમેદવારને પસંદગી - યાદીમાંથી બાકાત રાખવો નહિ. સિવાય કે છૂટછાટના ધોરણે પણ બઢતી માટે તેને અયોગ્ય ગણવામાં આવ્યો હોય.

૧૮. ફી : કોઈપણ પરીક્ષામાં પ્રવેશ અથવા સેવા કે જગ્યા પર પસંદગી માટે નિયત કરવામાં આવેલી ફી, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોની બાબતમાં ૧/૪ભાગ જેટલે ઘટાડવી.

૧૯. પ્રવાસ ભથ્થું : સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે ગુજરાત રાજ્ય-સેવા કમિશન ધ્વારા રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવતો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિનો ઉમેદવાર, તે રહેઠાણના સામાન્ય સ્થળેથી તેની રૂબરૂ મુલાકાતના સ્થળે જવા તથા ત્યાંથી પાછા ફરવા માટે રેલવેના બીજા વર્ગના એકવડા ભાડા માટે પાત્ર રહેશે.

૮. <u>અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના હકદાવા અંગે ખરાઈ.</u>

૨૦. નિમણૂક કરતા અધિકારી : ઉમેદવાર પોતે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિના છે તેવા તેનાં હકદાવાના સમર્થનમાં પૂરતી સાબિતી તરીકે નીચેનું કોઈ પણ પ્રમાણપત્ર સ્વીકારી શકશે.

(૧) મેટ્રિક્યુલેશન કે શાળા છોડ્યા અંગેનું પ્રમાણ પત્ર આથવા ઉમેદવારની જાતિ કે કોમ અને રહેઠાણનું સ્થળ દર્શાવતું જન્મ પ્રમાણ પત્ર.

(૨) પરિશિષ્ટ-૭ માં યાદીરૂપે જણાવેલ કોઈ એક અધિકારીએ આપેલું પરિશિષ્ટ-૬માં આપેલા ફોર્મમાં પ્રમાણ પત્ર.

૯. <u>અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યાખ્યા અને યાદીઓ.</u>

૨૧. વ્યક્તિ, તે જ્યાંની રહેવાસી હોય તે વિસ્તાર માટે નીચે દર્શાવ્યા પ્રમાણેના હુકમો હેઠળ જેને અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ હોવાનું જાહેર કરવામાં આવી હોય તે જાતિ અથવા આદિજાતિની હોય તો, યથાપ્રસંગ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની સભ્ય હોવાનું ગણવામાં આવશે :-

(૧) મુંબઈ પુર્નરચના અધિનિયમ, ૧૯૬૦ અને પંજાબ પુર્નરચના અધિનિયમ, ૧૯૫૬ સાથે વાંચતા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓ (ફેરફાર) હુકમ, ૧૯૫૬ ધ્વારા સુધાર્યા પ્રમાણેના સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમ, ૧૯૫૦ અને સંવિધાન (અનુસૂચિત જાતિઓ) (ભાગ ક રાજ્ય) હુકમ, ૧૯૫૧. અને સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ ૧૯૫૦ અને (અનુસૂચિત જાતિઓ) (ભાગ-ક રાજ્ય) હુકમ ૧૯૫૧.

(૨) સંવિધાન (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૫૬.

(૩) સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૫૯.

(૪) સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૨.

(૫) સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૨.

(૬) સંવિધાન (પાંડિચેરી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૪.

(૭) સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) (ઉત્તરપ્રદેશ) હુકમ, ૧૯૬૭.

(૮) સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૮.

(૯) સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૮.

૨૨. હિન્દુ અથવા શીખ ધર્મથી જુદા ધર્મમાં માનતી વ્યક્તિને અનુસૂચિત જાતિની સભ્ય હોવાનું ગણવામાં આવશે નહિ. અનુસૂચિત આદિજાતિની વ્યક્તિના હક તેના ધર્મ/પંથથી સ્વતંત્ર છે.

૨૩. અનુસૂચિત જાતિની વ્યક્તિ બૌધ્ધ ધર્મ અથવા અન્ય કોઈ ધર્મ અંગીકાર કરે તો તે અનુસૂચિત જાતિની સભ્ય હોવાનું બંધ થઈ જાય છે. આવી વ્યક્તિ, અનુસૂચિત જાતિઓના સભ્યો માટે જોગવાઈ કરવામાં આવતી અનામત ખાલી જગ્યાઓ પર નિમણૂક માટે કે બીજી સગવડો માટે પાત્ર રહેશે નહિ.

૨૪. આમ છતાં, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની વ્યક્તિ, બિન-અનુસૂચિત જાતિ/આદિજાતિની વ્યક્તિ સાથે લગ્ન કરે તે લક્ષમાં લીધા વગર અનુસૂચિત જાતિ/આદિજાતિ હોવાનું ગણાવી ચાલુ રહેશે.

૨૫. હિન્દુ ધર્મ અને શીખ ધર્મમાં ધર્માન્તર કે ફરી ધર્માન્તર કર્યુ હોય તેવી વ્યક્તિને સંબંધિત અનુસૂચિત જાતિ દ્વારા તેની પાછી લેવામાં આવી હોય અને સભ્ય તરીકે સ્વીકારવામાં આવી હોય તો, અનુસૂચિત જાતિની સભ્ય તરીકે સ્વીકારી શકાશે.

૨૬. વ્યક્તિ અનુસૂચિત જાતિ/આદિજાતિની છે કે નહિ તે અંગે શંકા થાય તેવા કેસો શિક્ષણ અને મજૂર વિભાગને પુછવવા.

૧૦. <u>સંપર્ક અધિકારીઓ.</u>

૨૭. દરેક વિભાગમાં વહીવટના ઈન્ચાર્જ ઉપસચિવ (અથવા તે હેતુ માટે નિયુક્ત બીજા કોઈ અધિકારી), વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના બધા મહેકમ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પ્રતિનિધિત્વને લગતી બાબતો અંગે સંપર્ક અધિકારી તરીકે કામગીરી બજાવશે. આ અધિકારી ખાસ નીચેની બાબતો માટે જવાબદાર રહેશે :-

(૧) આ હુકમો હેઠળ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની તરફેણમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા અને તેમને મળવા પાત્ર બીજા લાભ અંગેના હુકમો તથા સૂચનાઓનું નિમણૂંક કરતા તાબાના અધિકારીઓ દ્વારા વિધિસર પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

(૨) વિભાગના નિયંત્રણ હેઠળનાં બધાં મહેકમ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પ્રતિનિધિત્વને લગતા વાર્ષિક પત્રકો એકત્રિત અને સંકલિત કરવા.

(૩) એકંદરે વહીવટી વિભાગનાં વાર્ષિક સંકલિત પત્રકો અને શિક્ષણ અને મજૂર વિભાગ તરફથી મંગાવવામાં આવે તેવા વ્યક્તિગત કચેરીઓને લગતાં પત્રકો અથવા પત્રકો માંથી ઉતારા શિક્ષણ અને મજૂર વિભાગને મોકલવા.

(૪) આ હુકમો દ્વારા આવરી લેવાયેલ બાબતો અંગે પ્રશ્નોના ઉત્તર આપીને અને શંકાનું નિરાકરણ કરીને બીજી માહિતી પૂરી પાડવા માટે વિભાગ અને શિક્ષણ અને મજૂર વિભાગ વચ્ચે સંપર્ક અધિકારી તરીકે કામગીરી બજાવવી.

૨૮. આ ઠરાવ, શિક્ષણ અને મજૂર વિભાગની ફાઈલ નં. બીસીઈ-૩૪૭૧-જે (સેલ) પર સામાન્ય વહીવટ વિભાગની તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૧ અને નાણા વિભાગની તા. ૮મી ઓક્ટોબર, ૧૯૭૧ ની સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એ.આઈ. કારભારી.
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવ.

રાજ્યપાલશ્રીના સલાહકારના અંગત સચિવ.

* રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

* સચિવ, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ.

* સચિવ, ગુજરાત તકેદારી કમિશન, અમદાવાદ.

* સચિવ, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

* એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ.

* એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.

મુખ્ય ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.

સચિવાલયના બધા વિભાગો.

નાયબ સચિવ (નાણાસરી), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

બધા કલેક્ટરો.

ક્ષેત્રીય નિયામક (ઝોનલ ડાયરેક્ટર), પછાત વર્ગ કલ્યાણ, સિવિલ હૉસ્પિટલ અમદાવાદ.

બધા જિલ્લા વિકાસ અધિકારીઓ.

બધા ખાતા અને કચેરીઓના વડાઓ.

માહિતી નિયામક. (યોગ્ય અખબારી યાદી બહાર પાડવાની વિનંતિ સાથે).

શિક્ષણ અને મજૂર વિભાગની બધી શાખાઓ.

* પત્ર દ્વારા.

## પરિશિષ્ટ-૬

## અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિના ઉમેદવારે તેના હકદાવાના સમર્થનમાં રજૂ કરવાના પ્રમાણપત્રનું ફોર્મ [ફકરો ૨૦(૨)]

### જાતિ - પ્રમાણપત્રનું ફોર્મ

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ______________________ રાજ્ય/સંઘ પ્રદેશના* ______________ જિલ્લા વિભાગમાં* ______________ ગામ/શહેરના* શ્રી/શ્રીમતી/કુમારી* ______________________ તે શ્રી ______________ *ના/ની પુત્ર/પુત્રી મુંબઇ પુર્નરચના અધિનિયમ ૧૯૬૦ અને પંજાબ પુર્નરચના અધિનિયમ, ૧૯૬૬ સાથે વાંચતા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓ (ફેરફાર) બાબતના હુકમ, ૧૯૫૬, સંવિધાન (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ બાબતનો હુકમ, ૧૯૫૬.

સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત આદિજાતિઓ* બાબતનો હુકમ, ૧૯૫૯.

સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૨.

સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૨.

સંવિધાન (પાંડિચેરી) અનુસૂચિત જાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૪.

સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ)* (ઉત્તરપ્રદેશ) બાબતનો હુકમ, ૧૯૬૭.

સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૮.

સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૮.

હેઠળ * અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ તરીકે માન્ય રાખવામાં આવેલ જાતિ/આદિજાતિ નો/નાં છે.

૨. શ્રી / શ્રીમતી / કુમારી ______________________ અને તેમનું * કુટુંબ સામાન્ય રીતે ______________ રાજ્ય/ સંઘપ્રદેશના * ______________ જિલ્લા/ વિભાગના* ______________ ગામ/શહેર* માં વસવાટ કરે છે.

સ્થળ : ______________ સહી : ______________

તારીખ : ______________ હોદ્દો : ______________

(કચેરીના સીલ સાથે)

રાજ્ય/સંઘ પ્રદેશ*.

*લાગુ પડતા ન હોય તે શબ્દો છેકી નાખો.

નોંધ: અહીં ઉપયોગમાં લેવાયેલ "સામાન્ય રીતે વસવાટ કરે છે." એ શબ્દ પ્રયોગનો અર્થ, લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૦.માં ઠરવામાં આવ્યા પ્રમાણે જ થશે.

## પરિશિષ્ટ-૭

## ખરાઈ - પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓની યાદી [ફકરો ૨૦ (૨) ]

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ / વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશનર / કલેક્ટર / વધારાના નાયબ કમિશનર / નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટ, સીટી મેજિસ્ટ્રેટ / પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટની કક્ષાથી ઉતરતી કક્ષાના નહી.) તાલુકા મેજિસ્ટ્રેટ / કાર્યપાલક મેજિસ્ટ્રેટ.

૨. મુખ્ય પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રસિડન્સી મેજિસ્ટ્રેટ પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ.

૩. સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

૪. મામલતદારથી ઉતરતી કક્ષાના નહિ તેવા મહેસૂલી અધિકારીઓ.

૫. ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતુ હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૬. વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

અનુસૂચિત જાતિ/જનજાતિના સભ્યોને
ખરાઈ પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા.

**ગુજરાત સરકાર**
**મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ,**
**ઠરાવ નં. ક્રમાંક : પવટ-૩૪૭૬/૬૫૪૧-જ-૧ : સેલ**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૧/૧૧/૧૯૭૬**

વંચાણમાં લીધા :- શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૨૪-૧૨-૧૯૭૨નો ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જે સેલ : ૫૦૨૩ - : સીઃ

ઠરાવ :-

શિક્ષણ અને મજુર વિભાગના તા. ૨૪-૧૨-૧૯૭૧ના ઉપરોક્ત ઠરાવના પરિશિષ્ટ ૭ થી અનુસૂચિત જાતિ/જન જાતિનો હક દાવા અંગે ખરાઇ-પ્રમાણપત્ર આપવા માટે જે અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. તેમાં ક્રમ ૬ પછી નીચે મુજબના અધિકારીઓનો ઉમેરો કરવો.

" ક્રમાંક :- ૭ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,"

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે.

ત્ર. હ. ઓઝા
ખાસ ફરજ પરના અધિકારી અને નાયબ સચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ.

પ્રતિ,

સચિવાલયના દરેક વિભાગો,

સચિવાલયના હસ્તકના દરેક ખાતાના અને કચેરીઓના વડાઓ,

દરેક જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

દરેક તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,

મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની દરેક શાખાઓ,

અનુસૂચિત જાતિ/જનજાતિના આદેશો/સુધારો/ અધિનિયમ-૧૯૭૬ અન્વયે અનુસૂચિત જનજાતિ તરીકેના પ્રમાણપત્રો આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર નં. એસટીડબલ્યુ-૧૦૭૭-૬૫૪૦-૭૮-જ.**
**સચિવાલય, ગાંધીનગર, તા. ૧૫/૫/૭૮**

**વંચાણમાં લીધા :-**

૧. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૭૭-૨૫૭૯૮-જ, તા. ૨૩-૫-૭૭.

૨. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ખાનગી પત્ર નં.: એસસીડબલ્યુ-૧૦૭૭-૮૬૬૦૨-જ, તા. ૧-૧૦-૭૭.

૩. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ખાનગી પત્ર નં.: એસસીડબલ્યુ-૧૦૭૭-૭૯૪૦૭-જ, તા. ૨-૩-૭૮.

૪. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ખાનગી પરિપત્ર ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૭૮-૬૫૪૦-જ, તા. ૩૦-૩-૭૮.

**પરિપત્ર :-**

આમુખમાં જણાવેલા પરિપત્રો/પત્રોથી સરકાર તરફથી બીજી સુચના આપવામાં ન આવે ત્યાં સુધી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આદેશો/સુધારો/અધિનિયમ ૧૯૭૬ અન્વયે જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી ન આપવા માટે લાગતા વળગતા અધિકારીઓને સુચનાઓ આપવામાં આવેલ છે. આ અધિનિયમ તા. ૨૭-૭-૭૭ થી અમલમાં આવેલ છે.સરકારે હવે નક્કી કરેલ છે કે આ અધિનિયમમાં ગુજરાત રાજ્ય માટેની અનુસૂચિત જનજાતિની જે યાદી આપવામાં આવી છે તે યાદીમાં જણાવેલ અનુસૂચિત જનજાતિના લોકોને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો કાઢી આપવામાં હરકત નથી. આથી આમુખમાં દર્શાવેલા પરિપત્રો/પત્રોમાં અંશતઃ સુધારો કરીને ઉપર જણાવેલ અધિનિયમમાંની જોગવાઈઓને અનુલક્ષીને અનુસૂચિત જનજાતિના લોકોને ખરેખર તે જાતિના છે તેની ખાત્રી કરીને તેઓને તે જાતિ તરીકેના પ્રમાણપત્રો કાઢી આપવા માટે સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કા. જે. રાઠોડ,
સેકશન અધિકારી,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, અમદાવાદ.

મુ. મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય. ગાંધીનગર,

મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

બધા સંસદીય સચિવશ્રીના અંગત મદદનીશો,

સચિવાલયના બધા વિભાગો,

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ (જરૂરી સુચના બહાર પાડવા સારું)

બધા ખાતાઓના વડાઓ,

બધા કલેકટરશ્રીઓ,

બધા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

બધા મામલતદારશ્રીઓ,

બધા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,

" સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

" સચિવશ્રી, ગુજરાત રાજ્ય પંચાયત સેવા પંચ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

" સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી પંચ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

" સચિવશ્રી, ગુજરાત ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

મેનેજિંગ ડાયરેકટરશ્રી, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ કોર્પોરેશન, પંચાયત ભવન, સેકટર-૧૭, ગાંધીનગર.

એકઝીક્યુટીવ ડાયરેકટરશ્રી, આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ''હરીકૃપા'' શેઠ મંગળદાસ માર્ગ, અમદાવાદ.

વિભાગની બધી શાખાઓ, (જ સિવાય)

સીલેક્ટ ફાઈલ.

------------

**વસવાટ હક્ક : Domicile : નક્કી કરવા બાબતે નિયમો, પ્રશ્નાવલી અને સુચનાઓ.**

**ગુજરાત સરકાર**
**સામાન્ય વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : ડીઓએમ/૧૧૭૯/પાસપોર્ટ/બી,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૧૯/૭/૭૯**

વંચાણમાં લીધા :- ૧. રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટના ક્રમાંક: સી-૨૬૩૭/૭૮ ના તા. ૧૫/૧૧/૭૮નો પત્ર.

૨. સામાન્ય વહીવટી વિભાગના ક્રમાંક : આરટીઆર/૧૩૬૪/૩/કે નો તા. ૧૧/૬/૬૪નો સરકારી ઠરાવ.

૩. સામાન્ય વહીવટી વિભાગના ક્રમાંક : આરટીઆર/૧૩૬૪/૩/કે નો તા. ૨૨/૪/૬૫નો સરકારી ઠરાવ.

**ઠરાવ :-**

સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક/આરટીઆર/૧૩૬૪/૩/કે તા.૧૧/૬/૬૪ થી ચીફ સીટી મેજીસ્ટ્રેટ, અમદાવાદને વસવાટ હક્ક : **Domicile** પ્રમાણપત્ર આપવા બાબતે આપવામાં આવેલી સત્તાઓ પરત લેવાનો સરકારે નિર્ણય કર્યો છે તે મુજબ આ સત્તાઓ પરત લેવામાં આવે છે.

૨. અમદાવાદ શહેર વિસ્તારના ક્ષેત્ર મર્યાદામાં વસવાટ હક્ક : **Domicile** : પ્રમાણપત્ર આપવા બાબતે પોલીસ કમિશનર અમદાવાદને સત્તાધિકાર આપવાનું પણ સરકારે ઠરાવ્યું છે. આવાં પ્રમાણપત્ર આપવા અંગે એક નાયબ પોલીસ કમિશ્નરને અધિકૃત કરવાની સત્તા પણ પોલીસ કમિશનરને આપવામાં આવે છે.

૩. આ હુકમો તા. ૧/૮/૧૯૭૯ થી અમલમાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રા. મ. દોશી
સરકારના ઉપસચિવ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,

રાજ્યપાલશ્રીના ગૃહનિયામકશ્રી,

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રીઓ,

બધા મંત્રીશ્રીઓના સચિવશ્રીઓ,

મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી ના અંગત મદદનીશો,

સચિવાલયના સર્વે વિભાગો,

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર : બે નકલ સાથે : જરૂરી પ્રસિધ્ધિ અર્થે,

ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ, અમદાવાદ.

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ : ૩૦ નકલ સાથે :

ચીફ સીટી મેજીસ્ટ્રેટ અમદાવાદ : ૧૦ નકલ સાથે :

બધા ખાતાના વડાઓ.

-------------

અનુસૂચિત જાતિ/જનજાતિના સભ્યોને
ખરાઈ પ્રમાણપત્ર આપવાની સત્તા.

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ નં. એસસીડબલ્યુ/૧૦૮૨/૫૯/ખ
સચિવાલય, ગાંધીનગર, તા. ૪/૬/૧૯૮૨.

વંચાણમાં લીધો :- (૧) શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ નં. :બીસીઈ-૩૪૭૧-જ-૧ સેલ-૫૦૨૩ - :સી, તા. ૨૪-૧૨-૧૯૭૧.

(૨) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ નં. પવટ-૩૪૭૬-જ-૧ સેલ, તા. ૧/૧૧/૭૬.

(૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ, અમદાવાદનો પત્ર નં. સક—જનરલ-૧-૮૨-તા. ૧૨/૧/૮૨.

ઠરાવ :-

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઉપર દર્શાવેલ તા. ૨૪-૧૨-૧૯૭૧ તથા તા. ૧/૧૧/૭૬ના ઠરાવથી અનુસુચિત જાતિ/જન જાતિના સભ્યોને ખરાઈ પ્રમાણપત્ર આપવા માટે જે અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. તેમાં ક્રમાંક : ૭ પછી નીચે મુજબના અધિકારીઓનો ઉમેરો કરવો.

" ક્રમાંક : ૮ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓ વર્ગ-૧"

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે.

સહી
(સી. કે. શુકલ)
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, સમાજ કલ્યાણખાતું, અમદાવાદ.

દરેક જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી.

સચિવાલયના સર્વે વિભાગો,
દરેક જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, (પંચાયત અને રાજ્ય)
સર્વે જિલ્લા વિકાસ અધિકારી,
સર્વે તાલુકા વિકાસ અધિકારી,
સર્વે સમાહર્તાશ્રીઓ.
સીલેકટ ફાઈલ 'ખ' શાખા.

-----------

**અનુસૂચિત જાતિ/જનજાતિ આદેશો/સુધારા**
**અધિનિયમ : ૧૯૭૬.**
**અનુસૂચિત જાતિ તરીકે પ્રમાણપત્ર આપવા બાબત**

**ગુજરાત સરકાર**
**મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર નં. એસટીડબ્લ્યુ-૧૦૭૯-૬૨૮૭-જ.**
**સચિવાલય, ગાંધીનગર. તારીખ ૧૦/૫/૭૯.**

વંચાણમાં લીધો : (૧) મ. સ. ક. અને આ.વિ.વિ. નો પરિપત્ર ક્રમાંક : એસ.સી.ડબલ્યુ/૧૦૭૭/૨૫૭૯૮/જ, તા. ૨૩-૫-૭૭
(૨) મ.સ.ક. અને આ.વિ.વિ. ના પત્ર ક્રમાંક : એસ.સી.ડબલ્યુ/૧૦૭૭/૮૬૬૦૨/જ. તા. ૧-૧૦-૭૭.

**પરિપત્ર**

અનુસૂચિત જાતિ-જનજાતિ આદેશો સુધારા અધિનિયમ ૧૯૭૬ તા. ૨૭/૭/૭૭ થી અમલમાં આવેલ છે. આથી અધિનિયમમાં જણાવેલ ગુજરાતી અનુ. જનજાતિની યાદી પ્રમાણે અનુ. જનજાતિના લોકોને જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવા માટે તારીખ ૧૫-૫-૭૮ અને તા. ૨૬-૭-૭૮ના પરિપત્રોથી સરકારે સુચનાઓ બહાર પાડી છે. પરંતુ અનુ. જાતિના લોકોને આ અધિનિયમ અન્વયે જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવાની બાબત સરકારની વિચારણામાં હતી. આ અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ અધિનિયમમાં જણાવેલ ગુજરાત રાજ્યને લગતી આ સાથે બીડેલ અનુ. જાતિની યાદી પ્રમાણે અનુ. જાતિના લોકોને ખરેખર તે અનુ. જાતિના છે, તેની ખાતરી કર્યા બાદ અનુ. જાતિના પ્રમાણપત્રો કાઢી આપવા માટે આથી સૂચના આપવામાં આવે છે.

સરકારના તા. ૧-૧૦-૭૭ના ખાનગી પત્રથી સમગ્ર ગુજરાત રાજ્યમાં વસતી મોચી જાતિના લોકોને આ અધિનિયમ અન્વયે અનુ. જાતિનું પ્રમાણપત્ર આપવાની બાબત વિચારણામાં રાખવાની સુચનાઓ આપવામાં આવી હતી. આ અંગે પણ કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ સૂચનાઓ પાછી ખેંચી લેવાનું સરકારે નક્કી કરેલ છે. આથી આ અધિનિયમ અન્વયે મોચી જાતિના લોકોને પણ ખરેખર તેઓ તે જાતિના છે, તેની ખાતરી કર્યા બાદ તેમને અનુ. જાતિનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(કા. જે. રાઠોડ)
સેકશન અધિકારી,
મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

નિયામક, સમાજકલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(જરૂરી સૂચનાઓ બહાર પાડવા સારૂ.)

બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (રાજ્ય અને પંચાયત).
બધા મામલતદારશ્રીઓ/બધા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.

----------

**અનુસૂચિત જાતિ/જનજાતિ આદેશો (સુધારો) : ૧૯૭૬માં જણાવેલ ગુજરાત રાજ્યને લગતી અનુસૂચિત જાતિ અંગેની યાદી.**

૧. અગેર

૨. બાંકડા-બાન્ટ

૩. બાવા-ઢેડ-ઢેડ-સાધુ

૪. ભાંબી, ભાંભી, અસાદરૂ, અસોડી, ચામડીયા ચમાર, ચાંભાર, ચામગર, હરાલાટ્યા, હારાલી, ખાલમા, માચીગર, મોચીગર મદાર, માદીગ, મોચી, નાલિયા, તલુગુ મોચી, કામટી મોચી, રાનીગર, રોહીદાસ, રોહિત, સામગર.

૫. ભંગી, મહેતર, ઓળગાણા, રુખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, વાલ્મિકી. કોરાર, ઝાડમલ્લી.

૬. ચલવાડી, ચનાટ્યા.

૭. ચેનાદચાર, હોલીયા, દસાર.

૮. ડાંગસિયા.

૯. ઢોર, કાકટ્યા, કાન્કટ્યા.

૧૦. ગરમાતંગ.

૧૧. ગરોડા, ગરો

૧૨. હાલીર

૧૩. હસલર હુલ્લાસ્વર, હલ્લારપર

૧૪. હોલાર, વલ્હાર

૧૫. હોલાયા, હોલર

૧૬. લીગાદર

૧૭. મહાર, તરાલ, ઢેગુમેગુ.

૧૮. માહ્યાવંશી, ઢેડ, ઢેડ, વણકર

૧૯. માગ, માતંગ, મારુ વણકર, અત્યંજ,

૨૦. મીનીમાડીંગ

૨૧. મેઘવાલ (Meghwal )

૨૨. મેઘવાર(Meghwar )

૨૨. મુકરી

૨૩. નાડીયા, હાડી

૨૪. પાસી

૨૫. સેનવા, સેનવા, ચેનવા, રોકતમા, રાવત

૨૬. શેમાલીયા

૨૭. થોરી

૨૮. તિરગર, તિરબંદા

૨૯. તુરી

૩૦. તુરી બારોટ, ઢેડ બારોટ

જાતિ પ્રમાણપત્ર મેળવવા સારુ અરજી કરવાનું ફોર્મ

૧. અરજદારનું પુરું નામ અને હાલનું પુરું સરનામું :-

૨. મૂળ વતન

ગામ તાલુકો જીલ્લો

૩. જાતિ :-

૪. પેટા જાતિ :-

૫. જાતિ અંગેના રજુ કરેલ પુરાવા :

૧.

૨.

૩.

૪.

૬. ધર્મ :-

૭. શાને માટે જરૂર છે :-

૮. અગાઉ કોઇ વખત જાતિનું પ્રમાણપત્ર મેળવેલ હોઇ તો તેની વિગત :-

ઉપર જણાવ્યા પ્રમાણે મેં દર્શાવેલ વિગત સંપૂર્ણપણે સાચી છે તેની ખાત્રી આપુ છું.

તારીખ :-

અરજદારની સહી.

અરજદારે પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજીના ઉપર પ્રમાણેની જણાવેલ વિગતો/પુરાવાઓથી મને સંતોષ થયો છે કે, અરજદાર ........................ જાતીના છે. અને આ જાતીને સરકારે અનુ. જાતી/અનુ. જનજાતી તરીકે જાહેર કરેલ છે. જેથી દાખલો કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

તારીખ :

પ્રમાણપત્ર આપનાર
અધિકારીની સહી/-

--------------

અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિના પ્રમાણપત્રો આપતી વખતે ચોકસાઈ રાખવા અંગે.

---

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર નં. એસસીડબલ્યુ/૧૦૮૨/૧૦૫૨/ખ,**
**તા. ૨૨-૧૧-૧૯૮૨**

**પરિપત્ર:–**

સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. તે બાબતમાં સંબંધિત અધિકારીશ્રીઓ તરફથી પૂરતી કાળજી અને ચોકસાઈ દાખવવામાં આવતી નથી પરિણામે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ ન હોય તેવી વ્યક્તિઓ પણ આવી જાતિનું પ્રમાણપત્ર મેળવે છે અને આ જાતિઓને મળતા લાભો મેળવે તેવી સંભાવના રહે છે. જાતિનું પ્રમાણપત્ર અગત્યનો દસ્તાવેજી પુરાવો છે. તેથી તે આપવા માટે પુરતી ચોકસાઈ રાખવી જોઈએ. ભવિષ્યમાં જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવામાં સંપૂર્ણ કાળજી અને ચોકસાઈ રાખવા આથી પુનઃસર્વે સંબંધિત અધિકારીઓને જણાવવામાં આવે છે.

પરિપત્રમાંથી અત્રે સ્થળાંતર કરી વસેલા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને અત્રેથી જાતિ પ્રમાણપત્ર મળી શકે નહીં તેની પણ ખાસ કાળજી રાખવા સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ઈ. લ. કુરેશી
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, અમદાવાદ.

નં.:સક/જનરલ/૧(૭૦)૮૦/
નિયામક, સમાજ કલ્યાણખાતુ,
ગુજરાત રાજય, બહુમાળી મકાન
૧૦મો માળ, લાલ દરવાજા,
અમદાવાદ. તા.૨૪-૩-૮૩.

નકલ રવાના :–

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,

---

સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)/ રાજય

---

——————————— તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂં.

નિયામક,
સમાજ કલ્યાણ ખાતું, ગુ. રા.
અમદાવાદ વતી.

અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને
પ્રમાણપત્રો આપતી વખતે ચોકસાઈ રાખવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : અજપ/૧૨૮૬/ભા.સ./૨/ચ,
સચિવાલય, ગાંધીનગર. તા. ૨૭-૬-૧૯૮૬

વંચાણે લીધા :–

(૧) ભારત સરકારનો ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક : ૩૫/એ ૭૨-આરયુ (એસસી ટી વી) તા. ૨-૫-૭૫
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક : એસસી ડબલ્યુ-૧૦૮૨/૧૦૫૨/ખ તા. ૨૨/૧૧/૮૨.
(૩) ભારત સરકારનો ગૃહમંત્રાલયનો પત્ર ક્રમાંક : બી સી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ બી સી ડી આઈ તા. ૬-૮-૮૪.
(૪) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના પત્ર ક્રમાંક : બી સી/૧૨૦૨૫/૧૩/૮૫/એસસી એન્ડ બી સી ડી તા.

પરિપત્ર:–

૧. આમુખમાં દર્શાવેલ પરિપત્ર/પત્રથી અનુસૂચિત જનજાતિ/જાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો આપવા અંગે જરૂરી સૂચનાઓ વખતો વખત આપવામાં આવેલી છે. આમ છતાં પૂરતી ચોકસાઈ કર્યા વિના અનુસૂચિત જનજાતિ/અનુસૂચિત જાતિના ખોટા પ્રમાણપત્રો અપાયાનું સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. આથી જાતિ પ્રમાણપત્રો કાઢી આપનાર સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવે છે કે ભવિષ્યમાં જાતિ પ્રમાણપત્રો આપતી વખતે કેન્દ્ર સરકારે નક્કી કરેલી માર્ગદર્શક સૂચનાઓ લક્ષમાં લઈ પૂરતા કાળજી અને ચોકસાઈ કર્યા બાદ જ જાતિ પ્રમાણપત્રો આપવામાં આવે.

૨. જાતિ પ્રમાણપત્ર મેળવવાનો દાવો કરનાર ઉમેદવારના રહેઠાણ, તેના માતાપિતાની જાતિ, મેટ્રીક્યુલેશન કે શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર, જન્મ નોંધણી અંગેનું પ્રમાણપત્ર, ગામ દફતરે રાખવામાં આવતું રેકર્ડ વગેરે પુરાવાઓની કાળજી પૂર્વક ચકાસણી કરીને જાતિ પ્રમાણપત્ર આપવું જોઈએ અને જરૂર જણાય યા કોઈ શંકા જણાતી હોય તેવા કિસ્સામાં પ્રમાણપત્ર કાઢી આપતાં પહેલાં સમાજ કલ્યાણ નિયામકશ્રીની સલાહ મેળવવી.

૩. જ્યારે પર પ્રાંતમાંથી અત્રે સ્થળાંતર કરી વસેલા ઇસમોને અનુ. જનજાતિ તથા અનુ. જાતિનું પ્રમાણપત્ર કયા સંજોગોમાં અને કયા ફોર્મમાં આપવું તે માટેની વિગતો અંગે ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૬ ઓગષ્ટ, ૧૯૮૪ના આમુખમાં દર્શાવેલ પત્રની સૂચનાઓ જોવી અને તેને ધ્યાનમાં રાખીને જરૂરી કાર્યવાહી કરવી.

૪. આમુખમાં દર્શાવેલ ક્રમાંક : ૧, ૩ અને ૪ની નકલો આ સાથે માર્ગદર્શન માટે મોકલી આપવામાં આવે છે.

૫. આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સમાજ કલ્યાણ વિભાગની તા. ૧૪મી માર્ચ, ૧૯૮૬ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**રમેશ રાઠોડ,**
સેકશન અધિકારી,
આદિજાતિ વિકાસ.

બિડાણ : ઉપર મુજબ.

પ્રતિ,

૧) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. તરફ વધારાની ૨૫ નકલો સાથે.
૨) સચિવાલયના સર્વ વિભાગો.
૩) સર્વ જિલ્લા કલેક્ટરશ્રીઓ.
૪) સર્વ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૫) સર્વ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
૬) સર્વ તાલુકા મામલતદારશ્રીઓ.
૭) સર્વ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
૮) સેકશન અધિકારીશ્રી 'ખ' શાખા. સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯) સીલેક્ટ ફાઈલ.

અનુસૂચિત જાતિ / જનજાતિના પ્રમાણપત્ર
માટેનું માળખું નિયત કરવા અંગે.

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ,**
**સચિવાલય, ગાંધીનગર. તા. ૨૭-૧૦-૧૯૮૭**

ઠ રા વ :—

છેલ્લા કેટલાક સમયથી અનુ. જાતિ/જનજાતિની વ્યક્તિઓને જાતિ પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ અધિકારીઓ તરફથી જુદા જુદા નમુનામાં પ્રમાણપત્રો આપવામાં આવતા હોઈ તેમાં વિસંવાદિતા ઉપસ્થિત થતી આવા જાતિ પ્રમાણપત્રો જો ચોક્કસ પ્રકારના નમૂનામાં અપાય તો તેમાં એક વાક્યતા જળવાઈ રહે તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

આથી આ ઠરાવવામાં આવે છે કે અનુ. જાતિ/જનજાતિ પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સર્વ અધિકારીઓએ ભારત સરકારના ગૃહ મંત્રાલયે તેમના તા. ૬-૮-૧૯૮૪ના ક્રમાંક : બીસી/૧૬૦૧૪-૧-૮૨-એસસી એન્ડ બીસીડી/ ૧ થી નિયત કરેલ નમૂનામાં જ (નકલ સામેલ છે) જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી

ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

૧. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦, (સર્વ સંબંધિત અધિકારીઓને જાણ કરવાની વિનંતી સહ)

૨. સર્વ જિલ્લા કલેક્ટરશ્રીઓ.

૩. સર્વ જિલ્લા વિકાસ અધિકારી (નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીઓને જાણ કરવાની વિનંતી સાથે)

૪. સર્વ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

૫. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ.

૬. સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.

૭. સચિવશ્રી, મહેસૂલ વિભાગ.

૮. સચિવશ્રી, શિક્ષણ વિભાગ.

૯. સર્વ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).

૧૦. સીલેક્ટ ફાઈલ.

## ગુજરાત સરકાર
## ગુજરાતની અનુસૂચિત જાતિઓ માટે જાતિ અંગેના
## પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી------------------------------------------------
શ્રી ------------------------------------------------------------ ના પુત્ર / પુત્રી, રહેવાસી ------------------------------------------------

ગામ/નગર ------------------------ જિલ્લા/વિભાગ જેઓ બંધારણના (અનુસૂચિત જાતિઓ) હુકમ/ ૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરેલ જાતિ પૈકી ------------------------------------------------ જાતિના છે. (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની યાદીઓ સને ૧૯૫૬ના (રૂપાંતરિત) હુકમથી સને ૧૯૬૦ના મુંબઈ નવેસરથી ઘડવામાં આવેલ કાયદાથી સને ૧૯૭૬ના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સુધારેલા હુકમથી સુધારવામાં આવી છે.)

સ્થળ ------------------------------------------------------------ સહી------------------------------------------------------------
તારીખ ------------------------------------------------------------ હોદ્દો ------------------------------------------------------------

(કચેરીના સિક્કા સહિત)

* જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા

** જે અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓની યાદી.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર/મદદનીશ/નાયબ કલેક્ટર/ સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/કારોબારી ન્યાયાધીશ.

૨. મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસુલી અધિકારીઓ.

## ગુજરાત *સરકાર
## અન્ય રાજ્ય / સંઘ પ્રદેશમાંથી ગુજરાતમાં સ્થળાંતર કરીને આવેલી અનુસૂચિત જાતિની વ્યક્તિઓને માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો :

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી------------------------------------------------------------------ શ્રી ---------------------------------------------- ના પુત્ર / પુત્રી ગુજરાત રાજ્યના ગામ/નગર ------------------------ જિલ્લો / વિભાગના રહેવાસી છે અને તેઓ ---------------------------- જાતિના છે. તેઓ જે જાતિના છે તે જાતિને ભારતના બંધારણ (અનુસૂચિત જાતિઓ) હુકમ- ૧૯૫૦ તથા ભારતના બંધારણ (અનુસૂચિત જાતિઓ) (સંઘ પ્રદેશ) હુકમ હેઠળ (સને ૧૯૫૬ના હુકમથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સુધારેલી, ફેરફાર કરેલી યાદીઓ મુંબઇ (પુર્નરચના) ધારો ૧૯૬૦, પંજાબ પુર્નરચના ધારો /૧૯૬૬, હિમાચલ પ્રદેશ ધારો,૧૯૭૦ ઉત્તર-પૂર્વ વિસ્તારો (પુર્નરચના ) ધારો,૧૯૭૧ અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના હુકમો સુધારો ) ધારો ૧૯૭૬ પ્રમાણે સુધાર્યા મુજબ. ભારતના બંધારણ (જમ્મુ અને કાશ્મીર) અનસુચિત જાતિઓ, હુકમ, ૧૯૫૬ ભારતના બંધારણ (પોંડિચેરી) અનુસુચિત જાતિઓ, હુકમ ૧૯૬૪ ભારતનાં બંધારણ (ગોવા, દમણ અને દિવ)અનુસૂચિત જાતિઓ, હુકમ ૧૯૭૮થી અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરવામાં આવેલ છે.

આ પ્રમાણપત્રથી શ્રી/શ્રીમતી/કુમારી ------------------------------------------------------------------------ ------------------------------રહેવાસી ------------------------------------------ગ્રામ/નગર જિલ્લો/------------------------ ---વિભાગ----------------------રાજ્ય/સંઘ પ્રદેશને આપવામાં આવેલ અનુસૂચિત જાતિ અંગેના પ્રમાણપત્રના આધારે આપવામાં આવે છે. તેઓ----------------------------------------------------------------------જાતિના છે. જે જાતિના------------------------ --

રાજ્ય/સંઘ પ્રદેશમાં અનુસૂચિત જાતિ તરીકે માન્ય રાખવામાં આવી છે.

ઉક્ત પ્રમાણપત્ર---------------------------------------------------------------------------------(નિયત અધિકારીનું નામ) એ તેમના તા. -----------------------------------------------------------ના નંબર------------------------------થી આપ્યું છે.

શ્રી/શ્રીમતી/કુમારી------------------------------------------------------------------અને / અથવા તેનું / તેણીનું કુટુંબ સામાન્ય રીતે ----------------------------------ગામ /નગર------------------------------જિલ્લો/ વિભાગ ----------------------------------રાજ્ય/ સંઘ પ્રદેશ----------------------------------ના નું રહેવાસી છે.

સ્થળ --------------------------------------------------- સહી----------------------------------------------------------

તારીખ ------------------------------------------------- હોદ્દો ----------------------------------------------------------

(કચેરીના સિક્કા સહિત)

* જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા

** જે ફકરો લાગુ ન પડતો હોય તે છેકી નાખો.

અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓનું પ્રમાણપત્ર.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/કલેકટર/મદદનીશ/નાયબ કલેક્ટર/ સચેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/કારોબારી ન્યાયાધીશ.

૨. મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસુલી અધિકારીઓ.

## ગુજરાત સરકાર

### અન્ય રાજ્ય / સંઘ પ્રદેશમાંથી ગુજરાતમાં સ્થળાંતર કરીને આવેલી અનુસૂચિત જાતિની વ્યક્તિઓને માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો :

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી----------------------------------------
શ્રી ---------------------------------------- ના પુત્ર / પુત્રી ગુજરાત રાજ્યના ગામ/નગર ----------------------
જિલ્લો / વિભાગના રહેવાસી છે અને તેઓ ---------------------- જાતિના છે. તેઓ જે જાતિના છે તે જાતિને ભારતના બંધારણ (અનુસૂચિત જનજાતિ) હુકમ- ૧૯૫૦ તથા ભારતના બંધારણ (અનુસૂચિત જનજાતિઓ) (સંઘ પ્રદેશ) હુકમ ૧૯૫૧ હેઠળ ૧૯૫૬ના હુકમથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સુધારેલી, (ફેરફાર કરેલી) યાદીઓ મુંબઈ પુનર્રચના ધારો, ૧૯૬૦, પંજાબ પુનર્રચના ધારો/૧૯૬૬, હિમાચલ પ્રદેશ ધારો,૧૯૭૦ ઉત્તર-પૂર્વ વિસ્તારો (પુનર્રચના ) ધારો, ૧૯૭૧ અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના હુકમો (સુધારો ) ધારો, ૧૯૭૬ પ્રમાણે સુધાર્યા મુજબ, ભારતના બંધારણ (આંદામાન અને નિકોબાર ટાપુઓ) ) અનસુચિંત જાતિઓ, હુકમ, ૧૯૫૯, ભારતના બંધારણ (દાદરા અને નગર હવેલી) અનુસુચિત જનજાતિઓ, હુકમ ૧૯૬૨થી ભારતના બંધારણ (ઉત્તર પ્રદેશ) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૧થી ભારતના બંધારણ (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ, હુકમ ૧૯૬૮ભારતમાં બંધારણ (નાગાલેન્ડ) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૭૦ ભારતના બંધારણ (સિક્કિમ) અનુસૂચિત જાતિઓ, હુકમ, ૧૯૭૮થી અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરવામાં આવેલ છે.

આ પ્રમાણપત્રથી શ્રી/શ્રીમતી/કુમારી ----------------------------------------ના
પિતા/માતા શ્રી/શ્રીમતી----------------------------------------રહેવાસી ગામ/નગર ----------------------જિલ્લો/વિભાગ
----------------------રાજ્ય/સંઘ પ્રદેશને આપવામાં આવેલ અનુસૂચિત જનજાતિ અંગેના પ્રમાણપત્રના આધારે આપવામાં આવે છે.

તેઓ----------------------------------------અનુસૂચિત જનજાતિના છે. જે જાતિને----------------------------
રાજ્ય/સંઘ પ્રદેશમાં અનુસૂચિત જનજાતિ તરીકે માન્ય રાખવામાં આવી છે.

ઉક્ત પ્રમાણપત્ર----------------------------------------------------------------(નિયત અધિકારીનું નામ)
એ તેમના તા. ----------------------ના નંબર----------------------------------------થી આપ્યું છે.

શ્રી/શ્રીમતી/કુમારી----------------------------------------------------------------અને /અથવા તેનું/તેણીનું કુટુંબ સામાન્ય રીતે
----------------------------------------ગામ /નગર--------------------------------જિલ્લો/ વિભાગ --------------------------------રાજ્ય/
સંઘ પ્રદેશ--------------------------------ના/નું રહેવાસી છે.

સ્થળ ---------- ---------------------------------------- સહી----------------------------------------

તારીખ ---------------------------------------------------- હોદ્દો ----------------------------------------

(કચેરીના સિક્કા સહિત)

* જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા.

** જે ફકરો લાગુ ન પડતો હોય તે છેકી નાખો.

અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓનું પ્રમાણપત્ર.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર/મદદનીશ/નાયબ કલેક્ટર/ સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/કારોબારી ન્યાયાધીશ.

૨. મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસુલી અધિકારીઓ.

તાત્કાલિક

ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ,
સમાજ કલ્યાણ વિભાગ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૦-૧૧-૮૭.

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ કલ્યાણ ખાતું,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૪, જુના સચિવાલય,
ગાંધીનગર.

વિષય :—અનુસૂચિત જાતિ/જનજાતિના પ્રમાણપત્ર માટેનું માળખું નિયત કરવા અંગે.

શ્રીમાન,

સરકારશ્રીના ઉપર્યુક્ત બાબતના તા. ૨૭-૧૦-૮૭ના સરખા ક્રમાંકના ઠરાવ સાથે અનુસૂચિત જાતિ/જનજાતિની વ્યક્તિઓને જાતિ પ્રમાણપત્ર આપવા માટે નિયત કરેલ નમૂના ગુજરાતીમાં આપને મોકલી આપવામાં આવેલા છે. જેના અંગ્રેજી નમૂના આ સાથે આપને મોકલી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(ક. ર. વસાવા)
સેક્શન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

બિડાણ : પ્રમાણપત્રના નમૂના (અંગ્રેજીમાં)

**નકલ રવાના :**

૧. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ/પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ/મહેસૂલ વિભાગ/શિક્ષણ વિભાગ.

૨. સર્વે જિલ્લા કલેક્ટર.

૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારી (ના જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા અધિકારીઓ કામ કરવાની વિનંતી સાથે)

૪. સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

૫. સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)

૬. સિલેક્ટ ફાઈલ.

અનુસૂચિત જાતિ/જનજાતિ પ્રમાણપત્ર માટેનું માળખું
નિયત કરવા અંગે.

---

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૨૪-૫-૧૯૮૮**

**વંચાણે લીધા :–**

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જ સેલ ૫૦૨૩- સી. તા. ૨૪-૧૨-૭૧.
(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : ૫વટ-૩૪૭૬/૬૫૪૧-જ-૧ સેલ. તા. ૧-૧૧-૭૬.
(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૨/૫૯/ખ. તા. ૪-૬-૧૯૮૨.
(૪) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક : બી સી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ બી સી ડી-૧, તા. ૯-૮-૮૪.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસી ડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ. તા, ૨૭-૧૦-૮૭.

**ઠરાવ :—**

૧. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક : બી સી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ બી સી ડી-૧, તા. ૯-૮-૮૪ની સૂચનાઓ અનુલક્ષીને રાજ્યના અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેના દાખલા કાઢી આપવાની સત્તા સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૭-૧૦-૮૭ના ઠરાવ ક્રમાંક : એસસી ડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ. માં દર્શાવેલ સક્ષમ અધિકારીઓને આપવામાં આવેલ છે અને તે મુજબ તેનો અમલ કરવામાં આવે છે. આ હુકમો અમલમાં આવ્યા તે પહેલાં આ વિભાગના વખતો વખત સુધારેલ તા. ૨૪-૧૨-૭૧ના ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જ સેલ ૫૦૨૩-સી. ના પરિશિષ્ટ-૭માં દર્શાવેલ અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્રો કાઢી આપવામાં આવતા હતા.

૨. તા. ૨૭-૧૦-૮૭ના હુકમો દ્વારા જે અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. તેઓની સંખ્યા મર્યાદિત હોઈ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્રો કઢાવવામાં ઘણી મુશ્કેલી પડે છે. અને સમયનો પણ ઘણો વ્યય થાય છે તે મુજબની રજૂઆત કેટલાક ધારાસભ્યો, સંબંધકર્તા અધિકારીઓ તેમજ સમાજના આગેવાન નાગરિકો તરફથી સરકારને મળી છે. તેઓની રજૂઆત પ્રમાણે તા. ૨૭-૧૦-૮૭ પહેલાં જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવાની જે વ્યવસ્થા હતી તે ચાલુ રહેવી જોઈએ. જેથી અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિને જરૂરી જાતિ પ્રમાણપત્રો મેળવવામાં કોઈ પ્રકારની મુશ્કેલી પડે નહીં.

૩. સરકારશ્રીએ આ રજૂઆત પર કાળજી ભરી વિચારણા કરી છે અને એવી સ્પષ્ટતા કરતા ઠરાવે છે કે તા. ૨૭-૧૦-૮૭ના ઠરાવમાં દર્શાવેલ યાદી મુજબ જે અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવામાં આવેલ છે તે પ્રમાણપત્રો ભારત સરકારની અથવા તો અખિલ ભારત સ્તરની નોકરીઓ કે એવા અન્ય હેતુ માટે પ્રસ્તુત જાતિના ઉમેદવારો દ્વારા જે તે સંસ્થાને રજૂ કરવાના હેતુથી ઉપયોગમાં લઈ શકાશે જ્યારે ગુજરાત રાજ્યની નોકરીઓના હેતુ માટે કે અન્ય તમામ હેતુઓ માટે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો આપવાની બાબતમાં તા. ૨૭-૧૦-૮૭ પહેલાંની જે વ્યવસ્થા હતી તે અમલમાં રહેશે એટલે કે વખતો વખતના સુધારેલા શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૪-૧૨-૭૧ના ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જ સેલ ૫૦૨૩-સી. ના પરિશિષ્ટ-૭માં જેનો ઉલ્લેખ કરેલો છે તે તમામ અધિકારીઓ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિના પ્રમાણપત્રો કાઢી આપવા માટે સત્તા ધરાવતા સક્ષમ અધિકારીઓ ગણાશે અને તેમના દ્વારા આપવામાં આવેલ જાતિ અંગેના દાખલા ગુજરાત રાજ્યની નોકરીઓના હેતુ માટે માન્ય ગણવામાં આવશે. આવા અધિકારીઓની યાદી સરળતા ખાતર આ સાથે જોડેલા પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ની. ના. મહેતા)**
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી
રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવ, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ.
સચિવ, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સચિવાલયના સર્વ વિભાગો.
સર્વ જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે ખાતા અને કચેરીના વડાઓ.
સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
સીલેકટ ફાઈલ.

## પરિશિષ્ટ.

### અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :—

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશનર/કલેકટર/વધારાના નાયબ કમિશનર/નાયબ કલેકટર/પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટ/સીટી મેજિસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) તાલુકા મેજિસ્ટ્રેટ/કાર્યપાલક મેજિસ્ટ્રેટ.

૨. મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ/પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ.

૩. સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

૪. મામલતદારથી નીચેની કક્ષાના નહિ એવા મહેસૂલી અધિકારીઓ.

૫. ઉમેદવાર અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૬. વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદ્વીપ અને મિનિકોય ટાપુઓ.

૭. જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ/તાલુકા વિકાસ અધિકારીઓ.

૮. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ, વર્ગ-૧.

અનુસૂચિત જાતિ/જનજાતિ પ્રમાણપત્ર માટેનું માળખું નિયત કરવા અંગે.

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ,**
**સુધારા ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૪-૩-૧૯૮૯**

**સુધારા ઠરાવ :—**

મંજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૧૧-૭૬ના ઠરાવ ક્રમાંક : પવટ/૩૪૩૬/૬૫૪૧/જ-૧ સેલ થી રાજ્યના અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેના દાખલા આપવાની સત્તા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને પણ આપવામાં આવી છે. જ્યારે તા. ૨૪-૫-૮૮ના સરખા ક્રમાંક વાળા ઠરાવના પરિશિષ્ટમાં ક્રમાંકઃ ૧ થી ૮ આગળ દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓમાં તાલુકા વિકાસ અધિકારીનો સમાવેશ કરેલ નથી. તેથી ક્રમાંક ૭ **'જિલ્લા વિકાસ અધિકારી' 'નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ'** પછી **'તાલુકા વિકાસ અધિકારી'** શબ્દોનો ઉમેરો કરી વાંચવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**હ. વ. પટેલ,**
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
૨. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
૩. સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ.
૪. સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
૫. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
૬. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૭. પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
૮. સચિવાલયના સર્વે વિભાગો.
૯. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/નાયબ કલેકટરશ્રીઓ/મામલતદારશ્રીઓ.
૧૦. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૧. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૨. સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓ વર્ગ-૧.
૧૩. સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
૧૪. સીલેકટ ફાઈલ.

## પરિશિષ્ટ

## અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :—

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશનર/કલેકટર/વધારાના નાયબ કમિશનર/નાયબ કલેકટર/પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટ/સીટી મેજિસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) તાલુકા મેજિસ્ટ્રેટ/કાર્યપાલક મેજિસ્ટ્રેટ.

૨. મુખ્ય પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ/પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ.

૩. સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

૪. મામલતદારથી ઉપરની કક્ષાના નહિ એવા મહેસૂલી અધિકારીઓ.

૫. ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૬. વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોપ ટાપુઓ.

૭. જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ/તાલુકા વિકાસ અધિકારીઓ.

૮. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ, વર્ગ-૧.

ક્રમાંક :-પરચ/૧૫૮૯/૯૦૦/૪
સમાજ કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૨/૮/૧૯૮૯.

પ્રતિ,
શ્રી પી. કે. વાલેરા,
નિયામકશ્રી,
સમાજ કલ્યાણ ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય :- પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતા તુરી/ગરોડા/વણકર સાધુ અને હરીજન બાવા ના બાળકોને ખાસ શૈક્ષણિક પ્રોત્સાહક યોજનાનો લાભ આપવા બાબત.

શ્રીમાન,

ઉપયુક્ત વિષય અંગે આપના તા. ૨/૩/૮૯ ના પત્ર ક્રમાંક સક/શિક્ષણ/૮૯/૪૯૭ અન્વયે વિભાગના તા. ૨૫/૧/૮૯ ના ઠરાવ નંબર-પરચ/૧૦૮૯/૨૨/(૨) જ, થી અનુસુચિત જાતિ પૈકીની વધુ પછાત જાતિઓ ભંગી,સેનવા હાડી અને નાડીયા જ્ઞાતિના ધોરણે તુરી, ગરોડા, હરીજન, બાવા અને વણકર સાધુના બાળકોને ખાસ શૈક્ષણિક પ્રોત્સાહક યોજનાનો લાભ આપવાનું ઠરાવેલ છે તે પૈકી 'હરીજન બાવા' અને 'વણકર-સાધુ' નો અનુસુચિત જાતિની માન્ય યાદીમાં સમાવેશ ન થતો હોઈ આ શબ્દો માન્ય યાદીમાં દર્શાવેલા 'બાવા-ઢેઢ-સાધુ' ના પર્યાયરૂપ શબ્દો હોવા અંગે અનુમોદન માંગવામાં આવેલ.

૨. અનુ.જાતિઓ પૈકીની વધુ પછાત જાતિઓના લોકોને મળતા લાભો તુરી જ્ઞાતિ સહિત' હરીજન-બાવા' અને વણકર-સાધુ' ને આપવા બાબતે વિભાગના તા. ૨૫/૧/૮૯ના ઉપર દર્શાવેલ ઠરાવમાં ઉપર્યુક્ત જાતિનો સમાવેશ થયો છે. તે શબ્દો અનુ.જાતિની માન્ય યાદીમાં સમાવિષ્ટ 'ઢેઢ-બાવા' ના પર્યાય તરીકે 'હરીજન-બાવા' અને ઢેઢ-સાધુ' ના પર્યાય તરીકે 'વણકર સાધુ' શબ્દો વાપરવા અંગે સરકારશ્રીની અનુમતિ મેળવેલ છે. આ સંજોગોમાં 'હરીજન-બાવા' અને 'વણકર-સાધુ' ને અનુ.જાતિની માન્ય યાદીના ક્રમ-૩ સામે દર્શાવેલ ' ઢેઢ-બાવા' અને'ઢેઢ-સાધુ' ના પર્યાય તરીકે ગણી. તે જાતિઓને અનુ.જાતિ પૈકીની વધુ પછાત જાતિઓને મળતા લાભો આપવા જે તે ઠરાવોનો અમલ કરવા તેમજ આ અંગે સંબંધિત તમામ અધિકારીઓને યોગ્ય કાર્યવાહી કરવા માટે જરૂરી સુચના આપવા અને તેની સરકારશ્રીને જાણ કરવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ

સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

અનુસુચિત જાતિ/જનજાતિને જાતિ પ્રમાણપત્રો આપવા અંગે પૂરતી ચોકસાઈ રાખવા બાબત.

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક : અજપ/૧૦૮૯/૬૩૦/ચ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૨૩/૮/૮૯.**

વંચાણે લીધા :-આદિજાતિ વિકાસ વિભાગ પરિપત્ર ક્રમાક : અજપ/૧૨૮૬/ભા.સ.-૨-ચ. તા. ૨૭/૬/૮૬.

પરિપત્ર :-

આમુખમાં દર્શાવેલ પરિપત્રોથી અનુસુચિત જાતિ/જનજાતિના ઈસમોને જાતિના પ્રમાણપત્રો આપવા બાબતમાં પૂરતી ચોકસાઈ રાખવા તેમજ જાતિના પ્રમાણપત્ર આપતાં પહેલા જરૂરી પુરાવાઓની ચકાસણી/ખરાઈ કરીને જ પ્રમાણપત્રો આપવા અંગેની સુચનાઓ આપવામાં આવી છે.

આમ છતાં સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે પ્રમાણપત્ર આપવાને સક્ષમ અધિકારીઓ ધ્વારા માત્ર સોગંદનામાને આધારે અનુસુચિત જાતિ/જનજાતિના પ્રમાણપત્રો આપવામાં આવે છે. સોગંદનામા પરથી પ્રમાણપત્ર આપતી વખતે ખરેખર તે વ્યક્તિ પછાત વર્ગની છે કે નહિ તેની ખાતરી કરવામાં આવતી નથી.

આ બાબતની ગંભીરતા વિચારણામાં લઈ આથી ફરીથી સુચના આપવામાં આવે છે કે ઉપર આમુખમાં દર્શાવેલ વિભાગના તા. ૨૭/૬/૮૬ ના પરિપત્ર તેમજ ભારત સરકારની જાતિના પ્રમાણપત્રો આપવા અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવું. અરજદારે રજુ કરેલ માત્ર સોગંદનામુ એ આધારભૂત પુરાવો ગણાય નહી અને તેથી તેને આધારે જાતિનું પ્રમાણ પત્ર આપવું નહી. જાતિ પ્રમાણપત્ર મેળવવાનો દાવો કરનાર ઉમેદવારનું રહેઠાણ, માતા-પિતાની જાતિ, મેટ્રીક્યુલેશન કે શાળા છોડયાનું પ્રમાણપત્ર,

જન્મ નોંધણી પ્રમાણપત્ર, રેવન્યુ રેકર્ડ વગેરે પુરાવાઓની કાળજી પૂર્વક ચકાસણી કરીને જાતિનું પ્રમાણપત્ર આપવાની સુચનાઓ આથી સર્વે સંબંધિત પ્રમાણપત્ર આપવાને સક્ષમ અધિકારીઓના ધ્યાન પર લાવવામાં આવે છે. આ સુચનાઓ ચુસ્તપણે અમલમાં મૂકવા પણ સુચના આપવામાં આવે છે.

આ પરિપત્ર સમાજ કલ્યાણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની તારીખ ૧૨/૬/૮૯ ની નોંધણી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પરિતોષ ક્રિશિયન

સેકશન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. નિયામક, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨. સચિવાલયના સર્વ વિભાગો
૩. સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/નાયબ જિલ્લા વિકાસ અધિકારી
૪. સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
૫. સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
૬. સર્વે તાલુકા મામલતદારશ્રીઓ.
૭. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
૮. સેકશન અધિકારીશ્રી, -ખ-શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સિલેક્ટ ફાઈલ.

---

નંબર : અજપ-૧૯૯૦-૧૨૭૩-ચ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (આ.પ્ર.)
સચિવાલય, ગાંધીનગર,
તારીખ :-૨૭/૧૨/૯૦.

પ્રતિ,
શ્રી પી. કે. વાલેરા,
નિયામકશ્રી,
સમાજ કલ્યાણ ખાતું,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૪, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય :- ખોટી રીતે અપાયેલ અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો રદ કરવા તથા અન્ય અનુષંગિક કાયદાકીય કાર્યવાહી કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના આપના તા. ૧૩/૧૧/૯૦ ના અ.સ.પત્ર ક્રમાંક સક/સા.વ./૪/(૪૬૫) ૨૫૦૮/૯૦/૩૪૧૯ ના સંદર્ભે આજ્ઞાનુસાર જણાવવાનું કે, અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રો આપવાની બાબતમાં સરકાર અને સ્થાનિક અધિકારીઓ (કલેકટરશ્રી સહિત) વચ્ચે નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાના વડા તરીકે ગણી શકાય. તેથી અનુસુચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરાવા બાબતે જો આવું પ્રમાણપત્ર નિયામક, સમાજ કલ્યાણ સિવાયના અધિકારીઓએ આપ્યુ હોય તો નિયામક, સમાજ કલ્યાણ રીવ્યુની કાર્યવાહી કરી શકે. સરકાર કે જે નિયામક, સમાજ કલ્યાણથી ઉપરની કક્ષામાં છે તે પણ જરૂર જણાયે નિયામક, સમાજ કલ્યાણ સહિત કોઈપણ સક્ષમ સત્તાધિકારીએ આપેલ પ્રમાણપત્ર રિવ્યુમાં લઈ શકે.

પૂરતી ચકાસણી કર્યા વગર અનુસૂચિત જનજાતિનુ પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી સામે તથા પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી સમક્ષ ખોટા પુરાવા રજુ કરીને આવુ પ્રમાણપત્ર મેળવનાર અરજદાર સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવાની જોગવાઈ ભારત સરકારના તા. ૨૯-૬-૮૨ ના પત્ર ન. બીસી/૧૨૦૨૫/૧/૮૨-એસસી એન્ડ બીસીડી-૪ ના ફકરા-૪માં છે જ જે વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એ.આઈ.અંજારીયા)
નાયબ સચિવ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.
(આ.પ્ર.)

નકલ રવાના :ખ શાખા, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ. ક. પ્રભાગ) તરફ તેમની ફાઈલ નં. એસસીડબલ્યુ/૧૦૯૦/૧૫૬૧/ખ સહિત.

મુળ અનુ. જાતિના પરંતુ બુધ્ધ ધર્મ પાળતા
લોકોને અનુ. જાતિના લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ નં. એસસી ડબલ્યુ-૧૦૯૦/આઇ-૮૫/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૧૬-૧૨-૯૧

વંચાણે લીધા :-

(૧) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક :-એસસી ડબલ્યુ/૧૨૭૭/૩૨૧૦૬/૭૯/જ, તા. ૨૦/૬/૭૯
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક :-એસસી ડબલ્યુ/૧૦૮૧/૧૨૯૧૩/૩૬૫/ખ, તા. ૨૪/૭/૮૧
(૩) ભારત સરકારના તા. ૨૦/૧૧/૯૦ નો પત્ર ક્રમાંક:-૧૨૦૧૬/૨૮/૯૦ એસસીડી (આર.સેલ)
(૪) સંવિધાન (અનુસૂચિત જાતિ) આદેશો (સુધારા) અધિનિયમ - ૧૯૯૦ નં. ૧૫ તા. ૩/૬/૧૯૯૦
(૫) નિયામકશ્રી સમાજ કલ્યાણનો અ.સ.પત્ર ક્રમાંક :-સક/જનરલ/૪/૫૫૧/૪૮૩૨/૯૦-૪૨ તા. ૪-૧-૧૯૯૧.

ઠરાવ :-

અનુસૂચિત જાતિમાંથી ધર્મ પરિવર્તન કરીને જેઓએ બોધ્ધ ધર્મ અંગિકાર કરેલ હોય તેવા ઈસમોને અનુસૂચિત જાતિના લાભો આપવાની બાબત ભારત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તે અન્વયે ભારત સરકારે તા. ૪-૬-૯૦ ના સંવિધાન (અનુસૂચિત જાતિ) આદેશો (સુધારા) અધિનિયમ - ૧૯૯૦ (નં. ૧૫ ઓફ ૧૯૯૦) થી અનુસૂચિત જાતિમાંથી ધર્મ પરિવર્તન કરી બૌધ્ધ ધર્મ અંગિકાર કરેલ ઈસમોને અનુસૂચિત જાતિના લાભો આપવાનું ઠરાવેલ છે. તથા તે અંગે ભારત સરકારે ઉપર આમુખમાં જણાવેલ અનુક્રમાંક (૩) ઉપર જણાવેલ પત્રથી જરૂરી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

૨/-આથી મુળ ગુજરાતના વતની હોય અને અનુસૂચિત જાતિમાંથી ધર્મ પરિવર્તન કરી જેઓએ બૌધ્ધ અંગિકાર કરેલ હોય તેવા ઈસમોને ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના લાભો આપવાના રહે છે. ભારત સરકારની આમુખ ક્રમાંક (૩) માં જણાવેલ તા. ૨૦/૧૧/૯૦ ની સુચનાઓ મુજબ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અંગેનો પ્રેશીડેન્શીયલ ઓર્ડર ૧૯૫૦ બહાર પડ્યાની તારીખે મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જાતિના ઈસમો પૈકી જેઓએ ધર્મ પરિવર્તન કરી બૌધ્ધ ધર્મ અંગીકાર કરેલ હોય તેવા અનુસૂચિત જાતિના ઈસમોને ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓને મળતા તમામ લાભો આપવાના રહેશે. અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આ સાથેના બિડાણ મુજબ આપવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. પી. ભટ્ટ,

ઉપ-સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ

નં. સક/તાસ/૩/૫૫૧/૧૯૭/૯૨/૪૬૨
નિયામક સમાજ કલ્યાણ ખાતુ,
બ્લોક નં. ૪, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૨૪-૨-૯૨

પ્રતિ,

(૧) જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી,......................
જીલ્લો ..........................................તમામ
(૨) જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પં) શ્રી..........................
જીલ્લા પંચાયત...............................................તમામ
૨/-જાણ અને અમલ સારૂ

સહી.
નાયબ નિયામક
સમાજ કલ્યાણ ખાતુ.

## ANNEXURE

**From of certificate to be produced by a candidate belonging Scheduled Caste or Scheduled Tribe in support of his claim.**

## FORM OF CASTES CERTIFICATE

This is to certify that Shri/Shrimati/Kumari .................................................................................. Son/daughter of ...................................................................................... Village/town ............................................ in district/Division ............................................ of the State/Union Territory .............................................. belong to the ..................................................caste/tribe which is recognised as a scheduled Caste/Scheduled Tribe.

**Under :-**

@ The Constitution (Scheduled Castes) Order, 1950.
@ The Constitution (Scheduled Tribes) Order, 1950.
@ The Constitution (Scheduled Castes) (Union Territories) Order, 1951.
@ The Constitution (Scheduled Tribes) (Union Territories) Order, 1951.
as amend by the Scheduled Castes and Scheduled Tribes lists.
(Modification) Order, 1956 the Bombay Reorganisation Act, 1960.
the Punjab Reorgam sation, Act, 1966, the State of Himachal Predesh
Act, 1970, the North Eastern Areas (Reorganisation) Act, 1971 and
Scheduled Tribes Orders (Amendment) (Act, 1976)
@ The Constitution (Jammu and Kashmir) Scheduled Castes Order, 1956.
@ The Constitution (Jammu and Kashmir) Scheduled Tribes Order, 1989.
@ The Constitution (Andaman and Nicobar Island) Scheduled Tribes Order, 1959.
@ The Constitution (Dadra and Nagar Haveli) Scheduled Castes Order, 1962.
@ The Constitution (Pondicherry) Scheduled Castes Order, 1964.
@ The Constitution Scheduled Tribes (Uttar Pradesh)Order, 1967.
@ The Constitution (Goa, Daman & Diu) Scheduled Castes Order, 1968.
@ The Constitution (Goa, Daman & Diu) Scheduled Tribes, Order, 1968.
@ The Constitution (Nagaland) Scheduled Tribes, Order, 1970.
@ The Constitution (Sikkim) Scheduled Castes Order, 1978.
@ The Constitution (Sikkim) Scheduled Tribes, Order, 1978.
@ The Constitution Scheduled Castes, Order, (Amendment) Act, 1990

2. Application in the case of Scheduled Castes/Scheduled Tribes persons who have migrated from the State/ Union Territory : certificate is issued on the basis of the Scheduled Caste Schedule Tribes certificate issued to Shri/Shrimati .............................................................. father/mother of Shri/Shrimati/Kumari ............................ in District/Division ...................................... of the State/Union Territory ........................................ who belongs to the ..............................................................caste/tribe which is recognised as a Scheduled Caste/Scheduled Tribe in the State/Union Territory.......................................................... issued by the ........................................ (name of prescribed authority) viz their No. ................................................ date ...........................................

3. Shri/Shrimati/Kumari ............................................................................................ and/or his/her family ordinarily reside (s) in village/town...................................................... of .................................................. District/Division of the State/Union Territory of ...........................................................

Signature ..................................................................
Designation ..............................................................
(with seal of office)

Place ............................................................ State/Union Territory
Date : .........................................................

* Please delete the words which are not applicable.
@ Please quota specific Presidential Order.
Delate the paragraph which is not applicable.

**Note :** The 'Ordinarily reside(s) used here will have the same meaning as in Section 20 of the Representation of the peoples act, 1950.

List of authorities empowered to issued Scheduled Caste/Scheduled Tribes Certificates :

1. District Magistrate/Additional District Magistrate/Collector/Deputy Commissioner/Deputy Collector/ Ist Class Stipendary Magistrate/Executive Magistrate/Extra Assistant Commissioner. (Not below the rank of Ist Class Stipendary Magistrate).
2. Chief Presidency Magistrate/Additional Chief Presidency Magistrate/Presidency Magistrate.
3. Revenue Officers not below the renk of Tehsildar.
4. Sub-Divisional Officer of the area where the candidate and/or his family normally resides.
5. Administrator/Secretary to Administrator/Development Officer (Lock shadw ep Islands).

નં. સક/તા. સં/૩/૧૪૬/૧૪૩૬/૯૩/૧૨૪૫
નિયામક, સમાજ કલ્યાણ ખાતું.
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૪, બીજો માળ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર. તા. ૨૭-૭-૯૩.

પ્રતિ,
ઉપસચિવશ્રી,
આદિજાતિ વિકાસ વિભાગ,
'ચ' શાખા, સચિવાલય, ગાંધીનગર.

વિષય : અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો રદ કર્યા બાદ કરવાની આનુસંગિક કાર્યવાહી બાબત.

ઉપરોક્ત વિષયના વિભાગના તા. ૧૦-૬-૯૩ ના પત્ર નં. અજપ/૧૯૯૩/૬૧૬/ચ અન્વયે જણાવવાનું કે, અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર રદ કર્યા બાદ વિભાગ દ્વારા જણાવેલ પેરાવાઈઝ નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

(૧) જેનું બોગસ જાતિ પ્રમાણપત્ર રદ થઈ ગયું છે. તેવા ઇસમ ત્યારબાદ અનુસૂચિત જનજાતિના લાભો ન મળે તે માટે અસલ પ્રમાણપત્ર અત્રે જમા લેવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) સર્ટી રદ કર્યા બાદ બહોળી પ્રસિધ્ધિ મળે તે માટેની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) બોગસ પ્રમાણપત્ર મેળવનાર ઇસમ સામે પગલાં ભરવા આઇ. પી. સી. મુજબ સંબંધિત અધિકારીને પોલીસ કેસ કરવા જણાવવામાં આવે છે. જ્યારે ઓફ સર્ટી આપનાર સામે ફોજદારી કાર્યવાહી માટે સંબંધિત ખાતાને જણાવવામાં આવે છે.

(૪) પ્રમાણપત્ર આપનાર અધિકારી સામે ખાતાકીય તપાસ કરવા જે તે તાબાના નિયંત્રણ અધિકારીને જણાવવામાં આવે છે.

આમ અનુસૂચિત જનજાતિના બોગસ સર્ટી રદ કર્યા બાદ ઉપર મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. જેની જાણ થવા વિનંતી છે.

સહી.
નિયામક,
સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર વતી.

જાતિ પ્રમાણપત્ર સંબંધિત રેકોર્ડ સાચવવાની
સમયમર્યાદા નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ**
**પરિપત્ર ક્રમાંક અજમ-૧૦૯૫-૩૭૫-અ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ-૨૭-૭-૧૯૯૫**

વંચાણે લીધા :- સમાજ કલ્યાણ નિયામકશ્રીની કચેરીનો તા. ૨૨-૨-૯૫નો પત્ર ક્રમાંક : સક/અગન/તારા/૯૫/૩૪૧/૨૦૦૩.

**ઠરાવ**

બંધ કરેલી બધી ફાઈલો તેમની અગત્ય અને વહીવટી જરૂરિયાતો પ્રમાણે સંદર્ભ માટે જોઈતા સમયને લક્ષમાં લઈને તે સાચવી રાખવા માટે કચેરી કાર્યપધ્ધતિ મુજબ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવાની હોય છે.

૨. અનુ. જાતિ/જનજાતિના પ્રમાણપત્રો તથા તેને લગતું તમામ રેકર્ડ એવા પ્રકારનું રેકર્ડ છે કે ઘણાં વર્ષો પછી પણ તેની જરૂર પડે છે કેટલીકવાર જે તે વ્યક્તિએ ખોટા પ્રમાણપત્રો રજૂ કરી સરકારી લાભો મેળવ્યા અંગે ફરિયાદો થતી હોય છે અથવા તો ગમે તે સમયે જે તે વ્યકિતના હકક દાવા અન્વયે ચકાસણી કરવાના પ્રસંગો ઉદભવતા હોય છે. વળી જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારીએ પણ જો ખોટું જાતિ પ્રમાણપત્ર આપેલ હોય તો તેમની સામે પણ ખાતાકીય રાહે શિક્ષાત્મક પગલાં લેવાના પ્રસંગો બનતા હોય છે. આથી આવા હેતુ માટે પણ જાતિ પ્રમાણપત્રને સંબંધિત તમામ આધાર-પુરાવાઓ સહિતનું રેકર્ડ કાયમી ધોરણે સાચવવાનું જરૂરીજણાયું છે. આથી સઘન વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે અનુસૂચિત જાતિ/જનજાતિ અંગેનું તમામ-રેકર્ડ 'ક' વર્ગમાં વર્ગીકૃત કરી કચેરી કાર્યપધ્ધતિની સૂચનાઓ અનુસાર જાળવવું.

૩. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે જોવા આથી લાગતા-વળગતા અધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી.
**(વી.એમ. પરમાર)**
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
માન. મંત્રીશ્રી સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી
માન. મંત્રીશ્રી આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, આદિજાતિ વિકાસ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે મામલતદારશ્રીઓ.
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
વિભાગની સર્વે શાખાઓ.
પસંદગી ફાઈલ.

વાય-૧૦૯-૨૫

અનુ.જાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો તથા
અનુ.જાતિના લાભો મળવા બાબતની માર્ગદર્શક
સુચનાઓ.

ગુજરાત સરકાર,
સમાજકલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : અજપ-૧૦૯૭-૨૬૯૯-ઙ,
તારીખ : – ૨૧ જાન્યુઆરી, ૧૯૯૮

વંચાણે લીધા : –

(૧) ભારત સરકારનો અનુ.જાતિ જનજાતિ અધિનિયમ ૧૯૫૦, તા.૧૦-૮-૫૦
(૨) મુંબઈ રાજ્યના શ્રમ અને સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૨૦૫૦-ઈ તારીખ :- ૧૨-૮-૫૮.
(૩) ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ વિભાગના પત્ર ક્રમાંક : ૧૩-૯-૭૧ એસઓટી ૧ તા. ૧૦-૬-૭૧.
(૪) શિક્ષણ અને શ્રમ વિભાગના પત્ર ક્રમાંક : સીબીસી-૧૧૭૧-૫૫૨૫૪-જ તા. ૩૦-૧-૭૧.
(૫) શિક્ષણ અને શ્રમ વિભાગના પત્ર ક્રમાંક : સીબીઈ-૩૩૪૭૧-જેસેલ તા. ૨૪-૧૨-૭૧.
(૬) શિક્ષણ અને શ્રમ વિભાગના પત્ર ક્રમાંક : પીએમએસ-૧૦૭૨-૧૦૭૨૩૦-જ તા. ૮-૧-૭૩.
(૭) ગૃહમંત્રાલય (ભારત સરકાર) નો ક્રમાંક : ૩૫ એ/૭૨ આર.યુ.એસટીટીવી તા. ૨-૫-૭૫
(૮) ભારત સરકારનો અનુ.જાતિ અને અનુ.જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ (સને ૧૯૭૬ એક્ટ ૧૦૮) તા. ૧૮-૯-૭૬
(૯) મજુર અને સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પવટ-૩૪૭૬-૬૫૪૫-જ-૧ સેલ તા. ૧-૧૧-૭૬
(૧૦) ગૃહમંત્રાલય (ભારત સરકાર) ઠરાવ ક્રમાંક : બીસી-૧૨૦૨૫/૨/૭૬.એસસીટીસીઆઈની તા. ૨૨-૩-૭૭
(૧૧) ગૃહમંત્રાલય (ભારત સરકાર) ઠરાવ ક્રમાંક : ૩૯-૩૭-૭૩.એસસીટીસીઆઈની તા. ૨૧-૫-૭૭
(૧૨) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૭૭-૨૫૭૯૮-જ તા. ૨૩-૫-૭૭.
(૧૩) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૭૭-૮૬૬૦૨-જ તા. ૧-૧૦-૭૭.
(૧૪) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૭૫-૮૦૧૦-જ તા. ૧૩-૧૨-૭૭.
(૧૫) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૭૭-૭૯- ૪૦૭-જ તા. ૨-૩-૭૮.
(૧૬) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૭૮-૭૫૪૦-જ તા. ૩૦-૩-૭૮.
(૧૭) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૭૯-૬૨૮૭-જ તા. ૧૦-૫-૭૯.
(૧૮) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૨૭૭-૩૨૧૦૬ (૭૯)-જ તા. ૨૦-૬-૭૯.
(૧૯) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક : ડીઓએમ-૧૧૭૯-પાસપોર્ટ-બી તા. ૧૯-૭-૭૯.
(૨૦) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૧-૧૨૯૧૩-૩૬૫-ખ તા. ૨૪-૭-૮૧.
(૨૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ક્રમાંક : બીસી-૧૨૦૨૫-૪૪-૮૦ એસસી એન્ડ બીસીડી I/IV તા. ૧૦-૨-૮૨.
(૨૨) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) નો ક્રમાંક : બીસી-૧૨૦૧૫-૧૧-૭૯ એસસી એન્ડ બીસીડી I/IV તા. ૨૯-૩-૮૨.
(૨૩) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) નો ક્રમાંક : બીસી-૧૧૦૧૭-૧૩-૮૨ પીસીઆરસેલ તા. ૨૭-૪-૮૨.
(૨૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૨-૫૯-ખ તા. ૪-૬-૮૨.
(૨૫) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) નો ક્રમાંક : બીસી-૧૨૦૨૫-૧-૮૨ એસસી એન્ડ બીસીડી IV તા. ૨૯-૬-૮૨.
(૨૬) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) અ.સ.પત્ર -૧૨૦૧૬-૧૯-૮૨ એસસી એન્ડ બીસીડી IV તા. ૨૫-૮-૮૨.
(૨૭) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) ક્રમાંક : બીસી-૧૬૦૧૪-૧-૮૨એસસી એન્ડ બીસીડી તા. ૧૮-૧૧-૮૨.
(૨૮) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૨-૧૦૫૨-ખ તા. ૨૨-૧૧-૮૨.
(૨૯) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) ક્રમાંક : બીસી-૧૬૦૧૪-૧-૮૨એસસી એન્ડ બીસીડી I તા. ૬-૮-૮૪.
(૩૦) સમાજ કલ્યાણ વિભાગનો ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૫-ખ તા. ૨૬-૮-૮૫.
(૩૧) સમાજ કલ્યાણ વિભાગનો ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૭-૯૪૭-ખ, તા. ૩૧-૮-૯૭.
(૩૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ તા. ૨૭-૧૦-૮૭.
(૩૩) સમાજ કલ્યાણ વિભાગનો ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ તા. ૨૪-૫-૮૮.
(૩૪) સમાજ કલ્યાણ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૭-૮૪૬-ખ તા. ૪-૩-૮૯.
(૩૫) ભારત સરકારના સંવિધાન અનુ.જાતિ આદેશો (સુધારો) અધિનિયમ-૧૯૯૦નં. ૨૫ તારીખ : ૩-૬-૯૦.
(૩૬) કલ્યાણ મંત્રાલય (ભારત સરકાર) ૧૨૦૨૫-૧૪-૯૦ એસસીટી/આરએલ/સેલ તા. ૧૬-૮-૯૦.
(૩૭) આદિજાતિ વિકાસ વિભાગનો પત્ર અજપ-૧૯૯૦-૫૮૫-૨ તા. ૨૫-૧૦-૯૦.
(૩૮) કલ્યાણ મંત્રાલય (ભારત સરકાર) ક્રમાંક : ૧૨૦૧૬-૨૮-૯૦ એસસીટી/આરસેલ તા. ૨૦-૧૧-૯૦.
(૩૯) આદિજાતિ વિકાસ વિભાગનો પત્ર ક્રમાંક અજપ-૧૯૯૦-૧૨૭૩-ચ તા. ૨૭-૧૨-૯૦.
(૪૦) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૧-૨૦૧-ખ તા. ૧૮-૭-૯૧.
(૪૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૦-આઈ-૮૫-ખ તા. ૧૬-૧૨-૯૧.
(૪૨) સમાજ કલ્યાણ વિભાગનો પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૯૩-૪૧૯૯-ખ તા. ૧૨-૭-૯૪.

(૪૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : સીએઆર-૧૦૯૪-૮૯૯-ખ તા. ૧૨-૯-૯૫.

(૪૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૪-૧૪૨૯-હ તા. ૬-૩-૯૭.

**પરિપત્ર**

અનુસૂચિત જાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો તથા અન્ય લાભો આપવા બાબતના ભારત સરકાર તથા રાજ્ય સરકારના ઉપર વંચાણમાં લીધેલા હુકમોનું એકત્રીકરણ કરીને એક સંકલિત પરિપત્ર બહાર પાડવાનું જરૂરી જણાતાં ઉપર આમુખમાં જણાવેલ ઠરાવ/પરિપત્રોની સુચનાઓ સંકલિત કરીને નીચે જણાવ્યા પ્રમાણે પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

આ પરિપત્રથી બહાર પાડવામાં આવેલ સુચનાઓ જે તે બાબતની માત્ર સરળ સમજુતિના હેતુ માટે છે અને તે અંગે ઉદ્‌ભવતી બાબતોના ચોકકસ અર્થઘટન માટે ઉપર જણાવેલ જે તે સમયના હુકમોની જોગવાઈઓ આખરી ગણવાની રહેશે.

**અનુસૂચિતજાતિઓની યાદી બાબત.**

(અ) ભારત સરકારે આમુખ-૧થી રાજ્યવાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓની યાદી બહાર પાડેલ છે. આ યાદી મુજબ સૌરાષ્ટ્ર સ્ટેટ અને બોમ્બે સ્ટેટની અનુસૂચિતજાતિ/જનજાતિની યાદી આપવામાં આવી હતી. જે પાછળથી હાલના ગુજરાત રાજ્યમાં સમાવેશ કરવામાં આવેલ હતો. સૌરાષ્ટ્ર સ્ટેટમાં ૧૫ જાતિઓ અને બોમ્બે સ્ટેટમાં ૨૬ જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. (આ સાથેના પરિશિષ્ટ ૧ (અ) અને પરિશિષ્ટ ૧. (બ) મુજબ.)

(બ) ગુજરાત રાજ્યની પુન : રચના બાદ આમુખ ક્રમાંક : ૮ સામે જણાવેલ ભારત સરકારના તા. ૧૮-૯-૭૬ ના રોજ અનુ.જાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ બહાર પાડવામાં આવેલ છે, જેમાં કુલ ૩૦ અનુ.જાતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. (આ સાથેના પરિશિષ્ટ ૨ (અ) (અંગ્રેજી ભાષામાં) તથા પરિશિષ્ટ ૨ (બ) ગુજરાતી ભાષા મુજબ.)

**અનુ.જાતિ તરીકેના લાભો કોને મળી શકે. ?**

(૧) ભારત સરકારે પ્રસિધ્ધ કરેલ અનુ.જાતિઓની અદ્યતન યાદી અનુસાર નીચેના કિસ્સા મુજબ અનુ.જાતિના લાભો મળવાપાત્ર થાય છે.

(૧) આમુખમાં ક્રમાંક : ૭ સામે જણાવેલ ભારત સરકારના તા. ૨-૫-૭૫ના પત્રની સુચના મુજબ સામાન્ય રીતે બધા કેસોમાં લાગુ પાડવા પાત્ર સુચનાઓ એટલે કે જ્યારે વ્યકિત જન્મથી જ અનુ.જાતિ/જનજાતિ હોવાનો હકકદાવો કરે ત્યારે

(અ) વ્યકિત અને એના માતા પિતા ખરેખર હકદાવો કરાયેલ કોમના હોવા જોઈએ.

(બ) ભારત સરકારે બહાર પાડેલ અનુ.જાતિ/જનજાતિની યાદીમાં (સંબંધિત રાજ્ય) માટે ભારત સરકારે બહાર પાડેલ યાદી) હકદાવો કરાયેલ કોમનો સમાવેશ થયેલ હોવો જોઈએ.

(ક) વ્યકિત જે અંગે કોમને અનુસૂચિત કરાયેલ છે તે રાજ્યની અને તે રાજ્યના અંદરના વિસ્તારની હોવી જોઈએ.

(ડ) વ્યકિત અનુ.જાતિનો હોવાનો હકકદાવો કરે તો એ કાંતો હિન્દુ કે શીખ ધર્મ પાળતો હોવો જોઈએ.

(ઈ) વ્યકિત અનુસૂચિત જનજાતિનો હોવાનો હકકદાવો કરે તો એ ગમે તે ધર્મ પાળી શકે છે.

(૨) આંતરજ્ઞાતિય લગ્નના કિસ્સામાં અને આંતરજ્ઞાતિય લગ્ન કરનારના યુગલોના સંતાનના કિસ્સામાં.

(અ) આમુખ-૨ સામે જણાવેલ તા. ૧૨/૮/૫૮ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે કે આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલો તથા તેમના સંતાનોને અનુસૂચિત જાતિના લાભો મળી શકે. પરંતુ હવે ભારત સરકારે તા. ૨/૫/૭૫ની (આમુખ-૭માં જણાવેલ)માર્ગદર્શક સૂચનાઓ મુજબ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલો પૈકી જે મુળ અનુસૂચિત જાતિના હોય તેમને જ અનુ. જાતિના લાભો મળી શકે જે અનુ.જાતિની વ્યક્તિ નથી તેને અનુ.જાતિના લાભો મળી શકે નહીં.

(બ) આંતરજ્ઞાતિય લગ્ન કરનારના યુગલોના સંતાનોને અનુ. જાતિના લાભ મળી શકે કે કેમ ? તે બાબતે આમુખ-૧૧ સામે જણાવેલ ભારત સરકારના ગૃહમંત્રાલયના તારીખ ૨૧/૫/૭૭ ના પત્રથી કેટલાક કાનુની અભિપ્રાયો ટાંકીને વિસ્તૃત સુચનાઓ પરિપત્રિત કરેલ છે તે મુજબ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગોલોના સંતાનનો જે સમાજ/વાતાવરણમાં ઉછેર થાય, જે સમાજ સ્વીકારે, તે સમાજ અનુસૂચિત જાતિમાં ગણાય છે કે કેમ તે અનુસાર તે સંતાનોને લાભો આપવા કે કેમ તે વિચારવાનું રહે છે.

(ક) આમુખ-૭માં જણાવેલ ભારત સરકારની તા. ૨/૫/૭૫ ની સુચનાઓ અન્વયે સમાજકલ્યાણ વિભાગે તા. ૩૧/૮/૮૭ ના રોજ આમુખ-૩૧ થી આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ તથા તેમના સંતાનોને અનુસુચિત જાતિના લાભો મળે કે કેમ તે અંગે સુચનાઓ પરિપત્રિત કરેલ હતી તેમાં ભારત સરકારના તા. ૨૧/૫/૭૭ ના પત્રથી સુચનાઓ(આમુખ-૧૧) વંચાણે લેવામાં આવેલ ન હતી. આમુખ-૧૧ માં દર્શાવેલ ભારત સરકારની તા. ૨૧/૫/૭૭ ની સુચનાઓ મુજબ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલના બાળકનો જે સમાજમાં (પતિપત્ની પૈકી) ઉછેર થાય અને જે સમાજ સ્વીકારે તે સમાજ અનુસાર યથા પ્રસંગે અનુ.જાતિના ગણવાની સુચનાઓ છે.

(૩) સ્થળાંતરના કિસ્સામાં :

(અ) ભારત સરકારે તા. ૧૭/૬/૭૧ના રોજ (આમુખ-૩) થી પરિપત્રિત કરેલ સુચનાઓ મુજબ અનુ.જાતિના ઈસમો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરે તો સ્થળાંતરના રાજ્યમાં તેમને અનુ.જાતિના લાભો મળી શકે નહિ. આ ઈસમોને મુળ રાજ્યમાં જ અનુ.જાતિના લાભો મળી શકે. ભારત સરકારની આ સુચનાઓ અન્વયે રાજ્ય સરકારના શિક્ષણ અને શ્રમ વિભાગે પણ ઉદાહરણરૂપ કિસ્સાના ઉલ્લેખ સહિત તા. ૩૦-૧૧-૭૧ ના રોજ (આમુખ-૪) થી પરિપત્રબહાર પાડેલ છે.

(બ) અનુ.જાતિની વ્યક્તિ પોતાના જ રાજ્યના એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં સ્થળાંતર કરે તો પણ તેને તેના મુળ જિલ્લામાંથી જ જાતિ પ્રમાણપત્ર મળી શકે. અન્ય જિલ્લામાંથી આવું પ્રમાણપત્ર મળી શકે નહીં તેવી સુચના ભારત સરકારે તા. ૨૦/૩/૭૭ ના પરિપત્ર (આમુખ-૧૦) થી પરિપત્રિત કરેલ છે.

(ક) સ્થળાંતરીત રાજ્યમાં અનુ.જાતિના ઈસમોને તેઓ ક્યા રાજ્યના અનુ.જાતિના છે તેવું જાતિ પ્રમાણપત્ર સ્થળાંતરના જિલ્લામાંથી આપવા માટે ભારત સરકારે તા. ૧૮/૧૧/૮૨ (આમુખ-૨૭) થી સુચનાઓ પરિપત્રિત કરેલ છે. આ સુચનાઓ મુજબ સ્થળાંતરના રાજ્યમાં માત્ર પ્રમાણપત્ર મળી શકે, અનુ. જાતિના લાભો મળવાપાત્ર થતા નથી.

(ડ) સ્થળાંતરના રાજ્યમાં જાતિ પ્રમાણપત્રનો નમુનો ભારત સરકારે તા. ૬/૮/૮૪ (આમુખ-૨૯) થી પરિપત્રિત કરેલ છે. જે અન્વયે સમાજ કલ્યાણ વિભાગે પણ તા. ૨૭/૧૦/૮૭ અને તા. ૧૬/૧૨/૯૧ થી (આમુખ ૩૨ અને૪૧) થી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

(૪) મોચી જાતિને અનુ.જાતિમાં ગણવા બાબત.

સને ૧૯૭૬ માં અનુ.જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ (આમુખ : ૮) બહાર પાડવામાં આવ્યો તે પહેલાં મોચી જાતિ ફક્ત 'ડાંગ' જિલ્લામાં અને તે વખતના સુરત જિલ્લાના 'ઉંમરગાંવ' તાલુકામાં જ અસ્પૃશ્ય ગણાતી હતી. તેથી ૧૯૭૬ પહેલાં મોચી જાતિ માત્ર 'ડાંગ' જિલ્લામાં અને સુરતના ઉંમરગાંવ તાલુકામાંજ અનુ.જાતિ તરીકે માન્યતા ધરાવતી હતી. આમ તે વખતે મોચી જાતિ માટે વિસ્તાર મર્યાદા હતી, પરંતુ ભારત સરકારે આમુખ : ૮ માં જણાવેલ અનુ.જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ૧૯૭૬ બહાર પાડ્યો તેમાં મોચી જાતિને સમગ્ર ગુજરાત રાજ્યમાં અનુસુચિત જાતિ તરીકે ગણવાની માન્યતા આપવામાં આવી છે અને રાજ્ય સરકારે આમુખ ૧૨, ૧૩ અને ૧૭ થી જરૂરી સુચનાઓ પણ પરિપત્રિત કરી છે.

(૫) ધર્માન્તર અને પુનઃધર્માન્તર કેસો :

(અ) આમુખમાં ક્રમાંક ૭ સામે જણાવેલ ભારત સરકારની તા. ૨/૫/૭૫ ના સુચનાઓ મુજબ અનુસુચિત જાતિના વ્યક્તિ હિન્દુ ધર્મ કે શીખ ધર્મ સિવાયના ધર્મમાં ધર્માન્તર કરે અને પાછી પોતે હિન્દુ ધર્મ કે શીખ ધર્મમાં પુનઃધર્માન્તર કરે ત્યાં તેનીજ જાતિના સભ્યોને પોતાનામાંના એક તરીકે સ્વીકારે તો તે પોતાની મુળ અનુસુચિત જાતિમાં પાછો ફરેલો ગણાશે.

(બ) અનુસુચિત જાતિની ધર્માન્તર કરેલ વ્યક્તિના વંશજની બાબતમાં હિન્દુ કે શીખ ધર્મમાં ધર્માન્તરની હકીકત જ એના પુર્વજો જેમાં હતા તે માટે હકકદાર બનાવવા માટે પુરતો નથી. તે પ્રસ્થાપિત કરવાનું રહેશે કે આવી ધર્માન્તર કરેલ વ્યક્તિને હકકદાવા કરેલ જાતિમાં સભ્યોએ પોતાનામાંનો એક સભ્ય તરીકે સ્વીકારેલ હોય અને આમ તે એ જાતિની સભ્ય બનેલ હોય.

(૬) દત્તક વિધાનના કિસ્સામાં (cases of adoption)

અનુસુચિત જાતિની વ્યક્તિએ દત્તક લિધેલ બાળક/ઈસમ યથા પ્રસંગ અનુસુચિત જાતિનું ગણાય કે કેમ તે અંગે ભારત સરકારે આમુખનાં ક્રમ ૭ સામે જણાવેલ તા. ૨/૫/૭૫ ના પત્રથી નીચે મુજબ માર્ગદર્શક સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

(અ) દત્તક લેવાયેલ વ્યક્તિને અનુસુચિત જાતિની વ્યક્તિએ દત્તક લીધેલ છે એવા કારણે દત્તક લેવાયેલ વ્યક્તિ અનુસુચિત જાતિ હોવાનો હકકદાવો રજૂ કરતા હોય તો એટલા માત્ર કારણથી દત્તક લેવાયેલા વ્યક્તિ અનુસુચિત જાતિની ગણી શકાશે નહિ પરંતુ ઉપર જણાવેલ સંજોગોમાં/કેસોમાં જાતિનું પ્રમાણપત્ર આપતા પહેલાં સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓએ દત્તક વિધાનની કાયદેસરતા સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરવી પડશે.

(બ) દત્તક લેવાયેલ વ્યક્તિ/ઈસમ જ્યાં સુધી તેઓ ખરેખર દત્તક લેવાયેલ છે એવું સબળ અને વિશ્વાસપાત્ર પુરાવા દ્વારા સ્પષ્ટ પણે સાબિત ન કરે ત્યાં સુધી જાતિ પ્રમાણપત્ર આપી શકશે નહિ અર્થાત પોતાનો હકકદાવો સાબિત કરવાનું પક્ષકારને શિરે રહે છે.

(ક) કાયદેસર દત્તક વિધાનની જરૂરીયાત હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૬ થી ૧૧માં

આપવામાં આવેલ છે. જેના સંબંધિત ઉતારા આમુખમાં જણાવેલ (ક્રમ ૭ સામે) ભારત સરકારના તા. ૨/૫/૭૫ ના પત્રમાં આપવામાં આવેલ છે તે ચકાસણી કરીને જ આવા દત્તક ઈસમને જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૭) બૌધ્ધ ધર્મીઓને અનુ. જાતિના લાભો આપવા બાબત :

સન ૧૯૯૦ પહેલા બૌધ્ધ ધર્મી અનુ.જાતિના લોકોને અનુ.જાતિના લાભો મળતા ન હતા પરંતુ ભારત સરકારે તા. ૩-૬-૯૦ થી (આમુખ ૩૫) થી અનુ.જાતિ સુધારા અધિનિયમ ૧૯૯૦ નં. ૧૫ બહાર પાડી બૌધ્ધ ધર્મી અનુ.જાતિના લોકોને અનુ.જાતિના લાભો આપવાનું ઠરાવેલ છે અને ભારત સરકારે તા. ૨૦/૧૧/૯૦ થી (આમુખ ક્રમાંક ૩૮)થી જરૂરી સુચનાઓ પરિપત્રિત કરી હતી જે અન્વયે રાજ્ય સરકારે આમુખ ૪૧ થી તા. ૧૬/૧૨/૯૧ ના રોજ જરૂરી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

(૮) સરદાર સરોવર પ્રયોજના અસરગ્રસ્તોને અનુ.જાતિના લાભો આપવા બાબત :

સરદાર સરોવર પ્રયોજના (નર્મદા યોજના) અસરગ્રસ્ત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનુ.જાતિ તથા અનુ.જાતિના લોકો ગુજરાત રાજ્યમાં સ્થળાંતર કરે તો તેમને ગુજરાત રાજ્યમાં અનુ.જાતિના અર્ધવૈધાનિક અને અવૈધાનિક લાભો આપવા સંબંધે સમાજ કલ્યાણ વિભાગે અનુક્રમે તા. ૧૮/૭/૯૧ (આમુખ ૪૦) અને તા. ૬/૩/૯૭ (આમુખ ૪૪) ના રોજ જરૂરી ઠરાવ બહાર પાડેલ છે. (વૈધાનિક લાભો માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે.)

૩. જાતિ પ્રમાણપત્ર આપવા માટે નિયત નમુના તથા જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓ બાબત :

(અ) આમુખમાં ક્રમ ૨૯ સામે જણાવેલ ભારત સરકારના ગૃહમંત્રાલયના તા. ૬/૮/૮૪ના પત્રથી જાતિ પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ અધિકારીઓ નિયત કરવામાં આવેલ છે. તથા યથાપ્રસંગ કેવા નમુનામાં જાતિ પ્રમાણપત્ર આપવું તેના નમુના પણ નિયત કરવામાં આવેલ છે.

(બ) ભારત સરકારના ઉપર જણાવેલ તા : ૬/૮/૮૪ના પત્રના અનુસંધાને યથાપ્રસંગ રાજ્ય સરકારે ઉપર આમુખમાં ક્રમાંક ૩૧ થી ૩૪ સામે જણાવેલ ઠરાવ/પરિપત્રથી જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે.

(ક) જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓની યાદી પરિશિષ્ટ ૩ તેમ જ જાતિ પ્રમાણપત્રના નમુના પરિશિષ્ટ ૪ (અ) ૧ અને પરિશિષ્ટ ૪ (અ) (૨) અંગ્રેજીમાં તથા પરિશિષ્ટ ૪ (બ) ૧ અને ૪ (બ) ૨ ગુજરાતીમાં આ સાથે સામેલ છે.

૪. પછાતવર્ગના વિદ્યાર્થીઓને પેટાજ્ઞાતિને કારણે જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલી દુર કરવા બાબત :

(૧) જે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની પેટા જ્ઞાતિ શાળાના જનરલ રજીસ્ટરમાં હરિજન કે આદિવાસી અથવા એવી જાતિ લખેલ હોય (દા.ત. મકવાણા, પરમાર, સોલંકી) વગેરે કે જેનાથી તેઓ ખરેખર અનુસુચિત જાતિ/જનજાતિની વ્યક્તિ હોવા છતાં તેનો લાભ ન લઈ શકે તો તેઓના પિતા/વાલીને પુછીને તેઓની પેટાજ્ઞાતિ બાબતમાં શાળાના રજીસ્ટરમાં તે મુજબ સુધારો કરવો જોઈએ. આ અંગેની ખરાઈ માટે વિદ્યાર્થીના પિતા/વાલી તરફથી ધારાસભ્યશ્રી, નગરપાલિકાના અનુ.જાતિના સભ્યશ્રી, ગામના સરપંચશ્રી, પંચાયતના અનુ.જાતિના સભ્યશ્રીનો દાખલો રજુ કરવામાં આવે તો તેને માન્ય રાખવા અને તેઓને મળતી તમામ શૈક્ષણિક સવલતોનો લાભ આપવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ/જિલ્લા પંચાયતના શાસનાધિકારીશ્રીઓને આમુખમાં ક્રમાંક ૬ સામે જણાવેલ રાજ્ય સરકારના તા : ૮-૧-૭૩ના પરિપત્રથી વિનંતી કરવામાં આવેલ છે. આ જાતિમાં સુધારો વિદ્યાર્થીને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર શાળા તરફથી આપવામાં આવે તે પહેલાં થઈ જવો જોઈએ. એટલે કે એસએસસી (હાલમાં ન્યુ એસ.એસ.સી.)ની પરીક્ષા આપવા માટે ફોર્મ ભરવાની તારીખ પહેલાં આ ફેરફાર શાળાએ કરાવી લેવો જરૂરી છે. તથા વિદ્યાર્થીના પિતા/વાલી જ્યારે શાળામાં વિદ્યાર્થીને દાખલ કરાવવા આવે ત્યારે તેમની પેટાજ્ઞાતિ ખરેખર કઈ છે તેની તપાસ કરીને જ શાળાના જનરલ રજીસ્ટરમાં દર્શાવવી જોઈએ.

આ બાબતમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓને તેમના જીલ્લાની શાળાના આચાર્યશ્રીઓને તકેદારી રાખવા સુચના આપવાનું પણ આમુખ ક્રમાંક ૬ સામે જણાવેલ તા: ૮-૧-૭૩ના પરિપત્રથી વિનંતી કરવામાં આવેલ છે. આ ઉપરાંત પછાતવર્ગના વિદ્યાર્થીઓને પેટાજ્ઞાતિની સ્પષ્ટતા ન હોવાને કારણે જો તેઓની શૈક્ષણિક સવલતો નામંજુર થયેલ હોય તો વિદ્યાર્થીના/વિદ્યાર્થીનીના પિતા/વાલી પેટાજ્ઞાતિની સ્પષ્ટતા કરે તો તેઓની જે તે વર્ષની શૈક્ષણિક સવલતો પણ મંજુર કરવા આમુખ ૬ સામે જણાવેલ તા:૮-૧-૭૩ના પરિપત્રથી સુચનાઓ આપવામાં આવેલી છે.

(૨) અનુસુચિત જાતિના પ્રમાણપત્રો આપવામાં પુરતી ચોકસાઈ રાખવા બાબત :

અનુસુચિત જાતિની ન હોય તેવી વ્યક્તિઓ પણ આવી જાતિનું પ્રમાણપત્ર મેળવે અને આ જાતિઓને મળતા લાભો મેળવે તેની સંભાવના રહે છે. જાતિનું પ્રમાણપત્ર અગત્યનો દસ્તાવેજી પુરાવો છે તેથી અનુસુચિત જાતિના લોકોને જાતિ અંગેનુ પ્રમાણપત્ર આપવામાં પુરતી કાળજી અને ચોકસાઈ રાખવાની આમુખમાં ક્રમ ૨૮ સામે જણાવેલ સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા: ૨૨-૧૧-૮૨ના પરિપત્રથી સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવેલી છે.

આ ઉપરાંત પરપ્રાંતમાંથી અને સ્થળાંતર કરી વસેલા અનુ.જાતિના લોકોને અત્રેથી જાતિ પ્રમાણપત્ર મળી શકે નહીં તેની પણ ખાસ કાળજી રાખવા સુચના આપવામાં આવેલ છે.

૫. સામાન્ય સુચનાઓ :-

(૧) અમદાવાદના ચીફ મેજીસ્ટ્રેટને વસવાટ હક્ક (Domicile) પ્રમાણપત્ર આપવાની સત્તાઓ તા:૧૧-૬-૭૪ના ઠરાવથી આપવામાં આવેલ હતી. સામાન્ય વહીવટ વિભાગે આમુખ ક્રમાંક ૧૯ સામે જણાવેલ તેના તા: ૧૯-૭-૭૯ના ઠરાવથી આ સત્તાઓ પરત ખેંચીને આ સત્તાઓ અમદાવાદ શહેર વિસ્તારમાં પોલીસ કમિશ્નરશ્રીને આપેલ છે.

(૨) ભુતપુર્વ શિક્ષણ અને મજુર વિભાગે આમુખ ક્રમાંક-૫થી તારીખ ૨૪-૧૨-૭૧ના રોજ બહાર પાડેલ નોકરીઓમાં અનામત જગ્યાઓની સુચનાઓ મુજબ **અનુ.જાતિઓ અને અનુ.જનજાતિઓના હકદાવાની ખરાઈ કરવા માટે આવશ્યક દસ્તાવેજી પુરાવાઓનો નિર્દેશ છે જેમાં મેટ્રીક્યુલેશન કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર લક્ષમાં લેવા જણાવાયું છે.**

(૩) અનુ.જાતિ/અનુ.જનજાતિના લોકોની પ્રગતિને અસરકર્તા પ્રશ્નો અંગે નોડલ વિભાગ તરીકે સમાજકલ્યાણ વિભાગ/આદિજાતિ વિકાસ વિભાગનો પરામર્શ કરવા ભારત સરકારના અનુ.જાતિ જનજાતિ રાષ્ટ્રીય આયોગના સને ૧૯૮૬-૮૭ના ૨૮મા અહેવાલની ભલામણ ક્રમાંક ૨૪ અન્વયે આમુખ : ૪૩ થી તા : ૧૨-૯-૯૫ના રોજ સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

(૪) સરકારી કામકાજ પત્રવ્યવહારમાં હરિજન/ગિરિજન જેવા અપમાનજનક શબ્દોનો ઉપયોગ ન કરવા બાબતે અનુક્રમે તા:૧૦-૨-૮૨ (આમુખ ૨૧) તથા ૧૬-૮-૯૦ (આમુખ ક્રમાંક ૩૬) થી જરૂરી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

વી.એમ.પરમાર

ઉપસચિવ,

સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

**નકલ રવાના :**

સચિવાલયના સર્વે વિભાગો,

નિયામકશ્રી, સમાજકલ્યાણ ખાતુ, ગુ.રા., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ)

તકેદારી અધિકારીશ્રી સર્વે

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,

સર્વે સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ,

સમાજકલ્યાણ વિભાગની સર્વે શાખાઓ,

સીલેક્ટ ફાઈલ.

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.** નં. સક/તાસ/મ/૩/૯૮/૧૩૩૨

૧. કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી (૨૫) (સર્વે). તા: ૫/૨/૯૮

૨. જીલ્લા વિકાસ અધિકારીશ્રી,
જીલ્લા પંચાયત (૨૫) (સર્વે).

૩. તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ

૪. જિલ્લા પછાતવર્ગ, કલ્યાણ અધિકારીશ્રી (૨૪) (સર્વે).

૫. સ.ક.અ. (પંચાયત) (૨૫) (સર્વે).

૬. સર્વે. શાખા, વડી કચેરી, ગાંધીનગર (સર્વે).

સહી/-

નાયબ નિયામક

સ. ક. ખાતુ

ગુ.રા. ગાંધીનગર.

## પરિશિષ્ટ–૧ (અ)

### ભારત સરકારનો તા. ૧૦-૮-૧૯૫૦નો અનુસૂચિત જાતિ/જનજાતિ અધિનિયમ ૧૯૫૦ મુજબ સૌરાષ્ટ્ર રાજ્યની અનુસૂચિત જાતિની યાદી :–

PART XV– SAURASHTRA

Through out the State :–

1. Bawa (Dhedh)
2. Bhangi
3. Chamadia
4. Chamar
5. Dangashia
6. Garoda
7. Gamantang
8. Hadi
9. Meghwal
10. Senva
11. Shemalia
12. Thori
13. Turi
14. Turi-Barot
15. Vankar

## પરિશિષ્ટ–૧ (બ)

### ભારત સરકારનો તા. ૧૦-૮-૧૯૫૦નો અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અધિનિયમ ૧૯૫૦ મુજબ બોમ્બે રાજ્યની અનુસૂચિત જાતિની યાદી :–

PART III–BOMBAY

Through out the State :–

1. Ager
2. Asodi
3. Bakad
4. Bhambi
5. Bhangi
6. Chakrawadya-Dasar
7. Chalvadi
8. Chambhar,Ormodiger or Samagar
9. Chena-Dasaru
10. Chuhar or Chuhra
11. Dakaleru
12. Dhegu-Megu
13. Dhor
14. Garoda
15. Halleer
16. Halsar or Haslar or Hulsavar
17. Holava or Garode
18. Kolcha or Kolgha
19. Lingader
20. Machigar
21. Madig or Mang
22. Mahar
23. Mahyavanshi
24. Mangarudi
25. Meghval or Menghwar
26. Mini Madig

## પરિશિષ્ટ—૨—અ

### ભારત સરકારનો તા. ૧૮-૯-૭૬નો અનુસૂચિત જાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ મુજબ ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓની યાદી :—

1. Ager
2. Bakad
3. Bava-Dedh, Dedh-Sadhu
4. Bhambi, Bhambhi Asadaru, Asodi, Chamadia, Chamar, Chambhar, Chamgar, Haralayya, Harali, Khalpa, Machigar, Mochigar, Madar, Madig, Mochi, Nalia, Telegu, Mochi, Kamati Mochi, Ranigar, Rohidas, Rohit Samgar.
5. Bhangi, Mehtar, Olgana, Rukhi, Malkana Halalkhor, Lalbegi, Balmiki, Korar, Zadmalli
6. Chalvadi, Channayya
7. Chenna Desar, Holaya Desar
8. Dangashia
9. Dhor, Kakkayya, Kankayya
10. Garmatang
11. Garoda, Garo
12. Halleer
13. Halsar, Hasar, Hulasvar, Halasvar
14. Holar, Valhar
15. Holaya, Holar
16. Lingader
17. Mahar, Taral, Dhegu Megu
18. Mahyavanshi, Dhed, Dhedh, Vankar, Maru, Vankar, Antyaj.
19. Mang, Matang, Minimadig
20. Mang-Garudi
21. Meghval, Meghwal, Menghvar
22. Mukri
23. Nadia, Hadi
24. Pasi
25. Sonva, Shonva, Chonva, Sedma, Rawat
26. Shomalia
27. Thori
28. Tirgar, Tirbanda
29. Turi
30. Turi Barot, Dhed Barot.

## પરિશિષ્ટ—૨—બ

### ભારત સરકારનો તા. ૧૮-૯-૭૬નો અનુસૂચિત જાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ મુજબ ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓની યાદી :—

(ગુજરાતી ભાષામાં)

૧. અગેર
૨. બાકડ બાન્ટ
૩. બાવા-ડેડ, ડેડ સાધુ
૪. ભાંબી, ભાંભી, અસાદર, એસોડી, ચામડીયા, ચમાર, ચાંભાર, ચામગર, હરીલાપ્પા, હરાલી, ખાલપા, મોચીગર મદાર, માદીગ, મોચી, કામટી, મોચી, રાનીગર, રોહીદાસ, રોહીત, સામગર, નાલીયા, તેલુગુ મોચી,
૫. ભંગી, મહેતર, ઓળગણા, રૂખી, મલંકાણી, હલાલખોર, લાલબેગી, વાલ્મીકી, કોરાર, ઝાડમલ્લી,
૬. ચલવાડી, ચન્નાપ્પા
૭. ચેનાદસાર, હોલાયા, દસાર
૮. ડાંગસીયા
૯. ઢોર, કકકાપ્પા, કંકાપ્પા.
૧૦ ગરમાતુંગ
૧૧. ગરોડા, ગરો.
૧૨. હુલ્લોર
૧૩. હલસર, હસલર, હુલ્લાસ્વર, હલસ્વર
૧૪. હોલાર, વલ્હાર
૧૫. હોલીયા, હોલેર
૧૬. લીંગાદેર
૧૭. મહાર, તરાલ, ઢેગુમેગુ
૧૮. માયાવંશી, ઢેડ, ઢેઢ વણકર, મારુવણકર, અંત્યજ
૧૯. માંગ, માતંગ, અથવા માનીમાડીગ
૨૦. માંગ, ગારુડી,
૨૧. મેઘવલ, મેઘવાળ, મેઘવાર.
૨૨. મુકરી
૨૩, નાડીયા, હાડી
૨૪. પાસી
૨૫. ચેનવા, સેનવા, સેનવા સેડમા, રાવત
૨૬. શીમાલિયા
૨૭. થોરી
૨૮. તીરગર, તીરબંદા.
૨૯. તુરી
૩૦. તુરી બારોટ, ઢેઢ બારોટ.

## પરિશિષ્ટ–૩

### અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેકટર/વધારાના નાયબ કમિશ્નર/નાયબ કલેકટર/પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટ/સીટી મેજિસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહિ) તાલુકા મેજિસ્ટ્રેટ/કાર્યપાલક મેજિસ્ટ્રેટ.

૨. મુખ્ય પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ/પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ.

૩. સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

૪. મામલતદારથી ઉતરતી કક્ષાના નહિ એવા મહેસુલ અધિકારીઓ.

૫. ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૬. વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

૭. જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ/તાલુકા વિકાસ અધિકારીઓ.

૮. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ, વર્ગ-૧.

પરિશિષ્ટ–૪ (અ)-૧

# GOVERNMENT OF GUJARAT

## Form of Caste Certificate for Scheduled Castes from Gujarat

This is to certify that Shri/Shrimati/Kumari.............................................................. ...............................................
Son/Daughter of.....................................................................Village/Town ...............................................................
in District / Division...........................................................of the State of Gujarat belongs to the.......................................................................Caste, which is recognised as a Scheduled Caste under :--

The constitution ( Ścheduled Castes ) order 1950

As amended by the Sheduled Castes and Scheduled Tribes lists (Modification),order 1956, the bomnay re-organisation Acts, 1960 and the Scheduled Caste and Scheduled Tribes orders,(Amendment) Act, 1976)

---

Signature ...............................................................
Designation ..........................................................

Place :

Date :

With special of office

Please delete the words which are not applicable.

List of authorities emprowered to issues Scheduled Castes Certificate.

1. District Magistrate /Additional District Magistrate /Collector Assistant /Deputy Collector / Stipendary Megistrate/City Megistrate/Sub-Divisional Megistrate/Taluka Megistrate/Executive Megistrate.

2. Revenue Officers not below the rank of Mamlatdar.

પરિશિષ્ટ-૪ (૫)-૨

GOVERNMENT OF GUJARAT

Who have migrated from one State/Union Territory Administration to Gujarat.

**Form of Caste Certificate for Scheduled Castes persons.**

This is to certify that Shri/Shrimati/Kumari .................................................................. .......................................... Son/Daughter of ..............................................................of village / town .............................................................. in District / Division .............................................. of the State of Gujarat belong to the Scheduled Caste, which is recognished as a Scheduled Caste under :--

@ The Constitution ( Scheduled Castes ) Order 1950.

@ The Constitution ( Scheduled Castes ), (Union Territories), Order, 1951.

(As amended by the Scheduled Castes and Scheduled Tribes Lists (Modification) Order, 1956 the Bombay Reoganisation Act, 1960, the Punjab Reorganisation Act, 1966 the State of Himachal Pradesh Act,1970, the North Eastern Areas (Reorganisation) Act, 1971, and the Scheduled Castes and Scheduled Tribes Orders (Amendment) Act, 1976).

@ The Constitution (Jammu & Kashmir) Scheduled Castes Order, 1956.

@ The Constitution (Pondicherry) Scheduled Castes Order, 1964.

@ The Constitution (Goa, Daman & Diu) Scheduled Castes Order, 1968.

@ The Constitution (Sikkim) Scheduled Castes Order, 1978.

---

This certificate is issued on the basis of the Scheduled Caste Certificate issued to Shri / Shrimati ........................ .................................................................................... Father / Mother of Shri / Shrimati / Kumari .................. ..................................................................... of Village / Town ................................................. in district / Division ............................................ of the State / Union Territory ............................................. who belong to the ................................................. Casts which is recognised as a Scheduled Caste in the State / Union Territory ............................................ issed by the ........................................................ (Name of prescribed authority) vide their No ............................................. dated .............................................

3. Shri / Shrimati / Kumari ........................................................................................ and / or his / her family ordinally resides (a) Village / Town .............................. of ........................... District / Division of the State of Gujarat.

---

Signature .............................................................

Designation .........................................................

( With seal of office )

Place :

Date :

* Please delete the words which are not applicable.

% Delete the paragraph which is not applicable.

** List of authorities emprowed to issues Scheduled Caste Certificates.

1. District Magistrate /Additional District Magistrate /Collector/Assistant Deputy Collector / Stipendary Megistrate/City Megistrate/Sub-Divisional Megistrate/Taluka Megistrate/Executive Megistrate.
2. Revenue Officers not below the rank of Mamlatdar.

# પરિશિષ્ટ–૪ (ચ)-૧
## ગુજરાત સરકાર
## ગુજરાતની અનુસૂચિત જાતિઓ માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી------------------------------------------------ શ્રી ------------------------------------------------ ના પુત્ર / પુત્રી, રહેવાસી ------------------------------------------------ ગામ/નગર ------------------------ જિલ્લા/વિભાગ જેઓ બંધારણના (અનુસૂચિત જાતિઓ) હુકમ/ ૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરેલ જાતિ પૈકી ------------------------------------ જાતિના છે. (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની યાદીઓ સને ૧૯૫૬ના (રૂપાંતરિત) હુકમથી સને ૧૯૬૦ના મુંબઈ નવેસરથી ઘડવામાં આવેલ કાયદાથી સને ૧૯૭૬ના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સુધારેલા હુકમથી સુધારવામાં આવી છે.)

સ્થળ ------------------------------------------------ સહી------------------------------------------------

તારીખ ------------------------------------------------ હોદ્દો ------------------------------------------------

(કચેરીના સિક્કા સહિત)

* જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા

** જે અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓની યાદી.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર/મદદનીશ/નાયબ કલેક્ટર/ સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/કારોબારી ન્યાયાધીશ.

૨. મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસુલી અધિકારીઓ.

## પરિશિષ્ટ–૪ (બ) (૨)

### ગુજરાત સરકાર

### અન્ય રાજ્ય / સંઘ પ્રદેશમાંથી ગુજરાતમાં સ્થળાંતર કરીને આવેલી અનુસૂચિત જાતિની વ્યક્તિઓને માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો :–

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી------------------------------------------------------------------ શ્રી ---------------------------------------------------- ના પુત્ર / પુત્રી ગુજરાત રાજ્યના ગામ/નગર -------------------------- જિલ્લો/ વિભાગના રહેવાસી છે અને તેઓ ---------------------------- જાતિના છે. તેઓ જે જાતિના છે તે જાતિને ભારતના બંધારણ (અનુસૂચિત જાતિઓ) હુકમ- ૧૯૫૦ તથા ભારતના બંધારણ (અનુસૂચિત જાતિ) (સંઘ પ્રદેશ) હુકમ ૧૯૫૧ હેઠળ (સને ૧૯૫૬ના હુકમથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સુધારેલી, ફેરફાર કરેલી યાદીઓ મુંબઈ (પુર્નરચના) ધારો ૧૯૬૦, પંજાબ પુર્નરચના ધારો /૧૯૬૬, હિમાચલ પ્રદેશ ધારો,૧૯૭૦ ઉ.ત્ત.-પૂર્વ વિસ્તારો (પુર્નરચના) ધારો,૧૯૭૧ અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના હુકમો સુધારો ) ધારો ૧૯૭૬ પ્રમાણે સુધાર્યા મુજબ ભારતના બંધારણ (જમ્મુ અને કાશ્મીર) અનસુચિત જાતિઓ, હુકમ, ૧૯૫૬ ભારતના બંધારણ (પોંડિચેરી) અનુસુચિત જાતિઓ, હુકમ ૧૯૬૪ ભારતનું બંધારણ (ગોવા, દમણ અને દિવ)અનુસૂચિત જાતિઓ, હુકમ ૧૯૭૮થી અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરવામાં આવેલ છે.

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ------------------------------------------------------------ શ્રી---------------------------------------------------ના પુત્ર/પુત્રી રહેવાસી ---------------------------------------------------- ગ્રામ/નગર------------------------------------------------ જિલ્લો/વિભાગ જેઓ બંધારણના (અનુસુચિત જાતિઓ) હુકમ-૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલ પૈકી----------------------------જાતિ છે. (અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓની યાદીઓ અને ૧૯૫૬ના (રૂપાંતરીત) હુકમથી સને ૧૯૬૦ના મુંબઈ નવેસરથી ઘડવામાં આવેલ કાયદાથી સને ૧૯૭૬ના અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓના સુધારેલા હુકમથી સુધારવામાં આવી છે.

સ્થળ ------------------------------------------ સહી---------------------------------------------

તારીખ ---------------------------------------- હોદ્દો ---------------------- ----------------------

(કચેરીના સિક્કા સહિત)

* જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા.

*** જે અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓની યાદી.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર/મદદનીશ/નાયબ કલેકટર/ સવેતન મેજીસ્ટ્રેટ/રાટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/કારોબારી ન્યાયાધીશ.

૨. મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસુલી અધિકારીઓ.

**તા. ૧-૫-૬૦ પહેલા એટલે કે મુંબઈ રાજ્ય વખતે ગુજરાતમાં સ્થાયી થયેલા અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : એસસીએ/૧૦૯૩/હા.૯/હ**
**સચિવાલય, ગાંધીનગર. તા. ૩૦-૩-૧૯૯૮**

ઠ રા વ :-

ખાસ કરીને વલસાડ જિલ્લાના મહાર જાતિના લોકો વર્ષોથી ગુજરાતમાં વસે છે. આમ છતાં તેઓને જાતિ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી રહે છે. ભારત સરકારે બહાર પાડેલ અનુસૂચિત જાતિ/જનજાતિ અધિનિયમ, ૧૯૫૦માં જણાવેલ મુંબઈ રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં મહાર જાતિનો સમાવેશ થયેલ હતો. એ પછી ભારત સરકારના અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ બહાર પડેલ ગુજરાત રાજ્યની તેમજ મહારાષ્ટ્ર રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં મહાર જાતિનો સમાવેશ થયેલ છે. પ્રસ્તુત બાબતમાં થયેલ સ્પે. સી. એ. નં. ૭૮૩૫/૯૩ ના સંદર્ભમાં નામદાર હાઈકોર્ટે એવો ચુકાદો આપેલ છે કે તા. ૧-૫-૬૦ પહેલાં એટલે કે મુંબઈ રાજ્ય વખતે ગુજરાતમાં સ્થાયી થયેલા અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવા જોઈએ. સદરહુ ચુકાદાના સંદર્ભમાં આવા ઈસમોને ગુજરાતના અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ/ઠરાવ/હુકમ રવાના કરાવા નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાએ તા. ૨૪-૧૨-૯૭, તા. ૧૦-૨-૯૮ અને તા. ૨૪-૨-૯૮ના પત્રોથી આ વિભાગને દરખાસ્ત કરી હતી. નામદાર હાઈકોર્ટના ચુકાદા અન્વયે તથા એના અનુસંધાને નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાની ઉપરોક્ત પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે તેમજ આવા ઈસમો તરફથી મળેલ રજૂઆતો પરત્વે કાળજી ભરી વિચારણા કરીને, તા. ૧-૫-૬૦ પૂર્વે ગુજરાત રાજ્યમાં સ્થાયી થયેલ અનુસૂચિત જાતિના ઈસમોને નીચેની વિગતો/માપદંડ/ધોરણો પૂર્ણ થતા હોય તો જાતિ પ્રમાણપત્ર આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અરજદાર મુંબઈ રાજ્ય વખતે (તા. ૧-૫-૬૦ પહેલાથી) જે સ્થળે સ્થાયી થયેલ હોઈ તે સ્થળ મુંબઈ રાજ્ય વિભાજન પછી હાલના ગુજરાત રાજ્યમાં ગણાતું હોવું જોઈએ.

(૨) અરજદાર જે જાતિ/કોમના હોવાનો દાવો કરતાં હોઈ તે જાતિ/કોમનો સમાવેશ, ભારત સરકારના અનુસૂચિત જાતિ/જનજાતિ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ બહાર પડેલ મુંબઈ રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં થયેલ હોવો જોઈએ. તેમજ એ પછીના ભારત સરકારના અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ બહાર પડેલ ગુજરાત રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં થયેલ હોવો જોઈએ.

૨. આ ઠરાવની અમલવારી અંગે નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાએ સંબંધિત સર્વેને ઘટતી કાર્યવાહી કરવાની સૂચના આપવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
સહી/-
(વી. એમ. પરમાર)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રીઓ.
માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી.
માન. નાયબ મંત્રીશ્રી (સર્વે)ના અંગતશ્રી.
સચિવાલયના સર્વે વિભાગો.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ/સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
જિલ્લા કલેક્ટરશ્રીઓ.
જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિભાગના તાબા હેઠળના તમામ ખાતા/બોર્ડ/કોર્પોરેશનના વડાશ્રીઓ.
અધિક મુખ્ય સચિવશ્રી (સ. ક. વિ.)ના રહસ્ય સચિવશ્રી.
સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.
(* પત્ર દ્વારા.)

**સને ૧૯૭૧ના ભારત પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મુળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલા છે. તે પૈકીના અનુ. જાતિના લોકોને અનુ. જાતિ તરીકેના લાભો આપવા બાબત.**

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : અજપ/૧૦૯૫/ધા.સ. ૨/હ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૧મી માર્ચ - ૧૯૯૮

ઠરાવ :–

સને ૧૯૭૧ ના ભારત-પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મુળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે ગુજરાતમાં આવીને વસેલા છે તે પૈકીના અનુ. જાતિના લોકોને ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ તરીકેના મળતા લાભો આપવા અંગેની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણાને અંતે સરકારશ્રીએ સને ૧૯૭૧ ના ભારત પાકિસ્તાનની યુધ્ધ દરમિયાન મુળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે ગુજરાતમાં આવીને વસેલા છે તે પૈકી અનુસૂચિત જાતિના લોકોને ગુજરાતમાં મળતા અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા બાબતમાં આવા શરણાર્થીઓ અનુસૂચિત જાતિ તરીકેનું જાતિ પ્રમાણપત્ર નીચેની વિગતો પરિપૂર્ણ કરતા હોય તો આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અરજદારે મુળ ગુજરાતના વતની હોવા જોઈએ.

(૨) અરજદારે જે કોમ અગર તો જાતિના હોય તે કોમ/જાતિનો સમાવેશ, ભારત સરકારના અનુસૂચિત જાતિ/જનજાતિ આદેશો (સુધારા) અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પડેલ ગુજરાત રાજ્ય માટેની અનુસૂચિત જાતિની યાદીમાં થયેલ હોવો જોઈએ.

(૩) આ ઠરાવની અમલવારી અંગે નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ આવા અનુસૂચિત જાતિના શરણાર્થીઓને મળવાપાત્ર લાભો ઉપલબ્ધ થાય તે અંગેની તથા જાતિ પ્રમાણપત્ર આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત સર્વને સુચના આપવા આથી વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વી. એમ. પરમાર)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત રાજ્ય

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નં. સક/તાસ/મ/૯૮/૧૬
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક-૪,
બીજો માળ, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.
તારીખ : ૧૬-૩-૯૮

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :—

(૧) જીલ્લા કલેકટરશ્રી/કલેકટર કચેરી
(૨) જીલ્લા વિકાસ અધિકારીશ્રી જીલ્લા પંચાયત
(૩) જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
(૪) સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
(૫) શાખા વડી કચેરી તરફ જાણ સારૂ

સહી/-
નાયબ નિયામક
સમાજ કલ્યાણ ખાતુ ગુ. રા.
ગાંધીનગર.

**"સેનમા" જાતિના ઈસમોને અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો આપવા બાબત.**

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : સીએઆર/૧૦૯૦/મં.૫૯/૫૧૪૮/છ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬મી એપ્રિલ - ૧૯૯૮

ઠરાવ :–

કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક-૨૫ સામે સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત એ પ્રમાણે જાતિઓ દર્શાવવામાં આવેલ છે. જે ખાસ કરીને એક જ જ્ઞાતિઓ સમુહ ગણાય છે. આ જાતિના કેટલાક જુથો/પેટાજુથો ખાસ કરીને સાબરકાંઠા, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ અને ખેડા જીલ્લામાં "સેનમા" નામે ઓળખાય છે. આમ છતાં અરજદારના શાળા છોડ્યાના પ્રમાણમાં "સેનમા' શબ્દના ઉલ્લેખ માત્રથી "સેનમા" જ્ઞાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.આથી "સેનમા" જાતિના ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા અંગે કેટલીક રજૂઆતો સરકારશ્રીને મળી હતી, એમની રજૂઆત પરત્વે નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો અહેવાલ/અભિપ્રાય તેમજ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદે બહાર પાડેલ "ગુજરાતની અતિ પછાત અનુસૂચિત જાતિઓનો સંક્ષિપ્ત પરિચય" પુસ્તીકા કે જેમાં "સેનમા" નામે ઓળખાતી જ્ઞાતિનો પણ સમાવેશ થયેલ છે તે વંચાણે લેતાં એવું ફલિત થાય છે કે "સેનમા" એ "સેનવા" માંથી અપભ્રંશ થયેલ શબ્દનો પર્યાય છે. લોકબોલીમાં "સેનવા" ઓનો શબ્દ "સેનમા" તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. તેથી "સેનમા" શબ્દ " સેનવા" માટે જ વપરાતો હોવાથી "સેનમા" અને "સેનવા" બન્ને એક જ પેટાજ્ઞાતિ છે. સદરહુ હકીકત જોતાં ભારત સરકારે બહાર પાડેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં નવી જાતિ કે પેટાજુથનો ઉમેરો કરવાનો થતો નથી.

૨. આમ સમગ્ર બાબતની પુખ્ત વિચારણાને અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે "સેનમા" જાતિના ઈસમોના શાળા છોડ્યાના પ્રમાણપત્રોમાં કે અન્ય રેવન્યુ રેકર્ડમાં "સેનમા" શબ્દ પ્રયોગ કરેલ હોય તો અને તેના આધારો રજૂ કરવામાં આવે તો તેવા ઈસમોને પણ અનુસૂચિતજાતિનું પ્રમાણપત્ર આપવું.

૩. "સેનમા" જાતિના ઈસમોને હવેથી અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મળી રહે તે પ્રમાણે જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત સર્વેને સુચના આપવા નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વી. એમ. પરમાર)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત રાજ્ય

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. નાયબમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

x સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

x સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

x સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

x સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).

તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.

તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.

સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.

અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.

સમાજ કલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.

સિલેકટ ફાઈલ.

---

x પત્ર દ્વારા.

**"હિન્દુ ગરોડા બ્રાહ્મણ" તરીકે ઓળખાવતા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા બાબત.**

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૯૬/૧૦૭૯/હ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫મી જુન - ૧૯૯૮.

ઠરાવ :—

કેન્દ્ર સરકારે અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક-૧૧ સામે દર્શાવવામાં આવેલ "ગરોડા", "ગરો" જાતિને અનુસૂચિત જાતિ તરીકે ગણેલ છે. આથી જે લોકોના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય રેવન્યુ રેકર્ડમાં "હિન્દુ ગરોડા બ્રાહ્મણ" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ હોય તેવા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવતું નથી, સબબ આવા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા બાબતની કેટલીક રજૂઆતો સરકારશ્રીને મળી હતી.

૨. પ્રસ્તુત બાબતમાં કાળજીભરી વિચારણા કરીને આથી એવું ઠરાવવામાં આવે છે કે જે ઈસમો મૂળ "ગરોડા" કે "ગરો" જાતિના હોય પરંતુ પોતાને "હિન્દુ ગરોડા બ્રાહ્મણ" તરીકે ઓળખાવતા હોય તેમજ શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય કોઈ રેવન્યુ રેકર્ડમાં "હિન્દુ ગરોડા બ્રાહ્મણ" તરીકે લખાવતા હોય/ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઈસમોને પણ હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા.

૩. ઉપર જણાવ્યા મુજબ સંબંધિત ઈસમોને હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મળી રહે તે અંગે સંબંધિત પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવા નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વી. એમ. પરમાર)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત રાજ્ય

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.

x સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

x સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

x સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

x સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(સંબંધિત સર્વેને જરૂરી સૂચના પાઠવવાની વિનંતી છે.)

તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).

તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.

તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.

સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.

અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.

સમાજ કલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.

સિલેક્ટ ફાઈલ.

---

x પત્ર દ્વારા.

કચ્છ જીલ્લામાં વસતા 'ગરવા' જાતિના ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેના પ્રમાણપત્ર તથા મળવાપાત્ર લાભો આપવા અંગે.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : સીએઆર-૧૦૯૪-૨૨૯૪-હ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩/૬/૧૯૯૮

ઠરાવ :—

કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક : ૧૧ સામે દર્શાવેલ 'ગરોડા' 'ગરો' જાતિને અનુસૂચિત જાતિ તરીકે ગણવામાં આવેલ છે. ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં દર્શાવેલ 'ગરોડા' 'ગરો' જાતિ વાસ્તવમાં કચ્છ જીલ્લામાં 'ગરવા' ના નામે ઓળખાય છે. આમ, કચ્છ જીલ્લામાં 'ગરવા' નામે ઓળખાતી જાતિ અનુસૂચિત જાતિ પૈકીની 'ગરોડા' 'ગરો' જાતિનો જ એક પર્યાય હોવાથી કચ્છ જીલ્લાના 'ગરવા' જાતિના ઈસમોને પણ અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા અંગે સરકારશ્રીને કેટલીક રજુઆતો મળી હતી. આ રજુઆતોના અનુસંધાને સરકારશ્રીએ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પાસેથી ગરવા જાતિ અંગેનો તપાસ અહેવાલ તેમજ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો અભિપ્રાય મેળવેલ હતો. 'ગરવા' જાતિ અંગેનો તપાસ અહેવાલ તેમજ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો અભિપ્રાય/રિમાર્કસ વંચાણે લેતાં એવું પ્રતિપાદિત થાય છે કે સમગ્ર ગુજરાતમાં અનુસૂચિત જાતિ પૈકીની ગરો-ગરોડા તરીકે ઓળખાતી જાતિ, તે જ કચ્છ જીલ્લામાં પ્રાદેશિક ભીન્નતા/વિશેષતા અને લોકબોલીને કારણે 'ગરવા' ના નામે ઓળખાય છે. ગરો કે ગરોડા જાતિના તેમજ 'ગરવા' જાતિના લોકોનું સામાજીક જીવન, આર્થિક જીવન, સામાજીક રીતરિવાજો, ધાર્મિક જીવન અને સામાજીક સંબંધો વિગેરે સમાન પ્રકારના છે. અને બંન્નેમાં કોઈ ભિન્નતા જણાઈ નથી. આમ, ગરો કે ગરોડા તેમજ 'ગરવા' એ બંને એક જ પેટાજ્ઞાતિ છે. માત્ર 'ગરવા' શબ્દ એ 'ગરો' કે 'ગરોડા' શબ્દનો પર્યાય શબ્દ છે.

સદરહુ હકીકત જોતાં, કેન્દ્ર સરકારે બહાર પાડેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં 'ગરવા' જાતિને કોઈ નવી જ્ઞાતિ કે પેટા જુથ તરીકે ઉમેરો કરવાનો થતો નથી.

૨. આમ પ્રસ્તુત બાબતમાં કાળજીભરી વિચારણા કરીને આથી એવું ઠરાવવામાં આવે છે કે કચ્છ જીલ્લામાં વસતા 'ગરવા'જાતિના ઈસમોને પણ અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા.

૩. કચ્છ જીલ્લામાં વસતા 'ગરવા' જાતિના ઈસમોને હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો મળી રહે તે અંગે સંબંધિત સર્વેને જરૂરી સુચનાઓ આપવા નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/—

વી.એમ.પરમાર

ઉપસચિવ,

સમાજ કલ્યાણ વિભાગ,

ગુજરાત રાજ્ય.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

વાય-૧૦૯-૩૦

સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુ.રા., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ).

તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.

તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).

તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.

સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.

અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.

સમાજ કલ્યાણ વિભાગની તમામ શાખાઓ.

* સીલેક્ટ ફાઈલ.

---

* પત્ર દ્વારા

---

'ભંગી' શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ 'રૂખી' અગરતો 'વાલ્મિકી' શબ્દ પ્રયોજવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજકલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : અજપ-૧૦૯૩-મુ. મં-૬૦/ન,
સચિવાલય, ગાંધીનગર, તા. ૫/૯/૯૮

પરિપત્ર :—

સરકારી કચેરીઓ, શાળા-કોલેજો (સરકારી તેમજ બિનસરકારી), ગ્રામ પંચાયત વગેરે કચેરીઓના રેકર્ડમાં જ્યાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ/લખાયેલ હોય ત્યાં તેના સ્થાને 'રૂખી' અગરતો 'વાલ્મિકી', શબ્દનો ઉલ્લેખ કરવા માટે તથા પછાત વર્ગના જે જે મહોલ્લાઓ 'ભંગી વાસ' તરીકે ઓળખાતા હોય તે મહોલ્લાઓને 'રૂખીવાસ' અગરતો 'વાલ્મિકી વાસ' તરીકે ઓળખવામાં આવે/સંબોધન કરવામાં આવે તે માટે જરૂરી હુકમો અગર તો સૂચનાઓ પ્રસારિત કરવા બાબતની રજુઆતો રૂખી સમાજની કેટલીક સંસ્થાઓ તરફથી સરકારશ્રીને મળી હતી.

૨. આ રજુઆતો પરત્વે સુચનાઓ બહાર પાડવાની બાબત કેટલાક સમયથી રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) સરકાર હસ્તકની તમામ વહીવટી કચેરીઓ (બોર્ડ/કોર્પોરેશન/નિગમ સહિત) તથા શાળા-કોલેજો (સરકારી તેમજ બિનસરકારી), યુનિવર્સિટીઓ વગેરેના રેકર્ડમાં જ્યાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને 'રૂખી' અગરતો 'વાલ્મિકી' શબ્દનો ઉલ્લેખ કરવો.

(૨) ગ્રામ પંચાયતના રેકર્ડમાં તથા અન્ય મહેસૂલી રેકર્ડમાં પણ ઉપર મુજબ સુધારો કરવો.

(૩) પછાતવર્ગના જે જે મહોલ્લાઓ 'ભંગી વાસ' તરીકે ઓળખાતા હોય/સંબોધન કરવામાં આવતું હોય તે મહોલ્લાઓ 'રૂખી વાસ' અગરતો 'વાલ્મિકી વાસ' તરીકે ઓળખવામાં આવે/સંબોધન કરવામાં આવે.

૩. આ પરિપત્ર રોજબરોજના વ્યવહારમાં અને સરકારી પત્રવ્યવહારમાં 'રૂખી' અને 'વાલ્મિકી' શબ્દો પ્રયોજવા માટે છે પરંતુ આ પરિપત્રથી સફાઈ કામદાર ભાઈઓ માટે બંધારણ અને અન્ય વૈધાનિક જોગવાઈઓમાં વપરાયેલા શબ્દો, પર્યાયો એને તે અન્વયે તેમને મળવાપાત્ર થતા લાભોને કોઈ વિપરીત અસર થશે નહિ.

૪. ઉપર્યુકત સૂચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે માટે સંબંધિત વિભાગો/ખાતાના વડા/કચેરીના વડાઓ વગેરેને આથી ભારપૂર્વક વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/—

વી.એમ.પરમાર

ઉપસચિવ,

સમાજ કલ્યાણ વિભાગ.

ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો (તેમના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાઓ/કચેરીઓના વડા/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ વગેરેને આ અંગેની જાણ કરવાની વિનંતી સહ).

* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

તમામ જીલ્લા કલેક્ટરશ્રીઓ.

તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુ.રા., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત તથા રાજ્ય).

સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ/બોર્ડ વિગેરે.

તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

તમામ શાસનાધિકારીશ્રીઓ.

સમાજકલ્યાણ વિભાગની તમામ શાખાઓ.

સીલેક્ટ ફાઈલ 'હ' શાખા.

* પત્ર દ્વારા

**''વણકર સાધુ'' અને ''હરિજન બાવા'' જાતિના ઇસમોને અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો આપવા બાબત**

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૯૨/૩૭૨/૬,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૩-૧૦-૧૯૯૮.

વંચાણે લીધા : -

(૧) સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૫-૧-૮૯ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૮૯/૨૨/(૨)/જ

(૨) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાને સંબોધીને લખેલા સમાજ કલ્યાણ વિભાગના તા. ૨-૮-૮૯ના પત્ર ક્રમાંક : પરચ/૧૫૮૯/૯૦૦/જ

(૩) સમાજ કલ્યાણ વિભાગને સંબોધીને લખવામાં આવેલ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો તા. ૨૨-૩-૯૬નો પત્ર ક્રમાંક : સક/તાસ/૯૫/૩૧૬/મ.૩/૪૩૯૫.

(૪) સમાજ કલ્યાણ વિભાગને સંબોધીને લખવામાં આવેલ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો તા. ૩૦-૭-૯૮નો અ. સ. પત્ર ક્રમાંક : સક/અગન/મ/૩/૯૮-૯૯/૯૩૨.

ઠરાવ :

કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક-૩ સામે બાવા-ઢેડ (Bava-Dedh) અને ઢેડ-સાધુ (Dedh-Sadhu) જાતિને અનુસૂચિત જાતિ તરીકે ગણેલ છે. આ જાતિના કેટલાક ઇસમો પોતાને 'હરિજન-બાવા' અગરતો 'વણકર સાધુ' ના નામે ઓળખાવતા હોય છે અથવા ઓળખાય છે. પરિણામે આ ઇસમોના શાળા છોડ્યાના પ્રમાણપત્રોમાં અગરતો અન્ય રેવન્યુ રેકર્ડમાં 'હરિજન બાવા'' અથવા ''વણકર સાધુ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવતો હોવાથી આ જાતિના ઇસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવતું નથી. સબબ આવા ઇસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસૂચિત જાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપવા બાબતે ધારાસભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ સામાજિક કાર્યકરો તરફથી કેટલીક રજૂઆતો સરકારશ્રીને મળી હતી.

૨. સરકારશ્રીને મળેલ રજૂઆતો વંચાણે લેતા એવું ફલિત થતું હતું કે અનુસૂચિત જાતિની યાદીમાં સમાવિષ્ટ 'બાવા ઢેડ'' (Bava-Dedh) જાતિનો પર્યાય શબ્દ 'હરિજન બાવા' અને ઢેડ સાધુ (Dedh-Sadhu) જાતિનો પર્યાય શબ્દ 'વણકર સાધુ' છે. અને જે તે સમયે સરકારશ્રીની અનુમતિ મેળવીને આમુખમાં ક્રમાંક-૨ સામે જણાવેલ સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૨-૮-૮૯ના પત્રથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાને જરૂરી સ્પષ્ટતા કરતા જણાવવામાં આવેલ હતું કે 'હરિજન બાવા' અને 'વણકર સાધુ' ને અનુસૂચિત જાતિની માન્ય યાદીના ક્રમ-૩ સામે દર્શાવેલ ''ઢેડ બાવા'' અને ''ઢેડ સાધુ'' ના પર્યાય શબ્દ તરીકે ગણીને અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા, આમ છતાં, નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાની કચેરીના આમુખમાં ક્રમ-૩ સામે જણાવેલ તા. ૨૨-૩-૯૬ અને આમુખમાં ક્રમ-૪ સામે જણાવેલ તા. ૩૦-૭-૯૮ના પત્રથી મળેલ અભિપ્રાય/રિમાર્કસ ધ્યાને લેતાં, પ્રસ્તુત બાબતમાં જરૂરી સ્વયંસ્પષ્ટ હુકમો રવાના કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. પ્રસ્તુત બાબતમાં કાળજીભરી પુખ્ત વિચારણા કરીને આથી એવું ઠરાવવામાં આવે છે કે જે ઇસમો પોતાને ''હરિજન-બાવા'' અગરતો ''વણકર સાધુ'' તરીકે ઓળખાવતા હોય તેમજ એમના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય કોઇ રેવન્યુ રેકર્ડમાં ''હરિજન-બાવા'' અથવા ''વણકર સાધુ'' તરીકે ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઇસમોને અનુસૂચિત જાતિની માન્ય યાદીના ક્રમ-૩ સામે દર્શાવેલ ''ઢેડ બાવા'' ના પર્યાય શબ્દ તરીકે ''હરિજન બાવા'' અને ''ઢેડ-સાધુ'' ના પર્યાય શબ્દ તરીકે ''વણકર-સાધુ'' ગણીને અનુસૂચિત જાતિ તરીકેના પ્રમાણપત્રો આપવા તથા અનુસૂચિત જાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપવા.

૪. આ ઠરાવની અમલવારી અંગે નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાએ સંબંધિત સર્વેને ઘટતી કાર્યવાહી કરવાની સુચના આપવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વી. એમ. પરમાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

વાય-૧૦૯-૩૧

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી. સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
(સંબંધિત સર્વેને જરૂરી સૂચના પાઠવવાની વિનંતી છે.)
તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ
સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.
સમાજકલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.
<u>સિલેક્ટ ફાઈલ.</u>
* પત્ર દ્વારા.

---

**અનુસૂચિત જાતિના લોકો માટે હરીજન તથા અનુસૂચિત જનજાતિના લોકો માટે ગિરિજન જેવા શબ્દોનો ઉપયોગ નહી કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક : એસસીડબ્લ્યુ-૧૦૯૦/૧૪૬૯/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૧૨-૧-૧૯૯૯

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૧૦-૨-૮૨નો પત્ર ક્રમાંક : બી.સી/૧૨૦૨૫/૪૪/૮૦-એસસી અને બીસીડી-૧/૪
(૨) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયનો (હાલમાં નવું નામ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય) તા. ૧૬-૮-૯૦નો પત્ર ક્રમાંક ૧૨૦૨૫/૧૪/૯૦/એસસીડી/(આર.એલ.સેલ)
(૩) સર્વે વિભાગોને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ વિભાગનો તા-૧૮-૩-૯૧નો પત્ર ક્રમાંક : એસસીડબ્લ્યુ-૧૦૯૦/૧૪૬૯/ખ
(૪) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૬-૩-૯૧ નો પત્ર ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૯૦/૧૪૬૯/ખ
(૫) નાયબ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર કાર્યપાલક નિયામકશ્રી, ગાંધીનગર તેમજ સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) નો તા. ૪-૫-૯૧ના પત્ર ક્રમાંક : અજન/૧૯૯૧/૩૩૧/ચ
(૬) સચિવાલયના સર્વે વિભાગો અને સમાજ કલ્યાણ વિભાગ હેઠળના ખાતાના વડાની સર્વે કચેરીઓને સંબોધીને લખવામાં આવેલ સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૬-૬-૯૧ નો પત્ર એસસીડબ્લ્યુ-૧૦૯૦-૧૪૬૯/ખ

પરિપત્ર :-

ભારત સરકારના ગૃહ મંત્રાલયે આમુખમાં જણાવેલ તા. ૧૦-૨-૮૨ના પત્રથી અને તે સમયના કલ્યાણ મંત્રાલયે (હાલમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય) આમુખમાં જણાવેલ તા. ૧૬-૮-૯૦ ના પત્રથી કેટલીક સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ છે. ખાસ કરીને ઉપરોક્ત મંત્રાલયોએ અનુસૂચિત જાતિના લોકો માટે હરિજન શબ્દોનો અન અનુસૂચિત જનજાતિના લોકો માટે ગિરિજન શબ્દોનો ઉપયોગ નહી કરવા અંગેની સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ છે. ભારત સરકારના ઉપરોક્ત પત્રોની નકલો સચિવાલયના સર્વે વિભાગોને વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓને તેમજ અન્ય કચેરીઓને, આમુખમાં જણાવેલ સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૮-૩-૯૧ના તા. ૨૬-૩-૯૧, અને તા. ૪-૩-૯૧ અને તા. ૨૬-૬-૯૧ના પત્રોથી મોકલી આપીને ભારત સરકારના ઉપરોક્ત પત્રોમાં જણાવેલ વિગતે સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનું જણાવવામાં આવેલ છે.

૨ ભારત સરકારના ઉપરોક્ત પત્રોમાની સૂચનાઓના આધારે, વિગતવાર સુચનાઓ બહાર પાડવાની બાબત કેટલાક સમયથી રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી આ અંગે કાળજી પૂર્વકની પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) ગુજરાત સરકારના તમામ વહીવટી વિભાગો તથા તેમના હસ્તકની તમામ વહીવટી કચેરીઓ (બોર્ડ તથા નિગમ સહિત) તથા તમામ શાળાઓ કોલેજો (સરકારી તેમજ બિન સરકારી ) તમામ યુનિવર્સિટી વગેરેના રેકર્ડમાં જ્યાં હરિજન શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને અનુસૂચિત જાતિ અને ગિરિજન શબ્દ પ્રયોજાયેલ હોય તેના સ્થાને અનુસૂચિત જનજાતિ શબ્દનો પ્રયોગ કરવો.

(૨) મહાનગરપાલિકાઓ, નગર પાલિકાઓ તથા ગ્રામ પંચાયતના રેકર્ડમાં તથા અન્ય મહેસુલી રેકર્ડમાં પણ ઉપર મુજબ સુધારો કરવો.

(૩) ભારત સરકારે સને ૧૯૭૬ના સુધારા અધિનિયમથી દરેક રાજ્ય તથા સંઘ પ્રદેશ માટે અનુસુચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિની યાદી બહાર પાડેલ છે. ગુજરાત રાજ્ય માટેના અનુસૂચિત જાતિની યાદીમાં દર્શાવેલ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિઓને હાલમાં હરિજન તરીકે ઓળખવામાં આવતા હોય કે તે મુજબ સંબોધન કરવામાં આવતું હોય તો તેને બદલે હવેથી અનુસૂચિત જાતિ (Scheduled Caste) તરીકે ઓળખવામાં આવે એજ પ્રમાણે ગુજરાત રાજ્યને લગતી અનુસૂચિત જનજાતિની યાદીમાં દર્શાવેલ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિઓને હાલમાં ગિરિજન તરીકે ઓળખવામાં આવતી હોય કે તે મુજબ સંબોધન કરવામાં આવતું હોય તો તેને બદલે હવેથી અનુસૂચિત જનજાતિ (Scheduled Tribe) તરીકે ઓળખવામાં આવે તેમજ કરવામાં આવે તેમજ સંબોધન કરવામાં આવે.

(૪) ગુજરાત રાજ્ય માટેની અનુસૂચિત જાતિ તથા જનજાતિની યાદીમાં દર્શાવેલ કોઈ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિના ઈસમને શાળા

છોડયાનું પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારે શાળા છોડયાના પ્રમાણપત્રમાં અનુસૂચિત જાતિના ઇસમ માટે હરિજન અને અનુસૂચિત જનજાતિના ઇસમ માટે ગિરિજન જેવા શબ્દો પ્રયોજવા કે લખવા નહીં પરંતુ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની યાદીમાં દર્શાવેલ કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ પૈકી જે કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ લાગુ પડતી હોય સંબંધિત હોય/તે કોમ/જ્ઞાતિ/પેટાજ્ઞાતિ દર્શાવવી અગર તો અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ તરીકે ઉલ્લેખ કરવો.

(૫) અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ ના ઇસમને જાતિ પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીશ્રીઓએ જાતિ પ્રમાણપત્રમાં હરિજન/ગિરિજન જેવા શબ્દોનો ઉલ્લેખ કરવો નહીં પરંતુ અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિ ની યાદીમાંની કોઇ જાતિ કે સંબંધિત ઇસમને લાગુપડતી. સંબંધિત હોય તે જાતિનો ઉલ્લેખ કરવો દાખલા તરીકે વણકર જાતિના એક ઇસમને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું હોય, તો પ્રમાણપત્રમાં જાતિના કોલમમાં વણકર દર્શાવવું.

એ જ પ્રમાણે હોડિયા જાતિના એક ઇસમને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું હોય, તો પ્રમાણપત્રમાં જાતિના કોલમમાં હોડિયો દર્શાવવું.

(૬) આ પરિપત્ર બહાર પાડવામાં આવે તે તારીખ પહેલા જે ઇસમોએ શાળા છોડયાના પ્રમાણપત્ર મેળવી લીધા હોય અને એ ઇસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં હરિજન/ગિરિજન શબ્દનો ઉલ્લેખ થઇ ચૂકેલ હોય તો તેવા ઇસમોને અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિ તરીકેના પ્રમાણપત્ર આપવાના બાધ રાખવો નહીં પરંતુ પ્રમાણપત્રમાં અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિ શબ્દનો ઉલ્લેખ કરવો દા. ત. એક ઇસમના શાળા છોડયાના પ્રમાણપત્રમાં હરિજન બાવા તરીકેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ઇસમને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું પરંતુ પ્રમાણપત્રમાં અનુસૂચિત બાવા એવો ઉલ્લેખ કરવો. આ મુદ્દા પુરતી સૂચના અંગે વિશેષ સ્પષ્ટતા માટે સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૩-૧૦-૯૮ ના સરકારી ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૯૨/૩૭૨/હ/ની જોગવાઇ વંચાણમાં લેવા વિનંતી કરવામાં આવે છે.

૩. આ પરિપત્ર રોજ બરોજના વ્યવહારમાં અને સરકારી પત્રવ્યવહારમાં હરિજન/ગિરિજન શબ્દો નહીં વાપરવા માટે છે પરંતુ પરિપત્રથી અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિના ઇસમો માટે બંધારણ અને અન્ય વૈધાનિક જોગવાઇમાં વપરાયેલા શબ્દો પર્યાયો અને તે અન્વયે તેઓને મળવાપાત્ર થતા લાભોને કોઇ વિપરિત અસર થશે નહીં.

૪. ઉપરોકત સૂચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે માટે સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ વગેરેને આથી ભાર પૂર્વક વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી.
(વી. એમ. પરમાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી. સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સર્વે વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો (તેમના નિયંત્રણ હેઠળના ખાતાઓ/કચેરીઓના વડા/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ વગેરેને આ અંગેની જાણ કરવાની વિનંતી સહ.
* રજીસ્ટ્રારશ્રી નામદાર ગુજરાત હાઇકોર્ટ
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત તથા રાજય) સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ/બોર્ડ વિગેરે.
તમામ શાસનાધિકારીશ્રીઓ
સમાજકલ્યાણ વિભાગની તમામ શાખાઓ.
સિલેકટ ફાઇલ.
* પત્ર દ્વારા

---

**અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા અંગે.**

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા (આ. વિ.)વિભાગ
ઠરાવ નંબર : અજપ/૧૯૯૯/૪૦૬/ચ,
સચિવાલય, ગાંધીનગર તારીખ ૫-૫-૧૯૯૯

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ ક્રમાંક : બીસીઈ/૩૪૭૧/જ સેલ/૫૦૨૩/સી તા. ૨૪/૧૨/૭૧.
(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : પવટ/૩૪૭૬/૬૫૪૧/જ-૧ સેલ તા. ૧/૧૧/૭૬
(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૨/૫૯-ખ, તા. ૪-૬-૧૯૮૨.
(૪) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક : બીસી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ બીસીડી-૧ તા. ૬-૮-૮૪.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૭/૮૪૬/ખ, તા. ૨૭-૧૦-૮૭.
(૬) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૭/૮૪૬/ખ, તા. ૨૪-૫-૮૮.
(૭) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૭/૮૪૬/ખ, તા. ૪-૩-૮૯.
(૮) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસના પત્ર ક્રમાંક : આ.વિ./તા.સ./૨/૩૨૮/૯૯/૪૮૩, તા. ૧-૪-૯૯.

ઠરાવ :-

સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૪-૫-૮૮ના ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૭/૮૪૬/ખ, તથા સમાજ કલ્યાણ વિભાગના તા. ૪-૩-૮૯ના સુધારા ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૭/૮૪૬/ખ, અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓને નક્કી કરવામાં આવ્યાં છે. આ હવે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા સક્ષમ અધિકારીઓમાં આવા અધિકારીઓની યાદી તા. ૨૪-૫-૮૮ના ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૭/૮૪૬/ખ સાથેના પરિશિષ્ટમાં ક્રમાંક : ૮ પછી નીચે મુજબના અધિકારીનો ઉમેરો કરવો.

"૯. તકેદારી અધિકારી, વર્ગ-૧."

ગુજરાતના રાજપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી.
એન. એસ. રાવળ
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા (આ.વિ.) વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
રજીસ્ટ્રાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ.
સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ ગુ. રા. ગાંધીનગર.
સર્વે ખાતા અને કચેરના વડાઓ.
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય ગાંધીનગરના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.
પત્ર દ્વારા

''જાડેજા મેઘવાળા'', ''મહેશ્વરી મેઘવાળ'', ''વણકર મેઘવાળા'' અને ''ચારણીયા મેઘવાળ'' જાતિના ઈસમોને અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક /અજપ-૧૦૯૯/થા.સ/૬/હ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૧૦-૩-૨૦૦૦

**ઠરાવ :**

કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક ૨૧ સામે '' મેઘવાલ'' , '' મેઘવાળ'', '' મેઘવાર'', (Meghval, Meghwal, Meghvar) એ પ્રમાણે જાતિઓ દર્શાવવામાં આવેલ છે, જે ખાસ કરીને એક જ જાતિનો સમૂહ ગણાય છે. આ જાતિના કેટલાક જુથો/પેટા જુથો ખાસ કરીને **જામનગર**, કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તેમજ અન્ય કેટલાક જિલ્લાઓમાં **''જાડેજા મઘવાળ''**, **''મહેશ્વરી મઘવાળ''**, **''વણકર મઘવાળ''** અથવા **''ચારણીયા મેઘવાળ''** તરીકે/નામે ઓળખાય છે અને રેવન્યુ રેકર્ડમાં તેમજ શાળાના રજીસ્ટરમાં ઉપર ઉલ્લેખ કરેલ જાતિઓ લખાવે છે. કેન્દ્ર સરકાર તરફથી પ્રસિધ્ધ થયેલ અનુ.જાતિઓની યાદીમાં ઉપરોકત જાતિઓનો ઉલ્લેખ ન હોવાથી ઉપર જણાવેલ જાતિના ઈસમોને **અનુસૂચિત જાતિના હોવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.** આથી ''જાડેજા મેઘવાળ'', ''મહેશ્વરી મેઘવાળ'', ''વણકર અને મેઘવાળ'' ''ચારણીયા મેઘવાળ'' જાતિના ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસુચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા અંગે સરકારશ્રીને કેટલીક રજુઆતો મળી હતી. તે રજૂઆતો વિચારણામાં લેતાં એવું ફલિત થાય છે કે ''જાડેજા મેઘવાળ'' ''મહેશ્વરી મેઘવાળ'', ''વણકર મેઘવાળ'' અને ''ચારણીયા મેઘવાળ'' તરીકે ઓળખાવતા જાતિના લોકો મુળે મેઘવાળ, મેઘવાર, અથવા મેઘવાલ જાતિના હોય છે. આમ ''જાડેજા મેઘવાળ'' ''મહેશ્વરી મેઘવાળ'', ''વણકર મેઘવાળ'' અને ''ચારણીયા મેઘવાળ'' શબ્દ મુળે મેઘવાળ, મેઘવાલ, અથવા મેઘવાર જાતિના એકબીજાના પર્યાયરૂપ શબ્દો છે, કોઈ ભિન્ન જાતિ નથી. અર્થાત અનુસૂચિત જાતિની યાદીમાં કોઈ નવી જાતિ/પેટાજુથોનો ઉમેરો કરવાનો થતો નથી, પરંતુ આ જાતિઓ માટે કેટલીક સ્પષ્ટતાઓ જ કરવાની રહે છે.

૨. આમ, સમગ્ર બાબતની પુખ્ત વિચારણાને અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે જે ઈસમો મુળે ''મેઘવાલ'', ''મેઘવાળ'', અથવા ''મેઘવાર'' જાતિના હોય પરંતુ પોતાને ''જાડેજા મેઘવાળ'' ''મહેશ્વરી મેઘવાળ'', ''વણકર મેઘવાળ'' અથવા ''ચારણીયા મેઘવાળ'' તરીકે ઓળખાવતા હોય તેમજ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય કોઈ રેવન્યુ રેકર્ડમાં પણ ઉપર મુજબની જાતિ લખાવેલી હોય/ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઈસમો, તેઓ **''મેઘવાળ''**, **''મેઘવાલ''**, કે **''મેઘવાર'' જાતિના હોવા અંગેનો પુરાવો રજુ કરે તો તેવા ઈસમોને પણ હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપી શકાશે તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપી શકાશે.**

૩. ઉપર જણાવ્યા મુજબ ''જાડેજા મેઘવાળ'' ''મહેશ્વરી મેઘવાળ'', ''વણકર મેઘવાળ'' અને ''ચારણીયા મેઘવાળ'' જાતિના ઈસમોને હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મળી રહે તે અંગે પ્રમાણપત્ર આપતા સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વી. એમ. પરમાર)
નાયબસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ/સંબંધિત તકેદારી અધિકારીશ્રીઓ,
તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
તમામ જીલ્લા કલેકટરશ્રીઓ
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
સા. ન્યા. અને અ. વિભાગની સઘળી શાખાઓ
સા. ન્યા. અને અ. વિભાગના અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી
સીલેકટ ફાઈલ.

* પત્ર દ્વારા

પ્રતિ,
—જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (તમામ)
—જીલ્લો :
—સમાજકલ્યાણ અધિકારીશ્રી (તમામ)
(પંચાયત) જીલ્લો

———

ધોરણ- ૧૦ અને ધોરણ-૧૨ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળાના પરિણામોના સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની સુવિધા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક /અજપ-૧૦૯૯/પું.ઓ./૨૬/ઙ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૫-૪-૨૦૦૦

**ઠરાવ :**

ગુજરાત સરકાર દ્વારા સરકારી નોકરીઓની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સાત ટકા જગ્યાઓ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. તદ્અનુસાર, ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના ઇસમોને આપવામાં આવતા વિવિધ લાભો માટે જાતિની ખરાઈ આધારિત જાતિ પ્રમાણપત્રો આપવાની વિવિધ સૂચનાઓ અમલમાં છે. આવા જાતિ પ્રમાણપત્રો સમયસર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે અવારનવાર સૂચનાઓ પણ બહાર પાડી છે. તેમ છતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાસ કરીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સરકારે નિયત કરેલ ટકાવારી પ્રમાણેની અનામત જગ્યાઓ સામે વિવિધ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતી વખતે આવા જાતિના પ્રમાણપત્રો સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોવાનું રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવેલ છે. ઘણીવાર પરીક્ષાના પરિણામો બાદ આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે રાજ્ય સરકારે નક્કી કરેલ સક્ષમ અધિકારીઓની કચેરીઓમાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓનો ખૂબ જ ધસારો થાય છે. વળી ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની સમગ્ર કાર્યવાહી ખૂબ જ ચોકસાઈભરી, ઝડપી અને સમય મર્યાદિત હોવાથી આવા જાતિ પ્રમાણપત્રો સમય-મર્યાદામાં મેળવીને રજૂ કરવામાં અનુ. જાતિના વિદ્યાર્થીઓ અને વાલીઓને ખૂબ જ દોડધામ કરવી પડે છે અને કેટલીકવાર બિનજરૂરી હાલાકી, સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય છે. વિવિધ યોજનાઓના લાભોની સાથોસાથ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુ. જાતિના ઉમેદવારોને નિયત ટકાવારીનો મહત્તમ લાભ મળી શકે તે માટે જાતિ પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૨. પ્રસ્તુત બાબતમાં કાળજીભરી પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના અનુ. જાતિના વિદ્યાર્થીઓને જે તે શાળા દ્વારા જ પરીક્ષાના પરિણામોની સાથે જ જાતિના પ્રમાણપત્રો મળી રહે તેવી વ્યવસ્થા કરવાનું આથી ઠરાવવામાં આવેલ છે. આ હેતુસર નીચે મુજબ કાર્યવાહી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

(૧) રાજ્યની તમામ ખાનગી તેમજ સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોએ તેમની શાળાના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં અનુ. જાતિના વિદ્યાર્થીઓની શાળાના જનરલ રજીસ્ટરના આધારે આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબની વિગતો સાથેની શાળાના વિદ્યાર્થીઓની સંકલિત યાદીરૂપે દરખાસ્ત તૈયાર કરી **મોડામાં મોડી તારીખ ૩૧, ડીસેમ્બર સુધીમાં** સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને અચૂકપણે મોકલવાની રહેશે. જે વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ કે તે અગાઉ આવા પ્રમાણપત્રો મળી ગયા હોય તેવા વિદ્યાર્થીઓનો આ યાદીમાં સમાવેશ કરવાની જરૂરિયાત રહેશે નહીં.

(૨) સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ શાળાઓ મારફતે ઉપલબ્ધ કરાવેલ યાદીઓને આધારે જાતિ પ્રમાણપત્ર આપવા બાબતે નિયમ મુજબ ચકાસણી કરી વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રો તારીખ ૩૦મી એપ્રિલ પહેલાં તૈયાર કરવાના રહેશે. તેમ છતાં જો ચકાસણીમાં સમય લાગે તેવું જણાય તો શાળાના કર્મચારીની રૂબરૂમાં જ યાદીની ચકાસણી કરી લઈને આવા જાતિ પ્રમાણપત્રો **મોડામાં મોડા ૩૦મી એપ્રિલ સુધીમાં** તૈયાર કરી દેવાના રહેશે અને સંબંધિત શાળાના આચાર્યશ્રીને ૩૦મી એપ્રિલ

સુધીમાં મોકલી આપવાના રહેશે. સંબંધિત શાળાના આચાર્યશ્રીએ પરીક્ષાના પરિણામની સાથે સંબંધિત વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો આપી દેવાના રહેશે.

(૩) શાળાના આચાર્યશ્રીઓએ સ્પષ્ટ રીતે નક્કી થઈ શકે તેવા વિદ્યાર્થીઓની પૂરેપૂરી વિગતો ઉપર જણાવ્યા મુજબના પરિશિષ્ટમાં મોકલવી. પરંતુ જે વિદ્યાર્થીઓ અંગે જાતિ, પેટા જાતિ કે શાળા છોડ્યા પ્રમાણપત્ર (એલ.સી.)માં દ્વીધા કે અસ્પષ્ટતા જણાતી હોય તેવી વિદ્યાર્થીઓની વિગતો મોકલવી નહીં. પરંતુ આવા વિદ્યાર્થીઓની જાણકારી સારૂં આવા વિદ્યાર્થીઓની એક યાદી શાળાએ પોતાની રીતે નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરી દેવી. જેથી સંબંધકર્તા વિદ્યાર્થીઓ/વાલીઓ જરૂરી આધાર-પુરાવાઓ કે ખૂટતી વિગતો સાથે સીધે સીધાં જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અથવા અન્ય સક્ષમ અધિકારીનો સંપર્ક કરીને પ્રમાણપત્રો મેળવી શકે. જિલ્લા અધિકારીઓએ પણ આવી વિગતો ઉપલબ્ધ કરનાર વિદ્યાર્થીઓ/વાલીઓને પુરાવાઓ તપાસી શક્ય હોય ત્યાં સુધી કોઈ પણ જાતની હેરાનગતિ સિવાય પ્રમાણપત્રો પૂરાં પાડવામાં આવે તે જોવું.

(૪) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પાસેથી જાતિ પ્રમાણપત્રો મળ્યા બાદ સંબંધિત શાળાના આચાર્યશ્રીએ ધોરણ-૧૦ અને /ધોરણ-૧૨ની પરીક્ષાના પરિણામોની સાથે જ તેમની શાળાના વિદ્યાર્થીઓનેં આવા જાતિ પ્રમાણપત્રો અચૂક રીતે આપી દેવામાં આવે તે જોવું. શક્ય હોય તો જાતિ પ્રમાણપત્રો આપ્યા અંગેની જરૂરી નોંધ જે તે વિદ્યાર્થીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર (એલ.સી.) ઉપર પણ કરી લેવી.

૨. આ વ્યવસ્થા ફક્ત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી હાલાકી દૂર કરવાના આશયથી વધારાની વ્યવસ્થા રૂપે અમલમાં આવે છે. તેથી જાતિ પ્રમાણપત્રો સ્થાયી હુકમો અનુસાર સરકારે અધિકૃત કરેલ અન્ય અધિકારીઓ પાસેથી સીધે સીધા મેળવવાની હાલની સુચનાઓ પણ યથાવત્ રીતે અમલમાં રહે છે અને તેથી આવા સક્ષમ અધિકારીઓએ આ વ્યવસ્થા હોવા છતાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા આવનાર વિદ્યાર્થીઓ/વાલીઓને પોતાની સત્તાની રૂએ ચકાસણી કરીને જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની તેમની ફરજ યથાવત રીતે બજાવવી જેથી વિદ્યાર્થીઓને વાલીઓને જાતિ પ્રમાણપત્રો મેળવવામાં આ વૈકલ્પિક વ્યવસ્થાનો પણ પૂરતો લાભ મળી શકે. આ વ્યવસ્થા ચાલુ વર્ષથી જ અમલમાં મૂકાતી હોવાથી ચાલુ વર્ષ પૂરતી આવી યાદી મોડામાં મોડી તારીખ ૧૫ મી એપ્રિલ પહેલાં સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ અધિકારીઓને મળી જાય તેની તકેદારી સંબંકર્તા શાળાના આચાર્યશ્રીઓએ રાખવી અને જિલ્લા અધિકારીઓએ પણ તે જ સમય મર્યાદામાં મોડામાં મોડા તારીખ ૩૦મી એપ્રિલ સુધીમાં શાળાના આચાર્યશ્રીઓને આવા જાતિ પ્રમાણપત્રો મોકલાઈ જાય એ જોવું. જેથી ઉચ્ચ અભ્યાસક્રમોના આગામી નવા શૈક્ષણિક સત્રોમાં પ્રવેશની સરળતા રહે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારના શિક્ષણ વિભાગની તારીખ તા. ૨૪-૩-૨૦૦૦ની નોંધથી મળેલ અનુમતિ/પરામર્શ અન્વયે કરવામાં આવેલ છે. તેથી આ સંબંધમાં શિક્ષણ વિભાગે પણ જરૂરી આનુષાંગિક સુચનાઓ સંબંકર્તા ખાતાના વડાઓ અને જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે રાજ્યની તમામ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના ધ્યાન ઉપર મૂકી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષની આ કાર્યવાહીમાં પૂરતો સહયોગ અપાય તે જોવું. તે જ રીતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સઘળા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને તથા જિલ્લા કલેક્ટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ પણ તેમના હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આવા જાતિ પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી સમયસર પૂરી થાય તે જોવા માટે જરૂરી સુચનાઓ આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વિ. એમ. પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

* માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ત્રણ વધારાની નકલો સાથે)
સચિવાલયના સર્વે વિભાગો
કમિશ્નર ઓફ સ્કૂલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ,
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (પંચાયત)
સર્વે ખાતાના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના સર્વે બોર્ડ/નિગમો
વિભાગની સર્વે શાખાઓ.
સીલેક્ટ ફાઈલ હ-શાખા.

---

* પત્ર દ્વારા.

નં. અજાક/મ/૩/૨૦૦૦/૮૪૮
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તારીખઃ- ૧૩-૪-૨૦૦૦.

પ્રતિ,

૧. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (તમામ)
૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) (તમામ)
૩. સર્વે શાખાધિકારીશ્રી, વડી કચેરી ગાંધીનગર.
૪. સીલેક્ટ ફાઈલ.

સહી/-
નાયબ નિયામક,
અનુસૂચિતજાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.

## —: પરિશિષ્ટ :—

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૫-૪-૨૦૦૦ના ઠરાવ ક્રમાંક :—અજપ/૧૦૯૯/પુ.ઓ.૨૬/હ. નું બિડાણ.

ધોરણ—૧૦ અથવા ૧૨ માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શાળાના આચાર્યશ્રીઓએ જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને મોકલવાની દરખાસ્તનો નમૂનો.

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | વાલીનું પુરુ સરનામુ ગામ/તાલુકો/જિલ્લો | જનરલ રજી. નંબર | ધર્મ | જાતિ | પેટા જાતિ | ક્યા ધોરણના વિદ્યાર્થી છે? ધો.—૧૦ કે ૧૨ | વિશેષ નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

પ્રમાણપત્ર :— આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અનુસૂચિત જાતિના ધોરણ—૧૦ અથવા ૧૨ માં અભ્યાસ કરતાં અમારી શાળાના ઉપરોક્ત યાદી મુજબના વિદ્યાર્થીઓની જાતિ/પેટા જાતિ અંગેની આ વિગતો શાળાના જનરલ રજીસ્ટરમાં દર્શાવ્યા મુજબની છે; તે ખાતરી કરીને પ્રમાણિત કરવામાં આવે છે.

તારીખ :—
સ્થળ:—

કચેરીનો
સિક્કો

કલાર્કની સહી

શાળાના આચાર્યશ્રીની સહી
શાળાનું નામ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

# અનુસૂચિત જાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર આપવા અંતગર્ત

## સૂચના સંગ્રહ

### ભાગ-૨

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
બ્લોક નં. ૪, બીજેમાળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

## અનુસૂચિત જાતિના લોકોનેજાતિપ્રમાણપત્ર આપવા અંતગર્ત સૂચના સંગ્રહ ભાગ-૨

| ક્રમ | તારીખ | ઠરાવ/ પરિપત્રની વિગતો | પાના ન |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૫/૪/૨૦૦૦ | ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની સુવિધા બાબત . | ૧- ૨ |
| ૨ | ૨૯/૯/૨૦૦૦ | ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવા બાબત. | ૩-૪ |
| ૩ | ૨/૧૨/૨૦૦૦ | મુળ અનુસૂચિત જાતિના પરંતુ બૌદ્ધધર્મ પાળતા લોકોને અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા માટે જાતિ પ્રમાણપત્રો આપવા અંગે. | ૫ |
| ૪ | ૬/૮/૨૦૦૧ | અનુસૂચિત જાતિના સંબધિત ઇસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગરતો, રેવન્યુ રેકર્ડમાં જાતિના કોલમમાં !! ભંગી !! શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ સંબિધત ઇસમોની માંગણી મુજબ અનુસૂચિત જાતિ !! વાલ્મીકી !! અગરતો અનુસૂચિત જાતિ !! રૂખી !! એ પ્રમાણે જાતિ પ્રમાણપત્રો આપવા બાબત. | ૬ |
| ૫ | ૧૯/૧૨/૨૦૦૧ | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિઓના સભ્યોને તથા મુળ અનુસૂચિત જાતિના લોકોએ ધર્મ પરિવર્તન કરી બૌદ્ધધર્મ અપનાવેલ હોય તેવા નવ બૌદ્ધોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા ધરાવતા અધિકારીઓ બાબત. | ૭-૧૧ |
| ૬ | ૨૬/૩/૨૦૦૨ | અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત. | ૧૨-૧૩ |
| ૭ | ૧૯/૯/૨૦૦૨ | સને ૧૯૭૧ના ભારત પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મૂળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલા છે તે પૈકીના અનુસૂચિત જાતિના લોકોને અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા બાબત. | ૧૪ |
| ૮ | ૨૭/૧/૦૩ | ભારત સરકારના કાયદો ન્યાય મંત્રાલય તરફથી ગુજરાતની અનુસૂચિત જાતિઓ પૈકી મોચી જાતિ તથા અન્ય જાતિઓ અંગે બહાર પાડેલ કાયદાની અમલવારી બાબત. | ૧૫-૨૧ |
| ૯ | ૧૮/૨/૨૦૦૩ | ભારતના બંધારણ ( અનુસૂચિત જાતિઓ ) હુકમ ( બીજો સુધારો ) અધિનિયમ,૨૦૦૨ અન્વયે ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં કરવામાં આવેલ સુધારા વધારા અંગે. | ૨૨-૨૪ |

| ક્રમ | તારીખ | ઠરાવ/ પરિપત્રની વિગતો | પના નં. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૦ | ૧૫/૧૨/૦૪ | અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિઓ નક્કી કરવા બાબત | ૨૫-૨૬ |
| ૧૧ | ૨૯/૪/૨૦૦૫ | અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત. | ૨૭ |
| ૧૨ | ૩૦/૯/૨૦૦૫ | અનુસૂચિત જાતિ/ જનજાતિના તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જાતિના આપવામાં આવનાર પ્રમાણપત્રો બાબતમાં ,કલેક્ટરશ્રીઓને !! અપીલેટ અને મોનીટરીંગ અધિકારી !! તરીકે નિમણુંક આપવા બાબત. | ૨૮-૩૦ |
| ૧૩ | ૧૭/૧/૨૦૦૭ | સરદાર સરોવર યોજનાને કારણે મહારાષ્ટ્રના અસરગ્રસ્ત અનુ.જાતિ/ જનજાતિના લોકો ગુજરાતમાં વસવાટ કરે તો તેમને ગુજરાતના અનુ.જાતિ/ જનજાતિને મળતા લાભો આપવા બાબત. | ૩૧ |
| ૧૪ | ૧૯/૬/૨૦૦૭ | સરદાર સરોવર યોજનાને કારણે વિસ્થાપિત થતાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનુસૂચિત જાતિના અસરગ્રસ્તોને જાતિ પ્રમાણપત્ર આપવા બાબત. | ૩૨ |
| ૧૫ | ૧૫/૩/૨૦૦૮ | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અને શૈક્ષણિક અને પછાત વર્ગોની જાતિને આપવામાં આવતાં પ્રમાણપત્રો બાબતમાં ,કલેક્ટરશ્રી ઓને !! અપીલેટ અને મોનીટરીંગ અધિકારી તરીકે આપેલ નિમણુંક અન્વયે અપીલ અરજીઓની નિકાલ કરવાની સમય મર્યાદા બાબત . | ૩૩ |
| ૧૬ | ૭/૬/૨૦૦૮ | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અને શૈક્ષણિક અને પછાત વર્ગોની જાતિને આપવામાં આવતાં પ્રમાણપત્રો બાબતમાં ,કલેક્ટરશ્રી ઓને એપીલેટ અને મોનીટરીંગ અધિકારી તરીકે આપેલ નિમણુંક અન્વયે અપીલ અરજીઓની નિકાલ કરવાની સમય મર્યાદા બાબત. | ૩૪ |

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિધ્યાર્થીઓને શાળાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની સુવિધા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અજપ-૧૦૯૯-યુ.ઓ.-૨૬-ઙ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૫-૪-૨૦૦૦.

-: ઠરાવ :-

ગુજરાત સરકાર ધ્વારા સરકારી નોકરીઓની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સાત ટકા જગ્યાઓ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. તદઅનુસાર, ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના ઈસમોને આપવામાં આવતા વિવિધ લાભો માટે જાતિની ખરાઇ આધારિત જાતિ પ્રમાણપત્રો આપવાની વિવિધ સૂચનાઓ અમલમાં છે. આવા જાતિ પ્રમાણપત્રો સમયસર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે અવારનવાર સૂચનાઓ પણ બહાર પાડી છે. તેમ છતાં અનુસૂચિત જાતિના વિધ્યાર્થીઓને ખાસ કરીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સરકારે નિયત કરેલ ટકાવારી પ્રમાણેની અનામત જગ્યાઓ સામે વિવિધ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતી વખતે આવા જાતિના પ્રમાણપત્રો સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોવાનું રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવેલ છે. ઘણીવાર પરીક્ષાના પરિણામો બાદ આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે રાજ્ય સરકારે નક્કી કરેલ સક્ષમ અધિકારીઓની કચેરીઓમાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે વિધ્યાર્થીઓ અને વાલીઓના ખૂબ જ ધસારો થાય છે. વળી ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની સમગ્ર કાર્યવાહી ખૂબ જ ચોકસાઈભરી, ઝડપી અને સમય મર્યાદિત હોવાથી આવા જાતિ પ્રમાણપત્રો સમય-મર્યાદામાં મેળવીને રજૂ કરવામાં અનુ.જાતિના વિધ્યાર્થીઓ અને વાલીઓને ખૂબ જ દોડધામ કરવી પડે છે અને કેટલીકવાર બિનજરૂરી હાલાકી, સમય, શકિત અને નાણાંનો દુર્વ્યય થાય છે. વિવિધ યોજનાઓના લાભોની સાથોસાથ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુ.જાતિના ઉમેદવારોને નિયત ટકાવારીનો મહત્તમ લાભ મળી શકે તે માટે જાતિ પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

-૨-

૨. પ્રસ્તુત બાબતમાં કાળજીપૂર્વક પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧૦ અને ૧૨ના અનુ.જાતિના વિધ્યાર્થીઓને જે તે શાળા ધ્વારા જ પરીક્ષાના પરિણામોની સાથે જ જાતિના પ્રમાણપત્રો મળી રહે તેવી વ્યવસ્થા કરવાનું આથી ઠરાવવામાં આવેલ છે. આ હેતુસર નીચે મુજબ કાર્યવાહી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

(૧) રાજ્યની તમામ ખાનગી તેમજ સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોએ તેમની શાળાના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિધ્યાર્થીઓની શાળાના જનરલ રજીસ્ટરના આધારે આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબની વિગતો સાથેની શાળાના વિધ્યાર્થીઓની સંકલિત યાદીરુપે દરખાસ્ત તૈયાર કરી **મોડામાં મોડી તારીખ ૩૧, ડીસેમ્બર સુધીમાં** સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ને અચૂકપણે મોકલવાની રહેશે. જે વિધ્યાર્થીઓને ધોરણ-૧૦ કે તે અગાઉ આવા પ્રમાણપત્રો મળી ગયા હોય તેવા વિધ્યાર્થીઓના આ યાદીમાં સમાવેશ કરવાની જરુરિયાત રહેશે નહીં.

(૨) સબંધિત જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ શાળાઓ મારફતે ઉપલબ્ધ કરાયેલ યાદીઓને આધારે જાતિ પ્રમાણપત્ર આપવા બાબતે નિયમ મુજબ ચકાસણી કરી વિધ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રો તારીખ ૩૦મી એપ્રિલ પહેલાં તૈયાર કરવાના રહેશે. તેમ છતાં જો ચકાસણીમાં સમય લાગે તેવું જણાય તો શાળાના કર્મચારીની રુબરુમાં જ યાદીની ચકાસણી કરી લઇને આવા જાતિ પ્રમાણપત્રો **મોડામાં મોડા ૩૦મી એપ્રિલ સુધીમાં તૈયાર કરી દેવાના રહેશે અને સંબંધિત શાળાના આચાર્યશ્રીને ૩૦મી એપ્રિલ સુધીમાં મોકલી આપવાના રહેશે. સંબંધિત શાળાના આચાર્યશ્રીએ પરીક્ષાના પરિણામની સાથે સંબંધિત વિધ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો આપી દેવાના રહેશે.**

(૩) **શાળાના આચાર્યશ્રીઓએ સ્પષ્ટ રીતે નક્કી થઇ શકે તેવા વિધ્યાર્થીઓની પૂરેપૂરી વિગતો** ઉપર જણાવ્યા મુજબના પરિશિષ્ટમાં મોકલવી. પરંતુ જે વિધ્યાર્થીઓ અંગે જાતિ, પેટા જાતિ કે શાળા છોડયા પ્રમાણપત્ર(એલ.સી.)માં ધ્વીધા કે અસ્પષ્ટતા જણાતી હોય તેવા વિધ્યાર્થીઓની વિગતો મોકલવી નહીં. પરંતુ આવા વિધ્યાર્થીઓની જાણકારી સારું આવા વિધ્યાર્થીઓની એક યાદી શાળાએ પોતાની રીતે નોટીસ બોર્ડ ઉપર પસિધ્ધ કરી દેવી. જેથી સંબંધકર્તા વિધ્યાર્થીઓ/ વાલીઓ જરુરી આધાર-પુરાવાઓ કે ખૂટતી વિગતો સાથે સીધે સીધા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અથવા અન્ય સક્ષમ અધિકારીનો સંપર્ક કરીને પ્રમાણપત્રો મેળવી શકે. જિલ્લા અધિકારીઓએ પણ આવી વિગતો ઉપલબ્ધ કરનાર વિધ્યાર્થીઓ / વાલીઓને પુરાવાઓ તપાસી શક્ય હોય ત્યાં સુધી કોઇ પણ જાતની હેરાનગતિ સિવાય પ્રમાણપત્રો પૂરાં પાડવામાં આવે તે જોવું.

(૪) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પાસેથી જાતિ પ્રમાણપત્રો મળ્યા બાદ સંબંધિત શાળાના આચાર્યશ્રીએ ધોરણ- ૧૦ અને/ધોરણ-૧૨ની

પરીક્ષાના પરિણામોની સાથે જ તેમની શાળાના વિધ્યાર્થીઓને આવા જાતિ પ્રમાણપત્રો અચૂક રીતે આપી દેવામાં આવે તે જોવું. શક્ય હોય તો જાતિ પ્રમાણપત્રો આપ્યા અંગેની જરુરી નોંધ જે તે વિધ્યાર્થીના શાળા છોડયાના પ્રમાણપત્ર (એલ.સી.) ઉપર પણ કરી લેવી.

૨. આ વ્યવસ્થા ફકત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિધ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી હાલાકી દૂર કરવાના આશયથી વધારાની વ્યવસ્થા રુપે અમલમાં આવે છે. તેથી જાતિ પ્રમાણપત્રો સ્થાયી હુકમો અનુસાર સરકારે અધિકૃત કરેલ અન્ય અધિકારીઓ પાસેથી સીધે સીધા મેળવવાની હાલની સૂચનાઓ પણ યથાવત્ રીતે અમલમાં રહે છે અને તેથી આવા સક્ષમ અધિકારીઓએ આ વ્યવસ્થા હોવા છતાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા આવનાર વિધ્યાર્થીઓ / વાલીઓને પોતાની સત્તાની રુએ ચકાસણી કરીને જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની તેમની ફરજ યથાવત્ રીતે બજાવવી જેથી વિધ્યાર્થીઓને અને વાલીઓને જાતિ પ્રમાણપત્રો મેળવવામાં આ વૈકલ્પિક વ્યવસ્થાનો પણ પૂરતો લાભ મળી શકે. આ વ્યવસ્થા ચાલુ વર્ષથી જ અમલમાં મૂકાતી હોવાથી ચાલુ વર્ષ પૂરતી આવી યાદી મોડામાં મોડી તારીખ ૧૫ મી એપ્રિલ પહેલાં સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓને મળી જાય તેની તકેદારી સંબંધકર્તા શાળાના આચાર્યશ્રીઓએ રાખવી અને જિલ્લા અધિકારીઓએ પણ તે જ સમય મર્યાદામાં મોડામાં મોડા તારીખ ૩૦મી એપ્રિલ સુધીમાં શાળાના આચાર્યશ્રીઓને આવા જાતિ પ્રમાણપત્રો મોકલાઇ જાય એ જોવું. જેથી ઉચ્ચ અભ્યાસક્રમોના આગામી નવા શૈક્ષણિક સત્રોમાં પ્રવેશની સરળતા રહે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારના શિક્ષણ વિભાગની તારીખ તા.૨૪-૩-૨૦૦૦ની નોંધથી મળેલ અનુમતિ /પરામર્શ અન્વયે કરવામાં આવેલ છે. તેથી આ સંબંધમાં શિક્ષણ વિભાગે પણ જરુરી આનુષાંગિક સૂચનાઓ સંબંધકર્તા ખાતાના વડાઓ અને જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે રાજ્યની તમામ માધ્યમિક , ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના ધ્યાન ઉપર મૂકી અનુસૂચિત જાતિના વિધ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષની આ કાર્યવાહીમાં પૂરતો સહયોગ અપાય તે જોવું. તે જ રીતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સઘળા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને તથા જિલ્લા કલેક્ટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ પણ તેમનાં હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આવા જાતિ પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી સમયસર પૂરી થાય તે જોવા માટે જરુરી સૂચનાઓ આપવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિ.એમ.પરમાર)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

*માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી

સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર( ત્રણ વધારાની નકલો સાથે)

સચિવાલયના સર્વે વિભાગો

કમિશનર ઓફ સ્કૂલ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ , ગુજરાત રાજય, ગાંધીનગર.

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,

સર્વે તકેદારી અધિકારીશ્રીઓ

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (પંચાયત)

સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના સર્વે બોર્ડ /નિગમો

વિભાગની સર્વે શાખાઓ .

સીલેકટ ફાઈલ હ- શાખા

.............................

* પત્ર દ્વારા

ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ માં અભ્યાસ
કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને
શાળાના પરિણામોની સાથે જ જાતિપ્રમાણપત્રો
પુરા પાડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃઅજપ–૧૦૯૯/યુ.ઓ.૨૬/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૨૯/૯/૨૦૦૦

વંચાણમાં લીધોઃ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તાઃ૫/૪/૨૦૦૦નો
ઠરાવ ક્રમાંકઃઅજપ–૧૦૯૯/યુ.ઓ.૨૬/હ.

પરિપત્ર

ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની સમગ્ર કાર્યવાહી ખુબ જ ચોકસાઈભરી,ઝડપી,અને સમય મર્યાદિત હોવાથી જાતિ પ્રમાણપત્રો સમયમર્યાદામાં મેળવીને રજૂ કરવામાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને અને વાલીઓને ખુબ જ દોડધામ કરવી પડે છે અને કેટલીકવાર બીનજરુરી હાલાકી,સમય ,શકિત અને નાણાંનો દુર્વ્યય થાય છે.વિવિધ યોજનાઓના લાભોની સાથોસાથ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુસુચિત જાતિના ઉમેદવારોને નિયત ટકાવારીનો મહતમ લાભ મળી શકે તે હેતુથી અનુસુચિત જાતિના ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના પરીક્ષાના પરીણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો જે તે સંબંધિત શાળા કક્ષાએથી જ આપવાનું વંચાણમાં લીધેલ આ વિભાગના તારીખઃ૫–૪–૨૦૦૦ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે.ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના પરિણામોની સાથે જ જાતિના પ્રમાણપત્રો શાળા કક્ષાએથી કઈ રીતે પુરા પાડવા તે અંગેની વિગતવાર કાર્યપધ્ધતિ ઉપર્યુકત ઠરાવમાં દર્શાવવામાં આવેલ છે.

૨. આમછતાં હજુપણ કેટલીક સરકારી/બીનસરકારી શાળાઓ,સંસ્થાઓ દવારા ગત વર્ષના પરિણામો વખતે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી જાતિ પ્રમાણપત્રો પુરા પાડવામાં આવેલ નહી હોવાનું સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે.આમ થવાનું કારણ એમ માનવામાં આવે છે કે સંબંધિત શાળાઓએ અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની માહિતી

સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/સંબંધિત જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીને સમયસર મોકલી આપી નથી અથવા આવી માહિતી સમયસર મોકલી આપેલ હોય તો સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/સંબંધિત જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીએ સમયસર જાતિ પ્રમાણપત્રો તૈયાર કરીને જે તે સંબંધિત શાળાને પહોંચતા કર્યા નથી. અગરતો સંબંધિત શાળાને જાતિ પ્રમાણપત્રો સમયસર મળેલ નથી. આમ વંચાણમાં લીધેલ આ વિભાગના તા:૫/૪/૨૦૦૦ ના ઠરાવનો અમલ કરવામાં કેટલીક શાળાઓએ અગર તો કેટલાક જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓએ ઉદાસીનતા દાખવી હોય તેમ જણાય છે જે ઉચિત નથી.

૩. ઉપર્યુક્ત હકીકતે આમુખમાં જણાવેલ(વંચાણમાં લીધેલ)સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ:૫-૪-૨૦૦૦ ના ઠરાવ તરફ સંબંધિત સર્વેનું પુન:ધ્યાન દોરીને ભારપુર્વક વિનંતી કરવામાં આવે છે કે હવે પછીના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના પરીણામોની સાથે જ રાજ્યની તમામ શાળાઓએ તેમની શાળાના અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને આવા જાતિ પ્રમાણપત્રો અચુક રીતે આપી દેવામાં આવે તે જોવું. હવે પછી જો આ સુચનાઓનો અમલ કરવામાં નહી આવે અગરતો/ઉદાસીનતા દાખવવામાં આવશે તો કસુરવાર સામે ખાતાકીય રાહે પગલાં ભરવાની કાર્યવાહી કરવાનું વિચારવામાં આવશે.

૪. શિક્ષણ વિભાગે પણ જરુરી આનુષાંગિક સુચનાઓ સંબંધકર્તા ખાતાના વડાઓ/જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે રાજ્યની તમામ માધ્યમિક શાળાઓ/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના ધ્યાન ઉપર મુકવાની વિનંતી કરવામાં આવે છે. તે જ રીતે નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણે સઘળા જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત)ને તથા જિલ્લા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ પણ તેમના હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આવા જાતિ પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી સમયસર પુરી થાય તે જોવા માટે જરુરી સુચનાઓ ફરીવાર આપવા ભારપુર્વક જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

X માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગતસચિવશ્રી,વિધાનસભા,
સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.નાયબમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. (તેમના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાઓ/કચેરીઓના વડા/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ વગેરે આ અંગેની જાણ કરવાની વિનંતી સહ.
શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર. (વિભાગ હેઠળની સંબંધિત કચેરીઓ/શાળાના આચાર્યશ્રીઓને આ ઠરાવનો અમલ ચુસ્તપણે કરવાની સુચના આપવાની વિનંતી સહ).
X રજીસ્ટ્રારશ્રી,નામદાર ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદ.
X સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
X સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
X સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
X સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ.
તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ,
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જીલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ. (પંચાયત તથા રાજ્ય).
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીના વડા/બોર્ડ વગેરે.
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

સમાજકલ્યાણ વિભાગની તમામ શાખાઓ.
સીલેકટ ફાઈલ
X પત્ર દવારા.

મુળ અનુસૂચિત જાતિના પરંતુ બૌદ્ધધર્મ
પાળતા લોકોને અનુસૂચિત જાતિ તરીકેના
લાભો આપવા માટે જાતિ-પ્રમાણપત્ર આપવા
અંગે.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્રનં.એસસીડબલ્યુ-૧૦૯૦/આઈ-૮૫/ક,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૨-૧૨-૨૦૦૦.

વંચાણે લીધા:
(૧) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક:
એસસીડબલ્યુ/૧૨૭૭/૩૨૧૦૬/૭૯/જ, તા:૨૦/૬/૭૯
(૨) સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: એસસીડબલ્યુ/
૧૦૮૧/૧૨૯૧૩/૩૬૫/ખ. તા:૨૪-૭-૮૧.
(૩) સંવિધાન(અનુસૂચિત જાતિ)આદેશો(સુધારા)અધિનિયમ-૧૯૯૦ નં.૧૫
તા:૩-૬-૧૯૯૦
(૪) ભારત સરકારનો તા:૨૦/૧૧/૯૦ નો પત્રક્રમાંક:૧૨૦૧૬/૨૮/૯૦
એસસીડી(આરસેલ)
(૫) સમાજકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૯૦/આઈ-૮૫/ખ
તા:૧૬/૧૨/૯૧.

<u>પરિપત્ર</u>

અનુસૂચિત જાતિમાંથી ધર્મ પરિવર્તન કરીને જેઓએ બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હોય તેવા ઈસમોને ભારત સરકારની સુચનાઓ અન્વયે અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો/લાભો આપવા બાબતે આમુખમાં જણાવેલ ક્રમાંક(૫) આગળના સમાજકલ્યાણ વિભાગના તા:૧૬-૧૨-૯૧ ના ઠરાવથી જરુરી સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.આમ છતાં બૌદ્ધધર્મની કેટલીક સંસ્થાઓ/અરજદારો તરફથી એવી રજુઆત કરવામાં આવી છે કે કેટલાક સક્ષમ અધિકારીશ્રીઓ ભારત સરકારની તેમજ રાજ્ય સરકારની ઉપર જણાવેલ સુચનાઓ જાણતા નહી હોવાથી/ધ્યાન ઉપર નહી હોવાથી બૌદ્ધધર્મ પાળતા અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપતા નથી અથવા તો આનાકાની કરતા હોય છે.

૨. ઉપર આમુખમાં વંચાણમાં લીધેલ તા:૧૬/૧૨/૯૧ ના ઠરાવથી સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવેલ છે કે ભારત સરકારના તા:૩/૬/૯૦ ના સંવિધાન(અનુસૂચિત જાતિ આદેશો)(સુધારો)અધિનિયમ-૧૯૯૦, નંબર-૧૫ અને ભારત સરકારની તારીખ:૨૦/૧૧/૯૦ ની સુચનાઓ મુજબ અનુસૂચિત જાતિ/જનજાતિ અંગેનો "પ્રેસીડેન્સીયલ ઓર્ડર ૧૯૫૦" બહાર પડયાની તારીખે મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિતજાતિના ઈસમો પૈકી જેઓએ ધર્મપરિવર્તન કરી બૌદ્ધધર્મ અંગીકાર કરેલ હોય તેવા અનુસૂચિત જાતિના ઈસમોને ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓને મળતા તમામ લાભો આપવા અને તે અંગે સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓએ આવા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું.આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા સંબંધિત સક્ષમ

----૨

P.T.O.

અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર આ બાબત મુકવા નિયામકશ્રી અ.જા.ક.ને આથી પુનઃજણાવવામાં આવે છે. અને આ સુચનાનો ચુસ્તપણે અમલ થાય તે જોવા સંબંધિત સર્વેને આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

* માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.સર્વે મા.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,સા.ન્યા.અને અ.વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગતસચિવશ્રી,વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગો.
સા.ન્યા.અને અ.વિભાગ(સ.ક.પ્રભાગ) હેઠળના તમામ ખાતાના વડા/કચેરીઓના વડા.
સા.ન્યા.અને અ.વિભાગ(સ.ક.પ્રભાગ)હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
* રજીસ્ટ્રારશ્રી,નામદાર ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદ.
* સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
* સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ.
* સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી,
વિભાગની તમામ શાખાઓ.
સીલેકટ ફાઈલ(હ શાખા).
* પત્રથી.

ત્રિવેદી. એસટીએચ.૧ પેજ ૧૧.

અનુસૂચિત જાતિના સંબંધિત ઈસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગરતો રેવન્યુ રેકર્ડમાં જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ સંબંધિત ઈસમોની માંગણી મુજબ અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' એ પ્રમાણે જાતિ પ્રમાણપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક : અજસ/ ૧૦૯૩ / મુ.મં.૬૦ / ક.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૬-૮-૨૦૦૧.

વંચાણે લીધા.

૧. સમાજ કલ્યાણ વિભાગનો તારીખ ૫-૯-૧૯૯૮ ના પરિપત્ર ક્રમાંક:- અજસ-૧૦૯૩-મુ.મં.૬૦-ક.

૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તારીખ. ૨-૭-૨૦૦૧ નો પત્ર ક્રમાંક: અજાક -૫.૩-૨૦૦૧-૧૬૦૩.

પ્રસ્તાવના :

સરકાર હસ્તકની તમામ વહીવટી કચેરીઓ ( બોર્ડ / કોર્પોરેશન / નિગમો સહિત), શાળા / કોલેજો (સરકારી તેમજ બીન સરકારી), યુનિવર્સિટીઓ, ગ્રામ પંચાયત, મહેસુલી વગેરેના રેકર્ડમાં જ્યાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને 'વાલ્મિકી' અગરતો 'રૂખી' શબ્દનો ઉલ્લેખ કરવાની સુચનાઓ વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના (હાલમાં નવું નામ: સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ) તા.૫-૯-૧૯૯૮ના પરિપત્રથી આપવામાં આવેલ છે. આમ છતાં શાળાના રેકર્ડમાં / પંચાયતના રેકર્ડમાં અગરતો મહેસુલી રેકર્ડમાં ઉપર જણાવ્યા મુજબનો સુધારો સંબંધિત કચેરીઓ/સંસ્થાઓ દ્વારા નહી કરવાથી શાળા છોડયાનું પ્રમાણપત્ર, મહેસુલી રેકર્ડનો દાખલો વગેરે 'ભંગી' શબ્દના ઉલ્લેખથી આપવામાં આવતા હોય છે. પ્રસ્તુત બાબતમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે સંબંધિત ઈસમના શાળા છોડયાના પ્રમાણપત્ર/રેવન્યુ રેકર્ડમાં 'ભંગી' શબ્દ હોવા છતાં જાતિ પ્રમાણપત્ર આપનાર સંબંધિત અધિકારીશ્રીઓને સંબંધિત ઈસમો તરફથી જાતિ પ્રમાણપત્ર અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' તરીકે આપવા રજુઆત થયેલ છે. પરંતુ શાળા છોડયાના પ્રમાણપત્રમાં / રેવન્યુ રેકર્ડમાં જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ,જાતિ પ્રમાણપત્ર આપનાર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા સંબંધિત ઈસમને અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપવું કે કેમ તે બાબતમાં દ્વિધા અનુભવે છે અને વિભાગની વડી કચેરી પાસે માર્ગદર્શન માગવામાં આવે છે.

૨. પ્રસ્તુત બાબતમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે આમુખમાં ક્રમાંક: ૨ આગળ જણાવેલ તારીખ. ૨-૭-૨૦૦૧ ના પત્રથી એવો અભિપ્રાય આપેલ છે કે સંબંધિત ઈસમોએ વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના તા. ૫-૯-૯૮ ના પરિપત્રની જાણકારી ના અભાવે શાળા છોડતા પહેલાં શાળાના રેકર્ડમાં અગરતો મહેસુલી રેકર્ડમાં કે અન્ય સરકારી રેકર્ડમાં 'ભંગી' શબ્દના સ્થાને 'વાલ્મિકી' અગરતો ' રૂખી' એવો સુધારો કરાવેલ હોતો નથી. આ ઉપરાંત સંબંધિત સરકારી કચેરી / સંસ્થા / શાળા / ગ્રામ પંચાયત વગેરે એ વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના તા. ૫-૯-૯૮ ના પરિપત્રની જાણકારીના અભાવે કે સંબંધિત ઈસમોના જાતિના કોલમમાં ઉપર જણાવ્યા મુજબ સુધારો કરેલ ન હોય તો તેવા કિસ્સામાં જે તે ઈસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં / મહેસુલી રેકર્ડમાં / અન્ય સરકારી રેકર્ડમાં જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ 'ભંગી' શબ્દના પર્યાયરૂપ શબ્દો 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' એ પ્રમાણે જાતિ પ્રમાણપત્ર આપવું ઉચિત છે.

૩. કેન્દ્ર સરકારના અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ ( સુધારા ) અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક: ૪ સામે 'ભંગી' શબ્દના પર્યાય રૂપ શબ્દ તરીકે જાતિઓ / પેટા જાતિ / પર્યાય શબ્દો દર્શાવેલ છે તેમાં 'વાલ્મિકી' અને ' રૂખી '

પાછળ...

-૨-

શબ્દનો પણ ઉલ્લેખ છે તેથી તેને ધ્યાને લેતાં તેમજ મળેલ રજૂઆત; તથા વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના તારીખ. ૫-૯-૯૮ ના પરિપત્રથી બહાર પાડેલ સુચનાઓ ધ્યાને લઈને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના,ઉપર ફકરા ૨ માં જણાવેલ,તારીખ. ૨-૭-૨૦૦૧ ના પત્રમાં જણાવ્યા મુજબ ઉપર જણાવેલ કિસ્સાઓમાં જાતિ પ્રમાણપત્ર આપવા કરેલ દરખાસ્ત અંગે જરૂરી સુચનાઓ બહાર પાડવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

પ્રસ્તુત બાબતે કાળજીભરી વિચારણાના અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે સંબંધિત ઈસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગરતો મહેસુલી રેકર્ડમાં / પંચાયતના રેકર્ડમાં / અન્ય સરકારી રેકર્ડમાં 'ભંગી' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય તો પણ સંબંધિત ઈસમો અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' તરીકેનું અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' તરીકેનું જાતિ પ્રમાણપત્ર મેળવવા માગે તો જાતિ પ્રમાણપત્ર આપનાર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓએ 'ભંગી' શબ્દના પર્યાય શબ્દ તરીકે 'વાલ્મિકી' અગરતો 'રૂખી' ગણીને તે પ્રમાણે તેમની માગણી મુજબનું જાતિ પ્રમાણપત્ર આપવું તથા મળવાપાત્ર લાભો આપવા.

૨. આ ઠરાવના અમલ અંગે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ સંબંધિત સર્વેને ઘટતી કાર્યવાહી કરવાની સુચના આપવાની આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( વિ. એમ. પરમાર )
નાયબ સચિવ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી , સચિવાલય , ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ , સચિવાલય , ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ , સચિવાલય , ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ , સચિવાલય , ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ , ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ; અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ , ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(સંબંધિત સર્વેને જરૂરી સુચના પાઠવવાની વિનંતી છે. )
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા / કચેરીઓના વડાઓ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ બોર્ડ / કોર્પોરેશન.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
સિલેકટ ફાઈલ.

---

* પત્ર દ્વારા.

અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિઓ ના
સભ્યોને તથા મુળ અનુસૂચિત જાતિના લોકોએ
ધર્મ પરિવર્તન કરી બૌધ્ધ ધર્મ અપનાવેલ હોય તેવા
નવ બૌધ્ધોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની
સત્તા ધરાવતા અધિકારીઓ બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક : અજપ-૧૦૯૯-૨૦૮૪-હ.
સચિવાલય , ગાંધીનગર.
તારીખ :- ૧૯/૧૨/૨૦૦૧

<u>વંચાણે લીધા</u> : -

(૧) શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ ક્રમાંક: બીસીઈ-૩૪૭૧-જે(સેલ) ૫૦૨૩-સી તારીખ : ૨૪-૧૨-૭૧.

(૨) ભારત સરકારના પર્સનલ એન્ડ એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મસ ડીપાર્ટમેન્ટનો પત્ર ક્રમાંક: ૧૩-૨-૭૪ ઈએસટી/એસસીટી, તારીખ : ૫-૮-૭૫.

(૩) ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક:બીસી-૧૨૦૨૫-૩-૭૮-એસ સીટી ૧, તારીખ : ૨૯-૩-૭૬.

(૪) મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : ૫વટ-૩૪૭૬-૬૫૪૧- જે-સેલ, તારીખ: ૧-૧૧-૭૬.

(૫) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી-૧૨૦૨૫-૨-૭૬- એસ સીટી ૧, તારીખ : ૨૨-૩-૭૭.

(૬) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૧-૧૨૯૧૩- ૩૬૫-ખ , તારીખ : ૨૪-૭-૮૧.

(૭) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી-૧૨૦૨૫-૧૧-એસ-૭૯ એસસી એન્ડ બીસીડી ૧-૪ , તારીખ : ૨૯-૩-૮૨.

(૮) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૨-૫૯-ખ , તારીખ : ૪-૬-૮૨.

(૯) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી-૧૨૦૨૫-૧-૮૨ એસસી એન્ડ બીસીડી -૪, તારીખ : ૨૯-૬-૮૨.

(૧૦) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી-૧૬૦૧૪-૧-૮૨ એસસી એન્ડ બીસીડી -૧, તારીખ : ૧૮-૧૧-૮૨.

(૧૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી-૧૬૦૧૪-૧-૮૨ એસસી એન્ડ બીસીડી -૧, તારીખ : ૬-૮-૮૪.

(૧૨) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી-૧૬૦૧૪-૧-૮૨ એસસી એન્ડ બીસીડી -૧, તારીખ : ૨૨-૨-૮૫.

(૧૩) આદિજાતિ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંક: અજપ-૧૨૮૬-ઘા.સ.-ચ, તારીખ. ૨૭-૬-૮૬

(૧૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ, તારીખ. ૨૭-૧૦-૮૭.

(૧૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ, તારીખ. ૨૪-૫-૮૮.

(૧૬) સમાજ કલ્યાણ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ, તારીખ. ૪-૩-૮૯.

(૧૭) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૯૦-આઈ.૮૫-ખ, તારીખ. ૧૬-૧૨-૯૧.

(૧૮) સમાજ કલ્યાણ વિભાગનો પરિપત્ર ક્રમાંક: પરચ-૨૦૯૩-૪૧૯૯-ખ. તારીખ. ૧૨-૯-૯૪

(૧૯) સમાજીક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ પ્રભાગ ) વિભાગનો ઠરાવ ક્રમાંક: અજપ-૧૯૯૯-૪૦૬-ચ, તા. ૫-૫-૯૯.

<u>ઠરાવ</u>

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો/ઈસમોને તથા મુળ અનુસૂચિત જાતિના લોકોએ ધર્મપરિવર્તન કરી બૌધ્ધ ધર્મ અપનાવેલ હોય તેવા નવા બૌધ્ધોને જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓની યાદી આમુખમાં જણાવેલ ભારત સરકારના પત્રોની સુચનાઓના આધારે આમુખમાં જણાવેલ રાજય સરકારના વિવિધ ઠરાવોથી બહાર

3

પાડવામાં આવેલ છે. જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓની યાદીમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના તકેદારી અધિકારી, વર્ગ-૧, આદિજાતિ પ્રભાગ હસ્તકના કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી ( આદિજાતિ ડાંગ, આહવા, કચ્છ- ભૂજ ) નો ઉમેરો કરવાની બાબત તથા વંચાણમાં લીધેલ વિવિધ ઠરાવો / હુકમોનું એકત્રિતકરણ કરીને કેટલીક વધુ સ્પષ્ટતાઓ સાથે એક સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત છેલ્લા કેટલાંક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણાને અંતે નીચે મુજબની સ્પષ્ટતાઓ/સુચનાઓ સહિત આ સાથેના પરિશિષ્ટ- ૧ અને પરિશિષ્ટ ૨માં જણાવેલ અધિકારીઓને ( ઉપર જણાવેલ અધિકારીશ્રીઓ સહિત ) જાતિના પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આમુખમાં જણાવેલ ભારત સરકારના તારીખ. ૫-૮-૭૫ અને તા. ૬-૮-૮૪ ના પત્રથી અધિકૃત ગણવામાં આવેલ પરિશિષ્ટ ૧ માં જણાવેલ અધિકારીઓને ભારત સરકારની અથવા અખિલ ભારતસ્તરની સરકારી નોકરીઓ કે એવા અન્ય હેતુ તેમજ ગુજરાત સરકારની નોકરીઓ કે એવા અન્ય હેતુ માટે અનુસૂચિત જાતિ/જન જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત કરવામાં આવે છે.

૩. આમુખમાં જણાવેલ ભારત સરકારના તારીખ. ૨૨-૩-૭૭, તા. ૨૯-૩-૮૨, તા. ૧૮-૧૧-૮૨, તા. ૬-૮-૮૪ અને તા. ૨૨-૨-૮૫ ના પત્રોમાં જણાવ્યા મુજબ અનુસૂચિત જાતિ/જનજાતિ તરીકેના લાભો/ વિશેષાધિકારો તો સંબંધિત ઈસમને તેને તેના મુળ રાજ્યમાં જ મળી શકે છે. સ્થળાંતરવાળા રાજ્યમાં મળી શકે નહિ. અત્રે કાયમી વસવાટનો અર્થ વંચાણમાં લીધેલ ભારત સરકારના તા. ૨૨-૩-૭૭ ના પત્રમાં સમજાવ્યા પ્રમાણે કરવાનો રહે છે. અર્થાત અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના સંબંધિત ઈસમ / સભ્ય અગરતો તેના પિતા / પ્રપિતા/વડવાઓ પ્રેસીડેન્સીયલ ઓર્ડર તા. ૧૦-૮-૫૦ થી બહાર પડયાની તારીખે અથવા તે પહેલાં ગુજરાતમાં કાયમી વસવાટ ધરાવતા હોય તેવા ઈસમોને જ ગુજરાતના અનુસૂચિત જાતિ/ જનજાતિ તરીકે ગણવાના રહે છે અને તેવા ઈસમોને જ સક્ષમ અધિકારીશ્રીઓ તરફથી ગુજરાતના અનુસૂચિત જાતિ/ જન જાતિ તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપવાનું રહે છે. પરપ્રાંતના ( બીજા રાજ્યના ) અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમો નોકરી, ધંધા, રોજગાર અભ્યાસ વગેરે જેવા હેતુસર સ્થળાંતર કરીને ગુજરાતમાં હંગામી વસવાટ કરતા હોય તેવા

અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમોને પરિશિષ્ટ ૧ માં જણાવેલ અધિકારીઓ સંબધિત ઈસમને તેને તેના મૂળ રાજ્યના સંદર્ભમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના ઈસમ તરીકેનું જ જાતિપ્રમાણપત્ર આપી શકશે. નહિ કે ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિ / જન જાતિ તરીકે.

૪. મૂળ અનુસૂચિત જાતિના, પરંતુ ધર્મ પરિવર્તન કરી બૌધ્ધ ધર્મ પાળતા લોકોને અનુસૂચિત જાતિના પ્રમાણપત્ર આપવા અને લાભો આપવા અંગે વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૬-૧૨-૯૧ ના ઠરાવથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.તદ્દઅનુસાર પરિશિષ્ટ ૧ માં જણાવેલ અધિકારીઓને નવ બૌધ્ધી માટે પણ ઉપરા ફકરા-૩ ની બાબત તેમજ નીચે જણાવેલ બાબતો લક્ષમાં લઈ સબંધિત ઈસમ ગુજરાતના અનુસૂચિત જાતિના હોવા અંગેનુ જાતિ પ્રમાણપત્ર આપવા માટે, તદ્દઉપરાંત ઉપર ફકરા-૩ ની બાબત ધ્યાને લઈને પરપ્રાંતના અનુ.જાતિના સ્થળાંતરિત નવ બોધ્ધોને પણ તેને તેના મૂળ રાજ્યના સંદર્ભમાં અનુસૂચિત જાતિના ઈસમ તરીકેનું જ જાતિ પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત ગણવામાં આવે છે.

(અ) મુળ ગુજરાતના કાયમી વતની હોવા જોઈએ.

(બ) મુળ અનુસૂચિત જાતિના સભ્ય હોવા જોઈએ.અને તેમાંથી ધર્મપરિવર્તન કરી નવ બૌધ્ધ ધર્મ અપનાવેલો હોવો જોઈએ.

(ક) મુળ ગુજરાતના વતની છે. તેની સાબિતી રૂપે રેવન્યુ ઓથોરીટી પાસેથી પ્રમાણપત્ર મેળવવું.

(ડ) સંબંધિત ઈસમ અનુસૂચિત જાતિના હોવા અંગે અગરતો સંબંધિત ઈસમના માતા/પિતા/ભાઈ અનુસૂચિત જાતિના હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવું.

(ઈ) નવ બૌધ્ધ ધર્મ અંગીકાર કરેલો છે કે કેમ ? તેની સાબિતીરૂપે તે ધર્મના સંપ્રદાયના વડાનું પ્રમાણપત્ર રજુ કરવું.

૫. પરિશિષ્ટ ૧ માં દર્શાવેલ અધિકારીઓ ઉપરાંત પરિશિષ્ટ ૨ માં દર્શાવેલ અધિકારીઓને પણ ગુજરાતરાજ્યની નોકરીઓ અગરતો ગુજરાત સરકાર તરફથી અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમોને મળતા લાભો મેળવવાના હેતુ માટે અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરવામાં આવે છે. પરંતુ પરપ્રાંતના ( બીજા રાજ્યના ) અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમો સ્થળાંતર

—૫—

કરીને, ગુજરાતમાં વસેલા હોય તેવા અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમોને પરિશિષ્ટ ૨ માં જણાવેલ અધિકારીઓ જાતિ પ્રમાણપત્ર આપી શકશે નહી.

૬. સક્ષમ અધિકારીશ્રીઓએ જાતિના પ્રમાણપત્રો આપતી વખતે ભારત સરકારની સુચનાઓ તેમજ આદિજાતિ વિકાસ વિભાગના આમુખમાં જણાવેલ તારીખ. ૨૭-૬-૮૬ ના પરિપત્ર મુજબ પુરતી કાળજી અને ચોકસાઈ રાખવાની રહેશે. ખોટા જાતિ પ્રમાણપત્રો એફીડેવીટના આધારે કે બીજા પુરાવા પુરતી ચકાસણી કર્યા વગર અપાયાનું ધ્યાન ઉપર આવે એટલે કે સક્ષમ અધિકારીઓ પુરતી ચકાસણી કર્યા વગર ખોટા જાતિ પ્રમાણપત્રો આપશે તો તેવા અધિકારી સામે આમુખમાં જણાવેલ ભારત સરકારના તા. ૨૯-૩-૭૬ અને તા.૨૯-૬-૮૨ ના પત્રમાં જણાવ્યા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ વગેરે હેઠળ કાર્યવાહી થઈ શકશે અગરતો ખાતાકીય તપાસ શરૂ કરી શકાશે.

૭. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સામાજિક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ પ્રભાગ ) વિભાગના અગ્ર સચિવશ્રીની તારીખ ૨૬-૭-૯૭ ના રોજ મળેલ સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિ.એમ.પરમાર )
નાયબ સચિવ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

—૬—

- માનનીય સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો ( વિભાગ હેઠળના ખાતાના વડાને અને વિભાગ હસ્તકના સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓને આ બાબત ધ્યાન ઉપર લાવવાની વિનંતી સહ.)
- અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી, ર્ડા. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર. ( જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ. )
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર ( જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ. )
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ,
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સા.ન્યા. અને અધિ. વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ/ કોર્પોરેશન,
- તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ, વર્ગ–૧
- આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧,
- અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રીની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧,
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( રાજય અને પંચાયત .)
- તમામ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( આદિજાતિ) ડાંગ–આહવા / કચ્છ–ભૂજ.
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા પંચ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા , સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સા.ન્યાય અને અધિ. વિભાગની તમામ શાખાઓ.
- સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ના રહસ્ય સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ પ્રભાગ ) વિભાગના રહસ્ય સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- <u>સીલેકટ ફાઈલ ( ક / શાખા. )</u>

  ➢ પત્ર દ્વારા.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૯/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:
અજપ-૧૦૯૯-૨૦૮૪-હ સાથેનું બિડાણ :

## પરિશિષ્ટ - ૧

અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ / વધારાના જિલ્લા મેજિસ્ટ્રટ / નાયબ કમિશ્નર / કલેકટર / વધારાના નાયબ કમિશ્નર / નાયબ કલેકટર / પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ / સીટી મેજીસ્ટ્રેટ પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ ( પહેલા વર્ગના સવેતા મેજીસ્ટ્રેટ થી ઉતરતી કક્ષાના નહિ. ). તાલુકા મેજીસ્ટ્રેટ / કાર્યપાલક મેજીસ્ટ્રેટ / વધારાના મદદનીશ કમિશ્નર.

૨. મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / વધારાના મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ .

૩. મામલતદારથી ઉતરતી કક્ષાના નહિ એવા મહેસુલી અધિકારીઓ.

૪. ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૫. વહીવટદાર / વહીવટદાર ના સેક્રેટરી વિકાસ અધિકારી ( લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

— x —

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૯/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૦૯૯-૨૦૮૪-હ સાથેનું બિડાણ :

પરિશિષ્ટ – ૨

અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે ભારત સરકારે નિયત કરેલ સક્ષમ અધિકારીશ્રીઓ ( પરિશિષ્ટ – ૧ માં જણાવેલ ) ઉપરાંત રાજ્ય સરકારે નિયત કરેલ સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :

---

(૧) અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી,

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ.

(૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.

(૪) સમાજ કલ્યાણ અધિકારી ( આદિજાતિ ) ડાંગ – આહવા, કચ્છ – ભૂજ.

(૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.

(૬) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ , વર્ગ–૧.

(૭) આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી ની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧.

(૮) અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રીની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧.

ભરત :૧૨:૧૦: એચએવન.૧૩૮

અનુસુચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી
માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત.

**ગુજરાત સરકાર,**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંક: જપ્રપ–૧૦૯૬/આઈ–૭૮(૯૫)(૧)/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– ૨૬–૩–૨૦૦૨.

વંચાણે લીધા:

(૧) રાષ્ટ્રીય અનુસુચિત જાતિ અને જનજાતિ આયોગ, અમદાવાદનો તા:૫–૧૨–૯૫ નો પત્ર ક્રમાંક:૪૫/૧/૯૫–આરઈએસ.

(૨) નામદાર સુપ્રિમકોર્ટ, નવી દિલ્હી સ્પે.સીવીલ અપીલ નં.૫૮૫૪/૧૯૯૪/નું તા. ૨/૯/૯૪ નું જજમેન્ટ.

(૩) સા. ન્યા. અને અ વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) નો તારીખ:– ૨૦/૭/૨૦૦૦ નો ઠરાવક્રમાંક:અજપ–૧૦૯૭/૧૬૪૯/ચ.

**પ્રસ્તાવના**

અનુસુચિત જાતિના ખોટા પ્રમાણપત્રોને આધારે નોકરીમાં અનામત તેમજ લાભો વિગેરે માટે થતા ખોટા દાવા ચકાસવા માટે મહારાષ્ટ્ર રાજ્ય તરફથી જાતિ પ્રમાણપત્ર ચકાસણી અંગેની જે સમિતિ રચવામાં આવેલ છે તે ધોરણે ગુજરાત રાજ્યમાં પણ આવી સમિતિ રચવા રાષ્ટ્રીય અનુ.જાતિ/જનજાતિ આયોગે, વંચાણમાં લીધેલ તા:૫–૧૨–૯૫ ના પત્રથી, રાજ્ય સરકારને ભલામણ કરેલ છે.

૨. નામદાર સુપ્રીમકોર્ટ, નવી દિલ્હીની સ્પેશ્યલ સીવીલ અપીલ નંબર ૫૮૫૪/૧૯૯૪ (કુમારી માધુરી પાટીલ અને અન્યના કિસ્સામાં)ના જજમેન્ટમાં આપેલ સુચના/માર્ગદર્શનના આધારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે(આદિજાતિ વિકાસ પ્રભાગે)વંચાણમાં લીધેલ ક્રમાંક–૩ આગળના તા:૨૦/૭/૨૦૦૦ ના ઠરાવથી અનુસુચિત જનજાતિના ઈસમોના પ્રમાણપત્રોની ખરાઈ કરવા/ચકાસણી માટે વિશ્લેષણ સમિતિ **(Scrutiny Committee)** ની રચના કરેલ છે.

૩. ઉપરોક્ત વિગતે ગુજરાત રાજ્ય પુરતું અનુસુચિત જાતિના પ્રમાણપત્રોની ખરાઈ કરવા / ચકાસણી માટે વિશ્લેષણ સમિતિ (Scrutiny Committee) ની રચના કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

કાળજીભરી પુખ્ત વિચારણાને અંતે નોકરીઓમાં તેમજ તબીબી/ઈજનેરી મહાવિદ્યાલયોમાં પ્રવેશ મેળવવાનાં તથા અન્ય લાભો મેળવવાના બદઈરાદાથી બોગસ પુરાવા રજૂ કરી અનઅધિકૃત રીતે અનુસુચિત જાતિના ખોટા પ્રમાણપત્રો મેળવીને લાભો મેળવવાનો થતો દુરુપયોગ રોકવા અનુસુચિત જાતિના પ્રમાણપત્રોની ખરાઈ કરવા / ચકાસણી માટે નીચે દર્શાવેલ વિગતે રાજ્યકક્ષાની એક વિશ્લેષણ સમિતિ **(Scrutiny Committee)** ની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી/ અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| (૨) | નિયામકશ્રી, (અનુસુચિત જાતિ કલ્યાણ) | સભ્ય |
| (૩) | નિયામકશ્રી, (આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ) | સભ્ય |

૨. વિશ્લેષણ સમિતિની બેઠકો બોલાવવી,કાર્યવાહીનોંધ તૈયાર કરવી વગેરે આનુષાંગિક વહીવટી કામગીરી માટે નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણની કચેરીના સંયુક્ત નિયામકશ્રી આ સમિતિમાં સભ્ય સચિવ તરીકે સેવા બજાવશે.આ સમિતિનું વડુ મથક ગાંધીનગર રહેશે અને મહિનામાં એકવાર બેઠક બોલાવવાની રહેશે. જરુરિયાત ઉપસ્થિત થયેથી તાકીદની બેઠક પણ બોલાવી શકાશે.સદરહુ સમિતિનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રહેશે.

૩. **વિશ્લેષણ સમિતિના કાર્યો/ફરજો**

(૧) જાતિ પ્રમાણપત્ર આપવાની બાબત અંગે વખતોવખત નીતિ ઘડવી/ ફેરફાર કરવા

(૨) સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા અપાયેલ શંકાસ્પદ જણાતાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી કરવી, સુનાવણીઓ કરવી, પ્રમાણપત્રો રદ કરવાની કાર્યવાહી કરવી.ખોટા પ્રમાણપત્રને આધારે સબંધિત ઈસમે મેળવેલ લાભો પરત ખેંચવાની કાર્યવાહી કરવી અને તેવા લાભો મેળવતા અટકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવી.

(૩) ગેરકાયદેસર પ્રમાણપત્ર ધરાવનાર સબંધિત વ્યક્તિ સામે કાનુની કાર્યવાહી હાથ ધરવી . તેમજ પ્રમાણપત્ર આપનાર સબંધિત અધિકારી સામે પણ કાનુની કાર્યવાહી / ખાતાકીય તપાસ હાથ ધરવી.

(૪) ખોટા પ્રમાણપત્ર હોવા બાબત સજા થયેલ ઉમેદવારને ચુંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ગેરલાયક ઠરાવવો.

(૫) ખોટા પ્રમાણપત્ર બાબતે નોકરીદાતા/શૈક્ષણિક સંસ્થાઓના વડાને જાણ કરી વર્તમાન જગ્યાએ થી રુખસદ આપવા હુકમ કરવો .

(૬) વિશ્લેષણ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતીઅન્ય આનુષાંગિત બાબતો.

(૭) શંકાસ્પદ જાતિ પ્રમાણપત્ર બાબતે કાનુની કાર્યવાહી હાથ ધરી આખરી નિર્ણય આપવો .

(૮) વીજીલન્સ સેલ તકેદારી અધિકારીને સ્થળ તપાસની સુચનાઓ આપવા અહેવાલ મેળવવો.

(૯) વીજીલન્સ સેલની કામગીરી/કર્મચારીઓની સંખ્યા તથા સ્ટાફની નિમણુંક વગેરેની કાર્યવાહી હાથ ધરવી.

૪. **<u>વિશ્લેષણ સમિતિની સત્તાઓ</u>**

(૧) સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા અપાયેલ શંકાસ્પદ જણાતા જાતિ પ્રમાણપત્રોની ખરાઈ/ચકાસણી કરીને યથાવત રાખવા કે રદ કરવા અંગે સંપુર્ણ સત્તા સમિતિની રહેશે.

(૨) સમિતિનો જાતિ પ્રમાણપત્ર બાબતે લીધેલ નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. જો કે આવા નિર્ણયો ભારતના બંધારણની કલમ ૨૨૬ ની જોગવાઈને બંધનકર્તા રહેશે.સમિતિના ચુકાદા સામે માત્ર સ્પે.લીવ એપ્લીકેશન સિવાય અન્ય કોઈ નામદાર વડી અદાલતમાં અપીલ થઈ શકશે નહી.

(૩) શંકાસ્પદ પ્રમાણપત્રોના કિસ્સામાં બચાવની વાજબી તકો આપવી/મંજુર કરવી.

(૪) જરુર જણાય તો બચાવની સમય મર્યાદામાં વધારો કરવો.

(૫) રજૂ કરેલા પુરાવા માન્ય/અમાન્ય રાખવા.

(૬) ખોટા પ્રમાણપત્રોની બાબતને નૈતિક અધ:પતન ગણી આવું પ્રમાણપત્ર મેળવનાર ઉમેદવારને ચુંટણીની ઉમેદવારી માટે ગેરલાયક જાહેર કરવો.

(૭) સજા માટે કાનુની ફરીયાદ નોંધાવવી.

(૮) વિશ્લેષણ સમિતિના બીન સરકારી સભ્યોને નિયમોનુસાર ટી.એ/ડી.એ. ચુકવવાનું રહેશે અને બીન સરકારી સભ્યોના સદરહુ બીલ પર નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણએ પ્રતિસહી કરવાની રહેશે.

૫. વિશ્લેષણ સમિતિએ તેમની સમક્ષ રજૂ થયેલ પ્રમાણપત્રોની ચકાસણી અંગેની કાર્યવાહી વધુમાં વધુ ૨ માસમાં પુરી કરવાની રહેશે. જરુર જણાયે મુદ્દત વધારી શકાશે.

૬. આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના માંગણીનંબર ૯૩ નોન પ્લાન – મુખ્ય સદર ૨૨૫૧ સચિવાલય સામાજીક સેવા – ગૌણ સદર: (૦૯૦) સચિવાલય પેટા સદર : (૧) અનુસુચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના – સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ – સદરે ઉધારવાનો રહેશે અને તે અંગે જે તે નાણાકીય વર્ષમાં કરેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સમાન નંબરની ફાઈલ ઉપર નાણા વિભાગની તા: ૮/૩/૨૦૦૨ની તથા સરકારશ્રીની તા. ૧૯/૩/૨૦૦૨ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મા. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના માન. નેતાશ્રીના અંગતસચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
* રજીસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩૦)

નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ખાતું,ડૉ. .જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(આ બાબત સંબંધિત સર્વે સક્ષમ અધિકારીશ્રીઓને ધ્યાન ઉપર લાવવા તેમજ અન્ય આનુષાંગિક કાર્યવાહી સારૂ)
નિયામકશ્રી, આદિજાતિ સંશોધન અને તાલીમ એકમ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જીલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
તમામ જિલ્લાવિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પોલીસ વડાઓ
કમિશ્નરશ્રી, માહિતી ખાતું,,ડૉ. .જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(જરુરી અખબારીયાંદી બહાર પાડવાની વિનંતી સહ).
નિયામકશ્રી,રાષ્ટ્રીય અનુસુચિત જાતિ / જનજાતિ આયોગની પ્રાદેશિક કચેરી, અમદાવાદ.
વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.
વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
સચિવશ્રી(સા.ન્યા.અને અ.વિ)ના રહસ્ય સચિવશ્રી.
સા.ન્યા.અને અ.વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ.
સીલેકટ ફાઈલ (સા.ફકા. હ શાખા )

* પત્ર દવારા

સને.૧૯૭૧ ના ભારત પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મૂળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલા છે તે પૈકીના અનુસૂચિત જાતિના લોકોને અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ક્રમાંક:અજપ/૧૦૯૫/ઘા.સ.ર.હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૯-૯-૨૦૦૨

વંચાણે લીધા:- સમાજ કલ્યાણ વિભાગ (હાલમાં નવુ નામ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) ના તારીખ- ૩૧-૩-૯૮ નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૯૫/ઘા.સ.ર./હ

-: સુધારો ::-

સને. સને.૧૯૭૧ ના ભારત - પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મૂળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે ગુજરાતમાં આવીને વસેલા છે તે શરણાર્થીઓ પૈકી અનુસૂચિત જાતિના લોકોને ગુજરાતમાં મળતા અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા અંગે વંચાણમાં લીધેલ તારીખ:- ૩૧-૩-૯૮ ના ઠરાવ થી જરૂરી હુકમો કરવામાં આવેલ છે. આવા શરણાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા બાબતની ઠરાવેલ શરતો પૈકી એક શરત નીચે મુજબ રાખવામાં આવેલ.

(૧) " અરજદાર મૂળ ગુજરાતના વતની હોવા જોઇએ ".

પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલ અનુસૂચિત જાતિના કુટુંબોને અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓ નિવારવાના હેતુથી ઉપર જણાવેલ શરત નંબર એક ઉપરાંત નીચે પ્રમાણે ઉમેરો કરવામાં આવે છે. " મૂળ ગુજરાતના વતનીમાં જૂના દ્વિભાષી બૃહદ મુંબઇ રાજયના નગર પારકર પ્રાંત, કે જે મૂળભૂત રીતે અગાઉ ગુજરાતનો ભાગ હતો. તેના વતનીઓ મૂળ ગુજરાતના વતનીઓ ગણાશે."

ઉપર જણાવેલ સુધારા સિવાયની વંચાણમાં લીધેલ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૧૦/૧૦/૦૨

સમાજ કલ્યાણ અધિકારી,
જાવક ૨૩૩
તારીખ ૨૪/૧૦/૦૨
સહી.... ..........

TABLE-1

(૩)

પ્રસ્તુત બાબતની અમલવારી અંગે નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણે આવા અનુસૂચિત જાતિના શરણાર્થીઓને મળવાપાત્ર લાભો ઉપલબ્ધ થાય તે અંગેની તથા જાતિ પ્રમાણપત્ર આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત સર્વને સૂચના આપવાનું આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
( એન. કે.વર્સાત )
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવતન, ગાંધીનગર.

નં.અજાક/મ/૩/જા.પ્ર.પત્ર./૨૦૦૨/ ૨૩૯૮/૨૯૬૩
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તારીખ :- ૯ /૧૦/૨૦૦૨

**નકલ રવાના :-**

(૧) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, ગાંધીનગર (સામુ. ના.ક)

(૨) સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) ..............

(૩) કલેકટરશ્રી, કલેકટર કચેરી, ......................

(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ........................

૨/- સરકારશ્રીના ઉકત ઠરાવ અન્વયે હવે જાતિ પ્રમાણપત્ર આપવા અંગે તૂર્તજ કાર્યવાહી કરવા વિનંતી સહ.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર. ૯/૧

# ગુજરાત સરકાર

તાત્કાલિક/સમય મર્યાદા

ક્રમાંક: સીએઆર–૧૦૯૦–ચીઓ–૧૬–ઇ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 29.01-03.

પ્રતિ,
સર્વે કલેક્ટરશ્રીઓ,
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ,
સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)

વિષય:– ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલય તરફથી ગુજરાતની અનુસુચિત જાતિઓ પૈકી મોચી જાતિ તથા અન્ય જાતિઓ અંગે બહાર પાડેલ કાયદાની અમલવારી બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલય વૈધાનિક વિભાગ ન્યુ દિલ્હી તરફથી The Constitution (Scheduled Castes) Orders (Second Amendment) Act, 2002 No.61 of 2002 dtd. 17-12-2002 નો કાયદો ભારત સરકારે તેમના તા. ૧૮–૧૨–૨૦૦૨ ના અસાધારણ રાજ્યપત્ર ક્રમાંક રજીસ્ટર નંબર ૩૩૦૦૪/૨૦૦૨ થી પ્રસિધ્ધ કરેલ છે ( જેની નકલ આ સાથે સામેલ છે)

સદરહુ કાયદામાં શેડ્યુલ –૧ માં ગુજરાતને લગતા ક્રમાંક–૩ સામેના ભાગ ૪ માં એન્ટ્રી નંબર ૪ અને એન્ટ્રી નંબર ૫ માં જે જાતિઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે તે અંગે જાતિ પ્રમાણપત્રો આપવા અંગેની તથા તેને લગતી આનુસાંગિક સર્વે બાબતો અંગે યોગ્ય કાર્યવાહી કરવા ના સબંધિત સર્વેને આ અંગે જરુરી સૂચનાઓ ત્વરીત પાઠવવા આથી વિનંતી છે.

( રવિ એસ. સકસેના)
સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

એચકેઉપેજર૩૧

ન. અજાક/અ/૩/૨૦૦૩/ ૭૦૫ થી ૭૭૫
નિયામક, અનુસુચિતજાતિ કલ્યાણ
ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લૉક નં. ૪/૨ જુ. રા. ગાંધીનગર.
તારીખ:– ૨૮ / ૧ / ૨૦૦૩.

નકલ રવાના જરૂરી જાણ તથા કાર્યવાહી સારુ.

પ્રતિ,

૧. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (તમામ)
............... જીલ્લો.........

૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત)
............... જિલ્લો...............

// ૨ //

૯



૩. હાઉસ માસ્ટર શ્રી / વોર્ડનશ્રી / આસી.લેડી.સુપ્રિ.

૪. પ્રયોગ કેન્દ્ર સંચાલન અધિકારીશ્રી,

૫. તાલીમ અધિકારીશ્રી, .......

૬. આચાર્યશ્રી આદર્શ નિવાસી શાળા (તમામ)

૭. તકેદારી અધિકારીશ્રી, ( અમદાવાદ,વડોદરા રાજકોટ

૮. ~~xx~~ વડી કચેરી,ગાંધીનગર

તમામ શાખાધિકારીશ્રીઓ..............

સંયુકત નિયામક
અનુસૂચિતજાતિ કલ્યાણ
ગુ.રા.ગાંધીનગર.

KIND ATTN.
SHRI RAVI SAXENA,
SECRETARY,
SOCIAL JUSTICE & EMPOWERMENT

FAX- 079325 3244 54814
Govt of GUJARAT

रजिस्ट्री सं॰ डी॰एल॰-33004/2002

REGISTERED NO. DL-33004/2002

भारत का राजपत्र
The Gazette of India

असाधारण
EXTRAORDINARY
भाग II — खण्ड 1
PART II — Section 1
प्राधिकार से प्रकाशित
PUBLISHED BY AUTHORITY

सं॰ 73] नई दिल्ली, बुधवार, दिसम्बर 18, 2002/अग्रहायण 27, 1924
No. 73] NEW DELHI, WEDNESDAY, DECEMBER 18, 2002/AGRAHAYANA 27, 1924

इस भाग में भिन्न पृष्ठ संख्या दी जाती है जिससे कि यह अलग संकलन के रूप में रखा जा सके।
Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

SSS

## MINISTRY OF LAW AND JUSTICE

(Legislative Department)

*New Delhi, the 18th December, 2002/Agrahayana 27, 1924 (Saka)*

The following Act of Parliament received the assent of the President on the 17th December, 2002, and is hereby published for general information:—

# THE CONSTITUTION (SCHEDULED CASTES) ORDERS (SECOND AMENDMENT) ACT, 2002

No. 61 OF 2002

[*17th December*, 2002.]

**An Act further to amend the Constitution (Scheduled Castes) Order, 1950, the Constitution (Scheduled Castes) (Union Territories) Order, 1951, the Constitution (Jammu and Kashmir) Scheduled Castes Order, 1956, the Constitution (Dadra and Nagar Haveli) Scheduled Castes Order, 1962 and the Constitution (Pondicherry) Scheduled Castes Order, 1964.**

BE it enacted by Parliament in the Fifty-third Year of the Republic of India as follows:—

1. This Act may be called the Constitution (Scheduled Castes) Orders (Second Amendment) Act, 2002. Short title.

2. (*1*) The Schedule to the Constitution (Scheduled Castes) Order, 1950 is hereby amended in the manner and to the extent specified in Schedule I. Amendment of Scheduled Castes Orders.

(*2*) The Schedule to the Constitution (Scheduled Castes) (Union Territories) Order, 1951 is hereby amended in the manner and to the extent specified in Schedule II.

(*3*) The Constitution (Jammu and Kashmir) Scheduled Castes Order, 1956 is hereby amended in the manner and to the extent specified in Schedule III.

Jan. 27 2003 02:36PM P1 FAX NO. : 011 3384918

(4) The Constitution (Dadra and Nagar Haveli) Scheduled Castes Order, 1962 is hereby amended in the manner and to the extent specified in Schedule IV.

(5) The Constitution (Pondicherry) Scheduled Castes Order, 1964 is hereby amended in the manner and to the extent specified in Schedule V.

SCHEDULE I

[*See* section 2(*1*)]

AMENDMENTS TO THE CONSTITUTION (SCHEDULED CASTES) ORDER, 1950

1. In PART I.—*Andhra Pradesh*,—

(*i*) for entry 9, substitute—

"9. Beda (Budga) Jangam (in the districts of Hyderabad, Ranga Reddy, Mahbubnagar, Adilabad, Nizamabad, Medak, Karimnagar, Warangal, Khammam and Nalgonda)";

(*ii*) for entry 11, substitute—

"11. Byagara, Byagari";

(*iii*) for entry 14, substitute—

"14. Chamar, Mochi, Muchi, Chamar-Ravidas, Chamar-Rohidas";

(*iv*) for entry 23, substitute—

"23. Godagali, Godagula (in the districts of Srikakulam, Vizianagaram and Vishakhapatanam)";

(*v*) for entry 30, substitute—

"30. Kolupulavandlu, Pambada, Pambanda, Pambala";

(*vi*) for entry 35, substitute—

"35. Mala, Mala Ayawaru";

(*vii*) omit entry 52;

(*viii*) after entry 59, insert—

"60. Yatala

61. Valluvan.".

2. In PART III.—*Bihar*,—

(*i*) for entry 6, substitute—

"6. Chamar, Mochi, Chamar-Rabidas, Chamar-Ravidas, Chamar-Rohidas, Charmarkar";

(*ii*) for entry 9, substitute—

"9. Dhobi, Rajak";

(*iii*) for entry 10, substitute—

"10. Dom, Dhangad, Bansphor, Dharikar, Dharkar, Domra";

(*iv*) for entry 20, substitute—

"20. Pan, Sawasi, Panr".

3. In PART IV.—*Gujarat*,—

(*i*) for entry 4, substitute—

"4. Bhambi, Bhambhi, Asadaru, Asodi, Chamadia, Chamar, Chamar-Ravidas, Chambhar, Chamgar, Haralayya, Harali, Khalpa, Machigar, Mochigar, Madar, Madig, Mochi (in Dangs district and Umergaon Taluka of Valsad district only), Nalia, Telugu Mochi, Kamati Mochi, Ranigar, Rohidas, Rohit, Samgar";

JAN. 27 2003 02:36PM P2 FAX NO. : 011 3384918

(ii) for entry 5, substitute—

"5. Bhangi, Mehtar, Olgana, Rukhi, Malkana, Halalkhor, Lalbegi, Balmiki, Korar, Zadmalli, Barwashia, Barwasia, Jamphoda, Zampada, Zampda, Rushi, Valmiki".

4. In PART V.—*Haryana*—

(i) for entry 9, substitute—

"9. Chamar, Jatia Chamar, Rehgar, Raigar, Ramdasi, Ravidasi, Balahi, Batoi, Bhatoi, Bhambi, Chamar-Rohidas, Jatav, Jatava, Mochi, Ramdasia";

(ii) for entry 23, substitute—

"23. Mazhabi, Mazhabi Sikh";

(iii) for entry 25, substitute—

"25. Nat, Badi";

(iv) for entry 34, substitute—

"34. Sapela, Sapera";

(v) for entry 36, substitute—

"36. Sikligar, Bariya".

5. In PART VI.—*Himachal Pradesh*, after entry 56, insert—

"57. Barwala.".

6. In PART VII.—*Karnataka*—

(i) for entry 17, substitute—

"17. Banjara, Lambani, Lambada, Lambadi, Lamani, Sugali, Sukali";

(ii) for entry 23, substitute—

"23. Bhovi, Od, Odde, Vaddar, Waddar, Voddar, Woddar";

(iii) for entries 53 and 54, substitute—

"53. Koracha, Korachar

54. Korama, Korava, Koravar".

7. In PART VIII.—*Kerala*—

(i) omit entries 9 and 11;

(ii) for entry 12, substitute—

"12. Bharathar (other than Parathar), Paravan";

(iii) omit entries 13, 19, 20 and 21;

(iv) for entry 26, substitute—

"26. Kakkalan, Kakkan";

(v) for entry 28, substitute—

"28. Kanakkan, Padanna, Padannan";

(vi) for entry 30, substitute—

"30. Kavara (other than Telugu speaking or Tamil speaking Balija, Kavarai, Gavara, Gavarai, Gavarai Naidu, Balija Naidu, Gajalu Balija or Valai Chetty)";

— 9८ —



(vii) for entry 34, substitute—

"34. Kuravan, Sidhanar, Kuravar, Kurava, Sidhana";

(viii) for entry 37, substitute—

"37. Mannan, Pathiyan, Perumannan, Vannan, Velan";

(ix) for entry 39, substitute—

"39. Moger (other than Mogeyar)";

(x) omit entries 44 and 49;

(xi) for entry 50, substitute—

"50. Paraiyan, Parayan, Sambavar, Sambavan, Sambava, Paraya, Paraiya, Parayar";

(xii) omit entries 51 to 53;

(xiii) for entry 54, substitute—

"54. Pulayan, Cheramar, Pulaya, Pulayar, Cherama, Cheraman, Wayanad Pulayan, Wayanadan Pulayan, Matha, Matha Pulayan";

(xiv) omit entry 55;

(xv) for entry 60, substitute—

"60. Semman, Chemman, Chemmar";

(xvi) omit entries 65 and 66;

(xvii) for entry 68, substitute—

"68. Vettuvan, Pulaya Vettuvan (in the areas of erstwhile Cochin State only)

69. Nerian.".

8. In PART IX.—*Madhya Pradesh*,—

(i) for entry 36, substitute—

"36. Mahar, Mehra, Mehar, Mahara";

(ii) after entry 47, insert—

"48. Sargara.".

9. In PART XIII.—*Orissa*,—

(i) for entry 2, substitute—

"2. Amant, Amat, Dandachhatra Majhi";

(ii) for entry 10, substitute—

"10. Bauri, Buna Bauri, Dasia Bauri";

(iii) for entry 24, substitute—

"24. Dewar, Dhibara, Keuta, Kaibarta";

(iv) for entry 42, substitute—

"42. Kandra, Kandara, Kadama";

(v) for entry 45, substitute—

"45. Kela, Sapua Kela, Nalua Kela, Sabakhia Kela, Matia Kela";

(vi) for entry 56, substitute—

"56. Mala, Jhala, Malo, Zala, Malha, Jhola";

— 20 —



(vii) for entry 69, substitute—

"69. Pan, Pano, Buna Pana, Desua Pana";

(viii) for entry 86, substitute—

"86. Siyal, Khajuria".

10. In PART XIV.—*Punjab*,—

(i) for entry 5, substitute—

"5. Batwal, Barwala";

(ii) for entry 23, substitute—

"23. Mazhabi, Mazhabi Sikh".

11. In PART XVII.—*Tripura*, after entry 32, insert—

"33. Dhuli, Sabdakar, Badyakar

34. Natta, Nat.".

12. In PART XXI.—*Arunachal Pradesh*, omit entries 1 to 16.

SCHEDULE II

[*See* section 2(*2*)]

AMENDMENTS TO THE CONSTITUTION (SCHEDULED CASTES) (UNION TERRITORIES) ORDER, 1951

1. In PART I.—*Delhi*, for entry 29, substitute—

"29. Nat (Rana), Badi".

2. In PART II.—*Chandigarh*, for entry 4, substitute—

"4. Batwal, Barwala".

3. In PART III.— *Daman and Diu*, for entry 2, substitute—

"2. Chambhar, Mochi".

SCHEDULE III

[*See* section 2(*3*)]

AMENDMENTS TO THE CONSTITUTION (JAMMU AND KASHMIR) SCHEDULED CASTES ORDER, 1956

(i) for entry 4, substitute—

"4. Chamar or Ramdasia, Chamar-Ravidas, Chamar-Rohidas";

(ii) for entry 5, substitute—

"5. Chura, Bhangi, Balmiki, Mehtar";

(iii) for entry 7, substitute—

"7. Doom or Mahasha, Dumna".

Jan. 27 2003 02:38PM FAX NO. : 011 3384918

-22-



SCHEDULE IV

[*See* section 2(*4*)]

AMENDMENT TO THE CONSTITUTION (DADRA AND NAGAR HAVELI) SCHEDULED CASTES ORDER, 1962

For entry 4, substitute—

"4. Mahayavanshi.".

SCHEDULE V

[*See* section 2(*5*)]

AMENDMENT TO THE CONSTITUTION (PONDICHERRY) SCHEDULED CASTES ORDER, 1964

After entry 15, insert—

"16. Puthirai Vannan.".

SUBHASH C. JAIN,
*Secy. to the Govt. of India.*

PRINTED BY THE MANAGER, GOVERNMENT OF INDIA PRESS, MINTO ROAD, NEW DELHI AND PUBLISHED BY THE CONTROLLER OF PUBLICATIONS, DELHI, 2002.

MGIPMRND—6752GI—24.12.2002.

JAN. 27 2003 02:39PM P6 FAX NO. : 011 3384918

ભારતના બંધારણ ( અનુસુચિત જાતિઓ) હુકમ ( બીજો સુધારો ) અધિનિયમ,૨૦૦૨ અન્વયે ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં કરવામાં આવેલ સુધારા વધારા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
( અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ)
ઠરાવ ક્રમાંક-સીએઆર-૧૦૯૦-સીઓ-૧૬-હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૮ -૨-૨૦૦૩

<u>વંચાણમાં લીધા:-</u>

(૧) કેન્દ્ર સરકારના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (સુધારા) અધિનિયમ, ૧૯૭૬ (તા. ૧૮/૯/૭૬)
(૨) તત્કાલીન મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૦/૫/૧૯૭૯ નો પરિપત્ર ક્રમાંક-એસટીડબલ્યુ/૧૦૭૯/૬૨૮૭/જ
(૩) ભારતના બંધારણ ( અનુસૂચિત જાતિઓ ) હુકમો (બીજો સુધારો) અધિનિયમ, ૨૦૦૨ (તા. ૧૭/૧૨/૨૦૦૨)
(૪) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને અન્ય સક્ષમ અધિકારીશ્રીઓને સંબોધીને લખેલ આ વિભાગના સચિવશ્રીનો તા. ૨૭/૧/૨૦૦૩ નો પત્ર ક્રમાંક-સીએઆર/૧૦૯૦/સીઓ-૧૬/હ.
(૫) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના આ વિભાગના સચિવશ્રીને સંબોધીને લખેલા પત્ર ક્રમાંક-અજાક/મ/૨૦૦૩/૯૨૬/૨૭, તા. ૫/૨/૨૦૦૩ અને પત્ર ક્રમાંક-અજાક/મ/૩/૨૦૦૩/ ૯૨૮-૨૯, તા. ૫/૨/૨૦૦૩

## <u>પ્રસ્તાવના</u>

સને ૧૯૭૬ પહેલાં " મોચી" જાતિ માત્ર ગુજરાતના ડાંગ જિલ્લામાં અને તત્કાલીન સુરત જિલ્લાના ઉમરગાંવ તાલુકામાં જ અનુસુચિત જાતિ તરીકે માન્યતા ધરાવતી હતી. આમ સને ૧૯૭૬ પહેલાં "મોચી જાતિ માટે વિસ્તાર મર્યાદા હતી. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક: ૧ આગળ દર્શાવેલ અધિનિયમથી કેન્દ્ર સરકારે મોચી જાતિ માટેની વિસ્તાર મર્યાદા દુર કરીને સમગ્ર ગુજરાત રાજ્યમાં મોચી જાતિને અનુસુચિત જાતિ તરીકે ગણવાની માન્યતા આપવામાં આવી હતી. તદઅનુસાર આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક: ૨ આગળ દર્શાવેલ પરિપત્રથી ગુજરાતમાં સમગ્ર

મોચી જાતિના લોકોને અનુસુચિત જાતિના પ્રમાણપત્ર કાઢી આપવાની સબંધીત સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવેલ.

૨. વંચાણે લીધેલ ક્રમાંક:૩ આગળ દર્શાવેલ અધિનિયમ એટલે કે The Constitution (Scheduled Castes) Orders (Second Amendment) Act, 2002, No.61 of 2002,(તા.૧૭/૧૨/૨૦૦૨) લોકસભાએ પસાર કરેલ છે અને તે અધિનિયમને ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલય, વૈધાનિક વિભાગ, નવી દિલ્હી દવારા ભારત સરકારના તારીખ ૧૮-૧૨-૨૦૦૨ ના અસાધારણ રાજ્યપત્ર ક્રમાંક: રજીસ્ટર નંબર ડીએલ-૩૩૦૦૪- ૨૦૦૨ થી પ્રસિધ્ધી આપવામાં આવેલ છે.

૩. આ સને ૨૦૦૨ ના અધિનિયમમાં શેડયુલ-૧ માં ગુજરાતને લગતા ક્રમાંક: ૩ સામેના ભાગ-૪ માં એન્ટ્રી નંબર ૪ અને એન્ટ્રી નંબર ૫ માં જાતિઓ અંગે જે સુધારા -વધારા કરેલ છે. તે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| એન્ટ્રી નંબર-૪ | જે જાતિઓ/પેટા જાતિઓ દર્શાવેલ છે તેમાં "ચમાર-રવિદાસ" નો ઉમેરો કરેલ છે.<br><br>જે જાતિઓ/પેટા જાતિઓ દર્શાવેલ છે તેમાં "મોચી" જાતિ માટે નીચે મુજબ વિસ્તાર/ ક્ષેત્ર મર્યાદા લાગુ પાડી છે.<br>"મોચી " (માત્ર ડાંગ જિલ્લામાં અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકામાં જ) |
| એન્ટ્રી નંબર-૫ | જે જાતિઓ/ પેટા જાતિઓ દર્શાવેલ છે તેમાં<br>બારવાશીઆ(Barwashia)<br>બારવાંસીઆ(Barwasia)<br>જામફોડા (Jamphoda)<br>ઝામપાડા (Zampada)<br>ઝાંપડા (Zampda)<br>રુષિ (Rushi) અને<br>વાલ્મિકી (Valmiki) ઉમેરેલ છે. |

૪. વંચાણમાં લીધેલ ક્રમાંક: ૪ આગળ દર્શાવેલ પત્રથી સર્વે કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ અને અન્ય સક્ષમ અધિકારીશ્રીઓને વંચાણમાં લીધેલ ક્રમાંક:૩ આગળ દર્શાવેલ અધિનિયમની સને ૨૦૦૨ ની નકલ મોકલી ને જાતિ પ્રમાણપત્રો અંગે તેમજ અન્ય આનુસાંગિક સર્વે બાબતો અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ. તેના અનુસંધાને વંચાણમાં લીધેલ ક્રમાંક: ૫ આગળ દર્શાવેલ પત્રોથી નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણે આ

સુધારેલ અધિનિયમ સને ૨૦૦૨ની અમલવારી અંગે વધુ વિગતવાર સ્પષ્ટતાઓ કરતી સૂચનાઓ સરકાર કક્ષાએથી નક્કી કરવા અને તે અંગે ઠરાવ રવાના કરવા વિનંતી કરેલ છે. તદઅનુસાર પ્રસ્તુત બાબતની કાળજી ભરી પુખ્ત વિચારણા કરીને વંચાણમાં લીધેલ ક્રમાંક–૩ માં દર્શાવેલ અધિનિયમ સને ૨૦૦૨ ની અમલવારી નીચે જણાવેલ વિગતે કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**—:ઠરાવ:—**

૧. વંચાણમાં લીધેલ ક્રમાંક: ૩ સામે દર્શાવેલ અધિનિયમ, સને ૨૦૦૨ ભારત સરકારના ગેઝેટમાં તારીખ ૧૮–૧૨–૨૦૦૨ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. તે તારીખથી આ ઠરાવનો અમલ કરવાનો રહેશે.

૨. આ અધિનિયમ, સને ૨૦૦૨ થી ઉમેરાયેલ નવી જાતિઓ/ પેટા જાતિઓ સદરહુ ઠરાવના પ્રસ્તાવનામાં ફકરા–૩ માં દર્શાવેલ છે. તે જાતિઓ/ પેટા જાતિઓના ઈસમો/લોકો તરફથી અનુસુચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે માંગણી આવે ત્યારે તેઓ આ જાતિના છે કે કેમ તે અંગેની પુરતી ચકાસણી કરીને પુરાવાના આધારે અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું અને અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા.

૩. (૧) ગુજરાત રાજ્યમાં ડાંગ જીલ્લો અને વલસાડ જીલ્લાના ઉમરગાંવ તાલુકા સિવાયના વિસ્તારમાં વસતી સમગ્ર મોચી જાતિના લોકોને વંચાણમાં લીધેલ ક્રમાંક: ૩ સામે દર્શાવેલ અધિનિયમ,સને ૨૦૦૨ અન્વયે તા.૧૮–૧૨–૨૦૦૨ થી અનુસૂચિત જાતિ તરીકેના પ્રમાણપત્ર આપવાના રહેશે નહી. તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર તમામ લાભો પણ તા. ૧૮–૧૨–૨૦૦૨ થી આપવાના રહેશે નહિ.

(૨) માત્ર ગુજરાત રાજ્યના ડાંગ જીલ્લાના અને વલસાડ જીલ્લાના **ઉમરગાંવ** તાલુકાના મુળ વતની "મોચી" જાતિના લોકોને જ અનુસુચિત જાતિ તરીકેના પ્રમાપત્ર પુરતી ચકાસણી કરીને આપવાના અને અનુસુચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવાના રહેશે.

(૩) ડાંગ જિલ્લા અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના "મોચી" જાતિના લોકો / ઈસમો પૈકી જો કોઈ ઈસમોએ તા. ૧૮–૧૨–૨૦૦૨ પછી અનુસુચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મેળવેલ હોય અગરતો અપાયેલ હોય તો તે રદ કરવા અને મળવાપાત્ર લાભો આપવા નહિ તેમજ તા. ૧૮–૧૨–૨૦૦૨ પહેલા અનુસુચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મેળવાઈ ચૂકેલ હોય પરંતુ તે પ્રમાણપત્રના આધારે જો કોઈ લાભ હજી સુધી મળેલ ન હોય/ મેળવાયેલ ન હોય તો તેવા ઈસમોના પ્રમાણપત્ર અન્વયે પણ કોઈ લાભ આપવાના રહેશે નહિ. અર્થાત તેવા પ્રમાણપત્રો આપોઆપ રદ થયેલ ગણાશે.

૪. ઉપર જણાવ્યા મુજબ સબંધિત ઈસમોને અનુસુચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મળી રહે તે અંગે સબંધિત સર્વે પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીશ્રીઓને સુચના પાઠવવા તેમજ તે સબંધી આનુસાંગિક વધુ કાર્યવાહી કરવા નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(એન.કે.વર્સાત)
સંયુકત સચિવ.
સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

*માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. ( તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ/ બોર્ડ/કોર્પોરેશન/ યુનિવર્સિટીઓ વગેરેને જરુરી કાર્યવાહી સારુ જાણ કરવાની વિનંતી સહ)
કાયદા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.સચિવાલય ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય ગાંધીનગર.
*રજિસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજય ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ના તમામ ખાતાની વડી કચેરીઓ / બોર્ડ/ નિગમ.

સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

સર્વે તકેદારી અધિકારીશ્રીઓ. ( રાજકોટ/અમદાવાદ/વડોદરા )

સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)

સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તમામ અધિકારીશ્રીઓ હેઠળની તમામ ખાતાની વડી કચેરીઓ / બોર્ડ/ નિગમ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ની સર્વે શાખાઓ

સિલેકટ ફાઈલ.(હ શાખા)

* પત્ર દવારા

નં. અજાક/આ/૩/૨૦૦૨-૦૩/૧૯૨૩

[illegible]
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
[illegible]
ગાંધીનગર

[illegible]

તા. ૧૮/૨/૦૩

એચકેઉ પેજ ૨૭૭/૨૮૧

પ્રતિ,

(૧) તકેદારી અધિકારીશ્રી ______ (સર્વે)

(૨) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ______ (સર્વે)

(૩) સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) ______ (સર્વે)

(૪) [illegible] ______ (સર્વે)

(૫) [illegible] ______ (સર્વે)

(૬) તાલીમ અધિકારીશ્રી ______ (સર્વે)

(૭) આચાર્યશ્રી, આદર્શ નિવાસીશાળા (કુમાર/કન્યા) (સર્વે)

(૮) વડી કચેરીની સર્વે શાખાઓ ______

(૯) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ ગાંધીનગર

(૧૦) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર

(૧૧) સચિવશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ બોર્ડ ગાંધીનગર

[illegible]

[illegible]
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગાંધી...

અનુસુચિત જાતિઓ પૈકી અતિપછાતજાતિઓ
નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અપજ—૧૦૨૦૦૨—૧૦૫૦—હ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૫/૧૨/૨૦૦૪

વંચાણે લીધા:

નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો
તા: ૨૨— ૧— ૨૦૦૩ નો પત્રક્રમાંક: અજાક—મ—૭—૨૦૦૩/૬૬૩

ઠરાવ:

કેન્દ્ર સરકાર દવારા અનુસુચિતઓ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામા આવેલ ગુજરાતને લગતી અનુસુચિત જાતિની યાદીમાં અનુસુચિત જાતિઓ પૈકી અનુસુચિત જાતિના બાવા,વણકર સાધુ,વાલ્મિકી, ભંગી, મહેતર,ઓળગણા, રુખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, કોરાર, ઝાડમલ્લી, ગરો, ગરોડા, નાડીયા, હાડી, સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત, તુરી, તુરી-બારોટ,ઢેઢ બારોટ,તીરગર, તીરબંદા, થોરી,માતંગ જાતિઓને અતિપછાત જાતિમાં ગણવા અંગેની રજુઆતો સરકારમાં મળેલ હતી તેમની રજુઆતો પરત્વે નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણના અહેવાલ/અભિપ્રાય તેમજ આદિવાસી સશોધન અને તાલીમકેન્દ્ર,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ દવારા બહાર પાડેલ. "ગુજરાતની અતિ-પછાત અનુસુચિત જાતિઓનો સંક્ષિપ્ત પરિચય" પુસ્તિકાને વંચાણે લેતાં ઉકત જાતિઓને અતિપછાત જાતિ તરીકે ગણવા સંદર્ભમાં દર્શાવેલ નિયામકશ્રીના તા:૨૨—૧—૦૩ ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

આ જાતિઓના તલસ્પર્શી અભ્યાસ પરથી જોતાં જણાય છે કે આ લોકોનો સમગ્ર વ્યવહાર અનુસુચિત જાતિઓ સાથે જ હોય અને તેઓની સામાજીક,શૈક્ષણિક તથા આર્થિક પરિસ્થિતિ ખુબજ નબળી હોઈ તેમના સર્વાંગી વિકાસ માટે આ જાતિઓને અંતિપછાત જાતિ તરીકે માન્ય ગણી તે પ્રમાણે વિશેષ સવલતો આપવામાં આવે તે બાબતને અનુલક્ષીને પ્રસ્તુત બાબતમાં કાળજીભરી વિચારણા કરીને નીચે પ્રમાણેની જાતિઓને અનુસુચિત જાતિની અતિપછાત જાતિઓ તરીકે માન્ય રાખવાનું આથી ઠરાવવામા આવે છે.

(ચાલુ)

(૧) અનુસુચિત જાતિના બાવા વણકર સાધુ
(૨) વાલ્મિકી , ભંગી,મહેતર,ઓળગણા,રુખી,મલકાણા,હલાલખોર , લાલબેગી, કોરાર, ઝાડમલ્લી,
(૩)ગરો,ગરોડા,
(૪) નાડીયા, હાડી, સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત, સેનમા,
(૫) તુરી
(૬) તુરી–બારોટ, ઢેડ બારોટ
(૭) તીરગર તિરબંદા,
(૮) થોરી,
(૯) માતંગ

૨. આમ કરવાથી ભારત સરકારે બહાર પાડેલ ગુજરાતને લગતી આનુસુચિત - જાતિની યાદીમાં નવી જાતિ કે પેટાજુથોનો ઉમેરો કરવાનો થતો નથી.

૩. આ જાતિના ઈસમોને અતિપછાત અનુસુચિત જાતિનુ પ્રમાણપત્ર મળે તે પ્રમાણે જરુરી કાર્યવાહી કરવા સંબંધિત સર્વેને સુચના આપવા નિયામકશ્રી,અનુસુચિત જાતિ - કલ્યાણને આથી જણાવવામા આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નામદેવ વસોંત)
સયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી ,માન.મુખ્ય મંત્રીશ્રીનુ કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રીના રહસ્ય – સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો(તેમના નિયત્રણ હેઠળના ખાતાના વડાઓ,કેચરીઓના વડાઓ,બોર્ડ કોર્પો.યુનિ.વગેરેને જરુરી કાર્યવાહી,જાણ કરવાની વિનંતી સહ.
કાયદા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી નામ.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ
સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ અમદાવાદ
સચિવશ્રી ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની તમામ ખાતાની વડી કચેરીઓ, બોર્ડ,નિગમ.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.રાજકોટ/અમદાવાદ/વડોદરા)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.(હ શાખા)

એચકેસીપેજ૧૯૨

**અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જપ્રસ-૧૦૯૬-આઈ૭૮-(૯૫)(૧)હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 29 APR 2005

વંચાણે લીધા:- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૬-૩-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક જપ્રસ-૧૦૯૬-આઈ-૭૮ (૯૫)(૧) હ

**ઠરાવ:-**

સદર્ભમાં દર્શાવેલ વિભાગના તા. ૨૬-૩-૨૦૦૨ ના ઠરાવથી ગુજરાત રાજ્ય પુરતું અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ખરાઈ કરવા/ચકાસણી માટે વિશ્લેષણ સમિતિ (Scrutiny Committee) ની રચના કરવામાં આવેલ છે. આ સમિતિની રચનામાં સમિતિના સભ્યોની નીમણુંક કરવામાં આવેલ છે, જેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) અધિક મુખ્ય સચિવશ્રી /અગ્રસચિવશ્રી/સચિવશ્રી — અધ્યક્ષ
(૨) અધિક સચિવશ્રી /સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી — સભ્ય
(૩) નિયામકશ્રી, (અનુસૂચિત જાતિ કલ્યાણ) — સભ્ય
(૪) નિયામકશ્રી (આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ — સભ્ય

૨. વિશ્લેષણ સમિતિના કાર્ય/ફરજો, સમિતિની સત્તાઓ, વિગેરે અન્ય બાબતો તા. ૨૬-૩-૨૦૦૨ ના ઠરાવ મુજબ યથાવત્ રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન. કે. વઘોત)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
× માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
+ સર્વે મા. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વેમાન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય ના સર્વે વિભાગો
× રજીસ્ટારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ
× સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
×સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ
× સચિવશ્રી, ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
– નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
( આ બાબત સંબંધિત સર્વે સક્ષમ અધિકારીશ્રીઓને ધ્યાન ઉપર લાવવા તેમજ અન્ય આનુષંગિક કાર્યવાહી સારુ)
– નિયામકશ્રી,આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ
– તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
– તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
– તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.
– તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
– તમામ જીલ્લા પોલીસ વડાઓ.
– કમિશ્નરશ્રી, માહિતી ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(જરુરી અખબારી યાદી બહાર પાડવાની વિનતી સહ.)
– નિયામકશ્રી, રાષ્ટ્રીય અનુસુચિત જાતિ/જનજાતિ આયોગની પ્રાદેશિક કચેરી,અમદાવાદ
– વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન
– સચિવશ્રી(સા.ન્યાય.અને અ.વિ)ના રહસ્ય સચિવશ્રી
– સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
– સીલેકટ ફાઈલ.
× પત્ર દવારા

એચકેસીપેજ૮૨૫

અનુસૂચિત જાતિ / જનજાતિના તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિના આપવામાં આવનાર પ્રમાણપત્રો બાબતમાં કલેક્ટરશ્રીઓને "અપીલેટ અને મોનીટરીંગ અધિકારી" તરીકે નિમણૂંક આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : અજપ-૨૦૦૫-૯૩૭-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૩૦-૯-૨૦૦૫

<u>વંચાણે લીધા :-</u>

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૯-૧૧-૯૪ નો ઠરાવ ક્રમાંક : અજપ-૧૯૯૩-૧૧૯૮-ચ
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૬-૪-૯૫ નો ઠરાવ ક્રમાંક : અજપ-૧૯૯૪-મ.૭૯-ચ
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૮-૮-૯૬ નો ઠરાવ ક્રમાંક : અજપ-૧૯૯૪-મ.૭૯-ચ
(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૫-૫-૯૯ નો ઠરાવ ક્રમાંક :અજપ-૧૯૯૯-૪૦૬-ચ
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા ( આ.વિ) વિભાગનો તા. ૧૯-૧૨-૦૧ નો ઠરાવ ક્રમાંક : અજપ-૧૦૯૯-૨૦૮૪-હ.
(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા ( આ.વિ) વિભાગનો તા. ૧૮-૧-૦૨ નો ઠરાવ ક્રમાંક : અજપ-૨૦૦૧-૧૯-૩૮૦-ચ.
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૬-૬-૦૫ નો ઠરાવ ક્રમાંક : સશપ-૧૪૦૨-૧૪૪૪-અ.

<u>આમુખ</u> :-

ઉપર વંચાણે લીધેલ ઠરાવ / પરિપત્રોથી અનુ.જાતિ /અનુ. જનજાતિ / સા.અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિના પ્રમાણપત્રો કાઢી આપવા માટે વિવિધ અધિકારીઓને અધિકૃત કરવામાં આવેલ છે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે મામલતદારશ્રી અને અન્ય અધિકૃત અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિ /જનજાતિ / સા.અને શૈક્ષણિક રીતે પછાત જાતિના પ્રમાણપત્રો આપવામાં પૂરતી ચોકસાઇ રાખવામાં આવતી નથી, જેના કારણે અરજદારોની ઘણી ફરિયાદો પણ સરકારને મળે છે.

૨. અત્યાર સુધી જિલ્લા અથવા તાલુકા કક્ષાના અધિકારી ( જેવા કે જિ.પછાત વર્ગ કલ્યાણ અધિકારી, મામલતદાર ) અથવા આવા અધિકારીનો સમાવેશ કરીને રચવામાં આવેલ સમિતિ જ્યારે આવા પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી કરે અને તે કાર્યવાહી દોષયુક્ત હોય તો તેઓને માર્ગદર્શન આપવા જિલ્લા કક્ષાએ કોઈ અધિકારીને સત્તાની સોંપણી કરવામાં આવેલ નથી જેના પરિણામે ભોગ બનેલા અરજદારોની રજુઆતો સીધેસીધી રાજ્યકક્ષાએ એટલે કે સચિવાલયના વિભાગમાં આવે છે અને કેટલાક કેસોમાં અરજદારો હાઈકોર્ટમાં સ્પે.સીવ પીટીશન દાખલ કરીને ન્યાય માગવા ગયેલ હોવાના કિસ્સાઓ પણ બનેલ છે.

<u>ઠ રા વ :-</u>

૧. ઉપર દર્શાવેલ પરિસ્થિતિના નિવારણ માટે જિલ્લા / તાલુકાઓમાં અનુસૂચિત જાતિ તથા અનુ. જનજાતિ અને સામાજિક રીતે શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિના પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત અધિકારી જે ઉપર વંચાણે લીધેલ ઠરાવ / પરિપત્રોથી નક્કી કરવામાં આવેલ છે, તેઓની ઉપર અપીલેટ અને મોનીટરીંગ ઓથોરીટી તરીકે દરેક જિલ્લાના કલેકટરોની આથી નિમણૂંક કરવામાં આવે છે.

૨. આથી અનુ. જાતિ / અનુ. જનજાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિના પ્રમાણપત્રો આપવાની જિલ્લાના / તાલુકાના કોઈપણ અધિકારી દ્વારા નકારવામાં આવેલી અરજીઓ સામે દિન-૧૫ માં અરજદારે જે તે જિલ્લાના કલેકટરશ્રીને અપીલ કરવાની રહેશે અને સંબંધિત કલેકટરે યોગ્ય ચકાસણી કરીને તથા અરજદારને રૂબરૂ સાંભળવાની પૂરતી તક આપીને આવી અપીલ અરજી પરત્વે પોતાનો નિર્ણય દિન-૧૫ માં લેખિત હુકમ કરીને અરજદારને અને જે અધિકારી દ્વારા અરજી અગાઉ નકારવામાં આવેલ હશે તે અધિકારીને વિગતવાર કારણો સાથે જણાવવાનો રહેશે.

૩. એન્જીનીયરીંગ અને મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવવાના થતા હોય તેવા કિસ્સાઓમાં તથા કોઈ વ્યક્તિને નોકરીમાં સમય મર્યાદામાં હાજર થવાનું હોય તેવા કિસ્સાઓમાં કલેકટરશ્રીઓ વિવેકબુધ્ધિ વાપરીને ઉપર દર્શાવેલ ૧૫ દિવસની સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલાં પણ નિર્ણય જણાવી શકશે.

-30-



૪. આ અંગેના ફેર તપાસણીની ( Rev..ision ) સત્તા યથાપ્રસંગ સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / અ.મુ.સચિવશ્રી સા.ન્યા. અને અધિ. અને સચિવશ્રી / અગ્ર સચિવ / અ.મુ.સચિવશ્રી (આ.વિ.)હસ્તક રહેશે અને ઉક્ત રીવીઝન અધિકારી જે હુકમ કરે તે અરજદાર અને પ્રમાણપત્ર આપનાર અધિકારીને બંધનકર્તા રહેશે તથા ઉક્ત બંને વિભાગોમાં હાલમાં જે વિશ્લેષણ સમિતિ કાર્યરત છે તે તેની નિયત થયેલ કામગીરી ચાલુ રાખશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો પરામર્શ કરીને કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.એસ.રામી )
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- સર્વે કલેક્ટરશ્રીઓ
- સર્વે મામલતદારશ્રીઓ
- સચિવશ્રી સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ,ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ,ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓ
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ ( આ.વિ.)

} અન્ય સંબંધિત અધિકારીઓના ધ્યાન પર લાવવાની વિનંતી સાથે

નકલ રવાના પ્રતિ,
- માન. મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી , સા.ન્યા.અને અધિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી ( આ.ક.) રાજ્ય કક્ષાના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

નં.અજક/[illegible]/૨૦૦૫/ ૧૫૭૭૫ થી ૧૫૨૫૮
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ડૉ.[illegible] મહેતા ભવન,
ગુજરાત રાજ્ય ,ગાંધીનગર
તારીખ ૨૯ / ૧૨/૨૦૦૫

પ્રતિ
૧. વડી કચેરીના તમામ અધિકારીશ્રીઓને શ્રી.......................................
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
૩. મેનેજીંગ ડીરેક્ટરશ્રી,ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગર
૪. સચિવશ્રી, [illegible] અતિ પછાતજાતિ વિકાસ બોર્ડ ,ગાંધીનગર
૫. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ( સર્વે).......................................
૬. સમાજ કલ્યાણ અધિકારીશ્રી( જિલ્લા પંચાયત)( સર્વે) .......................................
૭. તકેદારી અધિકારીશ્રી ( સર્વે).......................................
૮. [illegible] સરકારી કુમાર છાત્રાલય ( સર્વે) .......................................
૯. આચાર્યશ્રી,આદર્શ નિવાસી શાળા( કુમાર/કન્યા) ( સર્વે).......................................

નાયબનિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

સરદાર સરોવર યોજનાને કારણે મહારાષ્ટ્રના અસરગ્રસ્ત અનુ.જાતિ/જનજાતિના લોકો ગુજરાતમાં વસવાટ કરેતો તેમને ગુજરાતના અનુ.જાતિ/જનજાતિને મળતા લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ–૧૦૮૪–૧૪૨૯–હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭/૧/૨૦૦૭

વંચાણે લીધાઃ–
(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૬–૩–૯૭ ના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ–૧૦૯૪–૧૪૨૯–હ
(૨) નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા. ૨૪/૧૧/૦૬ ના પત્ર ક્રમાંકઃ પીએસ–(આર) જીઓઆઈ–૧૦૩૬–૨૦૦૩–ક

**સુધારોઃ–**

સંદર્ભ (૧) માં દર્શાવેલ તા. ૬–૩–૯૭ ના ઠરાવથી સરદાર સરોવર યોજનાને કારણે મહારાષ્ટ્રના અસરગ્રસ્ત અનુ.જાતિ/જનજાતિના લોકો ગુજરાતમાં વસવાટ કરે તો તેમને ગુજરાતના અનુ.જાતિ–જનજાતિને મળતા લાભો આપવા ઠરાવ્યુ છે. આ ઠરાવના ફકરા–૪ માં સરદાર સરોવર યોજનાના અમલથી વિસ્થાપિત થયેલા મહારાષ્ટ્રના અનુ.જાતિ/જનજાતિના ઈસમોને નર્મદા,યોજના પુનઃવસવાટ અધિકારી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે. એવી જોગવાઈ કરેલ છે.

૨. સંદર્ભ(૨) માં દર્શાવેલ નર્મદા જળસંપતિ પાણી પુરવઠા વિભાગના તા.૨૪/૧૧/૦૬ ના પત્રથી થયેલ દરખાસ્ત વિચારણામાં લેતાં,પુનઃવસન અધિકારીનું નામાભિધાન બદલી "મદદનીશ કમિશ્નરશ્રી" રાખેલ હોઈ,ઉકત ઠરાવના ફકરા–૪ માં "પુનઃવસવાટ અધિકારી"ના બદલે "મદદનીશ કમિશ્નર" શબ્દનો આથી સુધારો કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શામજીભાઈ પટેલ)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર
23 FEB 2007

પ્રતિ,

૧. માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.

૨. માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

૩. સર્વે મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ,નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

૪. માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.

૫. નાયબ સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

૬. નાયબ સચિવશ્રી,નર્મદા,અને જળસંપતિ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. નિયામકશ્રી, નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

~~૮. સચિવશ્રીના તમામ વિભાગો તાબાની કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ~~

૯. નાયબ સચિવશ્રી(કે.પ્ર) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર તરફ તેમના તા. ૨૪/૨/૯૭ ના પત્ર ક્રમાંકઃ મપબ- ૧૯૯૭-કે.પ્ર.અન્વયે જાણ અર્થે.

૧૦. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય ગાંધીનગર તરફ જાણ તેમજ જરુરી કાર્યવાહી અર્થે.

૧૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ,લી.બ્લોક નં ૧૨,સચિવાલય, ગાંધીનગર.

૧૨. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.

૧૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

૧૪. સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

૧૫. સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,

૧૬. ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.

૧૭. સચિવશ્રી, ગુજરાત પંચાયત પસંદગી મંડળ,અમદાવાદ.

૧૮. સચિવશ્રી,ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર.

૧૯. સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.

૨૦. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગુ.રા.ગાંધીનગર.

~~૨૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુ.જાતિ આર્થિક વિકાસ નિગમ લી,ગાંધીનગર.~~

૨૨. આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨૩. કમિશ્નરશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર (જરુરી અખબારી યાદી બહાર પાડવાની વિનંતી સહ)

૨૪. નિયામકશ્રી, અનુ.જાતિ,અનુ.જનજાતિ રાષ્ટ્રિય આયોગ,ની કચેરી. અમદાવાદ

૨૫. વિભાગની તમામ શાખાઓ.

૨૬. પસંદગી ફાઈલ.

એચકે૧પેજ૫૯૫

સરદાર સરોવર યોજનાને કારણે વિસ્થાપિત થતાં
મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનુસૂચિતજાતિના
અસરગ્રસ્તોને જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અજસ-૧૦૨૦૦૭-૪૩૬-હ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૯/૬/૨૦૦૭

વંચાણે લીધાઃ-

(૧) નાયબ કમિશ્નરશ્રી (મ.પ્ર.) ની કચેરી સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સીના નર્મદા ભવન,વડોદરાના તા. ૧૫/૨/૦૭ ના પત્ર ક્રમાંકઃ નમદ-આર.એ-વશી-૩૦/૦૭
(૨) નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણના પત્ર ક્રમાંકઃ અજાક- મ-૫-૨૦૦૭-૬૪૦૦-તા. ૪/૫/૦૭
(૩) ભારત સરકારના કાયદો,ન્યાય અને કંપની બાબતોના બંધારણ (અ. જાતિ /જનજાતિ) મંત્રાલયનું તા. ૪/૬/૨૦૦૨ નું જાહેરનામુ

ઠરાવઃ-

સરદાર સરોવર યોજનાના કારણે વિસ્થાપિત થતા મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર અનુસુચિત જાતિના અસરગ્રસ્તો કે જેઓનું ગુજરાતમાં પુનઃવસન થયેલ છે /થનાર છે. તેઓને ગુજરાતમાં અનુસુચિત જાતિના લાભો મળી શકે તે માટે સંસદમાં પસાર કરવામાં આવેલ કાયદાના અનુસંધાને ઉપર વંચાણે લીધેલ ભારત સરકારના કાયદો ન્યાય અને કંપની બાબતોના બંધારણ મંત્રાલયના તા. ૪/૬/૨૦૦૨ ના જાહેરનામાથી નીચે જણાવ્યા મુજબની વધુ પાંચ જાતિને અનુસુચિત જાતિ તરીકે ગણવાના હુકમો કરવામાં આવ્યા છે.

૩૧-બલાહી-બલાલ (૩૨) ભંગી,મહેતર (૩૩) ચમાર (૩૪) ચીકવા,ચીકવી (૩૫) કોલી,કોરી (૩૬) કોટવાલ (ભીંડ,ધાર,દેવાસ, ગુના, ગ્વાલીયર,ઈન્દોર જાંબુઆ, ખારગોન,મંન્દસર, મોરેના, રાજગ્રહ, રતલામ, શાજાપુર, શીવપુરી, ઉજ્જેન,અને વીદીસા જીલ્લાઓમાં)

ઉપર દર્શાવેલ છ, અનુ. જાતિઓના લોકો જો નીચેની વિગતો પરિપુર્ણ કરતા હોયતો તેમને અનુ.જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ માંથી સ્થળાંતર થઈ ગુજરાતમાં વસવાટ કરેલ અનુસુચિત જાતિની વ્યકિતઓએ જે તે સબંધિત રાજયના અધિકૃત અધિકારી પાસેથી જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૨) જે તે રાજયના અધિકૃત અધિકારી પાસેથી જાતિ પ્રમાણપત્ર મેળવ્યા બાદ તેમજ સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી તરફથી પુનઃવસનની વિગતોની ખાત્રી કર્યા બાદજ ગુજરાત રાજયમાં જાતિ પ્રમાણપત્ર આપવાની સત્તા ધરાવતા સક્ષમ અધિકારીશ્રીઓએ જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર
30 JUN 2007
૧૫૬૬

(૩) આ ઠરાવની અમલવારી અંગે નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણએ જાતિ પ્રમાણપત્ર આપવા અંગેની જરુરી કાર્યવાહી કરવા સબંધિત જિલ્લા ક્ષેત્રિય અધિકારીઓને જરુરી સુચના આપવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શામજીભાઈ પટેલ )
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/ રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, નર્મદા અને જળસંપતિ પાંણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો (તાબાની કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ)
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી.ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
- કમિશ્નરશ્રી,આદિજાતિ કલ્યાણ ગુજરાત રાજય ,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, લી.ગાંધીનગર.
- નિયામકશ્રી રાષ્ટ્રિય અનુ.જાતિ આયોગ, માવળંકર હવેલી,વસંતચોક લાલદરવાજા, અમદાવાદ
- વિભાગની તમામ શાખાઓ
- પસંદગી ફાઈલ.

× પત્ર દવારા

એચકેપેજ૧૮૭

અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ અને શૈક્ષણિક અને પછાતવર્ગોની જાતિને આપવામાં આવતાં પ્રમાણપત્રો બાબતમાં કલેકટરશ્રીઓને અપીલેટ અને મોનીટરીંગ અધિકારી તરીકે આપેલ નિમણૂંક અન્વયે અપીલ અરજીઓની નિકાલ કરવાની સમય મર્યાદા બાબત.

આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી
ગુ. રા. ગાંધીનગર.
ક્ર. ૬૨૭
તારીખ ૨૯/૩/૦૯

નાયબ અનુસૂચિત ...
ગુ. રા. ગાંધીનગર.
25 APR 2009
૨૧૦૭

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : અજપ-૨૦૦૫-૯૩૭-ચ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૫-૩-૨૦૦૮.

વંચાણે લીધા :-

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૩૦-૯-૨૦૦૫ નો ઠરાવ.
(૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૮-૧૦-૨૦૦૬ નો ઠરાવ.

સુધારો :-

ઉપર વંચાણે લીધેલ તા.૧૮-૧૦-૨૦૦૬ ના સુધારાથી અપીલ અરજીઓના કેસો રીમાન્ડ કરીને સંબંધિત મામલતદારને મોકલવાના બદલે કલેકટરશ્રીને અપીલ અરજીઓના નિકાલ કરીને તે અંગે યોગ્ય તે નિર્ણયલેવાની સત્તાઓ આપવામાં આવેલ હતી. જે સત્તાઓ હવે નાયબ સચિવશ્રીને આથી ઉકત સત્તાઓ આપવામા આવે છે.

નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

- સર્વે કલેકટરશ્રીઓને
- સર્વે મામલતદારશ્રીઓ
- સચિવશ્રી, સા.ન્યા. અને અ.ધિ. સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર

(અન્ય સંબંધિત અધિકારીઓના ધ્યાન પર લાવવાની વિનંતી સાથે.)

- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આ.વિ.)

નકલ રવાના :- પ્રતિ,

- માન. મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, સા.ન્યા. અને અધિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.ક.) રા.ક.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૬)

ક્રમાંક : આદિજાતિ/[illegible]/સંશો. સ્ટો./૬૩૬૦૫/૨૩૩૨
[illegible]
[illegible] ૨૦-૨૪
[illegible]
તારીખ: ૨૩-૮-૨૦૦૫

પ્રતિ,
(૧) નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
(૨) નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર
(૩) નાયબ નિયામકશ્રી,
(વહીવટ) વડી કચેરી, ગાંધીનગર

તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.

(સહી)
નાયબ નિયામક
આદિજાતિ વિકાસ
[illegible] ગાંધીનગર

-૩૪-

અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ અને શૈક્ષણિક અને પછાતવર્ગોની જાતિને આપવામાં આવતાં પ્રમાણપત્રો બાબતમાં કલેકટરશ્રીઓને એપેલેટ અને મોનીટરીંગ અધિકારી તરીકે આપેલ નિમણૂંક અન્વયે અપીલ અરજીઓની નિકાલ કરવાની સમય મર્યાદા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : અજપ-૨૦૦૫-૯૩૭-ય,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૭-૬-૨૦૦૮

<u>વંચાણે લીધા</u> :-

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૩૦-૯-૨૦૦૫ નો ઠરાવ.
(૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૮-૧૦-૨૦૦૬ નો ઠરાવ.
(૩) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૫-૩-૨૦૦૮ નો સુધારા ઠરાવ.

**સુધારો :-**

ઉપર વંચાણે લીધેલ તા.૧૫-૩-૨૦૦૮ ના સુધારાથી કલેકટરશ્રીને અપીલ અરજીઓનો નિકાલ કરવાની સત્તાઓ આ વિભાગના નાયબ સચિવશ્રીને સોંપવામાં આવેલ હતી. નાયબ સચિવશ્રીને આપેલ આ સત્તાઓ આથી રદ કરવામાં આવે છે અને હવે કલેકટરશ્રીને અપીલ અરજીઓનો નિકાલ કરવા અંગેની સત્તાઓ વંચાણે લીધેલા ક્રમાંક-૧ના ઠરાવના પારા-૧ મુજબ આથી યથાવત રાખવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

- વિભાગના સર્વે નાયબ સચિવશ્રીઓ / ઉપસચિવશ્રીઓ / સેકશન અધિકારીશ્રીઓ
- સર્વે કલેકટરશ્રીઓ / સર્વે મામલતદારશ્રીઓ
- સચિવશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર

(અન્ય સંબંધિત અધિકારીઓના ધ્યાન પર લાવવાની વિનંતી સાથે.)

- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આ.વિ.)
- નકલ રવાના :- પ્રતિ,
- માન. મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, સા.ન્યા. અને અધિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.ક.) રા.ક.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

# ગુજરાત રાજયની અનુસૂચિત જાતિઓની યાદી

| અ.ન | જાતિનું નામ |
|---|---|
| ૧ | અગેર |
| ૨ | બાકડ, બાન્ટ |
| ૩ | ઢેડબાવા, ઢેડસાધુ |
| ૪ | ભાંબી, ભાંભી, અસાદરૂ, અસોડી, ચામડીયા, ચમાર, ચાંભાર, ચામગર, હરાલય્યા, હારાલી, ખાલપા, માચીગર મોચીગર, મદાર, માદીગ, મોચી ( ફકત ડાંગ જિલ્લાના તથા વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકાના), નાલીયા, તેલુગુ મોચી; કામટીમોચી, રાનીગર, રોહીદાસ, રોહીત, સામગર |
| ૫ | ભંગી, મહેતર, ઓળગાણા, રૂખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, બાલ્મીકી, કોરાર, ઝાડમલ્લી, બારવાશીઆ, બારવાસીઆ, જામફોડા ઝામ્પાડા, ઝામ્પડા,રૂશી, વાલ્મીકી, |
| ૬ | ચલવાડી, ચન્નાય્યા |
| ૭ | ચેનાદસાર, હોલાયા દસાર |
| ૮ | ડાંગશિઆ |
| ૯ | ઢોર, કકય્યા, કંકય્યા |
| ૧૦ | ગરમાતંગ |
| ૧૧ | ગરોડા, ગરો |
| ૧૨ | હલીર |
| ૧૩ | હલસર, હસલર, હુલાસ્વર, હલસ્વર |
| ૧૪ | હોલાર, વલ્હાર |
| ૧૫ | હોલાયા, હોલર |
| ૧૬ | લીંગાદર |
| ૧૭ | મહાર, તરાલ, ઢેગુમેગુ |
| ૧૮ | માહયાવંશી, ઢેડ, ઢેઢ, વણકર, મારૂ વણકર, અંત્યજ |
| ૧૯ | માંગ, માતંગ, મીનીમાડીગ |
| ૨૦ | માંગ - ગારૂડી |
| ૨૧ | મેઘવાલ, મેઘવાળ, મેઘવાર |
| ૨૨ | મુકરી |
| ૨૩ | નાડીયા, હાડી |
| ૨૪ | પાસી |
| ૨૫ | સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત |
| ૨૬ | શૈમાલીયા |
| ૨૭ | થોરી |
| ૨૮ | તિરગર, તિરબંદા |
| ૨૯ | તુરી |
| ૩૦ | તુરીબારોટ, ઢેઢ બારોટ |
| ❖ ૩૧ | બલાહી, બલાઇ |
| ❖ ૩૨ | ભંગી, મેહતર |
| ❖ ૩૩ | ચમાર |
| ❖ ૩૪ | ચીકવા, ચીકવી |
| ❖ ૩૫ | કોલી, કોરી |
| ❖ ૩૬ | કોટવાલ ( ભીંડ, ધાર, દેવાસ, ગુના, ગ્વાલીયર, ઇન્દોર, ઝાબુઆ, ખારગોણે, માન્ડસર, મોરેના ,રાજગાર્હ, રતલામ, શાજાપુર, શીવપુરી, ઉજજૈન અને વીડીશા જિલ્લાઓમાં ) |

**પ્રાપ્તસ્થાન :** **ભારતીય બંધારણના અનુસુચિતજાતિ અને અનુસુચિત જનજાતિઓના હુકમ( સુધારો )૧૯૭૬ અને ૨૦૦૨નો કાયદો**

**❖ ૩૧ થી ૩૬ ) - સરદાર સરોવર યોજનાના કારણે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાંથી વિસ્થાપિત થઇ ગુજરાત રાજયમાં વસવાટ કર્યો હોય તેવા**

| ક્રમ | તારીખ | ઠરાવ/ પરિપત્રની વિગતો | પાના ન |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૫/૪/૨૦૦૦ | ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની સુવિધા બાબત . | ૧- ૨ |
| ૨ | ૨૯/૯/૨૦૦૦ | ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવા બાબત. | ૩-૪ |
| ૩ | ૨/૧૨/૨૦૦૦ | મુળ અનુસૂચિત જાતિના પરંતુ બૌદ્ધધર્મ પાળતા લોકોને અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા માટે જાતિ પ્રમાણપત્રો આપવા અંગે. | ૫ |
| ૪ | ૬/૮/૨૦૦૧ | અનુસૂચિત જાતિના સંબધિત ઇસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગરતો. રેવન્યુ રેકર્ડમાં જાતિના કોલમમાં !! ભંગી !! શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ સંબિધત ઇસમોની માંગણી મુજબ અનુસૂચિત જાતિ !! વાલ્મીકી !! અગરતો અનુસૂચિત જાતિ !! રૂખી !! એ પ્રમાણે જાતિ પ્રમાણપત્રો આપવા બાબત. | ૬ |
| ૫ | ૧૯/૧૨/૨૦૦૧ | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિઓના સભ્યોને તથા મુળ અનુસૂચિત જાતિના લોકોએ ધર્મ પરિવર્તન કરી બૌદ્ધધર્મ અપનાવેલ હોય તેવા નવ બૌદ્ધોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા ધરાવતા અધિકારીઓ બાબત. | ૭-૧૧ |
| ૬ | ૨૬/૩/૨૦૦૨ | અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત. | ૧૨-૧૩ |
| ૭ | ૧૯/૯/૨૦૦૨ | સને ૧૯૭૧ના ભારત પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મૂળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલા છે તે પૈકીના અનુસૂચિત જાતિના લોકોને અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા બાબત. | ૧૪ |
| ૮ | ૨૭/૧/૦૩ | ભારત સરકારના કાયદો ન્યાય મંત્રાલય તરફથી ગુજરાતની અનુસૂચિત જાતિઓ પૈકી મોચી જાતિ તથા અન્ય જાતિઓ અંગે બહાર પાડેલ કાયદાની અમલવારી બાબત. | ૧૫-૨૧ |
| ૯ | ૧૮/૨/૨૦૦૩ | ભારતના બંધારણ ( અનુસૂચિત જાતિઓ ) હુકમ ( બીજો સુધારો ) અધિનિયમ,૨૦૦૨ અન્વયે ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં કરવામાં આવેલ સુધારા વધારા અંગે. | ૨૨-૨૪ |

| ક્રમ | તારીખ | ઠરાવ/ પરિપત્રની વિગતો | પના નં. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૦ | ૧૫/૧૨/૦૪ | અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિઓ નક્કી કરવા બાબત | ૨૫-૨૬ |
| ૧૧ | ૨૯/૪/૨૦૦૫ | અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત. | ૨૭ |
| ૧૨ | ૩૦/૯/૨૦૦૫ | અનુસૂચિત જાતિ/ જનજાતિના તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જાતિના આપવામાં આવનાર પ્રમાણપત્રો બાબતમાં ,કલેક્ટરશ્રીઓને !! અપીલેટ અને મોનીટરીંગ અધિકારી !! તરીકે નિમણુંક આપવા બાબત. | ૨૮-૩૦ |
| ૧૩ | ૧૭/૧/૨૦૦૭ | સરદાર સરોવર યોજનાને કારણે મહારાષ્ટ્રના અસરગ્રસ્ત અનુ.જાતિ/ જનજાતિના લોકો ગુજરાતમાં વસવાટ કરે તો તેમને ગુજરાતના અનુ.જાતિ/ જનજાતિને મળતા લાભો આપવા બાબત. | ૩૧ |
| ૧૪ | ૧૯/૬/૨૦૦૭ | સરદાર સરોવર યોજનાને કારણે વિસ્થાપિત થતાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનુસૂચિત જાતિના અસરગ્રસ્તોને જાતિ પ્રમાણપત્ર આપવા બાબત. | ૩૨ |
| ૧૫ | ૧૫/૩/૨૦૦૮ | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અને શૈક્ષણિક અને પછાત વર્ગોની જાતિને આપવામાં આવતાં પ્રમાણપત્રો બાબતમાં ,કલેક્ટરશ્રી ઓને !! અપીલેટ અને મોનીટરીંગ અધિકારી તરીકે આપેલ નિમણુંક અન્વયે અપીલ અરજીઓની નિકાલ કરવાની સમય મર્યાદા બાબત . | ૩૩ |
| ૧૬ | ૭/૬/૨૦૦૮ | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અને શૈક્ષણિક અને પછાત વર્ગોની જાતિને આપવામાં આવતાં પ્રમાણપત્રો બાબતમાં ,કલેક્ટરશ્રી ઓને એપીલેટ અને મોનીટરીંગ અધિકારી તરીકે આપેલ નિમણુંક અન્વયે અપીલ અરજીઓની નિકાલ કરવાની સમય મર્યાદા બાબત. | ૩૪ |

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા
અનુસૂચિત જાતિના વિધ્યાર્થીઓને શાળાના
પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા
પાડવાની સુવિધા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: -અજપ-૧૦૯૯-યુ.ઓ. - ૨૬-ઙ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૫-૪-૨૦૦૦.

-: ઠરાવ :-

ગુજરાત સરકાર ધ્વારા સરકારી નોકરીઓની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સાત ટકા જગ્યાઓ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. તદઅનુસાર, ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના ઈસમોને આપવામાં આવતા વિવિધ લાભો માટે જાતિની ખરાઇ આધારિત જાતિ પ્રમાણપત્રો આપવાની વિવિધ સૂચનાઓ અમલમાં છે. આવા જાતિ પ્રમાણપત્રો સમયસર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે અવારનવાર સૂચનાઓ પણ બહાર પાડી છે. તેમ છતાં અનુસૂચિત જાતિના વિધ્યાર્થીઓને ખાસ કરીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સરકારે નિયત કરેલ ટકાવારી પ્રમાણેની અનામત જગ્યાઓ સામે વિવિધ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતી વખતે આવા જાતિના પ્રમાણપત્રો સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોવાનું રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવેલ છે. ઘણીવાર પરીક્ષાના પરિણામો બાદ આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે રાજ્ય સરકારે નક્કી કરેલ સક્ષમ અધિકારીઓની કચેરીઓમાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે વિધ્યાર્થીઓ અને વાલીઓના ખૂબ જ ધસારો થાય છે. વળી ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની સમગ્ર કાર્યવાહી ખૂબ જ ચોકસાઇભરી, ઝડપી અને સમય મર્યાદિત હોવાથી આવા જાતિ પ્રમાણપત્રો સમય-મર્યાદામાં મેળવીને રજૂ કરવામાં અનુ.જાતિના વિધ્યાર્થીઓ અને વાલીઓને ખૂબ જ દોડધામ કરવી પડે છે અને કેટલીકવાર બિનજરુરી હાલાકી, સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય છે. વિવિધ યોજનાઓના લાભોની સાથોસાથ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુ.જાતિના ઉમેદવારોને નિયત ટકાવારીનો મહત્તમ લાભ મળી શકે તે માટે જાતિ પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

- ૨ -

૨. પ્રસ્તુત બાબતમાં કાળજીભરી પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧૦ અને ૧૨ના અનુ.જાતિના વિધ્યાર્થીઓને જે તે શાળા ધ્વારા જ પરીક્ષાના પરિણામોની સાથે જ જાતિના પ્રમાણપત્રો મળી રહે તેવી વ્યવસ્થા કરવાનું આથી ઠરાવવામાં આવેલ છે. આ હેતુસર નીચે મુજબ કાર્યવાહી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

(૧) રાજયની તમામ ખાનગી તેમજ સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોએ તેમની શાળાના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિધ્યાર્થીઓની શાળાના જનરલ રજીસ્ટરના આધારે આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબની વિગતો સાથેની શાળાના વિધ્યાર્થીઓની સંકલિત યાદીરુપે દરખાસ્ત તૈયાર કરી **મોડામાં મોડી તારીખ ૩૧, ડીસેમ્બર સુધીમાં** સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ને અચૂકપણે મોકલવાની રહેશે. જે વિધ્યાર્થીઓને ધોરણ-૧૦ કે તે અગાઉ આવા પ્રમાણપત્રો મળી ગયા હોય તેવા વિધ્યાર્થીઓના આ યાદીમાં સમાવેશ કરવાની જરુરિયાત રહેશે નહીં.

(૨) સબંધિત જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ શાળાઓ મારફતે ઉપલબ્ધ કરાયેલ યાદીઓને આધારે જાતિ પ્રમાણપત્ર આપવા બાબતે નિયમ મુજબ ચકાસણી કરી વિધ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રો તારીખ ૩૦મી એપ્રિલ પહેલાં તૈયાર કરવાના રહેશે. તેમ છતાં જો ચકાસણીમાં સમય લાગે તેવું જણાય તો શાળાના કર્મચારીની રુબરુમાં જ યાદીની ચકાસણી કરી લઈને આવા જાતિ પ્રમાણપત્રો **મોડામાં મોડા ૩૦મી એપ્રિલ સુધીમાં** તૈયાર કરી દેવાના રહેશે અને સંબંધિત શાળાના આચાર્યશ્રીને ૩૦મી એપ્રિલ સુધીમાં મોકલી આપવાના રહેશે. સંબંધિત શાળાના આચાર્યશ્રીએ પરીક્ષાના પરિણામની સાથે સંબંધિત વિધ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો આપી દેવાના રહેશે.

(૩) શાળાના આચાર્યશ્રીઓએ સ્પષ્ટ રીતે નકકી થઈ શકે તેવા વિધ્યાર્થીઓની પૂરેપૂરી વિગતો ઉપર જણાવ્યા મુજબના પરિશિષ્ટમાં મોકલવી. પરંતુ જે વિધ્યાર્થીઓ અંગે જાતિ, પેટા જાતિ કે શાળા છોડયા પ્રમાણપત્ર(એલ.સી.)માં ધ્વીધા કે અસ્પષ્ટતા જણાતી હોય તેવા વિધ્યાર્થીઓની વિગતો મોકલવી નહીં. પરંતુ આવા વિધ્યાર્થીઓની જાણકારી સારું આવા વિધ્યાર્થીઓની એક યાદી શાળાએ પોતાની રીતે નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરી દેવી. જેથી સંબંધકર્તા વિધ્યાર્થીઓ/ વાલીઓ જરુરી આધાર-પુરાવાઓ કે ખૂટતી વિગતો સાથે સીધે સીધા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અથવા અન્ય સક્ષમ અધિકારીનો સંપર્ક કરીને પ્રમાણપત્રો મેળવી શકે. જિલ્લા અધિકારીઓએ પણ આવી વિગતો ઉપલબ્ધ કરનાર વિધ્યાર્થીઓ / વાલીઓને પુરાવાઓ તપાસી શકય હોય ત્યાં સુધી કોઈ પણ જાતની હેરાનગતિ સિવાય પ્રમાણપત્રો પૂરાં પાડવામાં આવે તે જોવું.

(૪) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પાસેથી જાતિ પ્રમાણપત્રો મળ્યા બાદ સંબંધિત શાળાના આચાર્યશ્રીએ ધોરણ- ૧૦ અને/ધોરણ-૧૨ની

પરીક્ષાના પરિણામોની સાથે જ તેમની શાળાના વિધ્યાર્થીઓને આવા જાતિ પ્રમાણપત્રો અચૂક રીતે આપી દેવામાં આવે તે જોવું. શક્ય હોય તો જાતિ પ્રમાણપત્રો આપ્યા અંગેની જરુરી નોંધ જે તે વિધ્યાર્થીના શાળા છોડયાના પ્રમાણપત્ર (એલ.સી.) ઉપર પણ કરી લેવી.

૨. આ વ્યવસ્થા ફકત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિધ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી હાલાકી દૂર કરવાના આશયથી વધારાની વ્યવસ્થા રુપે અમલમાં આવે છે. તેથી જાતિ પ્રમાણપત્રો સ્થાયી હુકમો અનુસાર સરકારે અધિકૃત કરેલ અન્ય અધિકારીઓ પાસેથી સીધે સીધા મેળવવાની હાલની સૂચનાઓ પણ યથાવત્ રીતે અમલમાં રહે છે અને તેથી આવા સક્ષમ અધિકારીઓએ આ વ્યવસ્થા હોવા છતાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા આવનાર વિધ્યાર્થીઓ / વાલીઓને પોતાની સત્તાની રુએ ચકાસણી કરીને જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની તેમની ફરજ યથાવત્ રીતે બજાવવી જેથી વિધ્યાર્થીઓને અને વાલીઓને જાતિ પ્રમાણપત્રો મેળવવામાં આ વૈકલ્પિક વ્યવસ્થાનો પણ પૂરતો લાભ મળી શકે. આ વ્યવસ્થા ચાલુ વર્ષથી જ અમલમાં મૂકાતી હોવાથી ચાલુ વર્ષ પૂરતી આવી યાદી મોડામાં મોડી તારીખ ૧૫ મી એપ્રિલ પહેલાં સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓને મળી જાય તેની તકેદારી સંબંધકર્તા શાળાના આચાર્યશ્રીઓએ રાખવી અને જિલ્લા અધિકારીઓએ પણ તે જ સમય મર્યાદામાં મોડામાં મોડા તારીખ ૩૦મી એપ્રિલ સુધીમાં શાળાના આચાર્યશ્રીઓને આવા જાતિ પ્રમાણપત્રો મોકલાઇ જાય એ જોવું. જેથી ઉચ્ચ અભ્યાસક્રમોના આગામી નવા શૈક્ષણિક સત્રોમાં પ્રવેશની સરળતા રહે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારના શિક્ષણ વિભાગની તારીખ તા.૨૪-૩-૨૦૦૦ની નોંધથી મળેલ અનુમતિ /પરામર્શ અન્વયે કરવામાં આવેલ છે. તેથી આ સંબંધમાં શિક્ષણ વિભાગે પણ જરુરી આનુષાંગિક સૂચનાઓ સંબંધકર્તા ખાતાના વડાઓ અને જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે રાજ્યની તમામ માધ્યમિક , ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના ધ્યાન ઉપર મૂકી અનુસૂચિત જાતિના વિધ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષની આ કાર્યવાહીમાં પૂરતો સહયોગ અપાય તે જોવું. તે જ રીતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સઘળા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને તથા જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ પણ તેમના હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આવા જાતિ પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી સમયસર પૂરી થાય તે જોવા માટે જરુરી સૂચનાઓ આપવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)

(વિ.એમ.પરમાર)

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

*માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી

સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર( ત્રણ વધારાની નકલો સાથે)

સચિવાલયના સર્વે વિભાગો

કમિશનર ઓફ સ્કૂલ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ , ગુજરાત રાજય, ગાંધીનગર.

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,

સર્વે તકેદારી અધિકારીશ્રીઓ

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (પંચાયત)

સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના સર્વે બોર્ડ /નિગમો

વિભાગની સર્વે શાખાઓ .

સીલેકટ ફાઇલ હ- શાખા

..............................

* પત્ર દ્વારા

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં અભ્યાસ
કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને
શાળાના પરિણામોની સાથે જ જાતિપ્રમાણપત્રો
પુરા પાડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:અજપ-૧૦૯૯/યુ.ઓ.૨૬/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૨૬/૯/૨૦૦૦

વંચાણમાં લીધો: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૫/૪/૨૦૦૦નો
ઠરાવ ક્રમાંક:અજપ-૧૦૯૯/યુ.ઓ.૨૬/હ.

પરિપત્ર

ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની સમગ્ર કાર્યવાહી ખુબ જ ચોકસાઈભરી,ઝડપી,અને સમય મર્યાદિત હોવાથી જાતિ પ્રમાણપત્રો સમયમર્યાદામાં મેળવીને રજૂ કરવામાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને અને વાલીઓને ખુબ જ દોડધામ કરવી પડે છે અને કેટલીકવાર બીનજરુરી હાલાકી,સમય ,શકિત અને નાણાંનો દુર્વ્યય થાય છે.વિવિધ યોજનાઓના લાભોની સાથોસાથ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુસુચિત જાતિના ઉમેદવારોને નિયત ટકાવારીનો મહતમ લાભ મળી શકે તે હેતુથી અનુસુચિત જાતિના ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના પરીક્ષાના પરીણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો જે તે સંબંધિત શાળા કક્ષાએથી જ આપવાનું વંચાણમાં લીધેલ આ વિભાગના તારીખ:૫-૪-૨૦૦૦ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે.ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના પરિણામોની સાથે જ જાતિના પ્રમાણપત્રો શાળા કક્ષાએથી કઈ રીતે પુરા પાડવા તે અંગેની વિગતવાર કાર્યપધ્ધતિ ઉપર્યુકત ઠરાવમાં દર્શાવવામાં આવેલ છે.

૨. આમછતાં હજુપણ કેટલીક સરકારી/બીનસરકારી શાળાઓ,સંસ્થાઓ દવારા ગત વર્ષના પરિણામો વખતે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી જાતિ પ્રમાણપત્રો પુરા પાડવામાં આવેલ નહી હોવાનું સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે.આમ થવાનું કારણ એમ માનવામાં આવે છે કે સંબંધિત શાળાઓએ અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની માહિતી

સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/સંબંધિત જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીને સમયસર મોકલી આપી નથી અથવા આવી માહિતી સમયસર મોકલી આપેલ હોય તો સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/સંબંધિત જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીએ સમયસર જાતિ પ્રમાણપત્રો તૈયાર કરીને જે તે સંબંધિત શાળાને પહોચતા કર્યા નથી. અગરતો સંબંધિત શાળાને જાતિ પ્રમાણપત્રો સમયસર મળેલ નથી. આમ વંચાણમાં લીધેલ આ વિભાગના તા:૫/૪/૨૦૦૦ ના ઠરાવનો અમલ કરવામાં કેટલીક શાળાઓએ અગર તો કેટલાક જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓએ ઉદાસીનતા દાખવી હોય તેમ જણાય છે જે ઉચિત નથી.

૩. ઉપર્યુકત હકીકતે આમુખમાં જણાવેલ(વંચાણમાં લીધેલ)સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ:૫-૪-૨૦૦૦ ના ઠરાવ તરફ સંબધિત સર્વેનું પુનઃધ્યાન દોરીને ભારપુર્વક વિનંતી કરવામાં આવે છે કે હવે પછીના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના પરીણામોની સાથે જ રાજ્યની તમામ શાળાઓએ તેમની શાળાના અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને આવા જાતિ પ્રમાણપત્રો અચુક રીતે આપી દેવામાં આવે તે જોવું. હવે પછી જો આ સુચનાઓનો અમલ કરવામાં નહી આવે અગરતો/ઉદાસીનતા દાખવવામાં આવશે તો કસુરવાર સામે ખાતાકીય રાહે પગલાં ભરવાની કાર્યવાહી કરવાનું વિચારવામાં આવશે.

૪. શિક્ષણ વિભાગે પણ જરુરી આનુષાંગિક સુચનાઓ સંબંધકર્તા ખાતાના વડાઓ/જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે રાજ્યની તમામ માધ્યમિક શાળાઓ/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના ધ્યાન ઉપર મુકવાની વિનંતી કરવામાં આવે છે. તે જ રીતે નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણે સઘળા જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત)ને તથા જિલ્લા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પણ તેમના હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આવા જાતિ પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી સમયસર પુરી થાય તે જોવા માટે જરુરી સુચનાઓ ફરીવાર આપવા ભારપુર્વક જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

X માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગતસચિવશ્રી,વિધાનસભા,
સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.નાયબમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. (તેમના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાઓ/કચેરીઓના વડા/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ વગેરે આ અંગેની જાણ કરવાની વિનંતી સહ.
શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર. (વિભાગ હેઠળની સંબંધિત કચેરીઓ/શાળાના આચાર્યશ્રીઓને આ ઠરાવનો અમલ ચુસ્તપણે કરવાની સુચના આપવાની વિનંતી સહ).
X રજીસ્ટ્રારશ્રી,નામદાર ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદ.
X સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
X સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
X સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
X સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ.
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ,
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જીલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ. (પંચાયત તથા રાજય).
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીના વડા/બોર્ડ વગેરે.
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

સમાજકલ્યાણ વિભાગની તમામ શાખાઓ.
સીલેકટ ફાઈલ
X પત્ર દવારા.

મુળ અનુસુચિત જાતિના પરંતુ બૌધ્ધધર્મ પાળતા લોકોને અનુસુચિત જાતિ તરીકેના લાભો આપવા માટે જાતિ-પ્રમાણપત્ર આપવા અંગે.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્રનં.એસસીડબલ્યુ-૧૦૯૦/આઈ-૮૫/ઙ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૨-૧૨-૨૦૦૦.

વંચાણે લીધા:

(૧) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: એસસીડબલ્યુ/૧૨૭૭/૩૨૧૦૬/૭૯/જ, તા:૨૦/૬/૭૯
(૨) સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૧/૧૨૯૧૩/૩૬૫/ખ. તા:૨૪-૭-૮૧.
(૩) સંવિધાન(અનુસુચિત જાતિ)આદેશો(સુધારા)અધિનિયમ-૧૯૯૦ નં.૧૫ તા:૩-૬-૧૯૯૦
(૪) ભારત સરકારનો તા:૨૦/૧૧/૯૦ નો પત્રક્રમાંક:૧૨૦૧૬/૨૮/૯૦ એસસીડી(આરસેલ)
(૫) સમાજકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૯૦/આઈ-૮૫/ખ તા:૧૬/૧૨/૯૧ .

## પરિપત્ર

અનુસુચિત જાતિમાંથી ધર્મ પરિવર્તન કરીને જેઓએ બૌધ્ધધર્મ અંગીકાર કર્યો હોય તેવા ઈસમોને ભારત સરકારની સુચનાઓ અન્વયે અનુસુચિત જાતિના પ્રમાણપત્રો/લાભો આપવા બાબતે આમુખમાં જણાવેલ ક્રમાંક(૫) આગળના સમાજકલ્યાણ વિભાગના તા:૧૬-૧૨-૯૧ ના ઠરાવથી જરુરી સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. આમ છતાં બૌધ્ધધર્મની કેટલીક સંસ્થાઓ/અરજદારો તરફથી એવી રજુઆત કરવામાં આવી છે કે કેટલાક સક્ષમ અધિકારીશ્રીઓ ભારત સરકારની તેમજ રાજ્ય સરકારની ઉપર જણાવેલ સુચનાઓ જાણતા નહી હોવાથી/ધ્યાન ઉપર નહી હોવાથી બૌધ્ધધર્મ પાળતા અનુસુચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપતા નથી અથવા તો આનાકાની કરતા હોય છે.

૨. ઉપર આમુખમાં સંદર્ભમાં લીધેલ તા:૧૬/૧૨/૯૧ ના ઠરાવથી સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવેલ છે કે ભારત સરકારના તા:૩/૬/૯૦ ના સંવિધાન(અનુસુચિત જાતિ આદેશો)(સુધારા)અધિનિયમ-૧૯૯૦, નંબર-૧૫ અને ભારત સરકારની તારીખ:૨૦/૧૧/૯૦ ની સુચનાઓ મુજબ અનુસુચિત જાતિ/જનજાતિ અંગેનો "પ્રેસીડેન્સીયલ ઓર્ડર ૧૯૫૦" બહાર પડ્યાની તારીખે મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસુચિતજાતિના ઈસમો પૈકી જેઓએ ધર્મપરિવર્તન કરી બૌધ્ધધર્મ અંગીકાર કરેલ હોય તેવા અનુસુચિત જાતિના ઈસમોને ગુજરાત રાજ્યમાં અનુસુચિત જાતિઓને મળતા તમામ લાભો આપવા અને તે અંગે સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓએ આવા ઈસમોને અનુસુચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું. આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા સંબંધિત સક્ષમ

----૨

P.T.O.

અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર આ બાબત મુકવા નિયામકશ્રી અ.જા.ક.ને આથી પુનઃજણાવવામાં આવે છે. અને આ સુચનાનો ચુસ્તપણે અમલ થાય તે જોવા સંબંધિત સર્વેને આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

× માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.સર્વે મા.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, સા.ન્યા.અને અ.વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગતસચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગો.
સા.ન્યા.અને અ.વિભાગ(સ.ક.પ્રભાગ) હેઠળના તમામ ખાતાના વડા/કચેરીઓના વડા.
સા.ન્યા.અને અ.વિભાગ(સ.ક.પ્રભાગ)હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
× રજીસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી,
વિભાગની તમામ શાખાઓ.
સીલેકટ ફાઈલ(હ શાખા).
× પત્રથી.

ત્રિવેદી. એસટીએચ.૧ પેજ ૧૧.

અનુસૂચિત જાતિના સંબંધિત ઇસમોના શાળા
છોડયાના પ્રમાણપત્રમાં અગરતો રેવન્યુ રેકર્ડમાં
-જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય તો
પણ સંબંધિત ઇસમોની માંગણી મુજબ અનુસૂચિત
જાતિ 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' એ
પ્રમાણે જાતિ પ્રમાણપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક : અજશ/ ૧૦૯૩ / મુ.મં.૫૦ / છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૬-૮-૨૦૦૧.

વંચાણે લીધા.

૧. સમાજ કલ્યાણ વિભાગનો તારીખ ૫-૯-૧૯૯૮ ના પરિપત્ર ક્રમાંકઃ- અજશ-૧૦૯૩-
મુ.મં.૫૦-છ.
૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તારીખ. ૨-૭-૨૦૦૧ નો પત્ર ક્રમાંકઃ અજાક
-પ.૩-૨૦૦૧-૧૬૭૩.

પ્રસ્તાવના :
સરકાર હસ્તકની તમામ વહીવટી કચેરીઓ ( બોર્ડ / કોર્પોરેશન / નિગમો સહિત), શાળા /
કોલેજો (સરકારી તેમજ બીન સરકારી), યુનિવર્સિટીઓ, ગ્રામ પંચાયત, મહેસુલી વગેરેના રેકર્ડમાં
જ્યાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને 'વાલ્મિકી' અગરતો 'રૂખી' શબ્દનો ઉલ્લેખ કરવાની
સુચનાઓ વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના (હાલમાં નવું નામઃ સામાજીક ન્યાય અને
અધિકારીતા વિભાગ) તા.૫-૯-૧૯૯૮ના પરિપત્રથી આપવામાં આવેલ છે. આમ છતાં શાળાના
રેકર્ડમાં / પંચાયતના રેકર્ડમાં અગરતો મહેસુલી રેકર્ડમાં ઉપર જણાવ્યા મુજબનો સુધારો સંબંધિત
કચેરીઓ/સંસ્થાઓ દ્વારા નહી કરવાથી શાળા છોડયાનું પ્રમાણપત્ર, મહેસુલી રેકર્ડની ફાઇલો વગેરે
~~'ભંગી' શબ્દના ઉલ્લેખથી આપવામાં આવતા હોય છે. પ્રસ્તુત બાબતમાં~~ એવું ધ્યાન ઉપર આવેલ છે કે
સંબંધિત ઇસમના શાળા છોડયાના પ્રમાણપત્ર/રેવન્યુ રેકર્ડમાં 'ભંગી' શબ્દ હોવા છતાં જાતિ પ્રમાણપત્ર
આપનાર સંબંધિત અધિકારીશ્રીઓને સંબંધિત ઇસમો તરફથી જાતિ પ્રમાણપત્ર અનુસૂચિત જાતિ
'વાલ્મિકી' તરીકે આપવા રજુઆત થયેલ છે. પરંતુ શાળા છોડયાના પ્રમાણપત્રમાં / રેવન્યુ રેકર્ડમાં
જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ,જાતિ પ્રમાણપત્ર આપનાર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ
દ્વારા સંબંધિત ઇસમને અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' તરીકેનું જાતિ
પ્રમાણપત્ર આપવું કે કેમ તે બાબતમાં દ્વિધા અનુભવે છે અને વિભાગની વડી કચેરી પાસે માર્ગદર્શન
માગવામાં આવે છે.

૨. પ્રસ્તુત બાબતમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે આમુખમાં ક્રમાંકઃ ૨ આગળ જણાવેલ
તારીખ. ૨-૭-૨૦૦૧ ના પત્રથી એવો અભિપ્રાય આપેલ છે કે સંબંધિત ઇસમોએ વંચાણમાં લીધેલ
સમાજ કલ્યાણ વિભાગના તા. ૫-૯-૯૮ ના પરિપત્રની જાણકારી ના અભાવે શાળા છોડતા પહેલાં
શાળાના રેકર્ડમાં અગરતો મહેસુલી રેકર્ડમાં કે અન્ય સરકારી રેકર્ડમાં 'ભંગી' શબ્દના સ્થાને 'વાલ્મિકી'
અગરતો 'રૂખી' એવો સુધારો કરાવેલ હોતો નથી. આ ઉપરાંત સંબંધિત સરકારી કચેરી / સંસ્થા /
શાળા / ગ્રામ પંચાયત વગેરે એ વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના તા. ૫-૯-૯૮ ના
પરિપત્રની જાણકારીના અભાવે કે સંબંધિત ઇસમોના જાતિના કોલમમાં ઉપર જણાવ્યા મુજબ સુધારો
કરેલ ન હોય તો તેવા કિસ્સામાં જે તે ઇસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં / મહેસુલી રેકર્ડમાં / અન્ય
સરકારી રેકર્ડમાં જાતિના કોલમમાં 'ભંગી' શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ 'ભંગી' શબ્દના પર્યાયરૂપ
શબ્દો 'વાલ્મિકી' અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' એ પ્રમાણે જાતિ પ્રમાણપત્ર આપવું ઉચિત છે.

૩. કેન્દ્ર સરકારના અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ ( સુધારા ) અધિનિયમ ૧૯૭૬ હેઠળ
બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંકઃ ૫ સામે 'ભંગી' શબ્દના
પર્યાય રૂપ શબ્દ તરીકે જાતિઓ / પેટા જાતિ / પર્યાય શબ્દો દર્શાવેલ છે તેમાં 'વાલ્મિકી' અને 'રૂખી'

પાછળ...

(-2)

શબ્દનો પણ ઉલ્લેખ છે તેથી તેને ધ્યાને લેતાં તેમજ અનેક રજુઆતો, તથા સંદર્ભમાં દર્શાવેલ સમાજ કલ્યાણ વિભાગના તારીખ. ૫-૯-૯૮ ના પરિપત્રથી બહાર પાડેલ સૂચનાઓ ધ્યાને લઈને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના ઉપર ફકરા ૨ માં જણાવેલ તારીખ. ૨-૭-૨૦૦૧ ના પત્રમાં જણાવ્યા મુજબ ઉપર જણાવેલ જિલ્લાઓમાં જાતિ પ્રમાણપત્ર આપવા કરેલ દરખાસ્ત અંગે જરૂરી સૂચનાઓ બહાર પાડવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

પ્રસ્તુત બાબતે કાળજીભરી વિચારણાના અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે સંબંધિત ઇસમોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગરતો મહેસૂલી રેકર્ડમાં / પંચાયતના રેકર્ડમાં / અન્ય સરકારી રેકર્ડમાં 'ભંગી' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય તો પણ સંબંધિત ઇસમો અનુસૂચિત જાતિ 'વાલ્મિકી' તરીકેનું અગરતો અનુસૂચિત જાતિ 'રૂખી' તરીકેનું જાતિ પ્રમાણપત્ર મેળવવા માગે તો જાતિ પ્રમાણપત્ર આપનાર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓએ 'ભંગી' શબ્દના પર્યાય શબ્દ તરીકે 'વાલ્મિકી' અગરતો 'રૂખી' માનીને તે પ્રમાણે તેમની માગણી મુજબનું જાતિ પ્રમાણપત્ર આપવું તથા મળવાપાત્ર લાભો આપવા.

૨. આ ઠરાવના અમલ અંગે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ સંબંધિત સર્વેને ઘટતી કાર્યવાહી કરવાની સૂચના આપવાની આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિ. એમ. પરમાર )
નાયબ સચિવ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(સંબંધિત સર્વેને જરૂરી સૂચના પાઠવવાની વિનંતી છે.)
તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા / કચેરીઓના વડાઓ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ બોર્ડ / કોર્પોરેશન.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
સિલેક્ટ ફાઈલ.

---

* પત્ર દ્વારા.

અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિઓ ના
સભ્યોને તથા મુળ અનુસૂચિત જાતિના લોકોએ
ધર્મ પરિવર્તન કરી બૌધ્ધ ધર્મ અપનાવેલ હોય તેવા
નવ બૌધ્ધોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની
સત્તા ધરાવતા અધિકારીઓ બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક : અજપ–૧૦૯૯–૨૦૮૪–છ.
સચિવાલય , ગાંધીનગર.
તારીખ :– ૧૯/૧૨/૨૦૦૧

<u>વંચાણે લીધા</u> : –

(૧) શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ ક્રમાંક: બીસીઈ–૩૪૭૧–જે(સેલ) ૫૦૨૩–સી તારીખ : ૨૪–૧૨–૭૧.

(૨) ભારત સરકારના પર્સનલ એન્ડ એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મસ ડીપાર્ટમેન્ટનો પત્ર ક્રમાંક: ૧૩–૨–૭૪ ઈએસટી/એસસીટી, તારીખ : ૫–૮–૭૫.

(૩) ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક:બીસી–૧૨૦૨૫–૩–૭૮–એસ સીટી ૧, તારીખ : ૨૯–૩–૭૬.

(૪) મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : પવટ–૩૪૭૬–૬૫૪૧– જે–સેલ, તારીખ : ૧–૧૧–૭૬.

(૫) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી–૧૨૦૨૫–૨–૭૬– એસ સીટી ૧, તારીખ : ૨૨–૩–૭૭.

(૬) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૮૧–૧૨૯૧૩– ૩૬૫–ખ , તારીખ : ૨૪–૭–૮૧.

(૭) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી–૧૨૦૨૫–૧૧–એસ–૭૯ એસસી એન્ડ બીસીડી ૧–૪ , તારીખ : ૨૯–૩–૮૨.

(૮) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૮૨–૫૯–ખ , તારીખ : ૪–૬–૮૨.

—૨—

(૯) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી–૧૨૦૨૫–૧–૮૨ એસસી એન્ડ બીસીડી –૪, તારીખ : ૨૯–૬–૮૨.

(૧૦) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી–૧૬૦૧૪–૧–૮૨ એસસી એન્ડ બીસીડી –૧, તારીખ : ૧૮–૧૧–૮૨.

(૧૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી–૧૬૦૧૪–૧–૮૨ એસસી એન્ડ બીસીડી –૧, તારીખ : ૬–૮–૮૪.

(૧૨) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો પત્ર ક્રમાંક: બી.સી–૧૬૦૧૪–૧–૮૨ એસસી એન્ડ બીસીડી –૧, તારીખ : ૨૨–૨–૮૫.

(૧૩) આદિજાતિ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંક: અજપ–૧૨૮૬–ઘા.સ.–ચ, તારીખ. ૨૭–૬–૮૬

(૧૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ–૧૦૮૭–૮૪૬–ખ, તારીખ. ૨૭–૧૦–૮૭.

(૧૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ–૧૦૮૭–૮૪૬–ખ, તારીખ. ૨૪–૫–૮૮.

(૧૬) સમાજ કલ્યાણ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ–૧૦૮૭–૮૪૬–ખ, તારીખ. ૪–૩–૮૯.

(૧૭) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ–૧૦૯૦–આઈ.૮૫–ખ, તારીખ. ૧૬–૧૨–૯૧.

(૧૮) સમાજ કલ્યાણ વિભાગનો પરિપત્ર ક્રમાંક: પરચ–૨૦૯૩–૪૧૯૯–ખ. તારીખ. ૧૨–૯–૯૪

(૧૯) સમાજીક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ પ્રભાગ ) વિભાગનો ઠરાવ ક્રમાંક: અજપ–૧૯૯૯–૪૦૬–ચ, તા. ૫–૫–૯૯.

ઠરાવ

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો/ઈસમોને તથા મુળ અનુસૂચિત જાતિના લોકોએ ધર્મપરિવર્તન કરી બૌધ્ધ ધર્મ અપનાવેલ હોય તેવા નવા બૌધ્ધોને જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓની યાદી આમુખમાં જણાવેલ ભારત સરકારના પત્રોની સુચનાઓના આધારે આમુખમાં જણાવેલ રાજ્ય સરકારના વિવિધ ઠરાવોથી બહાર

પાડવામાં આવેલ છે. જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓની યાદીમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના તકેદારી અધિકારી, વર્ગ-૧, આદિજાતિ પ્રભાગ હસ્તકના કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી ( આદિજાતિ ડાંગ, આહવા, કચ્છ- ભૂજ ) નો ઉમેરો કરવાની બાબત તથા વંચાણમાં લીધેલ વિવિધ ઠરાવો / હુકમોનું એકત્રિતકરણ કરીને કેટલીક વધુ સ્પષ્ટતાઓ સાથે એક સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણાને અંતે નીચે મુજબની સ્પષ્ટતાઓ/સુચનાઓ સહિત આ સાથેના પરિશિષ્ટ- ૧ અને પરિશિષ્ટ ૨માં જણાવેલ અધિકારીઓને ( ઉપર જણાવેલ અધિકારીશ્રીઓ સહિત ) જાતિના પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આમુખમાં જણાવેલ ભારત સરકારના તારીખ. ૫-૮-૭૫ અને તા. ૬-૮-૮૪ ના પત્રથી અધિકૃત ગણવામાં આવેલ પરિશિષ્ટ ૧ માં જણાવેલ અધિકારીઓને ભારત સરકારની અથવા અખિલ ભારતસ્તરની સરકારી નોકરીઓ કે એવા અન્ય હેતુ તેમજ ગુજરાત સરકારની નોકરીઓ કે એવા અન્ય હેતુ માટે અનુસૂચિત જાતિ/જન જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત કરવામાં આવે છે.

૩. આમુખમાં જણાવેલ ભારત સરકારના તારીખ. ૨૨-૩-૭૭ , તા. ૨૯-૩-૮૨ , તા. ૧૮-૧૧-૮૨ , તા. ૬-૮-૮૪ અને તા. ૨૨-૨-૮૫ ના પત્રોમાં જણાવ્યા મુજબ અનુસૂચિત જાતિ/જનજાતિ તરીકેના લાભો/ વિશેષાધિકારો તો સંબંધિત ઈસમને તેને તેના મુળ રાજ્યમાં જ મળી શકે છે. સ્થળાંતરવાળા રાજ્યમાં મળી શકે નહિ. અત્રે કાયમી વસવાટનો અર્થ વંચાણમાં લીધેલ ભારત સરકારના તા. ૨૨-૩-૭૭ ના પત્રમાં સમજાવ્યા પ્રમાણે કરવાનો રહે છે. અર્થાત અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના સંબંધિત ઈસમ / સભ્ય અગરતો તેના પિતા / પ્રપિતા/વડવાઓ પ્રેસીડેન્સીયલ ઓર્ડર તા. ૧૦-૮-૫૦ થી બહાર પડયાની તારીખે અથવા તે પહેલાં ગુજરાતમાં કાયમી વસવાટ ધરાવતા હોય તેવા ઈસમોને જ ગુજરાતના અનુસૂચિત જાતિ/ જનજાતિ તરીકે ગણવાના રહે છે અને તેવા ઈસમોને જ સક્ષમ અધિકારીશ્રીઓ તરફથી ગુજરાતના અનુસૂચિત જાતિ/ જન જાતિ તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપવાનું રહે છે. પરપ્રાંતના ( બીજા રાજ્યના ) અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમો નોકરી, ધંધા, રોજગાર અભ્યાસ વગેરે જેવા હેતુસર સ્થળાંતર કરીને ગુજરાતમાં હંગામી વસવાટ કરતા હોય તેવા

અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમોને પરિશિષ્ટ ૧ માં જણાવેલ અધિકારીઓ સંબંધિત
ઈસમને તેને તેના મૂળ રાજ્યના સંદર્ભમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના ઈસમ
તરીકેનું જ જાતિપ્રમાણપત્ર આપી શકશે. નહિ કે ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિ / જન જાતિ
તરીકે.

૪. મૂળ અનુસૂચિત જાતિના, પરંતુ ધર્મ પરિવર્તન કરી બૌધ્ધ ધર્મ પાળતા લોકોને અનુસૂચિત
જાતિના પ્રમાણપત્ર આપવા અને લાભો આપવા અંગે વંચાણમાં લીધેલ સમાજ કલ્યાણ વિભાગના
તા. ૧૬–૧૨–૯૧ ના ઠરાવથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તદ્અનુસાર પરિશિષ્ટ ૧
માં જણાવેલ અધિકારીઓને નવ બૌધ્ધો માટે પણ ઉપરા ફકરા–૩ ની બાબત તેમજ નીચે જણાવેલ
બાબતો લક્ષમાં લઈ સબંધિત ઈસમ ગુજરાતના અનુસૂચિત જાતિના હોવા અંગેનું જાતિ પ્રમાણપત્ર
આપવા માટે, તદ્ઉપરાંત ઉપર ફકરા–૩ ની બાબત ધ્યાને લઈને પરપ્રાંતના અનુ.જાતિના
સ્થળાંતરિત નવ બૌધ્ધોને પણ તેને તેના મૂળ રાજ્યના સંદર્ભમાં અનુસૂચિત જાતિના ઈસમ
તરીકેનું જ જાતિ પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત ગણવામાં આવે છે.

(અ) મુળ ગુજરાતના કાયમી વતની હોવા જોઈએ.

(બ) મુળ અનુસૂચિત જાતિના સભ્ય હોવા જોઈએ. અને તેમાંથી ધર્મપરિવર્તન કરી નવ બૌધ્ધ
ધર્મ અપનાવેલો હોવો જોઈએ.

(ક) મુળ ગુજરાતના વતની છે. તેની સાબિતી રૂપે રેવન્યુ ઓથોરીટી પાસેથી પ્રમાણપત્ર
મેળવવું.

(ડ) સંબંધિત ઈસમ અનુસૂચિત જાતિના હોવા અંગે અગરતો સંબંધિત ઈસમના
માતા/પિતા/ભાઈ અનુસૂચિત જાતિના હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવું.

(ઈ) નવ બૌધ્ધ ધર્મ અંગીકાર કરેલો છે કે કેમ ? તેની સાબિતીરૂપે તે ધર્મના સંપ્રદાયના વડાનું
પ્રમાણપત્ર રજુ કરવું.

૫. પરિશિષ્ટ ૧ માં દર્શાવેલ અધિકારીઓ ઉપરાંત પરિશિષ્ટ ૨ માં દર્શાવેલ
અધિકારીઓને પણ ગુજરાતરાજ્યની નોકરીઓ અગરતો ગુજરાત સરકાર તરફથી
અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમોને મળતા લાભો મેળવવાના હેતુ માટે અનુસૂચિત
જાતિ / જન જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરવામાં આવે છે.
પરંતુ પરપ્રાંતના ( બીજા રાજ્યના ) અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમો સ્થળાંતર

—૫—

કરીને, ગુજરાતમાં વસેલા હોય તેવા અનુસૂચિત જાતિ / જન જાતિના ઈસમોને પરિશિષ્ટ ૨ માં જણાવેલ અધિકારીઓ જાતિ પ્રમાણપત્ર આપી શકશે નહી.

૬. સક્ષમ અધિકારીશ્રીઓએ જાતિના પ્રમાણપત્રો આપતી વખતે ભારત સરકારની સૂચનાઓ તેમજ આદિજાતિ વિકાસ વિભાગના આમુખમાં જણાવેલ તારીખ. ૨૭-૬-૮૬ ના પરિપત્ર મુજબ પુરતી કાળજી અને ચોકસાઈ રાખવાની રહેશે. ખોટા જાતિ પ્રમાણપત્રો એફીડેવીટના આધારે કે બીજા પુરાવા પુરતી ચકાસણી કર્યા વગર અપાયાનું ધ્યાન ઉપર આવે એટલે કે સક્ષમ અધિકારીઓ પુરતી ચકાસણી કર્યા વગર ખોટા જાતિ પ્રમાણપત્રો આપશે તો તેવા અધિકારી સામે આમુખમાં જણાવેલ ભારત સરકારના તા. ૨૯-૩-૭૬ અને તા.૨૯-૬-૮૨ ના પત્રમાં જણાવ્યા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ વગેરે હેઠળ કાર્યવાહી થઈ શકશે અગરતો ખાતાકીય તપાસ શરૂ કરી શકાશે.

૭. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સામાજિક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ પ્રભાગ ) વિભાગના અગ્ર સચિવશ્રીની તારીખ ૬-૭-૨૦૦૨ ના રોજ મળેલ સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિ.એમ.પરમાર )
નાયબ સચિવ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- માનનીય સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો ( વિભાગ હેઠળના ખાતાના વડાને અને વિભાગ હસ્તકના સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓને આ બાબત ધ્યાન ઉપર લાવવાની વિનંતી સહ.)
- અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર. ( જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ. )
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ( જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ. )
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ,
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સા.ન્યા. અને અધિ. વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ/ કોર્પોરેશન,
- તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ, વર્ગ–૧
- આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧,
- અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રીની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧,
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( રાજ્ય અને પંચાયત .)
- તમામ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( આદિજાતિ) ડાંગ–આહવા / કચ્છ–ભૂજ.

➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા પંચ, અમદાવાદ.
➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા , સચિવાલય, ગાંધીનગર.
➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

- સા.ન્યાય અને અધિ. વિભાગની તમામ શાખાઓ.
- સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ના રહસ્ય સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ પ્રભાગ ) વિભાગના રહસ્ય સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- <u>સીલેક્ટ ફાઈલ ( હ / શાખા. )</u>

➢ પત્ર દ્વારા.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૯/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:
અજપ-૧૦૯૯-૨૦૮૪-હ સાથેનું બિડાણ :

પરિશિષ્ટ – ૧

**અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે ભારત સરકાર ધ્વારા નિયત કરવામાં આવેલ સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :**

---

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ / વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ / નાયબ કમિશ્નર / કલેકટર / વધારાના નાયબ કમિશ્નર / નાયબ કલેકટર / પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ / સીટી મેજીસ્ટ્રેટ પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ ( પહેલા વર્ગના સવેતા મેજીસ્ટ્રેટ થી ઉતરતી કક્ષાના નહિ. ). તાલુકા મેજીસ્ટ્રેટ / કાર્યપાલક મેજીસ્ટ્રેટ / વધારાના મદદનીશ કમિશ્નર.

૨. મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / વધારાના મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ .

૩. મામલતદારથી ઉતરતી કક્ષાના નહિ એવા મહેસુલી અધિકારીઓ.

૪. ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૫. વહીવટદાર / વહીવટદાર ના સેક્રેટરી વિકાસ અધિકારી ( લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

—×—

------ ૮

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૯/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:
અજપ–૧૦૯૯–૨૦૮૪–હ સાથેનું બિડાણ :

## પરિશિષ્ટ – ૨

અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે ભારત સરકારે નિયત કરેલ સક્ષમ અધિકારીશ્રીઓ ( પરિશિષ્ટ – ૧ માં જણાવેલ ) ઉપરાંત રાજ્ય સરકારે નિયત કરેલ સત્તા ધરાવતા અધિકારીઓની યાદી :

---

(૧) અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી,

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ.

(૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.

(૪) સમાજ કલ્યાણ અધિકારી ( આદિજાતિ ) ડાંગ – આહવા , કચ્છ – ભૂજ.

(૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.

(૬) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ , વર્ગ–૧.

(૭) આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી ની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧.

(૮) અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રીની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ–૧.

અનુસુચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી
માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત.

**ગુજરાત સરકાર,**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: જપ્ર–૧૦૯૬/આઈ–૭૮(૯૫)(૧)/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:– ૨૬–૩–૨૦૦૨.

વંચાણે લીધા:

(૧) રાષ્ટ્રીય અનુસુચિત જાતિ અને જનજાતિ આયોગ,અમદાવાદનો તા:૫–૧૨–૯૫ નો પત્ર ક્રમાંક:૪૫/૧/૮૫–આરઈએસ.
(૨) નામદાર સુપ્રિમકોર્ટ,નવી દિલ્હી સ્પે.સીવીલ અપીલ નં.૫૮૫૪/૧૯૯૪/નું તા. ૨/૯/૯૪ નું જજમેન્ટ.
(૩) સા. ન્યા. અને અ વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) નો તારીખ:– ૨૦/૭/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:અજપ–૧૦૯૭/૧૬૪૯/ચ.

**પ્રસ્તાવના**

અનુસુચિત જાતિના ખોટા પ્રમાણપત્રોને આધારે નોકરીમાં અનામત તેમજ લાભો વિગેરે માટે થતા ખોટા દાવા ચકાસવા માટે મહારાષ્ટ્ર રાજ્ય તરફથી જાતિ પ્રમાણપત્ર ચકાસણી અંગેની જે સમિતિ રચવામાં આવેલ છે તે ધોરણે ગુજરાત રાજ્યમાં પણ આવી સમિતિ રચવા રાષ્ટ્રીય અનુ.જાતિ/જનજાતિ આયોગે, વંચાણમાં લીધેલ તા:૫–૧૨–૯૫ ના પત્રથી, રાજ્ય સરકારને ભલામણ કરેલ છે.

૨. નામદાર સુપ્રીમકોર્ટ,નવી દિલ્હીની સ્પેશ્યલ સીવીલ અપીલ નંબર ૫૮૫૪/૧૯૯૪ (કુમારી માધુરી પાટીલ અને અન્યના કિસ્સામાં)ના જજમેન્ટમાં આપેલ સુચના/માર્ગદર્શનના આધારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે(આદિજાતિ વિકાસ પ્રભાગે)વંચાણમાં લીધેલ ક્રમાંક–૩ આગળના તા:૨૦/૭/૨૦૦૦ ના ઠરાવથી અનુસુચિત જનજાતિના ઈસમોના પ્રમાણપત્રોની ખરાઈ કરવા/ચકાસણી માટે વિશ્લેષણ સમિતિ (Scrutiny Committee) ની રચના કરેલ છે.

૩. ઉપરોક્ત વિગતે ગુજરાત રાજ્ય પુરતું અનુસુચિત જાતિના પ્રમાણપત્રોની ખરાઈ કરવા / ચકાસણી માટે વિશ્લેષણ સમિતિ (Scrutiny Committee) ની રચના કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

કાળજીભરી પુખ્ત વિચારણાને અંતે નોકરીઓમાં તેમજ તબીબી/ઈજનેરી મહાવિદ્યાલયોમાં પ્રવેશ મેળવવાના તથા અન્ય લાભો મેળવવાના બદઈરાદાથી બોગસ પુરાવા રજૂ કરી અનઅધિકૃત રીતે અનુસુચિત જાતિના ખોટા પ્રમાણપત્રો મેળવીને લાભો મેળવવાનો થતો દુરુપયોગ રોકવા અનુસુચિત જાતિના પ્રમાણપત્રોની ખરાઈ કરવા / ચકાસણી માટે નીચે દર્શાવેલ વિગતે રાજ્યકક્ષાની એક વિશ્લેષણ સમિતિ (Scrutiny Committee) ની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી/ અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| (૨) | નિયામકશ્રી,(અનુસુચિત જાતિ કલ્યાણ) | સભ્ય |
| (૩) | નિયામકશ્રી, (આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર ,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ ) | સભ્ય |

૨. વિશ્લેષણ સમિતિની બેઠકો બોલાવવી,કાર્યવાહીનોંધ તૈયાર કરવી વગેરે આનુષાંગિક વહીવટી કામગીરી માટે નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણની કચેરીના સંયુક્ત નિયામકશ્રી આ સમિતિમાં સભ્ય સચિવ તરીકે સેવા બજાવશે.આ સમિતિનું વડું મથક ગાંધીનગર રહેશે અને મહિનામાં એકવાર બેઠક બોલાવવાની રહેશે. જરુરિયાત ઉપસ્થિત થયેથી તાકીદની બેઠક પણ બોલાવી શકાશે.સદરહુ સમિતિનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રહેશે.

૩. **વિશ્લેષણ સમિતિના કાર્યો/ફરજો**

(૧) જાતિ પ્રમાણપત્ર આપવાની બાબત અંગે વખતોવખત નીતિ ઘડવી/ ફેરફાર કરવા

(૨) સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા અપાયેલ શંકાસ્પદ જણાતાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી કરવી, સુનાવણીઓ કરવી, પ્રમાણપત્રો રદ કરવાની કાર્યવાહી કરવી.ખોટા પ્રમાણપત્રને આધારે સંબંધિત ઈસમે મેળવેલ લાભો પરત ખેંચવાની કાર્યવાહી કરવી અને તેવા લાભો મેળવતા અટકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવી.

(૩) ગેરકાયદેસર પ્રમાણપત્ર ધરાવનાર સબંધિત વ્યક્તિ સામે કાનુની કાર્યવાહી હાથ ધરવી . તેમજ પ્રમાણપત્ર આપનાર સબંધિત અધિકારી સામે પણ કાનુની કાર્યવાહી / ખાતાકીય તપાસ હાથ ધરવી.

(૪) ખોટા પ્રમાણપત્ર હોવા બાબત સજા થયેલ ઉમેદવારને ચુંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ગેરલાયક ઠરાવવો.

(૫) ખોટા પ્રમાણપત્ર બાબતે નોકરીદાતા/શૈક્ષણિક સંસ્થાઓના વડાને જાણ કરી વર્તમાન જગ્યાએ થી રુખસદ આપવા હુકમ કરવો .

(૬) વિશ્લેષણ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતીઅન્ય આનુષાંગિત બાબતો.

(૭) શંકાસ્પદ જાતિ પ્રમાણપત્ર બાબતે કાનુની કાર્યવાહી હાથ ધરી આખરી નિર્ણય આપવો .

(૮) વીજીલન્સ સેલ તકેદારી અધિકારીને સ્થળ તપાસની સુચનાઓ આપવા અહેવાલ મેળવવો.

(૯) વીજીલન્સ સેલની કામગીરી/કર્મચારીઓની સંખ્યા તથા સ્ટાફની નિમણુંક વગેરેની કાર્યવાહી હાથ ધરવી.

૪. <u>વિશ્લેષણ સમિતિની સત્તાઓ</u>

(૧) સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા અપાયેલ શંકાસ્પદ જણાતા જાતિ પ્રમાણપત્રોની ખરાઈ/ચકાસણી કરીને યથાવત રાખવા કે રદ કરવા અંગે સંપુર્ણ સત્તા સમિતિની રહેશે.

(૨) સમિતિનો જાતિ પ્રમાણપત્ર બાબતે લીધેલ નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. જો કે આવા નિર્ણયો ભારતના બંધારણની કલમ ૨૨૬ ની જોગવાઈને બંધનકર્તા રહેશે.સમિતિના ચુકાદા સામે માત્ર સ્પે.લીવ એપ્લીકેશન સિવાય અન્ય કોઈ નામદાર વડી અદાલતમાં અપીલ થઈ શકશે નહી.

(૩) શંકાસ્પદ પ્રમાણપત્રોના કિસ્સામાં બચાવની વાજબી તકો આપવી/મંજુર કરવી.

(૪) જરુર જણાય તો બચાવની સમય મર્યાદામાં વધારો કરવો.

(૫) રજૂ કરેલા પુરાવા માન્ય/અમાન્ય રાખવા.

(૬) ખોટા પ્રમાણપત્રોની બાબતને નૈતિક અધ:પતન ગણી આવું પ્રમાણપત્ર મેળવનાર ઉમેદવારને ચુંટણીની ઉમેદવારી માટે ગેરલાયક જાહેર કરવો.

(૭) સજા માટે કાનુની ફરીયાદ નોંધાવવી.

(૮) વિશ્લેષણ સમિતિના બીન સરકારી સભ્યોને નિયમોનુસાર ટી.એ/ડી.એ. ચુકવવાનું રહેશે અને બીન સરકારી સભ્યોના સદરહુ બીલ પર નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણએ પ્રતિસહી કરવાની રહેશે.

૫. વિશ્લેષણ સમિતિએ તેમની સમક્ષ રજૂ થયેલ પ્રમાણપત્રોની ચકાસણી અંગેની કાર્યવાહી વધુમાં વધુ ૨ માસમાં પુરી કરવાની રહેશે. જરુર જણાયે મુદ્દત વધારી શકાશે.

૬. આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના માંગણીનંબર ૯૩ નોન પ્લાન — મુખ્ય સદર ૨૨૫૧ સચિવાલય સામાજીક સેવા — ગૌણ સદર: (૦૯૦) સચિવાલય પેટા સદર : (૧) અનુસુચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના — સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ — સદરે ઉધારવાનો રહેશે અને તે અંગે જે તે નાણાકીય વર્ષમાં કરેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સમાન નંબરની ફાઈલ ઉપર નાણા વિભાગની તા: ૮/૩/૨૦૦૨ની તથા સરકારશ્રીની તા. ૧૯/૩/૨૦૦૨ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મા. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના માન. નેતાશ્રીના અંગતસચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
* રજીસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦)

નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ખાતું,ડૉ. .જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(આ બાબત સંબંધિત સર્વે સક્ષમ અધિકારીશ્રીઓને ધ્યાન ઉપર લાવવા તેમજ અન્ય આનુષાંગિક કાર્યવાહી સારું)
નિયામકશ્રી, આદિજાતિ સંશોધન અને તાલીમ એકમ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જીલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
તમામ જિલ્લાવિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પોલીસ વડાઓ
કમિશ્નરશ્રી, માહિતી ખાતું,,ડૉ. .જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(જરુરી અખબારીયાદી બહાર પાડવાની વિનંતી સહ).
નિયામકશ્રી, રાષ્ટ્રીય અનુસુચિત જાતિ / જનજાતિ આયોગની પ્રાદેશિક કચેરી, અમદાવાદ.
વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.
વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
સચિવશ્રી(સા.ન્યા.અને અ.વિ)ના રહસ્ય સચિવશ્રી.
સા.ન્યા.અને અ.વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ.
સીલેકટ ફાઈલ (સા.ફકા. હ શાખા )

---

* પત્ર દ્વારા

અને.૧૯૭૧ ના ભારત પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મૂળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલા છે તે પૈકીના અનુસૂચિત જાતિના લોકોને અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ક્રમાંક:અજપ/૧૦૯૫/ઘા.સ.ર.હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૯-૯-૨૦૦૨

વંચાણે લીધા:- સમાજ કલ્યાણ વિભાગ (હાલમાં નવુ નામ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) ના તારીખ- ૩૧-૩-૯૮ નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૯૫/ઘા.સ.ર./હ

-:: સુધારો ::-

અને. સને.૧૯૭૧ ના ભારત - પાકિસ્તાનના યુધ્ધ દરમિયાન મૂળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે ગુજરાતમાં આવીને વસેલા છે તે શરણાર્થીઓ પૈકી અનુસૂચિત જાતિના લોકોને ગુજરાતમાં મળતા અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા અંગે વંચાણમાં લીધેલ તારીખ:- ૩૧-૩-૯૮ ના ઠરાવ થી જરૂરી હુકમો કરવામાં આવેલ છે. આવા શરણાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા બાબતની ઠરાવેલ શરતો પૈકી એક શરત નીચે મુજબ રાખવામાં આવેલ.

(૧) " અરજદાર મૂળ ગુજરાતના વતની હોવા જોઇએ ".

